ભાટીયા ભાટીયા ભાટીયા
તદ્દન નવો સ્ટોક આવી ગયેલ છે
ઘરચોળા | બાંધણી
કોજીવરના પટોળા
ભાટીયા ક્રિએશન
સરલાખાજીરાજ રોડ, રાજકોટ
Mo. 82382 00086

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

સાંજ સમાચાર

ફાગણ વદ-૨ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૭-૩-૨૦૨૪ - બુધવાર | રાજકોટ (સીટી)

હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૪૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

વર્ષ : ૩૮ અંક : ૧૮૪ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

આતંકવાદગ્રસ્ત રાજ્યમાંથી લગભગ સાત દસકા બાદ સૈન્ય તથા અર્ધલશ્કરી દળોને ખાસ સત્તા આપતો કાનૂન પાછો ખેંચાશે

જમ્મુ-કાશ્મીરમાંથી સૈન્ય પાછુ ખેંચવા વિચારણાઃ અમીત શાહ

રાજય પોલીસની કામગીરીની પ્રશંસા કરતા કેન્દ્રીય ગૃહમંત્રીઃ છેલ્લા દશ વર્ષમાં રાજયમાં આતંકીઓની કમ્મર તોડી નાંખવામાં આવી છે ફંડીંગ પણ રોકી દેવામાં આવ્યું છેઃ ગૃહમંત્રી



નવી દિલ્હી તા.૨૭

કેન્દ્રીય ગૃહમંત્રી અમીતશાહે એક મહત્વના વિધાનમાં જણાવ્યું હતું કે આગામી સમયમાં જમ્મુ-કાશ્મીરમાં લશ્કરી સહિતના સુરક્ષાદળોને ખાસ સતા આપતા અફસ્પા (આર્મ્ડ ફોર્સ સ્પેશ્યલ પાવર એકટ મારફત કેન્દ્રીય દળોને અને સૈન્યને જમ્મુ-કાશ્મીરમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ મુદે ખાસ સતાઓ આપવામાં આવી છે અને તેનો અમલ ૧૯૫૮થી શરુ થયો હતો. રાજયમાં પોલીસ કામગીરી ઉપરાંત આ કાનૂન હેઠળ કેન્દ્રીય દળો લીડ કરે છે. જેના પર આજે અમિત શાહે કહ્યું કે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આ કાનૂન ઉપયોગી છે પરંતુ હવે રાજયમાં જમ્મુ-કાશ્મીર પોલીસ સારી કામગીરી કરી રહી છે અને એક વખત કેન્દ્ર સરકારને સંતોષ થયા બાદ રાજયમાં કાયદો અને વ્યવસ્થા સહીતની પરીસ્થિતિમાંથી સૈન્યને પાછુ ખેંચવાની વિચારણા કરશે જે માટે આ કાનૂનનો અમલ પણ મુલત્વી રખાશે. શ્રી શાહે કહ્યું કે હવે અનેક ઓપરેશનમાં પોલીસ નેતૃત્વ કરી રહી છે અને તેના કારણે પોલીસનો આત્મવિશ્વાસ પણ વધ્યો છે. છેલ્લા દશ વર્ષમાં જે રીતે કામગીરી થઈ છે તેના કારણે આતંકીઓનો કમર તુટી ગઈ છે અને આતંકીઓનું ફંડીંગ રોકવા માટે પણ કેન્દ્ર સરકારે લીધેલા પગલા મહત્વપૂર્ણ પુરવાર થયા છે.

આશ્ચર્ય! માર્ચ મહિનો પ્રમાણમાં 'ઠંડો' રહ્યો

એક મહિનો આકરી ગરમી પડશે

હવામાન ખાતાનો રિપોર્ટઃ માર્ચનું તાપમાન ૨૯.૭૮ ડીગ્રી જે ૩૦.૮૨ ની સરેરાશ કરતાં નીચુઃ હવે ચાર સપ્તાહ 'કાળઝાળ' તાપ પડશે

નવી દિલ્હી તા.૨૭

ગુજરાત સહીતના દેશના અનેક રાજયોમાં ઉનાળાના આરંભે જ અગનવર્ષા સાથે હીટવેવની સ્થિતિ સર્જાવા લાગી છે.ત્યારે હવામાન ખાતાનાં રીપોર્ટમાં એમ કહેવાયુ છે કે માર્ચ મહિનો પ્રમાણમાં ઠંડો રહ્યો છે અને અગાઉ કરતા સરેરાશ તાપમાન નીચુ રહ્યું છે.

દેશમાં માર્ચનાં પ્રથમ ત્રણ સમાહમાં સરેરાશ મહતમ તાપમાન ૨૯.૭૮ ડીગ્રી નોંધાયુ છે. જે ૧૯૮૧ થી ૨૦૧૦ ના વર્ષોની ૩૦.૮૨ ડીગ્રીની સરેરાશ કરતા એક ડીગ્રી નીચુ છે. આજ રીતે માર્ચનાં પ્રથમ ત્રણ સમાહમાં ન્યુનતમ તાપમાન સરેરાશ ૧૬.૦૪ ડીગ્રી રહ્યું હતું જે અગાઉના ૧૬.૪૨ ડીગ્રી કરતા નીચુ છે આમ મહિનો પ્રમાણમાં ઠંડો રહ્યો છે.

રીપોર્ટમાં જણાવાયા પ્રમાણે મોટાભાગનાં ઉતર તતા ઉતર પશ્ચિમી રાજ્યોમાં માર્ચનું તાપમાન સરેરાશ કરતા નીચુ રહ્યું હતું. હવામાન વિભાગે જોકે એમ કહ્યું છે કે ઉતર પૂર્વીય ક્ષેત્રોમાં તાપમાન સામાન્ય કરતા વધુ રહ્યું હતું. છેલ્લા દાયકામાં પણ આ ક્ષેત્રોમાં વધુ ગરમીનો અનુભવ થયો હતો તેના પરથી સ્પષ્ટ થાય છે કે ઉંચા તાપમાનનો દોર હવે આગળ ચાલશે આવતા ચાર સમાહ અર્થાત એક મહિના સુધી ઉતર-પશ્ચિમ ભારતમાં તાપમાન નોર્મલ કરતા વધુ રહેવાની સંભાવના છે.

દ્વારકાની ફિશિંગ બોટને પાક મરીનની બોટે ટક્કર મારીઃ ૧નું મોતઃ ૬ માછીમાર લાપતા

૯

અલ-નીનો સિસ્ટમ નબળી થઈ જશે, વધુ વરસાદ વરસાવતી 'લા-નીના' સર્જાશે

ગુજરાતમાં ચોમાસાનો વરસાદ સામાન્યથી વધુ થશે

વૈશ્વિક હવામાન એજન્સીની પ્રથમ આગાહીઃ સમગ્ર ભારતમાં પણ ચોમાસુ સારૂ જ રહેવાનુ પુર્વાનુમાન

નવી દિલ્હી તા.૨૭

ભારતમાં શરૂ થયેલા આકરા ઉનાળા વચ્ચે ચોમાસા વિશે પણ અટકળો શરૂ થઈ છે ત્યારે એશિયા પેસીફીક ઈકોનોમીક કોઓપરેશન કલાયમેટ દ્વારા સર્વપ્રથમ આગાહી રીપોર્ટ જારી કરવામાં આવ્યો છે જેમાં ખાસ કરીને જુલાઈથી સપ્ટેમ્બરમાં વધુ વરસાદ થવાનો સંકેત આપવામાં આવ્યો છે.

ચોમાસાને વેરવિખેર કરતા અલ-નીનોનો પ્રભાવ ખત્મ થવાની સાથે વધુ વરસાદ વરસાવતી લા-નીનો સીસ્ટમ આકાર લેવા લાગશે. ગુજરાતમાં સરેરાશ કરતા વધુ વરસાદ થવાનો પણ નિર્દેશ કરાયો છે.

વૈશ્વિક હવામાન એજન્સી દ્વારા જારી કરાયેલી આગાહી પ્રમાણે પ્રશાંત મહાસાગરમાં સક્રીય અલ-નીનો ભારતમાં ચોમાસાની શરૂઆત પુર્વે જ નબળુ પડી જશે અને ત્યાં સુધીમાં લા-નીનોની શરૂઆત થઈ જશે. ભારતમાં જૂનથી ચોમાસાની શરૂઆત થઈ જશે પરંતુ સીસ્ટમની અસર હેઠળ જુલાઈથી સપ્ટેમ્બરના સમયગાળામાં વધુ વરસાદ

(અનુસંધાન છઠ્ઠા પાને)

કામવાળા બહેન જોઈએ છે
ઘરનું કામ સંભાળી શકે તેવા આખા દિવસના કામકાજ માટે રસોઈ જાણતા હોઈ તેવા કામવાળા બહેન જોઈએ છે
સંપર્ક કરો : સવારે ૧૦ થી ૧૨
M. 97124 05540

ADMISSIONS OPEN
THE SUNSHINE INTERNATIONAL SCHOOL
CBSE Day School
AFFILIATION NUMBER : 430251
Nursery to Std. 12
Science, Commerce, Arts
(CBSE / GSEB [GUJ./ENG. Med.])
Producing Champion in Maths, Science Olympiads and National Level Art, Music & Dance Exams...
STEAM Education as per NEP
Smart Classrooms
Burden Less Education
English Language Lab
State Level Sports
English Speaking Environment
Bus Facilities With Camera & GPS

For Admission and Registration call / Visit
CBSE 90999 13195
B/h. Kataria Motors, 2nd 150 ft Ring Road, Kalavad Road, Rajkot.
Web : www.tsis.edu.in
GSEB 99134 13198
The Sunshine School (Guj./Eng. Med.)
Royal Heritage Building, Malaviya Chowk, Rajkot.
ADEX

આરબીઆઈ
રિટેલ ડાયરેક્ટ સ્કીમ
મુલાકાત લો: https://rbiretaildirect.org.in
સરકારી સિક્યોરિટીઝમાં સીધું રોકાણ કરો

સમાવેશ છે
• ટ્રેઝરી બિલ્સ
• સોવરિન ગોલ્ડ બોન્ડ
• ફ્લોટિંગ રેટ સેવિંગ્સ બોન્ડ, 2020
• શૂન્ય બ્રોકરેજ અને અન્ય કોઈ ફી નથી
• ચુકવણીની સરળ અને અનુકૂળ પદ્ધતિ

વધુ માહિતી માટે કોલ કરો, 1800-267-7955 અથવા +91-22-61546335
સવારે 10 થી સાંજે 6 (સોમવાર – શનિવાર)
અમને લખોઃ support@rbiretaildirect.org.in
જનહિતમાં પ્રકાશિત
ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA
www.rbi.org.in

‘UPSCની તૈયારી એ સમયનો બગાડ છે’ સંજીવ સાન્યાલનો ભ્રમ કે સત્ય હકીકત?

વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (EACPM)ના સભ્ય અને જાણીતા ઈકોનોમિસ્ટ સંજીવ સાન્યાલે તાજેતરમાં જ આપણાં દેશની સૌથી અઘરી ગણાતી યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ની સિવિલ સર્વિસિસ એક્ઝામિનેશન પરીક્ષાની તૈયારી કરવી યોગ્ય છે કે નહીં તે અંગેના ખૂબ જ ચર્ચાસ્પદ વિષય પર એક ઈન્ટરવ્યુમાં ચર્ચા કરી હતી. યુટ્યુબ પર આ ઈન્ટરવ્યુ હાલ ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે.

સંજીવ સાન્યાલનું માનવું છે કે, જેવી રીતે પશ્ચિમ બંગાળના લોકો પોતાના બાળકોને બુદ્ધિજીવી-લેખકો-સાહિત્યકાર બનાવવા માંગે તે જ રીતે બિહારના લોકો પણ એક સમયે એવી ઈચ્છા ધરાવતા હતા કે પોતાના પરિવારનું કોઈ એક સભ્ય રાજકારણમાં હોય અથવા કોઈ મોટો નેતા હોય. સમય જતાં આ પ્રદેશના લોકોની આકાંક્ષા એટલી બધી વધી ગઈ કે જે લોકો સફળ રાજકારણી ન બની શક્યા એ લોકો ગુંડા અથવા તો બાહુબલી બનવા લાગ્યા.

વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (ઇએસી-પીએમ)ના સભ્ય, જાણીતા ઇકોનોમિસ્ટ અને હિસ્ટોરિયન સંજીવ સાન્યાલે તાજેતરમાં જ આપણાં દેશની સૌથી અઘરી ગણાતી યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ની સિવિલ સર્વિસિસ એક્ઝામિનેશન પરીક્ષાની તૈયારી કરવી આજના યુવાન માટે યોગ્ય છે કે નહીં તે અંગેના ખૂબ જ ચર્ચાસ્પદ વિષય પર એક ઇન્ટરવ્યુમાં ચર્ચા કરી હતી. યુટયુબ પર આ ઇન્ટરવ્યુ હાલ ખૂબ જ વાઇરલ થઈ રહ્યો છે.

દેશના જાણીતા યુટયુબર અને પોડકાસ્ટર સિદ્ધાર્થ આહલુવાલિયા સાથેની વાતચીતમાં પોડકાસ્ટ 'ધ નિયોન શો'માં સંજીવ સાન્યાલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે 'યુપીએસસી સમયની બરબાદી છે.' આ ઇન્ટરવ્યુમાં સંજીવ સાન્યાલે દાયકાઓથી ભારતે સહન કરેલી 'આકાંક્ષાની ગરીબી' પર વાત કરી હતી અને તેમણે પોતાની દલીલને સમજાવવા માટે પશ્ચિમ બંગાળ અને બિહારના ઉદાહરણો ટાંક્યા હતા.

સંજીવ સાન્યાલનું માનવું છે કે, જેવી રીતે પશ્ચિમ બંગાળના લોકો પોતાના બાળકોને બુદ્ધિજીવી-લેખકો-સાહિત્યકાર બનાવવા માંગે તે જ રીતે બિહારના લોકો પણ એક સમયે એવી ઈચ્છા ધરાવતા હતા કે પોતાના પરિવારનું કોઈ એક સભ્ય રાજકારણમાં હોય અથવા કોઈ મોટો નેતા હોય. સમય જતાં આ પ્રદેશના લોકોની આકાંક્ષા એટલી બધી વધી ગઈ કે જે લોકો સફળ રાજકારણી ન બની શક્યા એ લોકો ગુંડા અથવા તો બાહુબલી બનવા લાગ્યા. આવા વાતાવરણમાં કોઈ નવા યુવાનના રોલ મોડેલ કાં તો કોઈ સ્થાનિક ગુંડો કે જે કથિત રીતે રાજકારણી હોય કાં તો આવા અસામાજીક તત્વો સામે લડનાર કોઈ સનદી અધિકારી હોય. એટલે પછી એક એવી પેઢી તૈયાર થઈ કે જે વડીલો રાજકારણીઓ ન બની શક્યા તેઓએ પોતાના બાળકોને યુપીએસસીની પરીક્ષા પાસ કરવા પ્રોત્સાહિત કર્યા અને સનદી અધિકારી બનાવ્યા.

બેશક સનદી અધિકારી બનવું એ ખૂબ જ મહેનતનું કામ છે અને જાહેર જીવનમાં તેનું મહત્વ પણ વધારે છે. સંજીવ સાન્યાલ આ બાબતને આકાંક્ષાની ગરીબી ગણાવે છે. તેઓ કહે છે કે, 'ગુંડા બનવા કરતા અધિકારી બનવું વધુ સારું છે, તેમ છતાંય તે આકાંક્ષાની ગરીબી છે. જો તમારે સપનું જોવું જ હોય તો એલોન મસ્ક કે મુકેશ અંબાણી બનવાનું સપનું જોવું જોઈએ, તમે જોઈન્ટ સેક્રેટરી બનવાનું સપનું શા માટે જુઓ છો? તમારે તે વિશે વિચારવાની જરૂર છે કે સમાજ જોખમ લેવા અને ઉદ્યોગ સાહસિકતા અંગે કેવી રીતે વિચારે છે. બિહાર જેવા કેટલાક રાજ્યોની પોતાની સમસ્યાઓ ખૂબ જ જટિલ છે પણ તેનો અર્થ એવો નથી કે આમ થવા પાછળનું કારણ ફક્ત ખરાબ નેતાઓ જ હતા, ખરાબ નેતાઓ સમાજ જે ઇચ્છે છે તેનું પ્રતિબિંબ છે.'

આપણે સૌ એ તાજેતરમાં જ જાણીતા IPS અધિકારી મનોજકુમાર શર્માના સંઘર્ષમય જીવન આને તેમની IPS અધિકારી બનવાની સફર વર્ણવતી ફિલ્મ 12th ફેઇલ જોઈ. આ ફિલ્મે ખૂબ જ પ્રસિદ્ધિ મેળવી. 12th ફેઇલ જેવી ફિલ્મો યુપીએસસી જેવી અઘરી પરીક્ષા પાસ કરવામાં સામેલ પ્રયત્નોને રોમેન્ટિક બનાવી રહી છે, ત્યારે સંજીવ સાન્યાલનું માનવું છે કે, 'યુવાનોએ તેમની ઊર્જાને અન્યત્ર ચેનલાઇઝ કરવી જોઈએ. મને લાગે છે કે ઘણા નાના બાળકો કે જેમની પાસે આટલી બધી ઊર્જા છે તેઓ યુપીએસસીને ક્રેક કરવાના પ્રયાસમાં તેમનો સમય બગાડે છે. હું એમ નથી કહેતો કે, લોકોએ પરીક્ષા આપવી જ ન જોઈએ.

લાઈવ WIRE
પરખ ભટ્ટ
bhattparakh@yahoo.com

હા, દરેક દેશને અમલદારશાહીની જરૂર હોય છે. આ વ્યવસ્થા એક દ્રષ્ટિએ ખૂબ જ સરસ છે. પરંતુ મને લાગે છે કે લાખો લોકો તેમના જીવનના યુવાનીના શ્રેષ્ઠ વર્ષો આ પરીક્ષામાં પાસ કરવાના પ્રયાસમાં વિતાવે છે. યુપીએસસી ફક્ત ગણ્યા ગાંઠ્યા કેટલાક હજાર પરીક્ષાર્થીઓને જ સિલેકટ કરવાની છે. જ્યારે પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા લાખોમાં છે. આવી સ્પર્ધાનો કોઈ અર્થ નથી. આથી જો યુવાનો કંઈક બીજું કરવામાં સમાન શક્તિ લગાવે તો આપણે વધુ ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રકો જીતીશું, આપણે વધુ સારી ફિલ્મો, વધુ સારા ડોકટરો, વધુ ઉદ્યોગસાહસિકો, વધુ વૈજ્ઞાનિકો વગેરે મેળવી શકીશું.'

સંજીવ સાન્યાલે પોતાના આ પોડકાસ્ટમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, ''હું કહીશ કે આ પરીક્ષાની તૈયારી એ સમયનો બગાડ છે. અને હું હંમેશાં આમ કહીને લોકોને નિરાશ કરૂ છું. જ્યાં સુધી તેઓ ખરેખર વહીવટકર્તા બનવા માંગતા ન હોય, ત્યાં સુધી તેઓએ યુપીએસસીની પરીક્ષા ન આપવી જોઈએ. ઘણા એવા યુવાનો છે કે જે ચાર પાંચ વરસ સુધી પરીક્ષાની તૈયારી કર્યા બાદ પણ સફળ ન થયા હોય પછી તેઓ તેમની કારકિર્દી દરમિયાન હતાશ થઈ જાય છે. છેવટે, અમલદારશાહીમાં જીવન દરેક માટે નથી હોતું. અને આ વ્યવસ્થાનો મોટો ભાગ મોટા પ્રમાણમાં નિસ્તેજ અને કંટાળાજનક છે. ફાઇલોને ઉપર અને નીચે પસાર કરવામાં જ જીવન પસાર થઈ જાય છે.

સંજીવ સાન્યાલે ભારતીય બૌદ્ધિક જીવન અને શિક્ષણ જગત વિશે પણ વાત કરી હતી કે આપણાં દેશના લોકો જ્ઞાનની મર્યાદાનો વિસ્તૃત કરતા નથી. તેઓનું કહેવું છે કે, 'ભારતીય બૌદ્ધિક વસ્તુ વિશેની એક બાબત કે જે તમને સ્પર્શી જશે તે એ છે કે જ્યારે તમે કોઈ ચોક્કસ દલીલમાંથી પસાર થાઓ છો, ત્યારે તમે લાવો છો તે તર્ક અથવા પુરાવાના આધારે દલીલ જીતી શકાતી નથી. આખરે, આ દલીલ સત્તાને ટાંકીને જીતી લેવામાં આવે છે, કે ગાંધીજીએ તે કહ્યું હતું અથવા આંબેડકરે તેમ કહ્યું હતું અથવા જે કોઈ પણ તમારા પ્રિય મહાન વ્યક્તિએ કહ્યું હોય. આ એવો સમાજ નથી કે જે બ્રોડ માઇન્ડેડ બનીને વિચારી રહ્યો હોય. આપણાં સમાજે એવું પહેલેથી જ ધારી લીધું કરી લીધું છે કે સરકારી નોકરી એટલે આરામ અને સલામતીની જિંદગી પરંતુ હકીકતમાં આવું સહેજ પણ નથી'

સંજીવ સાન્યાલે પોતાના આ પોડકાસ્ટમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, ''હું કહીશ કે આ પરીક્ષાની તૈયારી એ સમયનો બગાડ છે. અને હું હંમેશાં આમ કહીને લોકોને નિરાશ કરૂ છું. ઘણા એવા યુવાનો છે કે જે ચાર પાંચ વરસ સુધી પરીક્ષાની તૈયારી કર્યા બાદ પણ સફળ ન થયા હોય પછી તેઓ તેમની કારકિર્દી દરમિયાન હતાશ થઈ જાય છે. છેવટે, અમલદારશાહીમાં જીવન દરેક માટે નથી હોતું અને આ વ્યવસ્થાનો મોટો ભાગ મોટા પ્રમાણમાં નિસ્તેજ અને કંટાળાજનક છે. ફાઈલોને ઉપર અને નીચે પસાર કરવામાં જ જીવન પસાર થઈ જાય છે.

સુવિચાર

કોઇનું ખરાબ કરીને પોતાનું સારૂ થશે એવું ક્યારેય વિચારવું નહીં કેમ કે સમય એક વાર સાથ આપશે કર્મ નહીં

જામીનમાં ‘રાજકીય પ્રવૃતિથી દુર રહેવુ’ની શરત અયોગ્યઃ સુપ્રિમકોર્ટનો મહત્વનો ચુકાદો

ઓડિશાના કેસમાં સુપ્રિમે હાઈકોર્ટનો આદેશ ફગાવ્યો

નવી દિલ્હી:

સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે, જામીનની શરત તરીકે વ્યક્તિને રાજકીય પ્રવૃતિ કરતો અટકાવી શકાય નહીં. ઓડિશા હાઈકોર્ટે એક વ્યક્તિને જામીન આપતી વખતે આવી શરત મુકી હતી. જેને સુપ્રીમ કોર્ટે રદ કરી હતી. હાઈકોર્ટે ઓગષ્ટ ૨૦૨૨માં વ્યક્તિને જામીન આપતી વખતે કોઈ પણ પ્રકારની રાજકીય પ્રવૃતિ સાથે નહીં સંકળાવાનો આદેશ આપ્યો હતો.

જજ બી.આર.ગવઈ અને સંદીપ મહેતાએ હાઈકોર્ટના ૧૮ જાન્યુઆરીના આદેશ સામે ચુકાદો આપ્યો હતો. બરહામપુર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર તરીકે ચુંટાયેલા સિબા સંકરદાસની અરજીની સુનાવણી વખતે સુપ્રીમ કોર્ટે જામીનની શરત રદ કરી હતી. અગાઉ હાઈકોર્ટે જામીન માટેની શરત પાછી ખેંચવાની અરજી ફગાવતા જણાવ્યું હતું કે, તેમના (સિબાદાસ) કારણે જનતામાં કોઈ અનિચ્છનીય સ્થિતિ ઉભી થવી જોઈએ નહીં અને તે રાજકીય પ્રવૃતિમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ નહીં લઈ શકે. સુપ્રીમકોર્ટે ૨૨ માર્ચના ચૂકાદામાં જણાવ્યું હતું કે, 'અમને જણાયું કે આવી શરત અરજદારના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે અને આવી કોઈ શરત લાદવી જોઈએ નહીં. એટલ

અમે હાઈકોર્ટે લાગુ કરેલી શરતને રદ કરીએ છીએ.' દાસે ૧૧ ઓગષ્ટ ૨૦૨૨ના રોજ જામીન સાથેની શરત પાછી ખેંચવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. દાસના વકીલે હાઈકોર્ટને જણાવ્યું હતું કે, 'અરજદાર રાજકીય વ્યક્તિ હોવાને કારણે આગામી લોકસભા ચૂંટણીને જોતાં તેને રાજકીય પ્રવૃતિમાં ભાગ લેવાની છૂટ આપવી જોઈએ.' જો કે, રાજયએ તેની વિનંતી સામે વાંધો લેતાં જણાવ્યું હતું કે, 'જામીન પર છુટયા પછી તેના પર હત્યાનો હુમલો થયો હતો.'

હાઈકોર્ટે જણાવ્યું હતું કે, બંને પક્ષકારોને સાંભળીને અને વર્તમાન સ્થિતિ પર વિચારણા કરતાં એ હકીકત છે કે તે અન્ય કેસોમાં સંડોવાયેલો હતો એટલું જ નહીં પણ તેની હત્યા કરવાનો પ્રયાસ પણ થયો હતો અને અરજદારને રાજકીય પ્રવૃતિઓમાં ભાગ લેવા જામીનની શરતમા ફેરફાર કરવી ગેરવાજબી ગણાશે.

આજનું ચિંતન

સંસાર પ્રત્યેનો રાગ કેટલો ?

સ્વામિનારાયણ ભગવાને ગઢડા પ્ર.પ્ર.ના ૩૮માં વચનામૃતમાં લખ્યું. આપણે સત્સંગ થયો હોય, ત્યાંથી નામુ કરવું, વેપારી હોય તે નામુ કરે તેમ આપણે પણ નામુ કરવું કે જયારે આપણને સત્સંગ બરોબર ન હતો તે સત્સંગ કર્યા પછી મને ભગવાનમાં આટલો પ્રેમ થયો આટલી જગતની વાસના ઓછી થઈ કે ટળી ગઈ કે ઘણી છે ? એમ નામુ કરીએ તો આપણને ખબર પડે અને જે કાંઈ કસર હોય તે ખટકો રાખીને ટાળીએ તો ટળે અરે ! હું ભગવાનનો ભકત થયો અને મને આવો સંકલ્પ થયો ? તે ભગવાનના ભકતને ભગવાનની મૂર્તિ વિના બીજો સંકલ્પ થાય તો કપાળમાં બળબળતો ડામ દે તેવું વસમુ લાગે. તે બળબળતો ડામ એટલે શું ? તો લોખંડનો સળીયો તપાવીને કપાળમાં લાગે એવું વસમુ લાગે. એવું ભગવાનના ભકતને ભગવાનની મૂર્તિ વિના બીજો જગતનો સંકલ્પ થાય તો એવું વસમું લાગે.

બીજું દ્રષ્ટાંત આપ્યું કે, પંચામૃત ભોજન જમતા હોઈએ એમાં ધૂળનો ખોબો ભરીને નાંખે એવું વસમુ લાગે. આપણે જમતા હોઈએને બીજો કોઈ માણસ આવીને એમાં ધુળ નાંખે તો આપણને સારૂ લાગે ? કે ખરાબ લાગે ? તેમ આમાં એમ લખ્યું કે, પંચામૃત ભોજન જમતા હોઈએ ને કોઈ ધુળનો ખોબો નાખે તો એને વસમુ લાગે તેમ જે ભગવાનનો ભકત હોય એને ભગવાનની મૂર્તિ વિના બીજો કોઈ સંકલ્પ થઈ જાય તો એવું વસમું લાગે. આપણી જે કાંઈ કસર હોય તેને કાળજી રાખીને ટાળશું તો જરૂર ટળી જશે.

વૈશ્વિક આધ્યાત્મિક જાગૃતિ દિવસ-૧

૨૭ માર્ચનો દિવસ, બ્રહ્માકુમારીઝના પૂર્વ મુખ્ય પ્રશાસિકા, આદરણીય રાજયોગીની તપસ્વીમૂર્ત દાદી જાનકીજીની જથી પુણ્યતીથીને વિશેષ યાદગારના રૂપે 'વૈશ્વિક આધ્યાત્મિક જાગૃતિ દિવસ' તરીકે વિશ્વના સમગ્ર બ્રહ્માકુમારીઝના સેવાકેન્દ્રો પર મનાવવામાં આવે છે. દાદીજીએ પોતાના ૧૦૪ વર્ષની આયુમાં વિશ્વના લગભગ દેશોમાં જઈને સર્વને પોતાના જીવનને મૂલ્યનિષ્ઠ બનાવવાનો અને પરમાત્માના વર્તમાન સમયે ચાલી રહેલા દિવ્ય કર્તવ્યનો ઈશ્વરીય સંદેશો પહોંચાડ્યો હતો. દાદીજીએ પોતાના પ્રસાશન કાળ દરમ્યાન ૧૦૦થી વધુ દેશોમાં બ્રહ્માકુમારીઝના સેવાકેન્દ્રો ખોલવા નીમિત્ત બન્યા છે.

જાનકી દાદીને પિતાશ્રી બ્રહ્માબાબા જનક કહીને બોલાવતા. દાદીએ પોતાના નામ અનુસાર વિદેહીજનક જેવી પોતાની અવસ્થાને બનાવી હતી. સર્વ વાતોથી ઉપરામ અને સાક્ષીભાવયુકત તથા નષ્ટમોહી બનીને રહ્યા. દાદીમાં બિલકુલ મારાપણાંનો ભાવ ન હતો. દાદીનું મનોબળ એટલું મજબૂત અને સ્થિર હતું કે વિશ્વની મોસ્ટ સ્ટેબલ માઈન્ડ(સ્થિર મન)વાળા મહિલાનો ખિતાબ તેમને એનાયત થયેલો છે. દાદી સ્વચ્છતા અને સાદગીના આગ્રહી હતા. દાદીજીને વિશેષ વિશ્વની અલૌકિક 'માઁ' નો દરજ્જો પ્રાપ્ત છે. તેમના નેતૃત્વકાળમાં અંદાજે સમર્પિત ૪૬૦૦૦ બ્રહ્મચારિણી યુવા બહેનો દાદીજીની પાલના હેઠળ વિશ્વ સેવાના કાર્યમાં જોડાયેલા હતા.

મૂલ્યોની મહેક
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

દાદીજી કહેતા કે- અત્યારે સારી પ્રભુ લીલા ચાલી રહી છે. કેવો પ્રભુનો અને સર્વનો વંડરફૂલ પાર્ટ ચાલી રહ્યો છે! દાદી સર્વને સદા મુખ્ય ત્રણ બાબતોને જીવનમાં જાણવા કે તેના પર ચિંતન કરવા કહેતા હતા.

૧. 'હું કોણ છું ?' ૨. 'મારું કોણ છે?' અને ૩. 'મારે શું કરવાનું છે?'

હું એક આત્મા છું. મારા પિતા પરમાત્મા સદા શિવ(કલ્યાણકારી) છે. જેમ આત્મા નિરાકાર(સૂક્ષ્મ જ્યોતિ બિંદુરૂપ) છે તેમ સર્વ આત્માઓના પિતા શિવ પણ નિરાકાર છે. જે સદાના સર્વ આત્માઓના પરલૌકિક પિતા-માતા છે આથી આત્મા તેમની પાસેથી શક્તિ લઈને પોતાના સર્વ ગુણોના અનુભવમાં રહી શકે છે. તે માટે વર્તમાન સમયે શું કરવાનું છે? તો દરેક આત્મા એ પિતાની યાદમાં રહી અને તેમને સદાના સાથી બનાવી પોતાના સર્વ સંકલ્પો, સમય, શ્વાસને સફળ કરવાની જરૂર છે. પોતાના સંસ્કારોનું પરિવર્તન કરી શ્રેષ્ઠ કર્મો કરવાની જરૂર છે.

દાદી જ્યારે પણ કોઈ પ્રોગ્રામ કે સંગઠનના સંબોધન માટે આવતા ત્યારે તેમના વાયબ્રેશનને લીધે આખા હોલમાં ખુશીઓભર્યુ વાતાવરણ છવાઈ જતુ હતું. દરેકના ચહેરા મલકી ઉઠતા અને દાદીને સાંભળવા તત્પર બની જતા. દાદીની સર્વ પ્રત્યેની શુભભાવના એટલી બધી હતી કે સર્વ તેમને નિહારતા જ ખુશ થઈ જતા. દાદીમાં સેવાઓને માટે ખુબ જ ઉમંગ ઉત્સાહ હતો. હોસ્પિટલમાં કોઈ ટ્રીટમેંટ માટે ગયા હોય તો પણ, તેઓ ડોક્ટરના પણ ખબર અંતર પુછી લેતા,'આપને કેમ છો?' તેઓને પરમાત્માનો સંદેશ અને પ્રસાદ, સર્વ સ્ટાફને પણ અવશ્ય વહેચતા. દાદી સદા ઉપરામ રહેતા. તેઓ વાત કરતા પણ વચ્ચે જાણે કે પરમાત્માની યાદમાં ખોવાઈ જતા. તેમની એવી ઉચ્ચ સ્થિતિ જ તેમની વિદેહી અવસ્થાનો વાચક હતો. આજના દિવસે વિશ્વભરમાં આધ્યાત્મિક જાગૃતિ ફેલાવનાર દાદીને કોટિ કોટિ વંદન સાથે દિલથી શ્રધ્ધાપુષ્પ અર્પિત કરીએ.

આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ફાગણ વદ-૩, તા.૨૮/૩/૨૪, ગુરૂવાર

સૂર્યોદય : ૬-૪૫, સૂર્યાસ્ત : ૬-૫૮, જૈન નવકારશી : ૭.૩૩
રાશિ : તુલા (ર.ત.)

ગૌચરના ગ્રહો
સૂર્ય-મીન, મંગળ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-મેષ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-કુંભ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-તુલા

શુભ ચોઘડીયા : ચલ, શુભ, લાભ, અમૃત
અશુભ ચોઘડીયા : રોગ, કાળ, ઉદ્વેગ

રાશીફળ

મેષ : મિત્રો સાથે પાર્ટીનું આયોજન થાય, વિજાતીય મિત્રતા ગાઢ બને, વિદેશ જવાની ઈચ્છામાં સફળતા મળે.
વૃષભ : નોકરીમાં પ્રશંસા મળવાની આત્મવિશ્વાસ કેળવવો, બચતની ઈચ્છા ફળે, રાજકીય લાભ અચાનક મળે.
મિથુન : નવી ભાગીદારી યોજનામાં કોઈ ઉતાવળ ન કરવી, નોકરીમાં સ્થિરતાથી લાભ, માતાનો સહકાર રહે.
કર્ક : લખાણ કે દસ્તાવેજોના કાર્યોમાં અનુકુળતા રહે, સંતાનોની સગાઈ લગ્નના કાર્યોમાં સફળતા રહે.
સિંહ : નોકરીમાં અધિકારી વર્ગ સાથે ગેરસમજો ન થાય, તેનું ધ્યાન રાખવું, સ્વાસ્થ્ય બાબત બેદરકારી ટાળવી.
કન્યા : મહત્વના કાર્યોમાં ઈશ્વરનું નામ લઈને પછી જ નિર્ણયો લેવા- વિદેશથી લાભ મળવાનો છે.
તુલા : અચાનક લાભની આશા ફળવાની છે, યુવા વર્ગને રોમાન્સમાં સફળતા, નોકરીમાં કોઈ લાભ રહે.
વૃશ્ચિક : નજીકની વ્યકિતઓનો સાથ સહકાર મેળવવો, કર્જ લઈને સાહસ ન કરવું, પરિવારના વ્યવસાયથી લાભ.
ધન : પુરૂષાર્થનું ફળ મળવાનું છે, મિત્રો સાથે વ્યવસાયને લગતી ચર્ચા થાય, આર્થિક લાભ રહેવાનો.
મકર : માનસિક તનાવ રહેવાનો છે, વિદેશ જવાની તક મળવાની છે, નોકરીમાં પરિવર્તનની ઈચ્છા થાય.
કુંભ : ઉશ્કેરાટથી દુર રહેજો, કુનેહ પૂર્વકના નિર્ણયો લાભદાયક રહેશે, આત્મવિશ્વાસ વધારવો.
મીન : ભાગ્યોદય માટે સારો દિવસ રહેવાનો છે, સીઝનલ ધંધાથી લાભ રહે, નોકરીમાં સફળતા રહે.

મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



આડી ચાવી

૧. અયોધ્યાના રામલલ્લા (૫)
૫. દો ... તુમ ભી ચલો, દો ... હમ ભી ચલે (૩)
૭. દળ-હિન્દી (૨)
૮. એવરત-જીવરતના વ્રતમાં હોય (૪)
૯. ચાઇલ્ડ, બાળક - હિન્દી (૩)
૧૧. અમિતાભ-નાના પાટેકરની ફિલ્મ (૪)
૧૩. હત્યારો (૩)
૧૪. એક નહાવાનો સાબુ (૩)
૧૬. ડ્રાયવર (૩)
૧૭. આળસ-હિન્દી (૩)
૧૮. વ્યાજવટાવનો ધંધો કરનાર (૪)
૨૦. રંગીન (૫)
૨૨. અંકલ (૨)
૨૩. લક્ષ્મણ લવજીભાઇ સંક્ષિપ્ત (૨)
૨૪. તૂટે તો સંધાય નહીં (૨)
૨૫. ચલન-ઉંધુ લખો (૩)
૨૮. કાશ્મીરના પ્રસિધ્ધ ચાર રસ્તા (૪)
૩૦. આહવાન (૪)
૩૧. કેન્સલ (૨)

ઉભી ચાવી

૧.સરવાળા, ગુણાકાર ... અને ભાગાકાર (૪)
૨. એક જ અક્ષર આવશે (૧૦)
૩. કિંગ (૨)
૪. પિનટ (૪)
૫. રાજકોટ નજીકનું ગામ(૪)
૬. હળવો નાસ્તો : સેવ ... (૩)
૧૦. પાંચ વાર વિચારીને વાપરવાનો અભિગમ (૫)
૧૨. કુટીલ, કપટી (૩)
૧૫. એક ગ્રહ (૨)
૧૬. મનોજકુમાર-નંદાની ફિલ્મ (૨)
૧૭. વિશ્લેષણ (૪)
૧૮. જે ઓઢાડી સન્માન થાય (૨)
૧૯. ટેમ્પરરી (૫)
૨૧. વાસી અનાજમાં થાય (૨)
૨૨. કામનો આળસુ (૪)
૨૬. એક ચોઘડીયું (૨)
૨૭. બે વત્તા બે (૨)
૨૯. આકાર, સાઇઝ (૨)

એ	પ્રિ	લ		સ	દા	વ્ર	ત		ખ
પ્રિ		વ	જ	ન	દા	ર		તા	રે
લ	ક		ર	મ			કા		ખ
કુ	લ	ઝ	ર			સા	મ	વે	ર
લ	બ		ત	લ	સાં	ક	ળી		
	લા	ત		ગા	ગ	ર		કા	કા
ખા	ટ		ડી	મ	લી		આ		ર
રે		થા	ક			સ	ગ	પ	ણ
ક	લ		લે		તા	રા		લા	
	બ	ટ	ર	ફ	લા	ય		શ	ક

સાંજ સમાચાર

દેશ - વિદેશના સચોટ સમાચાર
ઝડપથી વાંચવા માટે
આજે જ ડાઉનલોડ કરો
સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

(એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો)

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

(સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો)

96622 96699

(વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ ''Hi'' મેસેજ કરો)

સંસદમાં હાજરીમાં ગુજરાતના સાંસદો મોખરે, પ્રશ્ન પૂછવામાં ૧૦મા ક્રમે

યોગાનુ યોગ કે... સંસદમાં સૌથી વધુ સવાલ કરનારા ગુજરાતના સાંસદોની ટીકીટ કપાઇ

ગત ટર્મમાં સૌથી વધુ પ્રશ્ન અમરેલીના નારણ કાછડીયા (૪૩૪), રાજકોટના મોહન કુંડારીયા (૩૪૨) તથા બનાસકાંઠાના પરબત પટેલે (૩૨૩) પૂછયા હતા

અમદાવાદ, તા.૨૭

લોકસભાની નવી ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થઇ જ ચૂક્યો છે ત્યારે ગુજરાતના સાંસદો ગત ટર્મમાં સંસદમાં હાજરી આપવાના મામલામાં મોખરે રહ્યા હતા જ્યારે પ્રશ્નો પૂછવામાં ૧૦મા નંબરે હતા.

એસોસીએશન ફોર ડેમોક્રેટિક રીફોર્મ દ્વારા જારી કરવામાં આવેલા રીપોર્ટ પ્રમાણે ગુજરાતના સાંસદોએ ૨૭૩ સેશનમાંથી સરેરાશ ૨૧૬ દિવસ હાજરી આપી હતી. ગુજરાતની જેમ છત્તીસગઢના સાંસદોની હાજરી પણ સમાંતર હતી. ગુજરાતના ૨૬માંથી ૮ સાંસદોની હાજરી ૯૦ ટકાથી વધુ હતી.

સંસદમાં પ્રશ્નો પૂછવામાં ગુજરાતના સાંસદો પાછળ રહયા હતા. મહારાષ્ટ્રના સાંસદોએ સરેરાશ ૩૧૫ સવાલ પૂછયા હતા. કેરળના સાંસદોના સરેરાશ ૨૩૬ તથા ગુજરાતના સાંસદોના ૧૬૮ સવાલ હતાં.

ગુજરાતના તમામ ૨૬ સાંસદોએ કુલ ૪૩૭૧ સવાલ પૂછયા હતા તેમાંથી સૌથી વધુ ૪૩૪ પ્રશ્નો અમરેલીના સાંસદ નારણ કાછડીયાએ પૂછયા હતા. રસપ્રદ વાત એ છે કે આ વખતે તેમને ટીકીટ ફાળવવામાં આવી નથી. બીજા ક્રમે રાજકોટના સાંસદ મોહન કુંડારીયાએ ૩૪૨ સવાલ કર્યા હતા. બનાસકાંઠાના પરબત પટેલે ૩૨૩ પ્રશ્નો કર્યા હતા. આ ત્રણેય સાંસદોને ફરીથી ટીકીટ નહીં આપ્યાનું યોગાનુ યોગ છે.

૧૭મી લોકસભામાં ૧૫ સત્ર યોજાયા હતા અને ૨૭૩ દિવસની કામગીરી થઇ હતી. પ્રથમ સત્ર ૩૭ દિવસનું સૌથી લાંબુ અને ૧૩મુ સત્ર સૌથી ટુંકુ-માત્ર ચાર દિવસનું રહ્યું હતું. સંસદમાં પૂછાયેલા સૌથી વધુ પ્રશ્નો આરોગ્ય તથા પરિવાર કલ્યાણ, કૃષિ અને ખેડૂત કલ્યાણ, રેલવે, નાણાં તથા શિક્ષણ મંત્રાલયને લગતા હતાં.

હાજરીને લાગેવળે છે ત્યાં સુધી પંચમહાલના રતનસિંહ રાઠોડ ૯૬ ટકા હાજરી સાથે મોખરે હતો. જામનગરના પૂનમબેન માડમની ૮૫ ટકા હાજરી હતી અને તેઓએ ૨૬૩ સવાલ કર્યા હતા. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ૭૪ ટકા હાજરી હતી.

જામનગરના પૂનમબેન માડમની ૮૫ ટકા હાજરીઃ સી.આર. પાટીલની ૭૪ ટકા

ગુજરાતના સાંસદોની હાજરી અને લોકસભામાં પૂછેલા પ્રશ્નો

નામ	મત વિસ્તાર	હાજરી-ટકા	પ્રશ્નો
રતનસિંહ રાઠોડ	પંચમહાલ	૯૬.૩	૧૦૯
શારદાબેન પટેલ	મહેસાણા	૯૪.૯	૧૯૪
ડો. કિરીટ સોલંકી	અમદાવાદ પ.	૯૪.૫	૨૦૫
દિપસિંહ રાઠોડ	સાબરકાંઠા	૯૩.૮	૨૦૯
પરબત પટેલ	બનાસકાંઠા	૯૩.૪	૩૨૩
ગીતાબેન રાઠવા	છોટા ઉદેપુર	૯૩.૪	૧૮૫
હસમુખ પટેલ	અમદાવાદ પૂ.	૯૩.૦	૧૨૭
મિતેષ પટેલ	આણંદ	૯૧.૬	૨૦૨
ભરતસિંહ ડાભી	પાટણ	૮૯.૪	૬
નારણ કાછડિયા	અમરેલી	૮૮.૬	૪૩૪
રંજનબેન ભટ્ટ	વડોદરા	૮૮.૬	૨૪૪
જશવંતસિંહ ભાભોર	દાહોદ	૮૮.૩	૨૮૧
ડો. કે.સી. પટેલ	વલસાડ	૮૭.૯	૦
મોહન કુંડારીયા	રાજકોટ	૮૬.૮	૩૪૨
પૂનમબેન માડમ	જામનગર	૮૪.૬	૨૬૩
મનસુખ વસાવા	વલસાડ	૮૨.૧	૧૧૭
પ્રભુભાઇ વસાવા	બારડોલી	૮૧	૯૮
રાજેશ ચુડાસમા	જૂનાગઢ	૭૭.૭	૩૩૧
ભારતીબેન શિયાળ	ભાવનગર	૭૬.૯	૨૯૮
રમેશ ધડૂક	પોરબંદર	૭૬.૨	૩૬
સી.આર. પાટીલ	નવસારી	૭૩.૬	૧૧૪
વિનોદ ચાવડા	કચ્છ	૭૨.૯	૧૦૩

પાંચ વર્ષમાં ગુજરાતના સાંસદોએ ૪૪૨ કરોડમાંથી ૨૨૦ કરોડ જ વાપર્યા

દરેક સાંસદને ૧૭ કરોડનું ફંડ પણ વાપર્યા માત્ર ૭ થી ૯.૫૦ કરોડ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના મતદારોએ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપના તમામ ૨૬ સાંસદોને જીતાડ્યા હતા પરંતુ રાજ્યની પ્રજા માટે તેઓ સાંસદ તરીકે ફાળવાતું તમામ ભંડોળ વાપરી શક્યા નથી. એમપી લોકલ એરીયા ડેવલપમેન્ટ ફંડના કુલ ૪૪૨ કરોડ રૂપિયામાંથી ગુજરાતના ૨૬ સાંસદોના પાંચ વર્ષમાં માત્ર ૨૨૦ કરોડ ભારત સરકાર દ્વારા રીલીઝ કરાયા હોવાનો ઘટસ્ફોટ થયો છે. ગુજરાતના વિસ્તારો ૫૦ ટકા ફંડ થકી થનારા વિકાસથી વંચિત રહ્યા છે.

૨૦૧૯થી ૨૦૨૪ માટે સાંસદ દીઠ ૧૭ કરોડની ફાળવણી કુલ પાંચ વર્ષના સમયગાળા માટે થઇ હતી. ૨૬ સાંસદ પ્રમાણે કુલ મળીને ૪૪૨ કરોડ રૂપિયા મત વિસ્તારમાં વાપરી શકાય તેમ હતા પરંતુ સાંસદો તે ભંડોળ પણ વાપરી શક્યા ન હતા. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા કરાયેલા સાંસદના પરફોર્મન્સના વિશ્લેષણના રિપોર્ટમાં આ વિગતો બહાર આવી છે. તે મુજબ ૨૬ સાંસદોએ માત્ર ૩૫૪.૯૯ કરોડના કામોની ભલામણ કરી હતી. તે પૈકી ૧૨,૩૦૫ કામો માટે ૨૬૩.૧૫ કરોડના કામો મંજુર કરાયા અને કુલ ૨૨૦ કરોડ રૂપિયા ફાળવાયા હતા જે કુલ મળવા પાત્ર ફંડના માત્ર ૪૯.૭૭% થાય છે.

મોટાભાગના સાંસદનું ૭ કરોડથી મહત્તમ ૯.૫ કરોડ રૂપિયાના કામનું ફંડ જ સરકાર દ્વારા ફાળવાયું હતું.

ભરતસિંહ ડાભી, કે.સી. પટેલ અને ધડૂક પ્રશ્નો પૂછવામાં નિષ્ક્રિય

સાંસદો પાંચ વર્ષમાં તેમના મત વિસ્તાર કે ગુજરાતને લગતા સવાલ પૂછીને તેનો ઉકેલ લાવવામાં મહત્વનો ભાગ ભજવતા હોય છે. ગુજરાતના મોટાભાગના સાંસદોની હાજરી ૮૦ થી ૯૬ ટકા છે. ૨૬ સાંસદોએ મળીને કુલ ૪૩૭૧ પ્રશ્નો પૂછ્યા છે. જો કે કેટલાક સાંસદો ૩૦ ટકા જેટલા સત્રના સમયમાં ગેરહાજર રહ્યા છે. સૌથી વધુ પ્રશ્નો અમરેલીના નારણ કાછડીયાએ પૂછ્યા હતા. તો ભરતસિંહ ડાભી, ડો. કે.સી. પટેલ, રમેશ ધડૂક વગેરે પ્રશ્નો પૂછવામાં નિષ્ક્રિય રહ્યા.

કાલથી ૨૫ સ્ક્રીપોમાં સોદા સાથે જ નાણાં મળી જશેઃ લીસ્ટ જાહેર

મુંબઇ શેરબજારમાં આવતીકાલથી મર્યાદિત ધોરણે ટી+૦ સેટલમેન્ટનો યુગ શરુ થઇ રહ્યો છે જે અંતર્ગત સોદો થવા સાથે જ નાણાં ઇન્વેસ્ટરો-વેચનારને મળશે. કાલથી લાગૂ થનારી આ સિસ્ટમમાં પ્રથમ તબક્કે ૨૫ સ્ક્રીપો સામેલ કરવામાં આવી છે. મર્યાદિત સંખ્યાના બ્રોકરો જ આ નવી સિસ્ટમનો અમલ કરી શકશે. બીએસઆઇ દ્વારા ટી+૦ સેટલમેન્ટમાં સામેલ થઇ રહેલી ૨૫ સ્ક્રીપોની યાદી જાહેર કરી છે.

અંબુજા સિમેન્ટ, અશોક લેલેન્ડ, બજાજ ઓટો, બેંક ઓફ બરોડા, ભારત પેટ્રોલીયમ કોર્પોરેશન, બીરલા સોફ્ટ, સીપ્લા, કો-ફોર્જ, ડીવીઝ લેબ, હિન્દાલકો, ઇન્ડિયન હોટેલ, જેએસડબલ્યૂ સ્ટીલ, એલઆઇસી હાઉસીંગ, એલટી માઇન્ડટ્રી, એમઆરએફ, નેસલે, એનએમડીસી, ઓએનજીસી, પેટ્રોનેટ એલએનજી, સંવર્ધન મધર સન, ટાટા કોમ્યુનિકેશન, ટ્રેન્ડ, યુનિયન બેંક તથા વેદાંતાનો આ લીસ્ટમાં સમાવેશ છે.



શેરબજારમાં ધૂમ તેજીઃ સેન્સેક્સ ફરી ૭૩૦૦૦ને પાર

૬૦૦ પોઇન્ટનો ઉછાળોઃ રીલાયન્સ ૧૧૦ રૂપિયા ઉંચકાયોઃ માર્કેટનું માર્કેટકેપ ૪ લાખ કરોડને વટાવી ગયું

રાજકોટ, તા.૨૭

મુંબઇ શેરબજારમાં આજે ધૂમ લેવાલીથી સાર્વત્રિક તેજીનો માહોલ રહ્યો હતો. સેન્સેક્સ ૬૦૦ પોઇન્ટના ઉછાળા સાથે ફરી ૭૩૦૦૦ની સપાટી કુદાવી ગયો હતો.

શેરબજારમાં આજે શરૂઆત તેજીના ટોને થઇ હતી. નાણાં સંસ્થાઓની લેવાલી, અર્થતંત્રના ધમધમાટ જેવા કારણોથી સારી અસર હતી. માર્ચમાં વિદેશી સંસ્થાઓએ ૩.૬૩ અબજ ડોલર ઠાલવીને ગત ડીસેમ્બર પછીનું સૌથી મોટું રોકાણ કર્યાનો રીપોર્ટ જાહેર થતા સારી અસર હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે આવતીકાલે માર્ચ વલણનો અંતિમ દિવસ છે. નાણાંકીય વર્ષના કામકાજનો પણ છેલ્લો દિવસ છે. કારણ કે શુક્ર-શનિ-રવિની સળંગ રજા છે. સંસ્થાકીય ખરીદી વધવાનું અનુમાન છે. આવતા સમાહે નવા નાણાંકીય વર્ષમાં કેવો ટ્રેન્ડ પકડાય છે તેના પર મીટ રહે તેમ છે.

શેરબજારમાં આજે માર્કેટનું માર્કેટ કેપ ૪ લાખ કરોડને વટાવી ગયું હતું અને ૧૯મી ભારતીય લીસ્ટેડ કંપની બની હતી. આ સિવાય રીલાયન્સ ૧૧૦ રૂપિયા ઉછળ્યો હતો અને ૩૦૦૦ની નજીક પહોંચ્યો હતો. માર્કેટી, એનટીપીસી, પાવર ગ્રીડ, રીલાયન્સ, ટીસ્કો, ટાઇટન, એશિયન પેઇન્ટસ, બજાજ ફાઇનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી, ઇન્ડુસઇન્ડ બેંક, જેએસડબલ્યૂ સ્ટીલ, કોટક બેંક, લાર્સન વગેરેમાં ઉછાળો હતો. નેસલે, સ્ટેટ બેંક, ટીસીએસ, સીડીએસએલ, એપોલો હોસ્પીટલ, બ્રીટાનીયા વગેરે ઉછળ્યા હતાં.

મુંબઇ શેરબજારનો સેન્સીટીવ ઇન્ડેક્સ ૬૨૦ પોઇન્ટના ઉછાળાથી ૭૩૦૯૦ હતો તે ઉંચામાં ૭૩૧૨૪ તથા નીચામાં ૭૨૬૦૦ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફ્ટી ૧૭૬ પોઇન્ટ ઉંચકાઇને ૨૨૧૮૧ હતો તે ઉંચામાં ૨૨૧૯૩ તથા નીચામાં ૨૨૦૫૨ હતો.

Rajkot Greater Rotary Club
Mankind | Humanity | Future
ROTARY CLUB OF RAJKOT GREATER CHARITABLE TRUST
&
સાંજ સમાચાર
Presents
ROLEX ROLLED RINGS
THREE GENERATIONS, ONE NATION
surmayi sanj 2024
In Association With
OMNITECH
Shree Ambica Salt Works
Powered by
BALAJI WAFERS
VIP PELICAN AN EXCLUSIVE SHOWROOM
parin PARIN TATA MOTORS PARIN kia
CRYSTAL GROUP
Shilpa LIFESTYLE The Jewellery People
RADHIKA

Sarod Grand Master
USTAD AMJAD ALI KHAN
Amaan Ali Bangash & Ayaan Ali Bangash
Zohaan Ali Bangash & Abeer Ali Bangash
Tabla Accompaniments :
Satyajit Talwalkar | Anubrata Chatterjee
Saturday at 7:00pm | 6 April, 2024
Venue : Seasons Hotel, Kalawad Road, Rajkot
For Passes or More Details Contact : 9662296655 | 9624424085 | 9808900500 | 814101 5300
Scan QR Code for Registration
Supported by:
Mycro Fine AATA CHAKKI
APPLE FOODS
Shining
Classic NETWORK PVT. LTD.
OM RESIDENCY & ARCADE
POOJARA
BOMBAY SUPER HYBRID SEEDS LIMITED
Ra Ra
Arjun Jewellers
NEL
SPACE ODYSSEY
RK Group THE LANDMARK CREATORS
LAKHANI Engineering Works
REGENCY LAGOON Resort & Convention
PREMJI VALJI JEWELLERS
THE CAPITAL LUXURIOUS CORPORATE SHOWROOMS & OFFICES
vikas Stove | Cookware | Melamine
SEASONS Hotel Club Banquets Party lawns
Venue Partner
GLOBAL
Outdoor Partner
MUSICAL EVENING FOR A CAUSE
CAUSE : ICU SETUP AT SAURASHTRA'S BIGGEST KIDNEY HOSPITAL BT SAVANI KIDNEY HOSPITAL, RAJKOT
Design By : akshar art center

શાપરમાં ડયુરો પ્લાય નામના કારખાનાનો બનાવ

ધુળેટીના પર્વ પર ડીજેના તાલે ઝૂમી રહેલ શ્રમિકો પર ધોકા-પાઈપથી જીવલેણ હુમલો

ડીજે વગાડવાની ના પાડી બાજુમાં જ રહેતાં પરપ્રાંતીય શખ્સોએ પાંચ યુવાનો પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી: ઈજાગ્રસ્તોને સારવારમાં રાજકોટ ખસેડાયા: પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી

રાજકોટ, તા.૨૭

શાપરમાં ડયુરો પ્લાય નામના કારખાનામાં ધુળેટીના પર્વ પર ડીજેના તાલે ઝૂમી રહેલ શ્રમિકોને ડિજે વગાડવાની ના પાડી બાજુમાં જ રહેતાં પરપ્રાંતીય શખ્સોએ ધોકા-પાઈપથી જીવલેણ હુમલો કરતા પાંચ યુવાનોને ઇજા પહોંચતા સારવારમાં રાજકોટ ખસેડાયા હતાં. બનાવ અંગે શાપર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે શાપરમાં ડયુરો પ્લાય નામના કારખાનાની ઓરડીમાં રહેતાં સુબોધકુમાર બલેશ્વરાય યાદવ (ઉ.વ.૨૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઉમેશ રામપ્રસાદ ઉપાધ્યાય, કનૈયા સુનીલાલ મંડલ, દિપક નિરંજન મંડલ (રહે.તમામ શાપર) નું નામ આપતાં શાપર પોલીસે આઈપીસી ૩૨૬,૩૨૫,૩૨૪ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ આઠેક વર્ષથી ડ્યુરો પ્લાય નામના કારખાનામાં મજૂરી કામ કરે છે. ગઇકાલે ધુળેટીના તહેવાર દરમ્યાન કારખાનામાં રજા હતી જેથી સાથે કારખાનામાં કામ કરતા અને બાજુની ઓરડીઓમાં રહેતા સંજયકુમાર જગતરાય યાદવ, રમેશકુમાર જલધારીરાય યાદવ, પ્રમોદકુમાર રમનીયારાય યાદવ, અવધેશરાય જમનારાય યાદવ, શોભા લાલકુમાર કલયુગરાય યાદવ સહિતના લોકો એમ ડી.જે વગાડી રંગથી રમતા હતા તે દરમ્યાન સવારના સમયે બાજુની ઓરડીમાં રહેતા ઉમેશ ઉપાધ્યાય ત્યાં ધસી આવેલ અને ડી.જે. બંધ કરી દેવાનું કહી ધુળેટી રમવાની ના પાડેલ જેથી તેને કહેલ કે, આજે તો તહેવાર છે એટલે અમો રમીએ છિએ તેમ કહેતાં ઉમેશ ઉશ્કેરાઇ ગયેલ અને ગાળો દેવા લાગેલ અને ત્યાંતેમજ તેના સંબંધી કનૈયા મંડલ અને દીપક મંડલ સાથે મળી ઝઘડો કરવા લાગેલ અને ઉમેશે લાકડાનો ધોકો લઇ સંજયકુમાર યાદવ ને માથાના ભાગે ઝીંકી દેતાં સંજયકુમાર નિચે પડી ગયેલ અને માંથામાંથી લોહી નિકળવા લાગ્યું હતું.

તેમજ કનૈયા મંડલે લોખંડના સળીયાથી રમેશકુમાર અને પ્રમોદકુમારને ઝીંકયો હતો. તેમજ અવધેશકુમાર અને શોભાલાલ મંડલ પર લાકડાના ધોકાથી હુમલો કર્યો હતો. ઉપરાંત આરોપીઓએ ઢીકાપાટુનો મારમારી કહેલ કે, જો તમો હજુ અહીં ડીજે વગાડશો તો બધાને જાનથી મારી નાખીશુ તેમ કહી નાસી છૂટ્યા હતાં.

બનાવ બાદ તમામ ઇજાગ્રસ્તોને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે શાપર પોલીસે ગુનો નોંધી આરોપીનો શોધખોળ હાથ ધરી હતી.

ફેસબુક મારફતે કોઈલનું મશીન મંગાવવા જતાં વેપારી છેતરાયા: રૂા.૭ હજારની છેતરપિંડી

ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં મેજરમેન્ટના ઇન્સ્ટ્રુમેન્ટનું કામ કરતાં વેપારીએ ફેસબુકમાં આવેલ જાહેરાતના આધારે મશીનનો ઓર્ડર આપી રૂપિયા પણ ટ્રાન્સફર કરી દીધા બાદ ફ્રોડ થયાની જાણ થઈ: એ.ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૨૭

ભકતીનગર સ્ટેશન પ્લોટમાં મેજરમેન્ટના ઇન્સ્ટ્રુમેન્ટનું કામ કરતાં વેપારીએ ફેસબુકમાં આવેલ જાહેરાતના આધારે કોઈલનું મશીન મંગાવવા જતાં ઓનલાઈન ફ્રોડનો ભોગ બન્યા હતાં. વેપારી સાથે રૂ.૭ હજારની છેતરપિંડી થતાં એ.ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે મવડી પ્લોટમાં ગોપાલ પાર્ક શેરી નં. ૪ માં રહેતાં હીતેશભાઇ જયસીંગભાઇ બારડ (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અમદાવાદમાં આવેલ ગ્લોબલ ગૃહ ઉદ્યોગના કર્મચારી અને પિયુષ નામના શખ્સનું નામ આપતાં એ. ડિવિઝન પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ભકતીનગર સ્ટેશન પ્લોટ ૧૨, બોમ્બે હોટલ ચોક, મેટ્રો હાઉસ બીલ્ડીંગમાં આવેલ દુકાન નં-૦૩ માં મેજરમેન્ટના ઇન્સ્ટ્રુમેન્ટ રીપેરીંગનુ કામ કરે છે. ગઇ તા.૧૯/૦૨/૨૦૨૪ ના તેઓ દુકાને હતાં ત્યારે ફોનમા ફેસબુકમાં ઘર બેઠા કામ કરી ઇલેકટ્રીક કોઇલ બનાવવાના મશીનની જાહેરાત જોયેલ જેથી તેઓને ઘરે ગૃહ ઉદ્યોગ ઇલેકટ્રીક કોઇલ બનવાવાનુ શરૂ કરવા માટે જાહેરાતમાં આપેલ મો.નં. ૯૫૧૦૪ ૧૨૬૨૯ પર ફોન કરેલ અને મશીનનો ભાવ અને ડીટેઈલ પુછતા સમેવાળાએ નામ જણાવેલ નહી પરંતુ તે અમદાવાદમાં આવેલ ગ્લોબલ ગૃહ ઉદ્યોગમાથી બોલે છે તેમ જણાવેલ હતું.

તેમજ મશીન જોવા માટે વાત કરતાં સમેવાળાએ રાજકોટમાં એમના મશીન ચાલે છે તો તમે રુબરુ જોઇ આવો અને તે મશીન કોઠારીયા સોલવન્ટ ઇન્ડસ્ટ્રીજ એરીયામાં પીયુષભાઈ પાસે છે. તેમની સાથે ફોનમાં વાત કરતાં રૂબરૂ જોવા બોલાવેલ જેથી તેઓ કીશાન ગૌશાળાની બાજુમા રેલ્વે લાઇનની બાજુમા ગયેલ ત્યા એક શેડ હતો જેના પર કોઇ નામ ન હતુ અને પીયુષભાઇને મળેલ અને તેમણે મશીન બતાવેલ હતું. ત્યારબાદ થોડી વારમા પહેલા વાત કરેલ તે અમદાવાદ વાળા ભાઈનો મશીન જોઈ લીધું તે બાબતે વોટસએપમા મેસેજ આવેલ હતો.

ત્યારબાદ બીજા દિવસે અમદાવાદ ગ્લોબલ ગૃહ ઉદ્યોગનુ કહેલ તે ભાઈનો ફોન આવેલ અને કહેલ કે, તમારે મશીન લેવાનુ છે કે નહી જેથી મે તેને કહેલ કે હું વીચારી ને જણાવીશ, બાદમા ફરીવાર તેનો મેસેજ આવેલ કે, તમારા ડોક્યુમેન્ટમાં આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈજનો ફોટો મોકલલવાનું જણાવ્યું હતું. તેમ ઈલેક્ટ્રીક કોઈલ બનાવવનુ મશીન રૂ. ૭ હજારમા આવશે તેમ નક્કી થતા તેને કહેલ કે, હુ તમને સ્કેનર મોકલુ છુ તમે તેમા રૂપિયા પેમેન્ટ કરી આપો તેમ કહેતા તેણે મોકલેલ સ્કેનરમાં ફોન-પે માંથી સ્કેન કરી રૂ.૭,૦૦૦ પેમેન્ટ કરેલ હતું. બાદમાં ડોક્યુમેન્ટ પણ તેના નંબર પર વોટસએપ કરેલ હતાં.

ત્યારબાદ તા.૨૪/૦૨/૨૦૨૪ સુધીમા મશીન મળી જશે કહ્યા બાદ મશીન ન આવતા તેને વારંવાર ફોન કરતા તેને ફોન ઉપાડેલ નહી જેથી તા.૨૫/૦૨/૨૦૨૪ ના ફોન કરેલ કહેલ કે, હજી ચાર થી પાંચ દિવસ લાગશે એક સાથે બધાના નીકળશે તો તેમને કહેલ કે, મારે મશીન નથી જોતુ પૈસા પરત આપો તો ફોન ડીસકનેક્ટ કરી નાખેલ અને ત્યારબાદ ફોન રીસીવ કરતા ન હતાં. જેથી તેમની સાથે ઓનલાઈન ફ્રોડ થયાનું જાણવા મળતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી એ. ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર.જી.બારોટની રાહબરીમાં ટીમે તપાસ હાથ ધરી હતી.

કોલકતામાં રામકૃષ્ણ મઠ તથા મિશનના અધ્યક્ષ સ્વામી સ્મરણાનંદજી મહારાજનું મહાપ્રયાણ : રાત્રે અંતિમવિધિ

સ્વામી સ્મરણાનંદજી મહારાજ છેલ્લા કેટલાક સમયથી હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યા હતા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંવેદના વ્યકત કરતાં જણાવ્યું કે તેમનું જીવન આધ્યાત્મ અને સેવા માટે સમર્પિત હતું

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જણાવ્યું કે આ મહાન સાધુ વિશ્વભરના લાખો ભકતો માટે પ્રેરણારૂપ બન્યા છે

કોલકતા, તા. ૨૭

રામકૃષ્ણ મિશન-બેલુર મઠના અધ્યક્ષ સ્વામી સ્મરણાનંદજી મહારાજએ લાંબી બીમારી બાદ ગઈકાલ રાત્રે મહાપ્રયાણ કર્યુ છે. તેમની ઉંમર ૯૫ વર્ષની હતી. દક્ષિણ કોલકતા સ્થિત રામકૃષ્ણ મિશન સેવા પ્રતિષ્ઠાનની હોસ્પિટલ શિશુ મંગલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ઉંમર સંબંધિત બીમારીઓના કારણે તેઓ કેટલાક સમયથી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા.

સ્વામી સ્મરણાનંદજીના નિધન પર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ઉંડો શોક વ્યકત કર્યો છે.

વડાપ્રધાને સ્વામી સ્મરણાનંદજી સાથેની પોતાની ફાઈલ તસ્વીરો મૂકીને એકસ પર લખ્યું છે 'રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશનના પૂજય અધ્યક્ષ સ્મરણાનંદજી મહારાજે પોતાનું જીવન અધ્યાત્મ અને સેવા માટે સમર્પિત કર્યુ હતું તેમણે હજારો લોકોના દિલ જીત્યા હતા અને અમીટ છાપ છોડી છે. તેમની કરૂણા અને જ્ઞાન આવનારી પેઢીઓને પ્રેરીત કરશે.

પીએમ મોદીએ જણાવેલ છે કે મારો તેમની સાથેનો સંબંધ ઘણો નજદીકનો રહ્યો છે. મને ૨૦૨૦ની બેલુર મઠ યાત્રા આજે પણ યાદ છે જયારે તે તેઓની સાથે વાર્તાલાપ કર્યો હતો. થોડા સમય પહેલા કોલકતામાં તેમના ખબર અંતર જાણવા હોસ્પિટલે ગયો હતો અને તેમના સ્વાસ્થ્યના બારામાં જાણકારી મેળવી હતી. મારી સંવેદનાએ બેલુર મઠના અસંખ્ય ભકતોની સાથે છે.

પીએમ મોદી તા. ૫મી માર્ચના કોલકતા આવ્યા હતા ત્યારે સાંજે મહારાજને જોવા શિશુ મંગલ હોસ્પિટલ ગયા હતા અને તેમના સ્વાસ્થ્યના બારામાં જાણકારી મેળવી હતી.

જયારે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ લખ્યું છે કે સ્વામી સ્મરણાનંદજી મહારાજની સમાધિના સમાચારથી આઘાત લાગ્યો છે. આ મહાન સાધુએ પોતાના જીવનકાળમાં રામકૃષ્ણ વાદીઓની વિશ્વ વ્યવસ્થાને આધ્યાત્મિક નેતૃત્વ પ્રદાન કર્યુ તથા તેઓ વિશ્વભરમાં લાખો ભકતો માટે સાંત્વનાના સ્ત્રોત બન્યા છે. તેમન બધા સાથી ભીક્ષુઓ, અનુયાયીઓ તથા ભકતોને પ્રતિ મારી અંતરની સંવેદના વ્યકત કરૂં છું.

અત્રે ઉલ્લેખનીય છે કે રામકૃષ્ણ મઠ અને મિશનના પૂર્વ અધ્યક્ષ સ્વામી આત્મસ્થાનંદ મહારાજના નિધન પછી સ્વામી સ્મરણાનંદજી મહારાજે જુલાઇ-૨૦૧૭માં રામકૃષ્ણ મઠ તથા મિશનના ૧૬માં અધ્યક્ષના રૂપમાં પદભાર સંભાળ્યો હતો. છેલ્લા છ મહિનાથી તેઓ વૃધ્ધાવસ્થા સંબંધિત બીમારીઓથી પીડિત હતા.

આજે રાત્રે અંતિમ વિધિ

બ્રહ્મલીન સ્વામી સ્મરણાનંદજી મહારાજના અંતિમ સંસ્કાર રાત્રે ૯ વાગે બેલુર મઠ ખાતે થશે. બેલુર મઠના દરવાજા તા. ૨૬મીના રાતથી તા. ૨૭મીના અંતિમ સંસ્કાર પૂર્ણ થાય ત્યાં સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લા રહેશે.

જીવન ઝરમર

સ્વામી સ્મરણાનંદજી મહારાજનો જન્મ ૧૯૨૯માં તામિલનાડુના તંજાવુર જીલ્લાના અંદામી ગામમાં થયો હતો. તેઓ તેમના વિદ્યાકાળથી જ એક ઉગ્ર વાચક અને ઉંડા વિચારક હતા.

તેઓ વીસ વર્ષના હતા ત્યારે રામકૃષ્ણ ઓર્ડરની મુંબઈ શાખાના સંપર્કમાં આવ્યા હતા ૨૨ વર્ષની વયે મુંબઈ આશ્રમમાં જોડાયા હતા. ૧૯૬૦માં સ્વામી સ્મરણાનંદજી નામ આપવામાં આવેલ.

તેઓ રામકૃષ્ણ મઠ અને મિશનના અનેક પદો પર ફરજો બજાવી તથા વાઈસ પ્રેસીડેન્ટ તરીકે ભારત અને વિશ્વના વિવિધ ભાગોમાં વ્યાપક પ્રવાસ કર્યો હતો. તેઓ રાજકોટમાં ૨૦૦૧ની સાલમાં ભુકંપ સમયે આવેલા હતા.

રાજકોટ રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજે સંવેદના વ્યકત કરી છે. તેમણે જણાવ્યું કે રામકૃષ્ણ મઠ તથા મિશનના નવા અધ્યક્ષ માટેની વરણી પંદર દિવસ બાદ થશે.

રૂા.૧૦ લાખના ચેક રિટર્નની ફરિયાદ નોંધાઇ

રાજકોટ, તા.૨૭

રાજકોટની જાણીતા પ્રાઇમ હાઇડ્રોલીક એન્ડ એન્જીનીયર્સને આપેલ રૂા.૧૦ લાખનો ચેક વગર વસુલાતે પરત ફરતા અર્નવ ઇમ્પેક્સના પ્રોપ્રાઇટર ચેતનભાઇ પારેખ સામે રાજકોટની કોર્ટમાં ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફોજદારી ફરિયાદ દાખલ થઇ છે. પ્રાઇમ હાઇડ્રોલીક એન્ડ એન્જી. પેઢી ઝીક મેટલના ચોસલા વેંચવાનો વ્યવસાય કરે છે. અર્નવ ઇમ્પેક્સના પ્રો. ચેતનભાઇ પારેખે ફરિયાદ પેઢી પાસેથી ઉધારમાં ખરીદી કરેલ. માલની બાકી રકમ પૈકીની રકમ ચુકવવા ચેક આપેલ. ચેક વગર વસુલાતે પરત ફરેલ.નોટીસ પાઠવેલ રકમ સમયમર્યાદામાં ન ચુકવતા ફોજદારી ફરિયાદ દાખલ કરતા રાજકોટના ચીફ જ્યુડી. મેજી.એ આરોપીની સામે સમન્સ ઇસ્યુ કરી કોર્ટમાં હાજર થવા ફરમાન કર્યું છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ જી.આર. ઠાકર, ગાર્ગી ઠાકર, જયદિપસિંહ રાઠોડ, મીલન દુધાત્રા, કૃપાલ ઠાકર રોકાયેલા છે.

અવસાન નોંધ

વેરાવળ : મધુબેન ભદ્રકાંતભાઈ શાહ (ઉં.વ.૭૮) તે સ્વ ભદ્રકાંતભાઈ મંગળદાસ શાહના ધર્મપત્ની, પારુલબેન અભિષકુમાર શાહ (વેરાવળ), જાગૃતીબેન હેમંતકુમાર શાહ (મુંબઈ), વિમલભાઈ ભદ્રકાંતભાઈ શાહ ના માતૃશ્રી તેમજ કામિનીબેન વિમલભાઈ શાહ ના સાસુજી જેનિલ, શ્રેણીકના દાદીનું તાર૬ ના મંગળવારે અવસાન થયું છે. સદગતની પ્રાથના સભા તા ૨૮ ને ગુરુવારે બપોરે ૪:૦૦ થી ૫:૦૦ કલાક સુધી ''શાંતિનાથ ઉપાશ્રય'' જૈન દેરાસર ચોક, બિલેશ્વર મંદિર, પાસે જલારામ ટોકીઝ, રોડ વેરાવળ ખાતે રાખેલ છે.

અમરેલી: ન.તુ.ઔ.ગો. બ્રહ્મસમાજના સ્વ. કિશોરભાઈ ભુદરજીભાઈ પંડયા (ઉ.૭૯) (મૂળ ચાડિયા) હાલ અમરેલી નિવાસી તે સ્વ. નવનીતભાઈ, સ્વ. કનુભાઈ, સુરેશભાઈ તથા શારદાબેન શિવલાલ મહેતા અને વંદનાબેન વસંતરાય ઉપાધ્યાયના ભાઈ, રાજેશભાઈ, હેમેન્દ્રભાઈ તથા જયશ્રીબેન જીજ્ઞેશકુમાર જોશી (પોરબંદર)ના પિતાશ્રી, ભરતભાઈ, હિરેનભાઈ, જયેશભાઈ, નિલેશભાઈ, ચિંતનભાઈના કાકા, જામનગર નિવાસી સ્વ. દુર્ગાશંકર વાલજીભાઈ ઉપાધ્યાયના જમાઈ, સ્વ. જયેશભાઈના બનેવીનું તા.૨૫ના અવસાન થયું છે બેસણું તા.૨૮ના જથી ૬ ગુરૂદત મંદિર હોલ, ચીતલ રોડ અમરેલી રાખેલ છે. (રાજેશભાઈ -૯૪૦૮૮ ૪૭૪૧૫).

રાજકોટ: ઔ.સ.ઝાલાવાડી બ્રાહ્મણ વિષ્ણુપ્રસાદ હિંમતરામ જોષી (ઉ.વ.૮૧) (પૂર્વ કુલસચિવ સૌ.યુનિ. રાજકોટ) તે મીરાબેનના પતિ તથા અંબરીશ (આર્કીટેકટ)ના પિતાશ્રી, પારૂલના સસરા, ઝંખના નિખીલકુમાર ત્યાગી, તેજલ દુષ્યંત ઠકકર, બલવંતભાઈ જોષી, કુંદનબેન શિવકુમાર જોશીના પિતા તથા શકુંતલાબેન વસંતકુમાર ત્રિવેદીના ભાઈ, વર્ષા હર્ષલ જોષી. સોનલ ચંદન કરકરે, લોપા જીમ્મી જોષીના ભાઈજીનું તા.૨૨ના અવસાન થયું છે. બેસણું તા.૨૮ના પથી ૬-૩૦ કલાકે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, નિલકંઠ હોલ, કાલાવડ રોડ રાજકોટ મુકામે રાખેલ છે.

રાજકોટ: વિનોદભાઈ લીલાધરભાઈ દાવડાના પુત્ર હાર્દિક વિનોદભાઈ દાવડા (ઉ.૩૮) તે વિણાબેન વિનોદભાઈ દાવડાના પુત્ર ગં.સ્વ. જીજ્ઞાબેન હાર્દિકભાઈ દાવડાના પતિ તેમજ યોગેશભાઈ વિનોદભાઈ દાવડાના ભાઈ, વીર અને વ્રજના પિતાશ્રી, જુલીબેન યોગેશભાઈ દાવડાના જેઠ અને સીયા યોગેશભાઈના ભાઈજીનું તા.૨૩ના અવસાન થયું છે. બેસણું તા.૨૮ના ૫-૩૦થી ૬-૩૦ સોમેશ્વર મહાદેવ મંદિર, વિતરાગ સોસાયટી, નાણાવટી ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટ રાખેલ છે.

સાવરકુંડલા: સાવરકુંડલા નિવાસી સારસ્વત બ્રાહ્મણ કિશોરભાઈ નાનુભાઈ જોષી (ચકુ) (ઉ.૭૫)નું અવસાન તા.૨૪ના થયેલ છે. તે સ્વ. વલ્લભભાઈના નાનાભાઈ તથા અલ્પાબેન અને આરતીબેનના પપ્પા, વિપુલકુમાર ભટ્ટ, ભાવેશકુમાર રત્નેશ્વરના સસરા થાય. બેસણું તા.૨૮ના ચારથી સાડા પાંચ જશોનાથ મહાદેવ દરબારગઢ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

વેરાવળ: હાલ આદિપુર નિવાસી હિરેન જીતેન્દ્ર કનૈયા (હિરેન મહારાજ) (ઉ.૪૨) તે સ્વ. માલતીબેન, સ્વ. જીતેન્દ્રભાઈના પુત્ર, ધર્મેન્દ્રભાઈના ભત્રીજા, હિતેશભાઈ, હરેશભાઈના નાનાભાઈ, જાગૃતીબેન, મમતાબેનના દિયર, તન્વી, સાહિલ, હિમાંશુ, સાર્થકના કાકાનું તા.૨૩ના અવસાન થયું છે. પ્રાર્થનાસભા તા.૨૮ના ૫થી ૬ સાઈબાબા મંદિર, ડેલમન એપાર્ટમેન્ટની સામે, મૈત્રી રોડ, આદીપુર મધ્યે રાખેલ છે.

ઉપલેટા: ઉપલેટા તાલુકાના ભાયાવદર નિવાસી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તથા હાલના વિરોધ પક્ષના નેતા સામાજિક આગેવાન તથા રાજકીય આગેવાન વિનોદભાઈ છગનભાઈ વેગડાનું તા.૨૬ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૮ના રોજ ગુરૂવારે સવારે ૮થી ૧૧ માણસોનીયા દેવભવન સરકારી દવાખાના સામે ભાયાવદર ખાતે રાખેલ છે.

રાજકોટ: સ્વ. રમણીકલાલ અમુલખ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. ભાનુમતીબેન (ઉ.૯૦) તે વિજયભાઈ (પ્રહલાદ પ્લોટ સંઘના ટ્રસ્ટી) તથા દીપકભાઈ (મોટા વડાલા ગૌ સેવા રાહત ટ્રસ્ટના ટ્રસ્ટી)ના માતુશ્રી તથા કિરણબેન અને નીતાબેનના સાસુ, મોહીલ તથા આર્જવના દાદી, કિંજલના દાદી સાસુ, શ્રીપાળ તથા આર્યના પર દાદી, કાલાવડ નિવસી નવલચંદ ન્યાલચંદ દેવાણીના પુત્રી તા.૨૫ને સોમવાર અરીહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

મોરબી: ઠા.હર્ષદભાઈ ધીરજલાલ રાજા (ઉ.૬૭) (રાજા મેડીકલ) તે ઠા.સ્વ. ધીરજલાલ દેવશીભાઈ રાજાના પુત્ર તથા મહેશભાઈ રાજા (લોહાણા મહાજન) હિમાંશુભાઈ (જામનગર), ડો. સતિષભાઈ રાજા (વેરાવળ) તથા સ્વ. સુધાબેન યાજ્ઞિકકુમાર વિઠ્ઠલાણી (કેશોદ)ના ભાઈશ્રી તેમજ ટવીંકલબેન હેમાંગકુમાર ખેતાણી (રાજકોટ) અને રીનાબેન કમલેશકુમાર સંઘાણી (રાજકોટ)ના પિતાશ્રી હેમાંગકુમાર, કમલેશકુમારના સસરા તેમજ ઠા. ઈશ્વરલાલ મગનલાલ બુધ્ધદેવ (ભાઈલાલભાઈ પેંડાવાલા વાંકાનેર)ના જમાઈ તા.૨૪ના અવસાન પામેલ છે. બેસણુ, શ્વસુર પક્ષની સાદડી તા.૨૮ને ગુરૂવાર સાંજે ૪-૩૦થી ૬ લોહાણા વિદ્યાર્થી ભવન વસંત પ્લોટ, રવાપર રોડ મોરબી ખાતે રાખેલ છે. મહેશભાઈ ૯૮૭૯૫ ૫૩૦૦૦.

રાજકોટ: ખામગાંવ નિવાસી રાજેનકુમાર છબીલદાસ ટીમ્બડીયાના પત્ની અ.સૌ. જયશ્રીબેન તા.૨૨ના રોજ અરીહંત શરણ પામેલ છે. તે જીનેશ (જીમી) શ્રેણીકના માતુશ્રી, ગૌરી, સોનાલીના સાસુ, જીજ્ઞા, સિધ્ધિ, કિયાંશના દાદીમાં, રાજકોટ નિવાસી સ્વ. લહેરીકાન્ત તલકચંદ દોશી, ગં.સ્વ. રમીલાબેનની દીકરી, ગં.સ્વ. જયોતીબેન માવાણી (અંકલેશ્વર) રાજેશભાઈ (મીરા રોડ મુંબઈ) નિલેશભાઈ (રાજકોટ) નીલાબેન પારેખ (આકોલા)ના મોટાબેન, સૌ.સધનાબેન તથા હર્ષાબેનના મોટા નણંદ થાય. સાદડી તા.૨૮ના રાજકોટ મુકામે સાંજે પથી ૬ નિવાસ સમ્રાટ એપાર્ટમેન્ટ બ્લોક નં.૧૧ ચોથા માળે આદર્શ સોસાયટી મેઈન રોડ મેયર બંગલા પાછળ, રેસકોર્ષ રોડ આમ્રપાલી રેલ્વે ફાટક પાસે રૈયા રોડ રાજકોટ રાખેલ છે.

વાંકાનેર: લુહાર સ્વ. સુરેશભાઈ તળશીભાઈ મારૂના પુત્ર ચેતનભાઈ (ઉ.૩૬)નું તા.૨૬ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૮ના સાંજે જથી ૬ મ.ક. લુહાર જ્ઞાતિની વાડી નેશનલ હાઈવે વાંકાનેર ખાતે રાખેલ છે.

રાજકોટ; રાજકોટ મોચી સ્વ. અમૃતલાલ મુળજીભાઈ વાળા (વાસાવડ વાળા) તે દયાબેનના પતિ, ભુપેન્દ્રભાઈ, કમલેશભાઈ, ઈન્દુબેન રાજેશભાઈ પરમારના પિતા, સ્વ. પરસોતમભાઈ, મનસુખભાઈના ભાઈ તા.૨૫ના રામચરણ પામેલ છે. બેસણું તા.૨૮ને સાંજે જથી ૬ ભોજલરામ સોસાયટી કોમ્યુનીટી હોલ ભોજલરામ સોસાયટી-૩ સંતકબીર રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ: બ્રહ્મક્ષત્રિય સ્વ. ગીતાબેન રમેશભાઈ ધાંધા (ઉ.૭૨) તા.૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે રમેશભાઈ ડાયાલાલ ધાંધાના પત્ની તેમજ કેયુર, અલ્પાબેન હેમેન્દ્રકુમાર દુબલ, ભાવિષાબેન તેજસકુમાર સોવારીયાના માતુશ્રી તેમજ પીન્કીબેન કેયુરભાઈ ધાંધાના સાસુ થાય. પ્રાર્થનાસભા તા.૨૮ને ગુરૂવાર સાંજે પથી ૬ બ્રહ્મક્ષત્રીય જ્ઞાતીની વાડી પેડક રોડ રાજકોટ રાખેલ છે.

રાજકોટ: હિતેન્દ્રભાઈ શાહ મુ. વેરાવળ તે સ્વ. જેઠાલાલ રણછોડદાસ શાહ ના સુપુત્ર તેમજ પ્રીતિબેન ના પતિ, સાવન તથા સિધ્ધિના પપ્પા, સ્વ. પ્રતાપ ભાઈ , સ્વ.હર્ષદ ભાઈ અને સ્વ. કીરણબેન ના નાના ભાઈ તેમજ સ્વ. યશવંતરાય ધીરજલાલ ગોડા ના જમાઈ તથા વિરાજભાઈ, અલ્કેશભાઈ ના બનેવી તા.૨૬ના રોજ અરિહંત શરણ પામેલ છે. તેમનું ઉઠમણું તથા પ્રાર્થના સભા તા.૨૮ને ગુરૂવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે અવસર વાડી, ચાર ચોક, વેરાવળ ખાતે રાખેલ છે.

રાજકોટ: રાજકોટ નિવાસી શ્રી પુષ્પાબેન રણછોડભાઈ સીતાપરા (ઉ.વ.૬૭) તે રણછોડભાઈનાં ધર્મપત્નિ તથા સરોજબેન, પન્નાબેન, ભાવેશભાઈ, સંદિપભાઈનાં માતૃશ્રી તેમજ ગોપાલભાઈ, પંકજભાઈ, મનિષાબેન, ઈલાબેનના સાસુ અને વૃતિ,દિક્ષિત, દર્શન, સ્મિતના દાદીનું તા.૨૪ને રવિવારના રોજ અવસાન થયેલ છે.સદ્ગતનું બેસણું તા.૨૮ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાને ખોડિયાર કુપા, બ્લોક નં.૧૫ મોહન પાર્ક-૨ સાધુવાસવાણી કુંજ રોડ, શ્રી રામ આર્કેડ વાળી શેરી, રેલનગર, રાજકોટ મુકામે રાખેલ છે.

રાજકોટ: સ્વ.રતિલાલ નાથાભાઈ રાઠોડના ધર્મપત્ની જયાબેન રાઠોડ (ઉ.વ.૮૩) તે જેન્તીભાઈ, જગદીશભાઈ, સ્વ.ચંપાબેન હસુબેન, મંજુબેનના માતૃશ્રી અને કુણાલ, વૈશાલી, મીત, જીનલના દાદી તા.૨૬ મંગળવારના રોજ શ્રી રામચરણ પામેલ છે.બેસણું તા.૨૮ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાકે મીલન હોલ ૮૦ ફુટ નહેરૂનગર મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ: સ્વ.અનિલભાઈ નટવરલાલ ખોલીયા (ઉ.વ.૬૩) તે ચિંતન એન્ટરપ્રાઈઝ, ટાગોર રોડના માલિક તથા રાજેષ નટવરલાલ અને સ્વ.અશોક નટવરલાલ મોટાભાઈ તથા અશ્વિન નટવરલાલના નાનાભાઈ તથા ચિંતનકુમાર જગદીશભાઈ મકવાણાના સસરા તા.૨૬ને મંગળવારના રોજ સ્વર્ગવાસી થયા છે. સદ્ગતનું બેસણું તા.૨૮ના ગુરૂવારે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ ભકિત ૧ રામનગર ગોંડલ રોડ તેમના નિવાસ સ્થાને રાખેલ છે.



રાજકોટ: નિર્મળાબેન ચકુભાઈ ભટ્ટી (ઉ.વ.૮૦) તા.૨૭ને બુધવારે રામચરણ પામેલ છે તે વસંતભાઈ તથા કમલેશભાઈનાં માતૃશ્રી થાય સદ્ગતનું બેસણું તા.૨૯ને શુક્રવારે તેમના નિવાસ સ્થાને સાંજે ૪ થી ૬ વાગ્યે રાખેલ છે. મો.નં.૯૮૯૮૯ ૯૫૨૫૮, ૬૩૫૧૦ ૨૪૮૧૫

દુ:ખદ અવસાન બેસણું / પ્રાર્થનાસભા



સ્વ. રાજેશભાઈ પ્રભુદાસભાઈ માટલીયા

સ્વ.તા. ૨૫-૦૩-૨૦૨૪, સોમવાર

રાજકોટ નિવાસી સ્વ. રાજેશભાઈ પ્રભુદાસભાઈ માટલીયા (ઉ.વ. ૬૫) તે ગં. સ્વ.સીમાબેનના પતિ, સ્વ. તુષારભાઈના મોટાભાઈ, શ્રધ્ધા અને સેજલના પિતાશ્રી, કૌશલ અને કેવલના ભાઈજી, સ્વ. કિશોરભાઈ મથુરાદાસ દોશીના જમાઈ, ચિંતનકુમાર શેઠના સસરા, ધ્યાનમ અને કહાનવીના નાના તા. ૨૫-૦૩-૨૦૨૪ ને સોમવારના રોજ અરિહંતશરણ પામેલ છે.

સ્વર્ગસ્થનું બેસણું / પ્રાર્થનાસભા

તા. ૨૮-૦૩-૨૦૨૪ ને ગુરૂવારના રોજ સવારના ૧૦:૦૦ કલાકે, વિરાણી વાડી, કોઠારીયા નાકે, રાજકોટ ખાતે રાખેલ છે.

દુ:ખદ અવસાન-બેસણું



સ્વ.સુરેશભાઈ લખમણભાઈ લુણાગરીયા નું તા.૨૩-૩-૨૪ શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

અંજલી આપતા શબ્દો ખુટે છે, શ્રધ્ધાંજલી આપતા ફુલો ખુટે છે, કુદરતના ખજાને ખોટ પડે છે ત્યારે, માયાળુ માનવીના ખજાના લુટે છે.

બેસણું: ૨૮-૩-૨૪ ગુરૂવાર, સાંજે ૪ થી ૬ કલાકે, સ્થળ: પટેલ વાડી, યુનીટ નં.૧, બેડીપરા, ભાવનગર રોડ, રાજકોટ.

સ્વ.સુરેશભાઈ લખમણભાઈ લુણાગરીયા

સ્વ.તા.૨૩-૦૩-૨૦૨૪

લી. સેંજલભાઈ સુરેશભાઈ લુણાગરીયા

શુભ સેંજલભાઈ લુણાગરીયા

મો.૯૯૨૫૧ ૨૭૨૭૫

લુણાગરીયા પરિવારના જયશ્રી કૃષ્ણ

Chand Pub.

ચોવીસમી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી - રાણાકંડોરણા/ધોરાજી

સ્વ. હરદાસભાઈ નારણભાઈ વસરા

સ્વ. તા. ૨૭-૦૩-૨૦૦૦, રાણાકંડોરણા - ધોરાજી

તમારૂ જીવન અમારી પ્રેરણા, તમારા કાર્યો અમારૂં ભવિષ્ય તથા તમારી શકિત અમારૂં જીવન બની જશે. અમારા અશ્રુની ધારા તમારા ચરણે અર્પણ કરીએ છીએ. ભુલાઈ જશે બધુ પણ તમો કદી ભુલાશો નહીં. આપની પ્રેરણાના ફુલો કદી કરમાશે નહીં.

લી.

કારાભાઈ હરદાસભાઈ વસરા

લખમણભાઈ હરદાસભાઈ વસરા

દેવભાઈ ભાણજીભાઈ વસરા

સાગર સોલંકી - ૯૦૩૩૪ ૫૩૩૦૪

દુ:ખદ અવસાન પ્રાર્થનાસભા



સ્વ. અશ્વિનભાઈ રસીકભાઈ મીઠાણી

સ્વ.તા. ૧૯/૦૩/૨૦૨૪, મંગળવાર

સુદાન નિવાસી હાલ રાજકોટ વાસંતીબેન રસિકભાઈ ભાણજી મીઠાણીના સુપુત્ર શ્રી અશ્વિનભાઈ ના આત્મ શ્રયાર્થે (ઉ.વ.૬૭) **તે જસ્મીનાબેનના પતિ,** કુનાલ-ઝીનલ-ઝરના ના પિતા તેમજ પ્રીતેશ રજનીકાંત દેસાઈ અને આરતીના સસરા તે રાજેષભાઈ શૈલેષભાઈ-સાધના વિપુલ દોશીના ભાઈ તેમજ સોનલબેન-અલ્કાબેનના જેઠ વિરાંશ અને સાઈશા ના દાદા અને નીવ ના નાના, નેહા-વિરાજ, નીતી સંજીત, તન્વી નીલ ના પપ્પાજી, સુમતીભાઈ અમૃતલાલ કામદારના જમાઈ અને દિનેશભાઈ લવજીભાઈ ગજેરા ના વેવાઈ નું તા.૧૯/૦૩/૨૦૨૪, મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

પ્રાર્થનાસભા : તા.૨૮/૦૩/૨૦૨૪, ગુરૂવારે સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦ કલાકે • સ્થળ : જનકલ્યાણ હોલ, જનકલ્યાણ સોસાયટી, એસ્ટ્રોન ચોકની બાજુમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

મીઠાણી પરિવારના જય જીનેન્દ્ર

દુ:ખદ અવસાન-બેસણું

સ્વ. અનિલભાઈ નટવરલાલ ખોલીયા

તે ચિંતન એન્ટરપ્રાઈઝ, ટાગોર રોડના માલિક

રાજકોટ નિવાસી અનિલભાઈ નટવરલાલ ખોલીયા (ઉ.વ.૬૩) તા. ૨૬-૦૩-૨૦૨૪ મંગળવારના રોજ સ્વર્ગવાસી થયા છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સદ્ગતનું બેસણું: તા. ૨૮-૦૩-૨૦૨૪ ના ગુરૂવારે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ "ભક્તિ", ૧, રામનગર, ગોંડલ રોડ, તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

શ્રી રાજેષ નટવરલાલ (મોટાભાઈ)
સ્વ. અશોક નટવરલાલ (મોટાભાઈ)
શ્રી અશ્વિન નટવરલાલ (નાનાભાઈ) સુરત
શ્રી ચિંતનકુમાર જગદીશભાઈ મકવાણા (જમાઈ)
શ્રી જગદીશભાઈ બી. રાઠોડ (સાળા) પૂના
શ્રી અનિલભાઈ બી. રાઠોડ (સાળા) પૂના
શ્રી યશવંતભાઈ એન. ધનાણી (સાઢુભાઈ) નવસારી

ખોલીયા પરિવારના જય રામનાથ

દુ:ખદ અવસાન-બેસણું

સ્વ.અનસુયાબેન ધીરજલાલ જાવીયા

(ઉ.વ.૮૫)

કરાવતા હોય છે. બાદમાં ઠગ ટોળકીનાં સાગરીતો બીજા થોડા રૂપિયાનુ રોકાણ કરવુ પડશે તો જ બાકીના રૂપિયા લઈ શકશે તેવો એરર મેસેજ મોકલે છે. બાદમાં તેમની પાસેથી પૈસા પડાવી લેવાય છે.ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડથી બચવા શું કરવુ જોઈએ તે અંગે સ્ટેટ સાયબર ક્રાઈમનાં ઉચ્ચાધિકારીએ જણાવ્યું કે જરૂરીયાત પુરતો જ સોશ્યલ મીડીયાનો ઉપયોગ કરવો જોઈએ. એ બાબતનું ખાસ ધ્યાન રાખવુ જોઈએ કે કયારેવ તમને કોઈ વ્યકિત ઘેર બેઠા રૂપિયા આપી નહિં જાય.રૂપિયા મેળવવા માટે મહેનત કરવી ખુબ જ જરૂરી છે.સોશ્યલ મીડીયા પર અજાણી વ્યકિત કોઈ રિકવેસ્ટ મોકલે તો તેને સ્વીકારવી જોઈએ નહિં અને વાતચીત તો બિલકુલ કરવી જોઈએ નહિં. અજાણી લીન્કને તો કયારેય ઓપન કરવી જોઈએ નહિં.

વરસાદ

(પહેલા પાનાનું ચાલું)

થવાની સંભાવના છે. મધ્ય, પશ્ચીમ અને દક્ષિણ ભારતમાં નોર્મલ કરતા વધુ વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

રિપોર્ટમાં એમ કહેવામાં આવ્યું છે કે પુર્વ આફ્રિકાની અરબી સમુદ્ર, ભારત, બંગાળની ખાડી, ઈન્ડોનેશિયા, કેરેબીયન સમુદ્ર, ઉત્તર એટલાન્ટીક, દક્ષિણ ઓસ્ટ્રેલિયા તથા દક્ષિણ-દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં સામાન્ય કરતા વધારે વરસાદ થવાની સંભાવના વધુ છે. ભારતને લાગેવળગે છે ત્યાં સુધી પશ્ચીમ ભારત તથા અરબી સમુદ્રને લાગુ ક્ષેત્રોમાં વધારે વરસાદ થઈ શકે છે. ગુજરાતમાં નોર્મલ કરતા વધુ વરસાદ થઈ શકે છે.૨૦૨૩નું વર્ષ સમગ્ર દુનિયામાં ગરમ રહ્યું હતું અને તેનું કારણ પ્રશાંત મહાસાગરમાં સર્જાયેલી અલ-નીનોની સ્થિતિ જવાબદાર હતી. ભારતમાં પણ કેટલાક ભાગોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ થયો હતો. હવે કલાઈમેટ પ્રોડકશન સેન્ટર દ્વારા અલ-નીનો વિશે અપડેટ જારી કરવામાં આવ્યુ છે. એપ્રિલથી જૂન દરમ્યાન અલ-નીનો સીસ્ટમ નબળી પડીને ન્યુટ્રલમાં ફેરવાઈ જશે એટલું જ નહીં જૂનથી ઓગષ્ટમાં લા-નીના સીસ્ટમ આકાર પામે તેવી ૬૨ ટકા શકયતા છે. આ સંજોગોમાં વધુ વરસાદ થઈ શકે છે.

મ્યુ.કોર્પો. માટે પરિવારે મોભી ગુમાવ્યો અને હવે તંત્ર વાહકોની મદદને બદલે દાદાગીરી?

ભુગર્ભ ગટરનાં ગેસ ગળતરમાં જીવ ગુમાવનાર કોન્ટ્રાકટરનાં પરિવારે 'સાંજ સમાચાર'ને આપવિતી વર્ણવી

રાજકોટ તા.૨૭

એટલે કે તા.૨૧/૩/૨૦૨૩નાં રોજ તાજેતરમાં જ રાજકોટ શહેરનાં સમ્રાટ ઈન્ડ. એરીયામાં ભૂગર્ભ ગટરનાં મેઈન હોલની સફાઈ દરમ્યાન આર.એમ.સી.નાં કોન્ટ્રાકટર અફઝલભાઈ પુપર ઝેરી ગેસની અસરથી મરણ પામ્યા હતા. આ ઘટના દરમ્યાન મહાપાલિકાનાં અધિકારીઓ, મંત્રી ભાનુબેન તથા ધારાસભ્યોએ કોન્ટ્રાકટરનાં પરિવારને તમામ મદદ કરવાની હૈયાધારણા આપી અને ગત તા.૨૩/૩ના રોજ રૂા.૧૦ લાખની સહાયનો ચેક પણ મનપાએ અફઝલભાઈના પરિવારને આપી અને તેનો ડ્રેનેજનો કોન્ટ્રાકટ અફઝલભાઈના પુત્ર સમીરના નામે ટ્રાન્સફર કરી આપ્યો બસ ત્યારથી આ પરિવારની માઠી ચાલુ થઈ છે. આજે 'સાંજ સમાચાર' સમક્ષ અફઝલભાઈના પરિવારનાં સભ્યો રસિદાબેન સમીરભાઈ અને સબીનાએ હૈયા વરાળ ઠાલવતા જણાવેલ હતું કે મનપાના સતાવાળાઓ હવે છેલ્લા એક વર્ષના કોન્ટ્રાકટના બાકી બિલ પાસ કરતા નથી તથા અમારે મજૂરોને ચુકવવાની મજુરી માટે અમારૂ મકાન રૂા.૨૦ લાખમાં વેંચવું પડયું. તેમજ સહાય પેટે મળેલા રૂા.૧૦ લાખ પણ મજુરોની મજુરી પાછળ ખર્ચાઈ ગયા.

જો કે છેલ્લા ૧૨ મહીના થયા રાજકોટ મહાનગરપાલીકાએ અમોને એકપણ બીલની રકમ ચુકવેલ નથી ઉલ્ટાનું અમોને આપેલ સહાય બદલ અમારા પુત્રના બીલમાંથી ૭થી ૮ લાખ રૂપીયા પેનલ્ટી વસુલ કરવાની ધમકીઓ આપેલ છે. આવા ત્રાસથી મારા એકના એક

દીકરાએ આત્મહત્યા કરવાની કોશીશ કરેલ હતી. આવી વિકટ પરિસ્થિતિ ઉભી રાજકોટ મહાનગર પાલીકાના સેનેટરી ઈન્સપેકટર અને તેના ઉપરી અધિકારીઓની હપ્તાખોરીના કારણે થયેલ છે. તેઓ મારા પુત્રને દર મહીને રૂા.૫૦,૦૦૦/- પચાસ હજારનો હપ્તો આપવાનું કહેતા હતા. જેથી છેલ્લા ૧૨ મહિનાના બીલ મારા પુત્રના રોકી રાખેલ છે અને ખોટી રીતે ૭થી ૮ લાખ પેનલ્ટી લગાવવાની વાત કરે છે. ત્યારે જવાબદાર ઉચ્ચ અધિકારીઓ ન્યાય આપે તેવી માંગણી છે.

પુલ

(છેલ્લા પાનાનું ચાલું)

ભૂમિપૂજન થયા બાદ હવે ડાયવર્ઝનનો ડામર રોડ ઝડપથી બની જવાનો છે.

દરમ્યાન હવે રાજકોટનો આ પહેલો એવો બ્રીજ છે કે જેમાં જુનો પુરેપુરો પુલ ડિસ્મેન્ટલ કરવાનો છે. જુનો પુલ તોડીને નવો બનાવવામાં આવતો હોય તેવો આ પહેલો પ્રોજેકટ છે. આ પ્રોજેકટનું કામ બે વર્ષ ચાલે તેમ છે. પુલ પર ઘણા સમય પહેલા એંગલ મુકીને ભારે વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. હવે આ જુનો પુલ તોડવાનું કામ પહેલા હાથ પર લેવાનું હોય, એપ્રિલમાં આ પુલ વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવશે. મનપા ફાઇનલ તારીખ આપે તે બાદ પોલીસ કમિશ્નર આ માટેનું જાહેરનામું બહાર પાડશે.

એપ્રિલના પહેલા સપ્તાહમાં બ્રીજ બંધ થાય તે પૂર્વે પાકો ડામર રોડ ડાયવર્ઝનમાં બની જશે અને વાહન ચાલકોને હેરાનગતિ ન થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે તેવું પણ કમિશ્નરે કહ્યું હતું.

હીટવેવ

(છેલ્લા પાનાનું ચાલું)

ઉનાળાના મધ્ય જેવી ગરમીનો અનુભવ ભાવનગરમાં થઈ રહ્યો છે.

ગોહિલવાડ પંથકમાં આક રી ગરમીનો પ્રારંભ થઈ ગયો છે. મહત્તમ તાપમાન ની સાથે લઘુત્તમ તાપમાન પણ ઊંચે જઈ રહ્યું છે. ભાવનગરમાં ગઈકાલે મહત્તમ તાપમાન ૩૮.૪ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે આજે ભાવનગર શહેર નું લઘુત્તમ તાપમાન પણ વધીને ૨૭.૪ ડિગ્રી રહ્યું હતું .આજે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૭% રહેવા પામ્યું હતું .જ્યારે પવનની ઝડપ૦૮ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

આ ઉપરાંત ગઈકાલે અમદાવાદ ખાતે ૩૯.૯ ડિગ્રી, અમરેલીમાં ૪૦.૪, વડોદરામાં ૩૯.૪, ભાવનગરમાં ૩૮.૪, ડિસામાં ૪૦.૧, ગાંધીનગર ખાતે ૩૯.૪, કંડલામાં ૩૮, નલીયામાં ૩૫.૨, તથા પોરબંદર ખાતે ૩૫.૫ ડિગ્રી અને સુરતમાં ૩૭.૬, તથા વલસાડમાં ૩૫.૮ અને વેરાવળ ખાતે ૩૦.૮ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયું હતું.

તેમજ આજે મોડી સવારથી પણ ગરમીનો અનુભવ થવા લાગ્યો હતો અને મોટાભાગના સ્થળોએ ૨૩થી ૨૭ ડિગ્રી ઉપર લઘુતમ તાપમાન નોંધાયું હતું.

ડુંગળી

(છેલ્લા પાનાનું ચાલું)

માટે નાફેડ અને એનસીસીએફને નિર્દેશ આપવામાં આવ્યા છે. એક-બે દિવસમાં વિધીવત આ ખરીદી શરૂ થઈ જશે.

ડુંગળીની વધતી કિંમત પર કન્ટ્રોલ કરવા સરકારે ગત વર્ષે ડીસેમ્બરમાં નિકાસ પર રોક લગાવી હતી. જેનો સમયગાળો ૩૧ માર્ચે પુરો થઈ રહ્યો છે. ગત સપ્તાહે સરકારે નકકી કર્યું હતું કે આ રોક આગામી આદેશ સુધી ચાલુ રહેશે એનસીપી સહીત કેટલાંક રાજકીય પક્ષોએ ખેડુતોનાં હિતો સામે ધરીને આ નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા.

હાલ તો મહારાષ્ટ્રની મંડીઓમાં એવરેજ હોલસેલ પ્રાઈઝ ૧૪-૧૫ રૂપિયો કિલો છે. આ ગત વર્ષનાં આ સમયની તુલનામાં લગભગ ડબલ છે.ખેડુતોના ખેડુતોના ભરોસાનું ધ્યાન રાખીને સરકાર ખરીદી માટે તૈયાર છે. આવતા સપ્તાહે વિભાગમાં જઈ રહેલી નિધિ ખરેએ કહ્યું હતું કે ખેડુતો પાસેથી સીધી ખરીદી માટે નાફેડ અને એનસીસીએફ ખેડુતોનું પ્રી રજીસ્ટ્રેશન કરશે જેથી ખેડુતોને ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફરથી તેના બેન્ક ખાતામાં પેમેન્ટ થઈ શકે છે. કૃષિ મંત્રાલય અનુસાર આ વખતે રવી સીઝનમાં ડુંગળીનુ ઉત્પાદન ૧૯૦.૫ લાખ ટન થવાનું અનુમાન છે.

જુની કલેકટર કચેરીના ઝોનલ કેન્દ્રમાં અરજદારોની ધકકામૂકી, પોલીસ બોલાવવી પડી

અવ્યવસ્થા સર્જાતા હુરીયો બોલાવાયોઃ અંતે પરીસ્થિતિ થાળે પડી

રાજકોટ,તા.૨૭

શહેરની જુની કલેકટર કચેરીના પટાંગણમાં આવેલ ઝોનલ કેન્દ્રમાં અવ્યવસ્થાના પગલે ધકકા મૂકી થતા પરિસ્થિતિ વણસમા પોલીસ બોલાવવી પડી હતી.ઝોનલ કેન્દ્રની આપવા સ્થાના પગલે અરજદારોએ હુરીયો બોલાવ્યો હતો જો કે આ ઘટના બાદ પોલીસે તાબડતોડ દોડી આવી મામલાને થાળે પાડ્યો હતો. અહી એ ઉલ્લેખનીય છે કે જુની કલેકટર કચેરીના પટ્ટાગણમાં આવેલા ઝોનલ કેન્દ્રમાં રોજબરોજ મોટી સંખ્યામાં રેશનકાર્ડ આવકનાદાખલા, ૭/૧૨, ૮/ અના દાખલા સહીતના કામો માટે અરજદારો મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

જેમાં આજે પણ અરજદારો પણ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતાં. પરંતુ અવ્યવસ્થાના પગલે ધકકામુકી થતા પરિસ્થિતિ વણસી હતી.આ દરમિયાન અરજદારો એ હુરીયો બોલાવ્યો હતો. તેમજ પોલીસ બોલાવતા પોલીસ કાફલાએ આવી મામલાને થાળે પાડયો હતો.

લોકસભાની ચૂંટણી : બપોરે કાઉન્ટીંગ સેન્ટરની સ્થળ તપાસ કરતા કલેકટર-પોલીસ કમિશ્નર સહિતના અધિકારીઓ

સરકારી ઇજનેરી કોલેજ ખાતે ઉપલબ્ધ પ્રાથમિક સુવિધા, વ્યવસ્થા, સલામતી સહિતના મુદ્દે ચકાસણી

રાજકોટ, તા.૨૭

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી સુચારૂરૂપથી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ કમરકસી દેવામાં આવી છે.

જે અંતર્ગત આજે બપોરના ૩.૩૦ વાગ્યે કલેકટર પ્રભવ જોશી, અધિક કલેકટર ચેતન ગાંધી, અધિક કલેકટર (ચૂંટણી) મુછાર તેમજ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, એસ.પી. જયપાલસિંહ રાઠોડ સહિતના અધિકારીઓએ રાજકોટ લોકસભા બેઠકના કાઉન્ટીંગ સેન્ટર સરકારી ઇજનેરી કોલેજ મવડી ખાતે દોડી જઇ સ્થળ તપાસ કરી હતી.

જેમાં ઇજનેરી કોલેજ ખાતે ઉપલબ્ધ પ્રાથમિક સુવિધા વ્યવસ્થા સલામતી સહિતની બાબતોની તપાસણી કરી હતી.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા વિસ્તારમાં આઠ વિધાનસભા મતદાર વિભાગનો સમાવેશ કરાયો છે જેમાં કુલ ૨૩૩૪૮૬૧ મતદારો નોંધાયા છે.

જેમાં પુરૂષ મતદારો ૧૨૦૯૯૭૨, સ્ત્રી મતદારો ૧૧૨૪૮૪૩ અને થર્ડ જેન્ડર મતદારો ૪૬ છે. લોકસભાની ચૂંટણીમાં ૭૦ ટકા મતદાનનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

રાજકોટ સંસદીય વિસ્તારમાં વધુને વધુ મતદાન થાય તે માટે મતદાન જાગૃતિના કાર્યક્રમો વિધાનસભા વિસ્તારવાઇઝ આયોજિત કરવામાં આવી રહ્યા છે.

તેની સાથે આવતીકાલ તા. ૨૮ થી ૩૦ સુધી ચૂંટણી સ્ટાફના તાલીમ વર્ગો શરૂ થનાર છે. આ દરમિયાન આજે બપોરના કલેકટર પ્રભવ જોશી, અધિક કલેકટર ચેતન ગાંધી, અધિક કલેકટર ચૂંટણી મુંછાર, પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ સહિતના અધિકારીઓએ આજે બપોરના કાઉન્ટીંગ સેન્ટર સરકારી ઇજનેરી કોલેજ ખાતે દોડી જઇ સ્થળ તપાસ કરી હતી.

કાલે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ રાજકોટમાં

રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પુરષોતમ રૂપાલાએ પ્રચાર શરૂ કરી દીધો છે તે સમયે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ આવતીકાલે રાજકોટ આવી રહ્યા છે. રૂપાલાએ અગાઉ જે રીતે ક્ષત્રિય સમાજ વિરુધ્ધ વિધાનો કર્યા હતા તે પણ હાલ જબરો વિરોધ સર્જી રહ્યા છે તે સમયે પાટીલની મુલાકાત સુચક છે.

પ્લેસમેન્ટ ફાર્મસી, આર્ટ્સ, લો અને કોમર્સના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ પેકેજની ઓફર

હ્યાત્ત, પિરામલ, રિલાયન્સે પારૂલના વિદ્યાર્થીઓને જંગી પેકેજ ઓફર કર્યા

વડોદરા, માર્ચ, ૨૦૨૪: ભારતની પ્રતિષ્ઠિત અને NAAC A++ માન્યતા ધરાવતી પારૂલ યુનિવર્સિટીની ફાર્મસી, આર્ટ્સ, લો અને કોમર્સના વિદ્યાર્થીઓની પ્રતિભાથી આકર્ષાઇને દેશ-વિદેશની ટોચની મલ્ટીનેશનલ કંપનીઓએ જંગી પેકેજ સાથે જોબ ઓફર કરી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે યુનિ.એ પોતાના જ પ્લેસમેન્ટ રેકોર્ડને તોડ્યાં છે જ્યાં યુનિ.માં અભ્યાસ કરતી જાનવી પટેલને હ્યાત્ત રેજન્સી (યુએસએ)એ અધધ રૂ. ૩૨ લાખનું વાર્ષિક પેકેજ ઓફર કર્યું છે. તે ઉપરાંત વર્ષે પણ વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત મોટા ઔદ્યોગિક સમૂહો જેમકે પિરામલ ફાર્મા, રિલાયન્સ રિટેઇલ, અપોલો હોસ્પિટલ્સ, સન ફાર્મા, બાયજૂસ, એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ, નેસલે ઇન્ડિયા વગેરેએ પ્લેસમેન્ટ સિઝનમાં સક્રિયપણે ભાગ લઇને ઇન્ડસ્ટ્રીમાં સર્વોત્તમ પેકેજીસ ઓફર કર્યાં છે.

આ વર્ષે પણ વિદ્યાર્થીઓને ઓફર કરાયેલા બેસ્ટ પેકેજ એ વાતનો પુરાવો છે કે પારૂલ યુનિ.એ ક્વોલિટી એજ્યુકેશન પૂરું પાડીને વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દીના ઘડતરને હંમેશા સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. આ ઉપરાંત યુનિ.ના ફેકલ્ટીનો બહોળો અનુભવ, વિદ્યાર્થીઓની સખત મહેનત અને મેનેજમેન્ટનો અવિરત સપોર્ટ નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કરવા માટેનું પ્રેરણાબળ રહ્યું છે. તેના પરિણામ સ્વરૂપે આજે માત્ર ભારત જ નહીં, પરંતુ વિદેશી કંપનીઓમાં પણ યુનિ.ના વિદ્યાર્થીઓ અલગ-અલગ મહત્વપૂર્ણ હોદ્દાઓ ઉપર કાર્યરત છે, જે યુનિ. અને દેશ બંન્ને માટે ગૌરવની વાત છે.

મલ્ટીનેશનલ કંપનીઓમાં પારૂલ યુનિ.ના વિદ્યાર્થીઓનું આકર્ષણ

પ્લેસમેન્ટ સિઝનને મળેલા સકારાત્મક પ્રતિસાદ અંગે ખુશી વ્યક્ત કરતાં પારૂલ યુનિવર્સિટીના વાઇસ પ્રેસિડેન્ટ ડો. કોમલ પટેલે જણાવ્યું હતું કે, પારૂલ યુનિ. ખાતે અમારી દરેક કામગીરીમાં વિદ્યાર્થીઓને ક્વોલિટી શિક્ષણ અને તેમની ઉજ્જવળ કારકિર્દી કેન્દ્રસ્થાને રહી છે. મને ખૂબજ સંતોષ છે કે ટોચની કંપનીઓ તેમની ટેલેન્ટની જરૂરિયાત માટે અમારી તરફ નજર દોડાવી રહી છે અને મને વિશ્વાસ છે કે યુનિ.ના વિદ્યાર્થીઓ તેમની અપેક્ષા ઉપર ખરા ઉતરશે. અમારા કાળજીપૂર્વક તૈયાર કરાયેલા અભ્યાસક્રમ, ઉદ્યોગો સાથે જોડાણ તથા પ્રેક્ટિકલ સ્કિલ ડેવલપમેન્ટ જેવી પહેલથી અમારા વિદ્યાર્થીઓને આજના સ્પર્ધાત્મક વિશ્વ માટે સજ્જતા કેળવવામાં તથા તેમની કારકિર્દીમાં ઉત્કૃષ્ટતા હાંસલ કરવામાં મદદ મળી છે.

ઉદાહરણરૂપ કામગીરી માટે એવોર્ડ

૧. ન્યુઝ ૧૮ના એવોર્ડ સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પારૂલ યુનિ.નુ 'લીડીંગ યુનિવર્સિટી ઇન ગુજરાત' તરીકે સન્માન કરાયું
૨. ઇન્ડિયા ટૂડે રેન્કિંગ્સ ૨૦૨૩માં પારૂલ યુનિ. ગુજરાતની બીજા ક્રમની ખાનગી યુનિ. અને દેશમાં ૩૫માં ક્રમે સ્થાન મેળવ્યું
૩. મોદી એવોર્ડ્સ - રાઇઝ વિથ ઇન્ડિયા દ્વારા બેસ્ટ યુનિવર્સિટી ઇન પ્લેસમેન્ટ
૪. એનઆઇઆરએફ ફાર્મસ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગમાં ભારતમાં ૫૩મો ક્રમ
૫. AIR 53 ઇન NIRF ફાર્મસી ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ

કંપનીઓએ ઓફર કરેલા પેકેજ

૧. પાર્ક હયાત બીવર ક્રીક રૂા. ૩૮ લાખ
૨. હ્યાત્ત રેજન્સી (યુએસએ) - રૂ. ૩૨ લાખ
૩. જસપે - રૂ. ૨૧ લાખ
૪. ઇનોવેશન્સ ગ્રૂપ - રૂ. ૨૦ લાખ
૫. ડાર્વિનબોક્સ - રૂ. ૧૬ લાખ
૬. ટેલેન્ટસર્વ - રૂ. ૧૫ લાખ
૭. પ્રોપર્ટી પિસ્તોલ - રૂ. ૧૨ લાખ
૮. ઉજ્જીવન ફાઇનાન્સ - રૂ. ૧૧.૨ લાખ
૯. ટ્રિનામિક્સ - રૂ. ૮.૫ લાખ
૧૦. લાવા - રૂ. ૮ લાખ
૧૧. સ્પેક્ટ્રા ફ્યુઇલ્સ - રૂ. ૭ લાખ
૧૨. મોવિડુ ટેક્નોલોજી - રૂ. ૭ લાખ
૧૩. બર્જર પેઇન્ટ્સ લિમિટેડ - રૂ. ૭.૪ લાખ
૧૪. સ્પેક્ટ્રા ઇંધણ - રૂ. ૭ લાખ
૧૫. એમજી મોટર્સ - રૂ. ૭ લાખ

વિદેશી કંપનીઓમાં પારૂલ યુનિ.ના વિદ્યાર્થીઓનું આકર્ષણ

૧. મિલેનિયમ પ્લાઝા ડાઉનટાઉન હોટલ દુબઇ
૨. રેડિસન બ્લુ હોટલ, દુબઇ
૩. વેસ્ટિન ટર્ટલ બે રિસોર્ટ એન્ડ સ્પા, મોરેશિયસ
૪. લા લોજીક દે પેરે હોટેલ, ફ્રાન્સ
૫. સો સોફટેલ મોરેશિયસ
૬. ગ્રાન્ડ કોસ્મોપોલિટન હોટેલ, દુબઇ - અલ બાર્શા
૭. હિલ્ટન મોરેશિયસ રિસોર્ટ એન્ડ સ્પા

સુપ્રીમ અને હાઇકોર્ટમાં પારૂલ યુનિ.ના વિદ્યાર્થીઓને એક્સપોઝર

દેશના કાયદાક્ષેત્રે યુનિ.નું નામ રોશન કરતાં હાલ ૨૫૦ વિદ્યાર્થીઓ હાઇકોર્ટ અને ૧૦ વિદ્યાર્થીઓ સુપ્રીમકોર્ટમાં ઇન્ટર્નશીપ કરી રહ્યાં છે. યુનિ.ના રિતિક કુમાર સુપ્રીમ કોર્ટમાં, પાટિલ કિશન સુનિલ ગુજરાત હાઇકોર્ટમાં ઇન્ટર્ન છે. બીજી તરફ આકાંક્ષા સિંઘ, પવન ગુપ્તા, પ્રશાંત યાદવ ભારત સરકારના કાનૂની બાબતોના મંત્રાલયમાં ઇન્ટર્નશીપ કરી રહ્યાં છે. આ યુનિ. દ્વારા તેના વિદ્યાર્થીઓને અપાતા એક્સપોઝર તથા તેમને ઓફર કરાતા ગુણવત્તાયુક્ત શિક્ષણ, શ્રેષ્ઠ અભ્યાસક્રમ તથા અનુભવી ફેકલ્ટીના માર્ગદર્શનને પ્રતિબિંબિત કરે છે. ઘણાં વિદ્યાર્થીઓ ફોરેન્સિક ઇન્ડિયા લિમિટેડ, દિલ્હી સહિત દેશની જાણીતી લો ફર્મ સાથે પણ વિદ્યાર્થીઓ જોડાયેલા છે.

ટોચના મીડિયા હાઉસમાં ઇન્ટર્નશીપ

યુનિવર્સિટીમાં જર્નાલિઝમ એન્ડ માસકમ્યુનિકેશનનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને દેશના પ્રતિષ્ઠિત મીડિયા સંસ્થાનોમાં ઇન્ટર્નશીપ કરવાની અમૂલ્ય તક મળી છે. યુનિ.ના વિદ્યાર્થી સુમુખ ટાઇમ્સ ઓફ ઇન્ડિયા - નાગપુર, આશુતોષ દીન, ટાઇમ્સ ઓફ ઇન્ડિયા - વડોદરા, કુશ માય એફ - સુરત અને ધિરજ રાજ ટીવી ૯ - અમદાવાદમાં ઇન્ટર્નશીપ કરી રહ્યાં છે. તે ઉપરાંત મોટી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ટીવી, પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયા સંસ્થાનો તથા એડવટાઇઝિંગ કંપનીઓમાં સારા પેકેજ સાથે કાર્યરત છે.

ગુજરાત સરકારનો મહત્વાકાંક્ષી પ્રોજેકટ

સિંહ-વાઘ-રીંછ-દિપડા... સફારી પાર્કમાં હવે જુદા-જુદા પ્રાણી સાથે રહેશે

ઉનાના માંડવી-નલિયા, કચ્છના કોટેશ્વર તથા બનાસકાંઠાના પાલનપુરમાં સફારી પાર્ક બનશે : ત્રણેય પાર્કમાં સિંહોને પણ મોકલાશે

અમદાવાદ, તા. ૨૭

વન્ય જીવોની જાળવણી તથા માનવીઓને વધુ નજીક લાવવાના ઉદેશ સાથે રાજય સરકાર કોઇ એક જ પ્રાણીને આધારીત સફારી પાર્કને બદલે અનેક પ્રાણીઓ સાથેના સફારી પાર્ક બનાવવાની યોજના તૈયાર કરી છે. એક જ સફારી પાર્કમાં લોકો હવે અનેક પ્રાણી પ્રજાતિ નિહાળી શકાશે. મહત્વની વાત એ છે કે ખાનગી જમીનમાં આ સફારી પાર્કનું નિર્માણ થશે એટલે જંગલની જમીનમાં કોઇ ઘટાડો નહીં થાય.

રાજયના વન વિભાગ દ્વારા કચ્છના કોટેશ્વર, બનાસકાંઠાના પાલનપુર તથા ઉના નજીક માંડવી-નલીયામાં આ પ્રકારના 'મલ્ટી સ્પેસીસ' સફારી પાર્કનું નિર્માણ કરવાની યોજના બનાવવામાં આવી છે.

વન વિભાગના સુત્રોએ જણાવ્યું છે કે પાલનપુર સફારી પાર્કમાં રીંછ ઉપરાંત સિંહને રાખવામાં આવશે જયારે કોટેશ્વરમાં સિંહ-વાઘ ઉપરાંત અન્ય વન્યપ્રાણીઓને રાખવામાં આવશે. માંડવી-નલિયા સફારી પાર્કમાં સિંહ તથા દિપડાને રાખવાનું આયોજન છે. વન્ય પ્રાણીઓની વસતીમાં પણ વિવિધતા લાવવાની સાથોસાથ વન્ય જીવની જાળવણી તથા પ્રવાસન વિકસાવવાનો ત્રિવિધ ઉદેશ છે.

વન વિભાગના અધિકારીઓના કહેવા પ્રમાણે આ સફારી પાર્ક થકી લોકો ઇકો સિસ્ટમની જાળવણી કરવા ઉપરાંત

સ્થાનિકોને રોજગારીની તકો મળશે અને સમગ્ર ક્ષેત્રમાં આર્થિક ધમધમાટ વધી શકશે. ગુજરાતની વન્ય પ્રકૃતિની યશોગાથા જાણીતી છે. પાલનપુર તથા કોટેશ્વર ધાર્મિક પ્રવાસન માટે વિખ્યાત છે તેવા સંજોગોમાં સફારી પાર્કના નિર્માણથી બેવડો લાભ થઇ શકે છે. આબુ-અંબાજી કે દીવના પ્રવાસે જતા લોકો અધવચ્ચે સફારી પાર્કનો પ્રવાસ પણ કરી શકે તે પ્રકારના ભૌગોલિક સ્થાનો પસંદ કરવામાં આવ્યા છે.

સર્વોચ્ચ અદાલત દ્વારા ગત ફેબ્રુઆરીમાં એક ચુકાદો આપવામાં આવ્યો હતો જે અંતર્ગત વન્ય પ્રાણી કાયદા હેઠળ સંરક્ષીત સિવાયની જંગલ જમીનમાં પણ પ્રોજેકટ લાગુ કરવો હોય તો અદાલતની પૂર્વ મંજૂરી ફરજીયાત લેવાની સૂચના આપી હતી. સુપ્રિમ કોર્ટનો આ ચુકાદો અવરોધક ન બને તે માટે જંગલ વિભાગ હસ્તક ન હોય તેવી જંગલ સિવાયની જમીનનો ઉપયોગ આ પ્રોજેકટ માટે કરવામાં આવશે.

સુપ્રિમ કોર્ટે તમામ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશો પાસેથી જંગલ વિભાગની જમીનનો રીપોર્ટ માંગ્યો છે. પરંતુ જે નવા પ્રોજેકટ હાથ પર લેવાની યોજના છે તે જંગલ સિવાયની જમીન પર બનશે. એટલે સર્વોચ્ચ અદાલતની પૂર્વ મંજૂરી જરૂરી નહી બને અને માત્ર સેન્ટ્રલ ઝુ ઓથોરીટીની મંજૂરીથી પ્રોજેકટ લાગુ થઇ શકશે.

દિલ્હીમાં 'આપ'ના વધુ એક નેતાને ત્યાં EDના દરોડાઃ હવાલા કનેકશનની શોધ

પાટનગરના વિખ્યાત 'સિંઘલા સ્વીટ'ના માલીક ગોવાના 'આપ'ના પ્રભારી પણ રહી ચૂકયા છે

નવી દિલ્હીઃ દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકારના વડા-મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અને કસ્ટડી બાદ પણ ઈડીની ચાલી રહેલી ધોસમાં 'આપ'ના વધુ એક નેતા પર દરોડા શરૂ થયા છે. દિલ્હીમાં સિંઘલા સ્વીટથી મશહુર દુકાનદાર અને આમ આદમી પાર્ટીની ટિકીટ પર ચુંટણી લડી ચુકેલા દીપક સિંઘલાના નિવાસ તથા તેમના વ્યાપારી સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે. હજુ બે દિવસ પુર્વે જ 'આપ'ના ધારાસભ્ય

ગુલામસિંહનું યાદવના નિવાસે દરોડા પાડયા બાદ હવે વધુ એક 'આપ' નેતા ઈડીની રડાર પર છે. સિંઘલા દિલ્હીને ગોવામાં 'આપ'ના પ્રભારી રહી ચૂકયા છે અને હાલમાંજ ઈડીએ દાવો કર્યો હતો કે પાટનગરના શરાબ ગોટાળામાં મળેલી રૂા.૧૦૦ કરોડની રકમમાંથી રૂા.૪૫ લાખની રકમ 'હવાલા' મારફત રાજયની વિધાનસભા ચૂંટણી માટે મોકલવામાં આવી હતી અને તેમાં સિંઘલાની ભૂમિકા હોવાનો દાવો છે. હાલ તા.૨૮ સુધી ઈડીની કસ્ટડીમાં રહેલા કેજરીવાલની પણ આ સંબંધમાં પુછપરછ કરવામાં આવી છે.

ચુંટણી પુર્વે સપાટોઃ છતીસગઢમાં એક મહિલા સહિત છ નકસલીઓ ઠાર

ચુંટણીમાં વિઘ્ન પહોંચાડવાની તૈયારી કરી રહેલા જૂથ પર સ્પે.ટાસ્ક ફોર્સ ત્રાટકીઃ અન્યની તલાશ

રાયપુર તા.૨૭

લોકસભા ચૂંટણી પુર્વે છતીસગઢ સહિતના રાજયોમાં નકસલીઓ સામે છેડાયેલા ઓપરેશનમાં આજે સ્પે.ટાસ્ક ફોર્સે છતીસગઢના બીજાપુર જીલ્લામાં એક એન્કાઉન્ટરમાં છ નકસલીઓને ઠાર માર્યા હતા અને વધુની શોધ કરવામાં આવી રહી છે. રાજયના આ જીલ્લામાં નકસલીઓની મોટી મીટીંગ મળી રહી હોવાના અહેવાલ બાદ ટીકુખલી-પુષ્બાકામાં વનક્ષેત્રમાં પેટ્રોલીંગ શરુ કરવામાં આવ્યું છે અને તે સમયે નકસલીઓના એક અડ્ડાને ઘેરી લેવામાં આવ્યું હતું તથા તેમને શરણે થવા આદેશ અપાયા હતા પરંતુ સ્પે.ટાસ્ક ફોર્સના જવાનો પર ગોળીબાર થતા વળતો જવાબ અપાયો હતો અને તેમાં છ નકસલીઓ ઠાર મરાયા છે. જેમાં એક મહિલાનો પણ સમાવેશ થાય છે જયારે અન્ય નકસલીઓ નાસી છુટતા તેમની તલાશ શરૂ કરવામાં આવી છે. આ સ્થળેથી મોટી સંખ્યામાં હથિયાર અને વિસ્ફોટકો ઝડપી લેવાયા હતા. હાલમાં જ નકસલીઓએ આ વિસ્તારમાં ત્રણ ગ્રામ્યજનોની હત્યા કર્યા બાદ ઓપરેશન શરુ કરવામાં આવ્યું હતું.

મહારાષ્ટ્રમાં વિપક્ષી ગઠબંધન મુશ્કેલ

શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથે મુંબઈ સહિતના ૧૭ ઉમેદવાર જાહેર કરતા જ કોંગ્રેસ ભડકી

દક્ષિણ મુંબઈ અને સાંગલીની બેઠકમાં વિવાદઃ પક્ષ બચાવવો હોય તો મહાવિકાસ અઘાડી છોડોઃ સંજય નિરૂપમ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં આગામી લોકસભા ચુંટણી માટે મહાઅઘાડી ગઠબંધનમાં શિવસેનાએ (ઉદ્ધવ ઠાકરે જૂથ) તેના ઉમેદવારોની પ્રથમ યાદી બહાર પાડી છે જેમાં બે પુર્વ કેન્દ્રીય મંત્રીઓને પક્ષે ટિકિટ આપી છે. જેમાં પુર્વ કેન્દ્રીય મંત્રી અનંત ગીલેને રાયગઢ અને પુર્વ કેન્દ્રીય મંત્રી અરવિંદ સાવંતને

દક્ષિણ મુંબઈની બેઠક પરથી ઉદ્ધવ ઠાકરેએ ટિકિટ આપી છે.

બીજી તરફ ઉદ્ધવ ઠાકરેએ તેના ૧૬ બેઠકોના ઉમેદવાર જાહેર કરતા અને ખાસ કરીને મુંબઈની પાંચ બેઠકો પર તેના ઉમેદવાર મુકતા મુંબઈ કોંગ્રેસના પુર્વ પ્રમુખ સંજય નિરૂપમે હવે શિવસેનાના વલણ સામે વિરોધ કરીને રાજયમાં મોવડીમંડળને ગઠબંધનમાંથી બહાર નીકળી જવા સલાહ આપી છે. તેમણે કહ્યું કે જો પક્ષને બચાવવો હોય તો ગઠબંધનમાંથી બહાર નીકળી જવું જોઈએ. હજુ સુધી એનસીપી કોંગ્રેસ તેના ઉમેદવાર જાહેર કર્યા નથી પણ ૪૪ બેઠકો પર સમજુતી થઈ છે જે મુજબ શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથને ૧૯ કોંગ્રેસને ૧૬ અને એનસીપીને ૧૫ બેઠકો પર ચુંટણી લડવાની છે પણ મુંબઈની બે બેઠકો માટે શિવસેના અને કોંગ્રેસ વચ્ચે વિવાદ છે. આ ઉપરાંત સાંગલી બેઠક માટે હજું સમજુતી થઈ નથી ત્યાં ઉદ્ધવ ઠાકરેએ ઉમેદવાર જાહેર કરી દીધા.

તો ગંભીર પરિણામ ભોગવવા પડશે....

કોર્ટ પરિસરમાં 'આપ'ના લિગલ સેલના દેખાવના એલાન સામે હાઈકોર્ટની ફટકાર

નવી દિલ્હી તા.૨૭

જો કોઈ કોર્ટ પરિસરમાં દેખાવો કરે તો તેણે તેના જોખમનો પણ સામનો કરવો પડશે. કેજરીવાલની ધરપકડના વિરોધમાં આમ આદમી પાર્ટીના લિગલ સેલે આજે હાઈકોર્ટ પરિસરમાં વિરોધ પ્રદર્શનનું એલાન આપતા તેની સામે દાખલ વકીલની એક અરજી પર હાઈકોર્ટે સુનાવણી કરતા ચેતવણી આપી હતી.

વકીલ વૈભવે કોર્ટ પરિસરમાં વિરોધ પ્રદર્શન સામે દાખલ કરેલ ફરિયાદમાં લખ્યું હતું કે પોતાના રાજનીતિક ઉદેશ માટે કોર્ટને યુદ્ધનું મેદાન બનાવવું ખરું નથી. જેને લઈને એકટીંગ ચીફ જસ્ટીસ મનમોહનની પીઠે કહ્યું હતું કે બહેતર છે કે આપ સમજી જાઓ. જજે વધુમાં જણાવ્યું હતું કે અદાલતમાં આવવાનો સૌનો અધિકાર છે. આમ લોકોને રોકી ન શકાય.

નેપાળના મેયરની પુત્રી ગોવામાં 'ગુમ' થઈ

ઓશો સેન્ટર સાથે સંકળાયેલા હતા



પણજીઃ છેલ્લા કેટલાક માસથી ગોવામાં રહેતા નેપાળના મેયરના ૩૬ વર્ષીય પુત્રી આરતી હામલ 'ગુમ' થતા તેની શોધ શરૂ થઈ છે. ઓશોના અનુયાયી આરતી છેલ્લે સોમવારે રાત્રીના પણજીમાં અશ્વેમ બ્રીજ પાસે નજરે ચડયા હતા. તેમાં ઓશો મેડીટેશન સેન્ટર સાથે સંકળાયેલા હતા તેના પિતા ગોપાલ હામલ એ સોશ્યલ મીડીયા મારફત તેના પુત્રીની શોધમાં મદદ કરવા વિનંતી કરી હતી. નેપાળના અખબાર ધ હિમાલીયન ટાઈમ્સના જણાવ્યા મુજબ આરતીના એક સહયોગીએ તેના ગુમ થયાની માહિતી આપી હતી.

મમતા પર અભદ્ર ટિપ્પણી મુદ્દે બંગાળ ભાજપના પૂર્વ પ્રમુખ દિલીપ ઘોષ ફસાયા

મમતા દરેક રાજ્યમાં પોતાને તે રાજ્યની બેટી બતાવે છે તો તેના પિતાની ઓળખ પણ કહેવી જોઇએઃ ઘોષના વિધાનોથી ભાજપ પણ ખફાઃ જવાબ મંગાયો

કોલકત્તા, તા.૨૭

પશ્ચિમ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસ અને રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનરજી સામે ભાજપના જંગમાં પૂર્વ પ્રદેશ પ્રમુખ દિલીપ ઘોષે કરેલા કેટલા વિધાનોથી ભાજપે તેમને પણ નોટીસ ફટકારીને ખુલાસો માંગ્યો છે. રાજ્યમાં દુર્ગાપુર બેઠક પરથી લોકસભા ચૂંટણી લડી રહેલા દિલીપ ઘોષે મમતા બેનરજીના એ વિધાનો પર કટાક્ષ કર્યો હતો કે તેઓ પોતાને બંગાળની બેટી બતાવે છે પરંતુ જ્યારે તે ગોવા જાય છે તો તે સમયે ખુદને ગોવાની બેટી કહે છે અને ત્રીપુરામાં પોતાને આ રાજ્યની બેટી તરીકે ગણાવે છે પરંતુ તેમાં પહેલા તેણે પોતાના પિતાની ઓળખ જાહેર કરવી જોઇએ. આ પ્રકારે મમતા ઉપર કરાયેલા અંગત આક્ષેપના મુદ્દે તૃણમુલ કોંગ્રેસે તુર્ત જ પ્રહાર શરુ કર્યા હતા અને કહ્યું હતું કે ભાજપની એક મહિલા પ્રત્યેની માનસિકતા છતી થાય છે તો બીજી તરફ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નઙ્ઙાએ ખુલાસો કરવા જણાવ્યું છે.

CHANGE OF NAME

I THE UNDERSIGNED KHUHA BHAVESH PRAKASHBHAI HAVE CHANGED MY NAME FROM KHUHA BHAVESHKUMAR PRAKASHBHAI TO KHUHA BHAVESH PRAKASHBHAI NOW ONWARDS I WILL BE KNOWN BY THE ABOVE NEW NAME I.E. KHUHA BHAVESH PRAKASHBHAI ALL CONCERNED PLEASE BE NOTED

Sd/- KHUHA BHAVESH PRAKASHBHAI

કોર્ટ સુધારા નોટીસ

તારીખ ૨૭/૯/૨૦૨૩ના 'સાંજ સમાચાર'માં રાજકોટના મહે. જયુ. મેજી. ફ.ક. (મ્યુનિ.) એન.ટી.કારીયા સાહેબની કોર્ટની ફોજદારી પરચુરણ અરજી નં. ૨૩૯૭/૨૦૨૩ના કામમાં અરજદાર લાભુભાઇ દાદાભાઇ ડવએ તેમના મામા ઉકરડાભાઇ ગીગાભાઇ ડાંગરનું અવસાન તા. ૧૯/૧૦/૧૯૯૮ની મરણ નોંધ સર્ટીફીકેટ મેળવવાની પ્રસિધ્ધ થયેલ નોટીસમાં ખરેખર સાચી મરણ તારીખ ૧૯/૧૦/૧૯૮૮ સમજવું અને સુધારીને વાંચવુ. ૧૯/૧૦/૧૯૮૮ મુજબ મરણ સર્ટીફીકેટ મેળવવા અરજી કરેલ છે.

તૃણમુલ નેતાની પણ મુશ્કેલી વધશે

મહુવા મોઈત્રા અને દર્શન હીરાનંદાનીને તા.૨૮ના હાજર થવા EDનું સમન્સ

નવી દિલ્હીઃ કેશ ફોર કવેરીમાં ફસાયેલા તૃણમુલ કોંગ્રેસના પુર્વ સાંસદ મહુવા મોઈત્રા તથા તેના દુબઈ સ્થિત 'મિત્ર' દર્શન હીરાનંદાનીને તા.૨૮ના રોજ ઈડી સમક્ષ હાજર થવા સમન્સ પાઠવ્યા છે. મહુવા મોઈત્રાએ સંસદમાં પ્રશ્ન પુછવા માટે તેને જે ખાસ ઈ-મેલ આઈડી મળે છે તે આઈડી અને તેનો પાસવર્ડ હીરાનંદાની ગ્રુપના દર્શન હીરાનંદાનીને આપ્યા હતા અને દર્શને તેના વતી અદાણી ગ્રુપ સહિતના પ્રશ્નો પણ પૂછયા હતા જેના બદલામાં દર્શન હીરાનંદાનીએ મહુવાની દુબઈ ખર્ચ ઉઠાવીને મોંઘી ભેટ પણ આપી હતી.

આમ સાંસદ તરીકેની ખાસ સુવિધાનો ઉપયોગ કરવા આપીને તેની બદલામાં મોંઘી ભેટો સ્વીકારાશે. ઈડીએ મની લોન્ડ્રીંગ એકટ સહિતની કલમો હેઠળ મહુવા મોઈત્રા સામે કેસ દાખલ થયા છે અને તમો તેની ધરપકડ પણ થઈ શકે છે. મહુવા હાલ લોકસભા ચૂંટણી તેના મતક્ષેત્ર કૃષ્ણાનગરથી ફરી લડી રહી છે તે સમયે જ તેના પર ભીંસ વધી છે.

મોકાનો ફલેટ વેચવાના છે 3 BHK
820 કાર્પેટ રાજકોટના હાર્દ સમા કિશાનપરા ચોક પાસે
રેસકોર્ષ થી ફકત 5 મિનિટ ના અંતરે
• એક માળ પર એક ફલેટ
• ત્રીજો માળ • એલોટેડ પાર્કીંગ
• હાઇ સ્પીડ લીફટ • ફુલ્લી ફર્નીશ્ડ
• CCTV કેમેરા • સાથે POP
• મોડ્યુલર કીચન • ચીમની
• અટેચ બાથરૂમ બધા રૂમ માં
• ફુલ હવા ઉજાસ વાળુ લોકેશન
• ૨૪ કલાક પાણીની સુવિધા
રાજ રેસીડેન્સી, કિશાનપરા ચોક, જૂની દિવ્ય ભાસ્કર ઓફિસની સામે, રાજકોટ.
8866990697
Admedia

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ **શ્રી પી.જે.ચૌધરી સાહેબ**ની કોર્ટમાં **દિ.પ.અ.નં. ૬૬૨/૨૦૨૪**થી અરજદાર શ્રી કૈલાસભાઇ રણછોડભાઇ ખાત્રાણીએ ગુજરનાર રણછોડભાઇ બાવાભાઇ ખાત્રાણીના નામે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ કોઠારીયાની સીમમાં રેવન્યુ સર્વે નં. ૨૧૨ની જમીન એકર ૬-૩૮ ગુંઠા બીનખેડવાણ થતાં તેના પાડેલા પ્લોટસ પૈકી પ્લોટ નં. ૨૭ની જમીન ચો.વા.આ. ૪૭૨-૫૩ બરાબર ચો.મી.આ. ૩૯૫-૦૯ જમીન ગુજરનારે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૫૪૬, તા. ૧૮/૦૩/૨૦૦૫થી સંયુકત નામે ખરીદ કરેલ છે. જેમાં ગુજરનારનો ૫૦% હિસ્સો આવેલ છે.

ઉપરોકત દર્શાવેલ મિલ્કતનું હેરશીપ સર્ટી/વારસા સર્ટી. મેળવવા અરજદારે તેમના વકીલ **શ્રી સી.એમ.પટેલ, રાકેશ ટી. કોઠીયા, નમિતા આર. કોઠિયા, નિશાંત આર. ગોસ્વામી** મારફતે અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજી દાખલ કરેલ છે તે સબંધે જો કોઇ વ્યકિતને વાંધો કે તકરાર હોય તેમને મુદત તા. ૩૦/૪/૨૦૨૪ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યે અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરવા, ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે તેની નોંધ લેશો.

આજ તા. ૨૬મી માર્ચ ૨૦૨૪ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

હુકમથી (જે.જે.ચાવડા) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ રાજકોટ

તૈયાર કરનાર (જી.બી.લકુમ) આસીસ્ટન્ટ

કોર્ટનો સીકકો

:-: જાહેર નોટીસ :-:

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાઓને જાણ કરવાની કે રાજકોટ ગામ ઘંટેશ્વરના રેવન્યુ સર્વે નં. ૧૧૭ પૈકી ૨ ની બીનખેડવાણ અને ઇમારત બાંધવાની મંજુરીવાળા **'દર્શીતા પાર્ક'** તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૪૮ની જમીન ચો.મી.આ. ૯૨-૫૦ જે ચો.વા.આ. ૧૧૦-૬૩ની ખુલ્લી જમીન આવેલ છે. જે **શ્રીમતી હીનાબેન શૈલેષભાઇ રૂપારેલીયા** ની સ્વતંત્ર માલિકીની તથા કબજા ભોગવટાની મિલ્કત છે. સદરહું મિલ્કત અમારા અસીલ તેમની પાસેથી ખરીદી કરવા માગે છે.

ઉપરોક્ત મિલ્કતના ટાઇટલ કે માલિકી કબજા સંબંધે કે વારસાઇ હકક તથા ભરણપોષણના હક્કો કે અન્ય કોઇપણ પ્રકારના હક્કો બાબતે જો કોઇપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે લાગભાગ, હકક, હિસ્સો હિત દરદાવો ગીરો, કરજ, બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થઇએથી દિવસ-૭ (સાત)માં નીચેના સરનામે આધાર પુરાવા સાથે જાણ કરવી મુદત દરમિયાન કોઇ વાંધો તકરાર નહીં આવે તો કોઇ વાંધો કે તકરાર નથી અને જો કોઇ હોય તો સ્વેચ્છાએ જતો (Waive) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મિલ્કત ખરીદ કરવા અંગેની તમામ કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરશે. રજી. દસ્તાવેજની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરશે. જેની આથી લાગતા વળગતાએ તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

હીનાબેન શૈલેષભાઇ રૂપારેલીયા ની સુચના તથા સંમતી મુજબ

કૌશલ એ. મહેતા (એડવોકેટ)
૨૦૩-ઓરબીટ કોમ્પ્લેક્ષ, સદર બજાર, નૂતન પ્રેસ વન-વે રોડ, રાજકોટ-૩૬૦૦૦૧ મો. ૯૯૨૪૫ ૫૮૮૩૨

પ્રોફેશનલ ટેકસનો ૨૮ કરોડનો ટાર્ગેટ હાંસલ : છતાં ગત વર્ષ કરતા આવક ૧૦ કરોડ ઘટી!

આગલા વર્ષે વ્યાજ અને પેનલ્ટી માફીના કારણે આવકનો ઢગલો થયો હતો : આ વર્ષે ડોકટરો સહિતના ૨૯૦૦ જેટલા નવા રજીસ્ટ્રેશન થયા : વ્યવસાય વેરો નાબુદ કરવાની માંગ યથાવત

રાજકોટ, તા. ૨૭

મ્યુનિ. કોર્પોરેશનની ટેકસ શાખામાં વાહન વેરાની આવકનો લક્ષ્યાંક પાર પડી ગયો છે ત્યારે ચાલુ નાણાકીય વર્ષનો પ્રોફેશનલ ટેકસનો લક્ષ્યાંક પણ મનપાએ હાંસલ કરી લીધો છે. ૨૮ કરોડના બજેટના ટાર્ગેટ સામે આજ સુધીમાં વેરાની આવક ૨૮.૧૬ કરોડ થઇ ગઇ છે. જોકે ગત નાણાકીય વર્ષની સરખામણીએ આ વર્ષે વેરાની આવક દસેક કરોડ ઓછી દેખાઇ છે.

વ્યવસાય વેરામાં ગત વર્ષે વ્યાજમાફીની સ્કીમ આવી હતી. તે કારણે પણ આવક વધુ હતી તો બીજી તરફ વેપારીઓ વ્યવસાયવેરો નાબુદ કરવા સરકારમાં સતત રજુઆત કરી રહ્યા છે ત્યારે સરકારે હજુ આ વેરો નાબુદ કરવા નિર્ણય લીધો નથી. સાથે જ નવા વ્યવસાયિકોની નોંધણી પણ ચાલુ રાખી છે.

વર્તમાન નાણાકીય વર્ષની વાત કરીએ તો તા.૧-૪-૨૩થી તા.૨૬-૩-૨૪ સુધીમાં મનપાને ૨૮.૧૬ કરોડની પ્રોફેશનલ ટેકસની આવક થઇ છે. ૨૮ કરોડનો ટાર્ગેટ પાર પડી ગયો છે. આ વર્ષમાં અત્યાર સુધીમાં ૨૮૮૯૭ વ્યવસાયિકોએ વેરો ભર્યો છે. ખાનગી કંપનીઓ, બેંક, વકીલ, સીએ, શેરબ્રોકર, ડોકટર, ખાનગી અને ટ્રસ્ટની હોસ્પિટલો, કારખાનેદારો, સીએસ સહિતના વ્યવસાયિકો અને નોકરીદાતાઓએ આ વેરો ભરવાનો હોય છે. થોડા વર્ષ અગાઉ સરકારે સેલ્સટેકસ પાસેથી આ આવકની સત્તા પરત લઇને મનપાને આપી છે.

ચાલુ વર્ષમાં સેન્ટ્રલ ઝોનમાં ૧૩૦૬૩, ઇસ્ટમાં ૨૮૫૯ અને વેસ્ટ ઝોનમાં ૧૨૯૮૫ વ્યવસાયિકોએ વેરો ભર્યો હતો. ખાનગી દવાખાના સહિતની નોંધણી પણ આ વર્ષમાં વધી છે. ઇ.સી. ટેકસ કલેકશન સેન્ટ્રલ ઝોનમાં ૪.૨૫ કરોડ, ઇસ્ટમાં ૨.૬૩ કરોડ, વેસ્ટમાં ૩.૭૪ કરોડ અને આર.સી. કલેકશન સેન્ટ્રલ ઝોનમાં ૭.૪૮ કરોડ, ઇસ્ટ ઝોનમાં ૨.૨૭ કરોડ અને વેસ્ટ ઝોનમાં ૭.૭૫ કરોડ થયાનું વેરા શાખાએ જણાવ્યું હતું. આ વર્ષમાં નવા ૪૯૫૪ રજીસ્ટ્રેશન થયા છે.

ગત નાણાકીય વર્ષમાં રાજય સરકારે વ્યાજમાફી અને પેનલ્ટી માફીની સ્કીમ જાહેર કરતા આવકમાં વધારો થયો હતો. તે બાદ આ વખતે નવા રજીસ્ટ્રેશનના કારણે ટેકસનો ટાર્ગેટ સરળતાથી પાર પડયો છે તે પણ ઉલ્લેખનીય છે.

બીજી તરફ મનપા દ્વારા વ્હીકલ ટેકસ અને પ્રોફેશનલ ટેકસ બાદ હવે મિલકત વેરાનો ટાર્ગેટ કઇ રીતે પૂરો થાય તે માટે દોડાદોડી કરવામાં આવી રહી છે.

ચાર વર્ષની વ્ય.વેરાની આવક

વર્ષ	કરદાતા	આવક
૨૦૨૦-૨૧	૨૩૩૮૯	૧૯.૩૪ કરોડ
૨૦૨૧-૨૨	૨૬૯૯૮	૨૪.૭૬ કરોડ
૨૦૨૨-૨૩	૩૧૩૧૫	૩૮.૦૮ કરોડ
૨૦૨૩-૨૪	૨૮૮૯૭	૨૮.૧૬ કરોડ

એક વર્ષથી સગીરાનું અપહરણ કરી ફરાર થયેલો રાજસ્થાની શખ્સ ઝડપાયો

આરોપી પ્રકાશસિંહને અમદાવાદના નિકોલ વિસ્તારમાંથી દબોચી સગીરાને મુકત કરાવી : એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનિટની કામગીરી

રાજકોટ, તા.૨૭

રાજકોટમાંથી એક વર્ષ પહેલા સગીરાનું અપહરણ કરી ફરાર થયેલો રાજસ્થાની શખ્સને એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનિટની ટીમે અમદાવાદમાંથી દબોચી સગીરાને મુકત કરાવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, એડી. પોલીસ કમિશ્નર વિધી ચૌધરી, ક્રાઇમ ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલે અપહરણ થયેલ સગીર બાળકોને શોધી કાઢવાની આપેલ સૂચનાથી એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનિટના પીઆઇ કે.જે.કરપડાની રાહબરીમાં ટીમ અપહરણ થયે બાળકોને શોધવા પ્રયત્નશીલ હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ હરસુખભાઇ વાછાણી અને ધિરેનભાઇ ગઢવીને એક વર્ષ પહેલા યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારમાંથી ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરી નાસી છુટેલો પ્રકાશસિંહ સંપતસિંહ પરમાર (ઉ.વ.૨૬, રહે. હાલ મુંજકા, મુળ રાજસ્થાન), સગીરા સાથે અમદાવાદમાં હોવાની મળેલ ચોકકસ બાતમીના આધારે સ્ટાફે અમદાવાદના નિકોલમાં આવેલ કાનબા હોસ્પિટલ સામે અબ્જીબાપા ફલેટની પાસેથી આરોપીને દબોચી સગીરાને મુકત કરાવી તેના પરિવાર સાથે મિલન કરાવતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા.

ધીમા ઓવર-રેટ બદલ ગુજરાતના કપ્તાન ગીલને ૧૨ લાખનો દંડ

ચેન્નઈ તા.૨૭

ચેન્નઈમાં રમાયેલા આઈપીએલના મેચમાં ગુજરાત ટાઈટન્સને બેવડો ફટકો લાગ્યો હતો. ચેન્નઈ સુપરકીંગ સામે ૬૩ રને પરાજય થવા ઉપરાંત ધીમા ઓવરરેઈટ બદલ ૧૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આઈપીએલ ગવર્નિંગ બોર્ડ દ્વારા એમ કહેવાયુ છે કે ન્યુનતમ ઓવરરેઈટની આચારસંહિતામાં ગુજરાત ટાઈટન્સે પ્રથમ વખત ભંગ કર્યો છે અને તેને પગલે કપ્તાન શુભમન ગીલ પર ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. મેચમાં હાર બાદ કપ્તાન ગીલે કહ્યું કે ચેન્નઈ સુપરકીંગની રણનીતિ સામે અમે પરાસ્ત થયા હતા. ઘણો નવો બોધપાઠ મેળવ્યો છે. નવા-નવા અનુભવ પરથી બોધપાઠ મેળવી રહ્યો છું.

બુટ - ચંપલના શો રૂમમાં પ્રથમ માળેથી પટકાયેલા રમેશ કોરિયાનું ૧૮ દિવસની સારવાર બાદ મોત

રેલનગરમાં રહેતા મૃતક ૯ માર્ચે પંચાયત ચોકમાં શુભમ સૂઝ નામના શો રૂમે બુટ ખરીદવા ગયા હતા ત્યારે અકસ્માતે બનાવ બનેલો : પરિવારમાં શોક છવાયો

રાજકોટ, તા.૨૭

શહેરના પંચાયત ચોકમાં બુટ - ચંપલના શો રૂમમાં પ્રથમ માળેથી પટકાયેલા રમેશભાઈ જીવરાજ ભાઈ કોરિયા (ઉ.વ.૫૯)નું ૧૮ દિવસની સારવાર બાદ મોત થયું છે. રેલનગરમાં રહેતા મૃતક ૯ માર્ચે પંચાયત ચોકમાં શુભમ સૂઝ નામના શો રૂમે બુટ ખરીદવા ગયા હતા ત્યારે અકસ્માતે બનાવ બનેલો. બનાવથી પરિવારમાં શોક છવાયો છે.

બનાવની વિગત મુજબ રેલનગર મહાદેવ પાર્કમાં રહેતા રમેશભાઈ જીવરાજ ભાઈ કોરિયા (ઉ.વ.૫૯) નામનાં પ્રૌઢ ગત ૯/૩ એ પંચાયત ચોક પાસે આવેલ શુભમ સૂઝ નામની દુકાનમાં સૂઝ ખરીદવા ગયા હતાં.ત્યારે અકસ્માતે પ્રથમ માળેથી પડી જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ૧૮ દિવસની સારવાર બાદ આજે મોત નિપજ્યું હતું. મૃતક બે ભાઈ અને એક બહેનમાં નાનાં હતાં તેમજ તેઓને સંતાનમાં બે દીકરા હોવાનું પરીવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે મૃતકના પરીવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

રાજારામ સોસાયટીમાં બંગડીના કારખાનામાં તસ્કરો ત્રાટકયા: રૂા.૬૫૨૨૦ના મુદ્દામાલની ચોરી

થોરાળા પોલીસ મથકના પીએસઆઇ એમ.એસ.મહેશ્વરી અને ટીમે ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી રિક્ષામાં આવેલા બે શખ્સને ઝડપી ચોરાઉ તમામ મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ. તા.૨૭

રાજારામ સોસાયટીમાં બંગળીના કારખાનામાં તસ્કરો ત્રાટકયા હતાં અને રૂ.૬૫૨૨૦ ના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો નાસી છૂટતાં થોરાળા પોલીસ મથકના પીએસઆઇ એમ.એસ.મહેશ્વરી અને ટીમે ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી રિક્ષામાં આવેલા બે શખ્સને ઝડપી ચોરાઉ તમામ મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બનાવ અંગે મોરબી રોડ પર રાજલક્ષ્મી સોસાયટી શેરી નં.૫ માં રહેતાં રાકેશભાઈ રાજેન્દ્રભાઈ બોસમીયા (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતુંકે, તેઓ રાજારામ સોસાયટી શેરી નં-૦૩ માં ભાડેથી કારખાનુ રાખી પ્લાસ્ટીકની બંગડી બનવાવાનું કામ કરે છે. તેઓની દુકાન સવારના દશેક વાગ્યાથી રાતના આઠેક વાગ્યા સુધી ખુલી હોય છે અને રવીવારના દિવસે બંધ હોય છે. ગઇ તા.૨૪ ના સવારના દશેક વાગ્યાની આસપાસ તેઓ કારખાને કામ માટે આવી ગયેલ તે દિવસે હોળીનો તહેવાર હોય જેથી સાંજના પાચેક વાગ્યાની આસપાસ કારખાનને લોક મારી બંધ કરી ઘરે જતાં રહેલ હતાં.

ત્યારબાદ ગઈકાલે સવારના દશેક વાગ્યાની આસપાસ કારખાને ગયેલ અને અંદર પ્રવેશ કરતા દુકાનમાં રાખેલ પ્લાસ્ટીકની બંગડીનો માલ સામાન જેમા અલગ અલગ કલરની અને ડિઝાઈનની બંગડીનો સેટ ૧૪ બોક્સમાં રાખેલ હતાં. જેમાં કુલ ૨૮૭ બોકસ કિંમત રૂ.૬૦૨૭૦ તેમજ અન્ય અલગ અલગ ડિઝાઈનની બંગડીના બોક્સ ૬ કિંમત રૂ. ૪૯૫૦ મળી કુલ રૂ. ૬૫૨૨૦ નો મુદ્દામાલની કોઈ અજાણ્યા શખ્સો કારખાનામાં ઘુસી ચોરી કરી નાસી છૂટ્યા હતાં.

બનાવ અંગેની ફરીયાદ પરથી થોરાળા પોલીસ મથકના પીએસઆઇ એમ.એસ.મહેશ્વરી અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી ચોરી કરવા રિક્ષામાં આવેલા બે શખ્સોને સકંજામાં લઈ ચોરીમાં ગયેલ તમામ રૂ.૬૫૨૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચોરીનો ભેદ ઉકેલી વધું તપાસ હાથ ધરી હતી.

છત્રપતિ ટાઉનશીપમાં ૨૪ વર્ષના રોહિત નિમાવતનો ઝેરી દવા પી આપઘાત

ન્યુ જલારામ સોસાયટીમાં રહેતો યુવાન તેના ભાઈના ઘરે જઈ પગલું ભર્યું: સારવાર મળે તે પહેલાં જ દમ તોડતાં પરીવારમાં આક્રંદ: આર્થિક ભીંસથી કંટાળી પગલું ભર્યાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું: પ્ર. નગર પોલીસે વધું તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૨૭

રેલનગરમાં છત્રપતિ ટાઉનશીપમાં ૨૪ વર્ષના રોહિત નિમાવત નામના યુવાને આર્થિક ભીંસથી કંટાળી ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી છવાઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, મોરબી રોડ પર ન્યુ જલારામ સોસાયટીમાં રહેતાં રોહિત જીતુભાઇ નિમાવત (ઉ.વ.૨૪) નામના યુવાને ગઈકાલે રાતના ૧૧ વાગ્યાની આસપાસ પોતે રેલનગરમાં આવેલ છત્રપતિ ટાઉનશીપમાં રહેતાં તેમના ભાઈની ઘરે ગયો હતો. બાદમાં ત્યાંથી નીકળી ટાઉનશીપની નજીક જ ઘઉંમાં નાંખવાના ઝેરી ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાં જ યુવકનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર. નગર પોલીસ મથકના પીએસઆઇ પી.કે.પઢીયાર સ્ટાફ સાથે હોસ્પિટલે દોડી ગયાં હતાં અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહ પીએમમાં ખસેડયો હતો.

વધુમાં પોલીસે જણાવ્યા અનુસાર મૃતક છૂટક મજૂરી કામ કરતો હતો અને તે ઘણાં સમયથી આર્થીક ભીંસમાં સપડાયો હોવાથી અંતિમ પગલું ભરી લીધાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું હતું. બનાવથી પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

મનહરપુર-૨માંથી ચોરાઉ બાઈક સાથે ગોપાલ થારતીયા ઝડપાયો

યુનિવર્સિટી પોલીસે મથકના હેડ કોન્સ્ટેબલ મહિપાલસિંહ જાડેજા સહીતના સ્ટાફની કામગીરી

રાજકોટ તા.૨૭

મનહરપુર-૨માંથી ચોરાઉ બાઈક સાથે શેઠનગરના ગોપાલ થારતીયાને યુનિવર્સિટી પોલીસે દબોચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ એન.આઈ. રાઠોડની રાહબરીમાં પીએસઆઈ બી.આર. ભરવાડ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ મહિપાલસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ ડોડીયા અને કોન્સ્ટેબલ ગોપાલસિંહ જાડેજાને મળેલ ચોકક્સ બાતમીના આધારે ચોરાઉ બાઈક સાથે ગોપાલ હિરા થારતીયા (ઉ.વ.૨૧) (રહે. શેઠનગરની સામે ઝુંપડામાં દબોચી રૂા.૧૫ હજારનું બાઈક કબ્જે કરી પૂછપરછ હાથ ધરી હતી.

ગણતરીની કલાકમાં વિખુટા પડેલ બાળકને માતા પિતા સાથે મિલન કરાવતી બી.ડિવિઝન પોલીસ

રાજકોટ, તા.૨૭

ગતરોજ સાંજ ના ૬ વાગ્યાના સમયે સુરેશ અજયભાઇ સલાટ (ઉ.વ-૬, રહે-પી.ડી.એમ. કોલેજની સામે નારાયણનગર ઝૂંપડપટ્ટી) રામનાથપરા ખાતે આવેલ. તે દરમિયાન આ બાળક કોઇ રીતે તેના માતા-પિતાથી વિખુટુ પડી જતા બીનવારસી હાલતમાં રાત્રે ૧૨.૩૦ વાગ્યે બેડી ચોકડી પહેલા વેલનાથપરા પુલની નીચે મળી આવતા બાળકની પુછપરછ કરતા સદરહુ બાળક અધકચરુ બોલી અને અલગ અલગ રાજકોટ શહેરના વિસ્તાર જેમાં રેલનગર, ભગવતીપરા તેમજ પોપટપરા વિસ્તારનું જણાવતો હતો.

બી. ડિવિઝન પોલીસે બાળકના વાલીની શોધખોળ હાથ ધરતા તપાસ દરમિયાન બાળક નારાયણનગર ઝૂંપડપટ્ટીમાં રહેતો હોવાનું ફલીત થતા બી. ડિવિઝન પીઆઈ એસ.એમ.જાડેજાએ તુરંત જ પોલીસ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી હતી. ભારે જહેમત બાદ રાત્રે ૨/૩૦ વાગ્યા આસપાસ બાળકના માતા પિતા મળી આવતા યોગ્ય પુછપરછ ખરાઇ કરી બાળકને તેના માતા સવીતાબેન સહિતના પરિવારને સોંપી આપી અને પોલીસ પ્રજા નો મિત્ર છે તે સુત્ર સાર્થક કર્યું હતું. આ કામગીરીમાં પીઆઈ એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ ઇન્વે. સ્ટાફ, ડી. સ્ટાફ તેમજ સર્વેલન્સ સ્કોડ તેમજ પી.એસ.ઓ. સ્ટાફના માણસો જોડાયા હતા.

પરા પીપળીયા ચેક પોસ્ટ પાસે નશામાં ધુત આઈશર ચાલકે કારને હડફેટે લીધી

કારના દરવાજા અને બમ્પરમાં મોટી નુકશાની: ગાંધીગ્રામ પોલીસે પીધેલી હાલતમાં ચાલકની ધરપકડ કરી

રાજકોટ. તા.૨૭

પરા પીપળીયા ચેક પોસ્ટ પાસે નશામાં ધુત આઈશર ચાલકે કારને હડફેટે લેતાં કારના ને દરવાજા અને બમ્પર તૂટી જતાં કારમાં મોટી નુકશાની થઈ હતી. દરમિયાન ગાંધીગ્રામ પોલીસે પીધેલી હાલતમાં ચાલકની ધરપકડ કરી હતી.

બનાવ અંગે જામનગરમાં હાપા રોડ પર લાલ વાડીમાં રહેતાં સંજયભાઇ પરસોતમભાઈ અગ્રાવત (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે આઈસર નં. જીજે.૧૪.એ.એક્સ. ૯૪૬૦ ના ચાલક સુરેશ પારુ ભુરિયાનું નામ આપ્યું હતું. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ લાખાભાઈ ભરવાડની ટેકસી ગાડી કાર નં. જી.જે.૧૦.ટી.એક્સ.૭૦૪૨ ચલાવે છે. ગઇકાલે રાત્રીના અગીયારેક વાગ્યે ગાડી લઇ જામનગરથી અમદાવાદ એરપોર્ટ જવા માટે નીકળેલ હતાં. બાદમાં રાત્રીના સાડા બારેક વાગ્યાની આસપાસ જામનગર રોડ પરા પીપળીયા ચેક પોસ્ટ પાસે આવતા ગાડી ધીમી પાડેલ ત્યારે પાછળથી પુરપાટ ઝડપે આવેલ જામનગરથી રાજકોટ તરફ આવતી એક આઇશર ગાડીના ચાલકે ગાડીને ઠોકર મારતા મારી કારના જમણી સાઈડના પાછળના બમ્પરને અને દરવાજામા નુકશાન કરેલ થયું હતું. દરમિયાન ત્યા ચેક પોસ્ટ પર હાજર પોલીસનો સ્ટાફ અને અન્ય લોકો ભેગા થઇ ગયેલ અને આઇશર ગાડીના ચાલકનું નામ પુછતા સુરેશ પારુભાઇ ભુરીયા જણાવેલ અને તેને દારુ પીધેલી હાલતમાં હોય જેથી તેને પોલીસ સ્ટેશને લઇ જઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રિક્ષામાંથી પડી ગયેલા વૃદ્ધે સારવારમાં દમ તોડયો

રામનાથપરાના પ્રમોદભાઈ સોલંકી પોતાનાં ઘરે જતાં હતાં દરમિયાન રિક્ષામાં ચકકર આવતાં પડી ગયા: સારવારમાં વૃદ્ધનું મોત નિપજ્યું

રાજકોટ, તા.૨૭

શહેરનાં રામનાથપરામાં રહેતાં વૃદ્ધ પોતાનાં ઘરે જતાં હતાં દરમિયાન રિક્ષામાં ચક્કર આવતા પડી જતા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં દમ તોડી દિધો હતો.

બનાવની વિગત મુજબ રામનાથપરામાં રહેતાં પ્રમોદભાઈ બાબુભાઈ સોલંકી (ઉ.વ.૬૪) નામના વૃદ્ધ ગઈ કાલ સાંજે પોતાનાં ઘરે રિક્ષામાં બેસીને જતા હતા. ત્યારે ભાવનગર રોડ પટેલ વાડી પાસે રિક્ષામાં ચક્કર આવતાં પડી ગયાં હતાં. બાદ તુરંત ૧૦૮ મારફત તાકિદે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં સારવારમાં મોત નિપજ્યું હતું. મૃતક મોરબી રોડ પર આવેલ પેટ્રોલ પંપે ગયા હતાં. ત્યાંથી રાજકોટ આવી પોતાનાં ઘરે જતાં હતાં દરમિયાન ચક્કર આવતા રિક્ષામાંથી પડી જતાં સારવારમાં દમ તોડી દિધો હતો. તેઓને સંતાનમાં બે દીકરી અને એક દીકરો હોવાનું પરીવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

પરપ્રાંતિય પરિણિતાનો ઝેરી દવા પી આપઘાત

રાજકોટ તા.૨૭

પરપ્રાંતિય પરણિતાએ ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું હતું. બનાવની જાણ ભકિતનગર પોલીસને થતાં તુરંત દોડી ગઈ હતી.

બનાવની વિગત મુજબ મૂળ બિહાર અને હાલ જંગલેશ્વર શેરી-૧૫ માં રહેતી લતાકુમારી નિરંજન કુશવાહ (ઉ.વ.૩૦) નામની પરણિતાએ ગત રાત્રિના પોતાનાં ઘરે ઝેરી દવા પી લેતા તાકિદે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં સારવારમાં મોત નિપજ્યું હતું. મૃતક મિરા ઇન્ડસ્ટ્રીઝ કારખાનામાં કામ કરતી હતી. તેણીને સંતાનમાં બે દીકરા હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. આપઘાતનું કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

તેરા તુજકો અર્પણ : બી. ડિવિઝન પોલીસે ૩ મહિનામાં ગુમ થયેલ પર મોબાઈલ ફોન નાગરિકોને પરત કર્યા

સાયબર ફ્રોડમાં ગયેલ ૮ અરજદારને રૂા.૨,૨૦,૪૬૦ પરત અપાવ્યા

રાજકોટ, તા.૨૭

ગુજરાત સરકારના કોમ્યુનીટી આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત ''તેરા તુજકો અર્પણ'' ઝુંબેશ હેઠળ, બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે તેરા તુજકો અર્પણ કાર્યક્રમનું આયોજન રાખવામાં આવેલ હતું. જેમાં બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એમ.જાડેજાની ઉપસ્થિતમાં પોલીસ સ્ટાફ અને નાગરિકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ, ચોરાયેલ મોબાઈલ ફોનની ફરિયાદ, અરજી મળતી હોય છે જે ફરિયાદ, અરજી ઉપરથી ''સીઈઆઈઆર'' પોર્ટલ તથા હ્યુમન સોર્સિસનો ઉપયોગ કરી પોર્ટલમાં સતત મોનિટરીંગ કરી આવા ગુમ, ચોરાયેલ મોબાઈલ ફોનને શોધી કાઢવામાં આવેલ છે. જેમાં જેમાં છેલ્લા ત્રણ મહિનામાં રૂ.૭,૯૭,૫૦૦ની કિંમતના ૫૨ મોબાઈલ ફોન શોધી તેના મૂળ માલિકોને પરત કરી આપવામાં આવેલ હતા. ઉપરાંત છેલ્લા બે મહિના દરમિયાન સાયબર ફ્રોડ થયેલ હોય તેવી અલગ -અલગ અરજીમાં ફ્રીઝ રહેલ અરજદારની સાયબર ફ્રોડમાં ગયેલ રકમમાંથી ૮ અરજીના અરજદારને કોર્ટ મારફતે રીફન્ડ પ્રોસેસ કરાવી રૂ.૨,૨૦,૪૬૦ પોલીસે પરત અપાવેલ હતા.

નાગરિક બેંકના નિવૃત કર્મચારીનું હૃદય બેસી ગયું

લાલજીભાઈ ચૌહાણ ખુરશી પર બેઠાં હતાં ત્યારે હાર્ટએટેક આવ્યો: પુનિતનગરના ધર્મેન્દ્ર પંચાસરા ઘરે જ ઢળી પડતાં મોત

રાજકોટ, તા.૨૭

નાગરિક બેંકના નિવૃત કર્મચારી લાલજીભાઈ ચૌહાણ પોતાનાં ઘરે ખુરસી પર બેઠાં હતાં.ત્યારે બેભાન થયાં બાદ સારવારમાં દમ તોડી દિધો હતો.જ્યારે પુનિતનગરના ટાંકા પાસે રહેતાં બાબુલાલ પંચાસરા ઘરે જ ઢળી પડતાં ૧૦૮ ની ટીમે મૃત જાહેર કર્યા હતા.

પ્રથમ બનાવની વિગત મુજબ લક્ષ્મીવાડી શેરી નં-૧૦ માં રહેતાં લાલજીભાઈ માધુભાઈ ચૌહાણ (ઉ.વ.૭૦) નામનાં વૃદ્ધ ગઈ કાલ રાત્રિના પોતાનાં ઘરે ખુરસી પર બેઠાં હતાં. દરમિયાન બેભાન થઈ જતાં તાકીદે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતક નાગરિક બેંકના નિવૃત કર્મચારી હતાં. હાલ નિવૃત જીવન જીવતા હતા. તેઓને સંતાનમાં બે પુત્રી અને બે પૂત્ર હોવાનું પરીવારજનોએ જણાવ્યું હતું.

આંધળી ચાકળ વહેંચવાના ગુનામાં પકડાયેલ મનીષ કાપડીયાની જામીન અરજી મંજુર કરતી અદાલત

રેન્જ ફોરસ્ટ ઓફિસરે આરોપી સામે વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એક હેઠળનાં ફરિયાદ નોંધાવી હતી

રાજકોટ, તા.૨૭

સ્તવન મહેતા
એડવોકેટ

આંધળી ચાકળ વહેંચવના ગુનામાં પકડાયેલ આરોપી મનીષ કાપડીયાની જામીન અરજી સેશન્સ કોર્ટે મંજુર કરી છે.

આ કેસની હકીકત એવી છે કે, આરોપી મનીષ છગન કાપડીયા તથા હિતેષ પ્રભુદાસ મકવાણા સામે વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એકટ-૧૯૭૨ ની કલમ-૨(૧૬), ૯, ૩૯, ૪૮, ૫૧, ૫૨ મુજબનો ગુન્હો તા.૩/૧/૨૦૨૪ નાં રોજ રેન્જ ફોરેસ્ટ ઓફિસર દ્વારા નોંધાવવામાં આવ્યો હતો. બન્ને આરોપીઓ આંધળી ચાકળ (રેડ સેન્ડ બોઆ)ના વેચાણ માટે એક્ટિવા પર લઈ જતા હોય ત્યારે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટનાં અધિકારીઓએ રોકી તલાશી બોકસમાંથી એક કાપડની થેલીમાંથી આંધળી ચાકળ મળી આવેલ. જેલ હવાલે રહેલા આરોપી મનીષએ તેમના એડવોકેટ સ્તવન મહેતા મારફત રાજકોટની સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરેલ હતી.

આરોપીના એડવોકેટએ કરેલી દલીલ અને ટાંકેલા સર્વોચ્ચ અદાલતના તથા અન્ય વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એક્ટનાં ચૂકાદા ધ્યાને લઈ સેશન્સ જજ એવા નિષ્કર્ષ પર આવેલ હતા કે, હાલના આરોપીઓ સામે આક્ષેપિત ગુન્હાનાં સંજોગોની જોગવાઈ વધુમાં વધુ સાત વર્ષ સુધીની અને ગુન્હો જેએમએફસી ટ્રાયેબલ હોય આરોપીનો ગુનાહિત ઈતિહાસ ન હોય અને કેસ ચાલતા અને તેને ગુણદોષ ઉપર નિર્ણય થતા વાર લાગે તેમ હોય આરોપીનાં જામીન શરતોને આધિન મંજૂર કરતો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી વતી રાજકોટનાં જાણીતા ધારાશાસ્ત્રી સ્તવન જી. મહેતા, નિકુંજ એમ. શુકલા, બ્રિજેશ ચૌહાણ, નિલરાજ રાણા, શ્યામ ત્રિવેદી તથા મદદનીશ તરીકે કશ્યપ પંડ્યા, નિશાંત ચાવડા, સત્યજીસિંહ જાડેજા, અને ઋષિત રોહિત રોકાયેલ હતા.

લક્ષ્મીલોજથી ઓળખાતી મિલ્કતનું બીનઅવેજી રીલીઝડીડ રદ કરતો દાવો મંજુર કરતી કોર્ટ

રાજકોટ : હિમેશકુમાર જશવંતરાય ગઢીયાએ ગુ. દિલીપભાઇ દામોદરદાસ ગોરસીયા પાસેથી રજીસ્ટર સાટાખત અનુક્રમ નં. ૧૮૭૨ તા. ૧૧-૫-૨૦૦૪ના રોજ ખરીદ કરેલ હોય દિલીપભાઇએ વાદી હિમેશકુમારના પિતાશ્રી જશવંતરાય ગઢીયાને આ મિલ્કતનો વહીવટ વ્યવહાર અને વેચાણ કરવાની સતા આપતું કુલમુખત્યારનામુ કરી આપેલ. ત્યારબાદ હિમેશકુમારે ચુકતે અવેજની રકમ રૂા. ૧૨,૦૦,૦૦૦/- ની જુદી જુદી તારીખોએ દિલીપભાઇને ચુકવી આપેલ તેથી તેની પહોંચ પણ દિલીપભાઇએ કરી આપેલ છે.

ત્યારબાદ જશવંતરાય ગઢીયાએ વાદી હિમેશકુમારના નામનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૫૫૧૪ તા. ૧૦-૮-૨૦૦૬ના કરી આપેલ. તેમજ આ મિલ્કતના ભાડુઆત પાસેથી ભાડુ ઉઘરાવવા હકકદાર થયેલ. હિમેશકુમાર ગઢીયા જોગ રજી. દસ્તાવેજ થઇ ગયા બાદ આ મિલ્કતના દિલીપભાઇ માલીક મટી ગયેલ છતાં બીનઅવેજી રીલીઝડીડ અનુક્રમ નં. ૬૪૪૪ તા. ૨૫-૯-૨૦૦૬ના કરી આપેલ. આ રીલીઝ ડીડ નલ એન્ડ વોઇડ છે અને કાયદાની અસર વગરનું હોય રદ કરવા વાદી હિમેશકુમાર ગઢીયાએ સીવીલ કોર્ટમાં દાવો દાખલ કરેલ. જે દાવો ચાલી જતા સીવીલ જજ પી.જે.કાયસ્થએ સુપ્રીમ કોર્ટના જજમેન્ટ મુજબ પહેલો દસ્તાવેજ થયેલ હોય અને બીજો દસ્તાવેજ દિલીપભાઇએ તેમના સગાભાઇ નરેન્દ્રકુમાર દામોદરદાસ ગોરસીયાની તરફેણમાં કરી આપેલ હોય તેથી બીજો રજી. દસ્તાવેજ (રીલીઝ ડીડ) નલ એન્ડ વોઇડ જાહેર કરેલ અને રદ કરેલ છે અને વાદીને લક્ષ્મીલોજના માલીક તરીકે ઠરાવેલ છે અને ભાડુ વસુલ કરતા નરેન્દ્રકુમાર અટકાયત કરે નહીં તેવો હુકમ કરેલ છે અને ૩૦ દિવસમાં કબજો સોંપી આપવા જણાવેલ છે. આ કામમાં વાદી હિમેશકુમાર જશવંતરાય ગઢીયા વતી ભરત પી. જોબનપુત્રા એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

રાજકોટ પાસપોર્ટ ઓફિસ કે હેરાનગતિનું ઘર ! : લોકો પરેશાન, તંત્ર બેફિકર







અમુક કાઉન્ટર પર માત્ર એક જ કર્મચારી હોય, તોછડાઈભર્યું વર્તન કરવામાં આવે છે, એપોઈન્ટમેન્ટ મળતી નથી - સાઈટનું સર્વર ડાઉન હોય, પૂરતી માહિતી કચેરી પર મળતી નથી, સિક્યોરિટી તોછડું વર્તન કરે છે સહિત અનેક પ્રશ્નો છતાં સાંસદો - ધારાસભ્યો સાવ ચૂપ

રાજકોટ : સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં આવેલ રિજિયોનલ પાસપોર્ટ ઓફિસ હવે લોકો માટે હેરાનગતિનું ઘર હોય તેવું સાબિત થાય છે. લોકો અહીં આવે છે ત્યારે એટલા ધરમધક્કા ખાવા પડે છે અથવા તો ખૂબ જ ધીમી પ્રોસેસનો સામનો કરવો પડે છે. પાસપોર્ટ ઓફિસ ટાટા કન્સલ્ટ્સીને સંચાલન કરવા અપાયું છે પરંતુ જે કેન્દ્ર સરકારના કર્મચારી છે તેનું વર્તન ખૂબ તોછડું હોય છે. પાસપોર્ટ ઓફિસ પર સૌરાષ્ટ્ર ભરથી લોકો નવો પાસપોર્ટ, રીન્યુઅલ, નેમ ચેન્જ, વગેરે જેવી સેવાઓ લેવા માટે પહોંચે છે. પરંતુ ઘણી વખત તો સાઈટનું સર્વર ડાઉન હોવાથી પ્રોબ્લેમ થતાં હોય છે તો અનેક વખત જ્યારે માંડ માંડ અપોઈન્ટમેન્ટ મળે છે તો સિક્યોરિટીને પૂરતી માહિતી નથી હોતી તો અરજદાર જાણે કોઈ ગુન્હેગાર હોય તેવું વર્તન કરતા હોય છે. પાસપોર્ટ ઓફિસ પહોંચનાર લોકો માટે પૂરતી સુવિધા કે માહિતી હોવી જરૂરી છે. પાસપોર્ટ ઓફિસમાં ટોકન આધારે કામ થતું હોય છે પરંતુ દરેક વિભાગમાં જેમકે ફોર્મ અને ફિંગર પ્રિન્ટ વિભાગ, દાખલ વિભાગ અને અંતે પાસપોર્ટ ચકાસણી વિભાગમાં ક્યાંક ને ક્યાંક કર્મચારીઓનો અભાવ હોય છે. હાલ, વેકેશન એપ્રિલ મે માં હોય અને તેથી લોકોને વિદેશ જવાનું હોય તેના માટે પાસપોર્ટની જરૂરિયત હોય છે. ગઈકાલે સોશ્યલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો જેમાં ત્રણ લોકોના કાઉન્ટર પર માત્ર એક જ કર્મચારી બેઠા હતા અને તેની સામે સેંકડો લોકો લાઈનમાં ઊભા હતા. વીડિયોમાં બાળકો, મહિલાઓ, વડીલો પર હેરાન થતા દેખાય છે. કર્મચારીઓને કોઈ પણ પ્રશ્ન પૂછવામાં આવે તો તે જવાબ નથી દેતા અથવા તો અપમાનજનક વર્તન કરે છે. લોકો માટે પાસપોર્ટ જવું તે એક સજારૂપ બની ગયું છે. રાજકોટમાં બે સાંસદો, ચાર ધારાસભ્યો જેમાંથી એક કેબિનેટ મંત્રી છતાં રાજકોટ પાસપોર્ટ ઓફિસની પ્રશ્ન હલ નથી કરી શક્યા તે એક શરમજનક બાબત છે. હવે રાજકોટમાં કેન્દ્રીય મંત્રી શ્રી પરપોત્તમ રૂપાલાનો છેલ્લા એકાદ મહિનાથી ઉપસ્થિતિ છે ત્યારે લોકો ઇચ્છે છે કે રાજકોટ પાસપોર્ટ ઓફિસ પર પૂરતો સ્ટાફ મળે, જે સ્ટાફ હોય તે લોકોના પ્રશ્નોનુ નિવારણ લાવવામાં મદદરૂપ બને. નેમ ચેન્જ માટે કાઉન્ટર પર પહોંચતા લોકો માટે ત્યારે ખબર પડતી હોય છે કે તેના ફોર્મમાં કોઈ ભૂલ છે અથવા અધૂરી માહિતી છે. જે વ્યક્તિ બે થી ત્રણ કલાકનો સમય વિતાવ્યો હોય તેને બાદમાં માલૂમ પડે છે. તો આ પ્રક્રિયા પહેલા પણ થઈ શકે છે. કર્મચારીઓને પૂછવામાં આવે તો અપમાન કર્યાનો આરોપ અરજદારે મૂક્યો હતો. પાસપોર્ટ ઓફિસમાં કોઈ સુધારો આવે તેવી આશા રાજકીય નેતાઓ અને તંત્ર પાસે લોકો રાખે છે.

મહિલા, બાળકો, વડીલો સહિત પાસપોર્ટ ઓફિસે પહોંચનાર અરજદારો પર તંત્ર જાણે ઉપકાર કરતુ હોય તેવું વર્તન : સોશ્યલ મીડિયા પર વાયરલ વિડિયો સાથે ભારે રોષ

સાંજે સિવીલ હોસ્પિટલના તબીબી અધિક્ષકને કલેકટરનું તેડું

યોગ્ય સારવારના અભાવે દર્દીના મોતની ઘટના બાદ અધિક કલેકટર ચેતનગાંધીએ તબીબોની ટીમ સાથે હોસ્પિટલની કરેલી તપાસણીમાં ગેરવહીવટ ખુલાતા ખુલાસો મંગાશે!

રાજકોટ,તા.૨૭

સિવીલ હોસ્પિટલમાં દર્દીઓની તબીબી સારવારમાં લાપરવાહી રખાતી હોવાની સમયાંતરે ફરિયાદો ઉઠતી રહી છે. આ દરમિયાન યોગ્ય સારવારના અભાવે એક દર્દીનું મોત થયાની ઘટના પ્રકાશમાં આવતા ગઈકાલે અધિક્ષક કલેકટર ચેતન ગાંધીએ તાબડતોબ તબીબોની ટીમ સાથે સિવીલ હોસ્પિટલ ખાતે દોડી જઈ કરેલી તપાસણીમાં કેટલીક બાબતોમાં ગેરવહીવટ ખુલ્યો હતો.

જેના પગલે કલેકટર પ્રભવ જોશીએ આજે સાંજના પાંચ કલાકે સિવીલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો.આર.એસ.ત્રિવેદીને કલેકટર કચેરી ખાતે બોલાવવામાં આવેલ છે. જેમાં હોસ્પિટલના ગેરવહીવટના મુદ્દે તબીબી અધિક્ષક ત્રિવેદી પાસેથી ખુલાસો માંગવામાં આવનાર સિવીલ હોસ્પિટલમાં રાજયના એક મંત્રીના પરીચિત દર્દીની સારવાર માટે તબીબી અધિક્ષક ડો.ત્રિવેદીનું ધ્યાન દોરવા છતા યોગ્ય સારવારના અભાવે આ દર્દીનું મોત થતો અને બાબતે કલેકટર તંત્રનું ધ્યાન દોરવામાં આવેલ હતું.જેના પગલે કલેકટર પ્રભવ જોશી દ્વારા અધિક કલેકટર ચેતન ગાંધી તેમજ જિલ્લા પંચાયતના તબીબોની ટીમને સિવીલ હોસ્પિટલમાં દોડાવી તપાસ કરાવી હતી.આ દરમિયાન હોસ્પિટલમાં કેટલીક બાબતોમાં ગેરવહીવટ ખુલ્લો પડેલ હતો હોસ્પિટલની તપાસણી બાદ સ્થળ પર જ કેટલાક આદેશ કરી દેવામાં આવેલ હતાં. જેમાં મેડીકલ ઓફીસર ટીમ પર જાય ત્યારે તેમનો ચાર્જ આપી કલેકટરને રિપોર્ટ કરવા તેમજ દર્દીની તપાસનું રજિસ્ટાર નિભાવવા સહિતની સુવિધા આપી હતી દરમિયાન આજે સાંજે પાંચ વાગ્યે આ ઘટનામાં કલેકટર પ્રભવ જોશી દ્વારા સિવીલ હોસ્પિટલના તબીબ અધિક્ષક ત્રિવેદીને કલેકટર કચેરી ખાતે સાંજે ૫ કલાકે ઉપસ્થિત રહેલા ફરમાન કરવામાં આવેલ છે.

બે દિવસમાં રોડ પર થૂંકતા ૧૧ વાહન ચાલક દંડાયા : ૨૬ સ્થળે સફાઇ નહીં થયાનું પકડાયું!

એક હજાર સીસીટીવીના સર્વેલન્સમાં વધુ વિસ્તારોમાં દેખાઇ બેદરકારી

રાજકોટ, તા. ૨૭

મનપાના કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ દ્વારા સીસીટીવી સર્વેલન્સમાં તા.૨૫ અને ૨૬ના રોજ પાન-ફાકી ખાઇને જાહેરમાં થૂંકતા વધુ ૧૧ વાહન ચાલકને પકડીને દંડ ભરવા ઇ-મેમો મોકલવામાં આવ્યા છે.

કંટ્રોલ રૂમ દ્વારા એક હજાર કેમેરા મારફત ૩૩૧૮ લોકેશન અને ૯૫૬ કામદારોની સફાઇ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ બે દિવસમાં જુદી જુદી ૨૬ જગ્યાએ સફાઇ નહીં થયાનું કેમેરામાં દેખાતા સીસીટીવી કંટ્રોલ રૂમ દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી. જે તે વિસ્તારના એસઆઇ મારફત ૨૪ કલાકમાં તેનો નિવારણ કરવામાં આવ્યું હતું.

આ કામગીરી કમિશનર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ નોડલ ઓફિસર વત્સલ પટેલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી છે.

ટાગોર રોડ, પારેવડી ચોક સહિતના માર્ગે ૧૭ મિલ્કતો સીલ : વોર્ડ નં.૫માં નળ જોડાણો કાપતી ટેક્સ બ્રાન્ચ

આજે વધુ ૨૫ મિલ્કતો ટાંચમાં લેવામાં આવી : એક કરોડથી વધુની રીકવરી કરતી મહાપાલિકા

રાજકોટ, તા. ૨૭

મનપાની વેરા વસુલાત ઝુંબેશમાં આજે જુદા જુદા વિસ્તારમાં વધુ ૧૭ મિલ્કત સીલ કરવામાં આવી હતી તો ૪ નળ કનેકશન કાપવામાં આવ્યા છે. સાથે જ આજે એક કરોડથી વધુની રીકવરી પણ થઇ છે.

બાકી વેરા બદલ આજે ટેકસ શાખાએ વધુ ૨૫ મિલ્કતોને ટાંચ જમી નોટીસ આપી છે. આજે બપોર સુધીમાં વેરાની ૧.૦૨ કરોડની આવક નોંધાઇ છે. આજે વોર્ડ નં.૪માં પારેવડી ચોકમાં અક્ષરધામ કોમ્પ્લેક્ષ અને સાગર આર્કેડમાં એક એક દુકાનો સીલ કરવામાં આવી હતી. વોર્ડ નં.પની વ્રજ માલધારી સોસાયટીમાં બે, માર્કેટ યાર્ડ પાસે વ્રજ સોસાયટીમાં એક નળ જોડાણ કાપવામાં આવ્યું હતું. વોર્ડ નં.૬ના મહિકા માર્ગ પર શિવમ એન્જી., બાલાજી ઇન્ડ. એસ્ટેટમાં સીલ મરાયા હતા.

વોર્ડ નં.૭ના ટાગોર રોડ પર ગુરૂરક્ષા કોમ્પ્લેક્ષમાં ઓફીસને સીલ મારવામાં આવ્યા હતા. ભકિતનગર સોસાયટીમાં શ્રીમદ ભવનના યુનિટને નોટીસ સામે ૯૪ હજારનો ચેક આવ્યો હતો. કોઠારીયા વિસ્તારમાં પણ રીકવરી થઇ હતી. આજ સુધીમાં ૩૯૧૯૧૭ આસામીએ ૩૫૩.૭૯ કરોડનો વેરો જમા કરાવ્યો છે.

પુરવઠાનું સર્વર પાંચ દિ'થી ઠપ્પ: વિતરણ ખોરંભે

આકરા તાપમાં લાભાર્થીઓને રેશનીંગની દુકાનનાં ધરમધક્કા થતા હોય ભારે દેકારો: રાજય કક્ષાનું એફ.પી.એસ. સંગઠન મેદાને: ઉચ્ચ કક્ષાએ રજૂઆત

રાજકોટ તા.૨૭

રાજકોટ સહિત સમગ્ર રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી આરટીઓ સબ રજીસ્ટ્રાર, જીએસટી સહિતનાં વિવિધ સરકારી ખાતાઓનાં સર્વર ઠપ્પ થઈ ગયાનો પ્રશ્ન ભારે ચર્ચાસ્પદ બન્યો છે. અને લાખો લોકો આ પ્રશ્નથી ભારે પિડાઈ રહ્યા છે. ત્યારે સર્વરની આ ખામીનો પ્રશ્ન હવે પુરવઠા વિભાગને પણ નડવા લાગ્યો છે.

આ અંગે વેપારી વર્તુળમાંથી મળતી વધુ વિગતો મુજબ ગુજરાત રાજયના ગરીબ લોકો સસ્તા અનાજની દુકાનેથી અનાજ લેવા જાય છે ત્યારે છેલ્લા પાંચ દિવસથી રોજ સર્વરના ધાંધીયા હોય છે લોકોને કાળજાળ ગરમીમાં બે બે ત્રણ ત્રણ કલાક દુકાન ખાતે બેસી અને પરત ફરવું પડે છે રાજય સરકાર સસ્તા આનાજની દુકાન ખાતે સમયસર જથ્થો પહોંચાડી શકતી નથી અને જથ્થો પહોંચે છે ત્યારે સર્વરના ધાંધિયા શરૂ થઈ જાય છે આ કારણે દુકાનદારો ભાઈઓએ પણ ખૂબ જ હાલાકી ભોગવવી પડે છે અને ગ્રાહકો તરફથી પ્રગટ થતા રોશનો ભોગ બનવું પડે છે સર્વરની આ આ માથાકૂટ દર મહિને હોય છે મહિનાના છેલ્લા દિવસોમાં દુકાન ખાતે જથ્થો પહોંચવાના કારણે પણ સર્વર ઉપર લોડ પડતો હોય છે ચાલુ માસે ગુજરાતના હજુ પણ ઘણા બધા તાલુકામાં ખાંડ ચણા દાળ જેવી જન્સીઓ પહોંચી નથી તથા ઘણા બધા તાલુકામાં ઘઉં અને ચોખા જેવી રેગ્યુલરજન્સી પણ પહોંચી નથી જેના કારણે સસ્તા અનાજની દુકાન ખાતેથી વિતરણ શરૂ થયું નથી અને ગરીબ લોકોને દુકાનના ધક્કા થાય છે

ઉનાળાની સીઝન અને ચૂંટણીના માહોલ વચ્ચે સરકારશ્રીએ તાત્કાલિક પગલાં લેવા જોઈએ અને ગરીબોની આ સમસ્યાનું કાયમી સમાધાન થાય એવા પગલાં ભરવા જોઈએ.

ઉલ્લેખનીય છે કે આ બાબતે ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશનના પ્રમુખ શ્રી રાજેન્દ્રસિંહ જાડેજા તથા મહામંત્રી હિતુભા જાડેજા વાડીલાલભાઈ પટેલ તરફથી ગ્રાહકો અને દુકાનદારો ને અનુભવી પડતી પીડા બાબતે ઉચ્ચ કક્ષાએ નારાજગી સાથે રજૂઆત કરવામા આવી છે

દ્વારકાની ફિશિંગ બોટને પાક મરીનની બોટે ટક્કર મારી: ૧નું મોત: ૬ માછીમાર લાપતા

પાકિસ્તાને માછીમારોના અપહરણ કર્યાની આશંકા: ઓખા મરીન -કોસ્ટ ગાર્ડ હરકતમાં: તપાસ શરૂ

જામખંભાળિયા,તા.૨૭

દેવભૂમિ દ્વારકાના બેટ દ્વારકા વિસ્તારના માછીમારો સાથેની એક ફિશિંગ બોટ ઓખાથી પાકિસ્તાન તરફની જળસીમામાં માછીમારી કરી રહી હતી, ત્યારે પાકિસ્તાની બોટ સાથે ટક્કર થયાના અહેવાલો સાંપડ્યા છે. જેમાં એક ખલાસીનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે અન્ય માછીમારોના અપહરણ થયાનું કહેવાય છે.

આ સમગ્ર પ્રકરણ અંગે બિનઆધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા મંડળના બેટ દ્વારકા ખાતે રહેતા પાંજરી ઈરફાન અલાના નામના એક માછીમાર આસામીની અલ હુસેની નામની ફિશિંગ બોટ ગત તારીખ ૧૫ માર્કના રોજ સવારના સમયે સાત ખલાસીઓ તથા માછીમારી સાથે બેટ દ્વારકા ખાતેથી માછીમારી કરવા માટે નીકળી હતી. આ બોટમાં ૧૭ થી ૫૫ વર્ષની ઉંમરના ખલાસીઓ-માછીમારો હતા.

આ ફિશિંગ બોટ ભારતની જળસીમા નજીક માછીમારી કરી રહી હતી, ત્યારે આ સ્થળે કોઈ કારણોસર પાકિસ્તાન મરીન સિક્યુરિટી એજન્સી વિભાગની બોટ સાથે તેઓની ટક્કર થઈ હતી. જેના કારણે આ બોટમાં જઈ રહેલો બેટ દ્વારકાનો રહીશ પાંજરી સાયર મામદ નામનો ૧૯ વર્ષનો માછીમાર યુવાન મૃત્યુ પામ્યો હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે તેમાં સવાર અન્ય છ જેટલા માછીમારો લાપતા બન્યા છે. ત્યારે મૃતક પાંજરી સાયરના મૃતદેહને દ્વારકા બાદ જામનગર ખાતે પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યો છે.

અકસ્માતગ્રસ્ત ફિશિંગ બોટનો કાટમાળ તથા ઝાળ દરિયામાં જખ્ખો બંદરથી અંદાજિત ૧૨ નોટિકલ માઇલ દૂર વિખેરાયેલો હોવાનું તેમજ તેમાં સવાર તમામ ખલાસીઓ લાપતા હોવા અંગે તંત્રને લેખિત જાણ કરવામાં આવી છે. આ સમગ્ર બાબત અંગે ઓખાના મત્સ્યોદ્યોગ અધિકારી, ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ તથા ઓખા મરીન પોલીસને પણ જાણ કરવામાં આવી છે. ગત તા. ૨૧ માર્ચના રોજ બનેલા આ બનાવ અંગે સરકારી તંત્ર પણ હરકતમાં આવ્યું છે અને વિવિધ દિશાઓમાં આગળની કાર્યવાહી કરી છે. ઉપરોકત મુદ્દે પાકિસ્તાન મરીન સિક્યુરિટી એજન્સી દ્વારા સોશિયલ મીડિયામાં પણ કેટલીક બાબતો અંગે જાણકારી આપવામાં આવી હોવાનું કહેવાય છે.

પાક મરીન સિક્યુરીટીની નાપાક હરકતમાં દ્વારકાની બોટ શિકાર બની હતી: દરીયામાં કાટમાળ,મૃતક યુવાન તથા પરિવાર જનો રજુઆત કરતા તસ્વીરમાં જણાય છે. **(ફોટો:- કુંજન રાડિયા)**

ભગવતીપરામાં મોડી રાતે તરૂણીની છેડતી કરી પડોશીએ ધમકી આપી

પડોશમાં રહેતાં વિજય ઉર્ફે ગંગુએ ગાળો આપી મારી સાથે ચાલ કહી તરૂણીને ધમકાવી: બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધો

રાજકોટ.તા.૨૭

ભગવતીપરા વિસ્તારમાં મોડી રાતે બાથરૂમ કરવા ગયેલ તરૂણીને પાડોશી શખ્સે બથ ભરી મારી સાથે ચાલ કહી બેફામ ગાળો આપી ધમકી આપી છેડતી કરતાં બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપી વિજય ઉર્ફે ગંગુને સકંજામાં લઈ તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે ભગવતીપરામાં રહેતાં વૃધ્ધાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે વિજય ઉર્ફે ગંગુ (ઉ.વ.૨૭) નામના શખ્સનું નામ આપતાં બી. ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ઘરકામ કરે છે. તેમના પુત્રની ૧૫ વર્ષની પુત્રી તેમની સાથે રહે છે અને ધોરણ ૯ માં અભ્યાસ કરે છે. આજે સવારના છ વાગ્યાની આસપાસ તેઓ જાગેલ ત્યારે તેમની પુત્રી જે ડીલવરી માટે આવેલ હોય તેણે વૃધ્ધાને જણાવેલ કે, રાત્રીના આશરે અઢી વાગ્યાની આસપાસ તેમની પૌત્રી બાથરૂમ કરવા માટે જાગેલ અને બહાર ગયેલ હતી. તેને બાથરૂમ કરવામાં વાર લાગતા તેણીએ પાછળ બહાર જતા પૌત્રીને બાજુમા રહેતા વીજય ઉર્ફે ગંગુ નામનો શખ્સ ગાળો આપતો હોય અને પોતાની સાથે આવવા કહેતો હતો.

તેઓ તેની નજીક જતા આરોપી વીજય ઉર્ફે ગંગુ નાસી છૂટ્યો હતો.જે બાબતે તરૂણીને પૂછતાં અને જણાવેલ કે, હું બાથરૂમ કરવા બહાર આવેલ ત્યારે આરોપી મારી સામે જોઈ ખરાબ ઈશારા કરી મને બોલાવતા હું તેની પાસે ન જતા તે મારી નજીક આવી મને બથ ભરી જતા એકદમ ગભરાઈ ગઈ ત્યાથી ભાગી ઘર તરફ આવતા આરોપી મને ગાળો દેવા લાગેલ હતો. બનાવ અંગે બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીઆઈ એસ.એમ.જાડેજા અને ટીમે આરોપીને સકંજામાં લેવાં તજવીજ હાથ ધરી હતી.

દિલ્હી શરાબ કાંડ: કાલે કોર્ટ સમક્ષ ધડાકો કરશે કેજરીવાલ

નવી દિલ્હી, તા.૨૭

શરાબ કાંડમાં એન્ફોર્સમેન્ટ વિભાગ દ્વારા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની કરાયેલી ધરપકડને પડકારતી રીટ પર આજે બપોરે દિલ્હી હાઈકોર્ટનો ચુકાદો આવી રહ્યો છે તે પૂર્વે જ કેજરીવાલના પત્ની સુનિતા કેજરીવાલે આજે વધુ એક નિવેદનમાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં શરાબ કાંડમાં જે દરોડા પડ્યા છે તેમાં એક પણ રૂપિયાની રીકવરી થઈ નથી. જે દર્શાવે છે કે કોઈ ભ્રષ્ટાચાર થયો નથી તેમણે જણાવ્યું કે કેજરીવાલ આવતીકાલે કોર્ટમાં એક મોટો ધડાકો કરશે. કેજરીવાલની ધરપકડ બાદ સતત તેમની વતી મીડીયા સમક્ષ આવી રહેલા સુનિતા કેજરીવાલે આજે જણાવ્યું હતું કે પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયા ઉપરાંત સાંસદ સંજયસિંહ અને અમારા ઘરે પણ દરોડા પડ્યા હતા. પરંતુ એક પણ રૂપિયો ઝડપાયો નથી. તેમણે કહ્યું કે અરવિંદ કેજરીવાલ ભલે જેલમાં રહે પરંતુ તેમની આત્મા દિલ્હીના લોકો સાથે છે અને દિલ્હી માટે તેઓ ચિંતા જેલમાં કરે છે. તેમણે ઉમેર્યું કે અત્યાર સુધીમાં ૨૫૦થી વધુ દરોડા પડી ચૂક્યા છે. પરંતુ કોઈ એવા દસ્તાવેજ કે રોકડ પકડાયા નથી કે શરાબ કાંડમાં ભ્રષ્ટાચાર સાબિત થઈ શકે. તેમણે કહ્યું કે કેજરીવાલ આ અંગે આવતીકાલે અદાલત સમક્ષ ધડાકો કરશે.

સુનિતા કેજરીવાલની જાહેરાત: શરાબ કાંડમાં ૨૫૦થી વધુ દરોડા પડ્યા પણ એક પણ રૂપિયાની રોકડ ઝડપાઈ નથી

રાજકોટના બજાર ભાવ

તેલ (૧૫ કિલો)	ભાવ
સીંગતેલ તેલ (નવા ડબ્બા)	૨૫૪૫-૨૫૯૫
સીંગતેલ (જૂના ડબ્બા)	૨૪૯૫-૨૫૪૫
કપાસીયા તેલ (નવા ડબ્બા)	૧૬૪૦-૧૬૯૦
કપાસીયા તેલ (જૂના ડબ્બા)	૧૫૯૦-૧૬૪૦
પામોલીયન તેલ	૧૫૨૦-૧૫૨૫
મસ્ટર્ડ તેલ	૧૬૧૦-૧૬૪૦
સનફલાવર તેલ	૧૫૨૦-૧૫૪૦
મકાઇ તેલ	૧૫૬૦-૧૫૭૫
વનસ્પતિ ઘી	૧૬૪૦-૧૬૮૦
કોપરેલ	૨૨૦૦-૨૨૨૦
દિવેલ	૨૦૪૦-૨૦૬૦

સોનુ-ચાંદી

સોનુ (૧૦ ગ્રામ)	૬૮૬૫૦(+૧૫૦)
ચાંદી	૭૫૯૦૦(-૨૦૦)

આ. શ્રી યશોવિજયસૂરીજી મ. તથા પૂ. જે.પી.ગુરૂદેવની નિશ્રામાં

નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થમાં તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પૂ. પ્રેમસૂરિદાદાની ૧૦૫મી જન્મ જયંતિ ઉજવાઇ

રાજકોટ, તા. ૨૭



શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થમાં તા.૨૪ના રવિવારે પૂ. મુનિરાજ શ્રી જે.પી.ગુરૂદેવના ૫૪મા જન્મદિવસ તથા ૧૦ દિવસીય મૌન જાપ સાધનાની પુર્ણાહુતિ પ્રસંગે વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમમાં ૫૪ દીપક સાથે પૂ. જે.પી.ગુરૂદેવના જન્મદિનની ઉજવણી તથા શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જિનાલયની ૧૮મી સાલગીરીની ધજાના ૭૮ લાભાર્થી પરિવારોનું સન્માન કરવામાં આવેલ હતું.

વિશેષમાં શ્રી જય અંબે ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટ પાંજરાપોળને ૫૪ મણ લીલુ ઘાસ નીરવામાં આવેલ જ્યારે તા. ૨૫ના સોમવારે પૂ. તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી પ્રેમસૂરિદાદાના ૧૦૫મી જન્મ જયંતિ પ્રસંગે સવારે ૭ થી ૮ સુધી પૂ. આ.ભ. શ્રી યશોવિજયસૂરીજી મ. તથા પૂ. મુનિશ્રી જયપ્રભવિજયજી (પૂ. જે.પી.ગુરૂદેવ) મહારાજની નિશ્રામાં ગુણાનુવાદ તથા પ્રવચનનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ નવકારશી યોજાઇ હતી.

ઉપરોકત કાર્યક્રમને સફળ બનાવવા શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન સંઘના પ્રમુખ ડો.હરેશભાઇ મહેતા તથા મેનેજીંગ ટ્રસ્ટી ડો. ભરતભાઇ મહેતાના માર્ગદર્શન હેઠળ કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

શિશુમંદિરના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધો

પ્રવીણકાકા મણીઆર કેમ્પસ – શિશુમંદિર અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યું હતું. વિજ્ઞાન ગુર્જરી ગુજરાત મહાસંમેલન દ્વારા એવીપીટીઆઈ કોલેજ ખાતે યોજાયેલા ત્રણ દિવસીય વિજ્ઞાન પ્રદર્શનમાં શિશુમંદિરના વિદ્યાર્થીઓ દેવાંશી સોલંકીએ પર્યાવરણને અનુરૂપ જીવનશૈલી, કવ્ય ગાંધીએ નદી સ્વચ્છ કરતી બોટ, ધીર શેઠએ ટેસલાકોઈલનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. શિશુમંદિરના ચેરમેન અપૂર્વભાઈ મણીઆર અને ડો. બળવંતભાઈ જાનીએ વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટને

સ્વ.પુત્ર રવિકુમારની યાદમાં પિતા અમુભાઈ ભારદીયા દ્વારા પાણી બચાવો માટે રૂા. ૫ લાખનું અનુદાન

રાજકોટ:તા ૨૭

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સંપૂર્ણ લોકભાગીદારીથી પૃથ્વીની સમગ્ર જીવસૃષ્ટીનાં રક્ષણ માટે વરસાદી પાણીને દરિયામાં જતું રોકવા માટે ૧૩૫ થી વધુ ચેકડેમો રીપેરીંગ, ઉંચા, ઊંડા કરવા તેમજ નવા બનાવીને અઢળક પાણીનો જથ્થો રોકવાથી ખુબ મોટો ફાયદો થયો છે. તેમજ ૧૧,૧૧૧ ચેકડેમ બનાવવાનો સંકલ્પ શાકાર કરવા માટે ચેક ડેમ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

અમુભાઈ ભારદીયા દ્વારા સમાજમાં પ્રકૃતિની રક્ષા માટે અનેક કર્યો કરી રહ્યા છે. તેમાં પોતાના પુત્ર-સ્વ. રવિકુમાર ભાદરીયાનાં સ્મરણ અર્થે રૂ. ૫ લાખ દર વર્ષે ચેકડેમ માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટને રવિકુમારના જન્મદિવસને કાયમી યાદગાર બનાવવા ચેકડેમ આજીવન ઉપયોગ થાય તેવા હેતુથી સમાજને અર્પણ કરેલ તથા ભવિષ્યમાં જામનગર જીલ્લામાં ભાટિયા તાલુકામાં ટ્રસ્ટ દ્વારા ચેકડેમો બનાવવા, રીપેરીંગ કરવા કે ઊંડા, ઊંચા કરવાની કામગીરી કરશે તો તેમાં પણ રૂ. ૧૧ લાખનું દાન આપવાની જાહેરાત કરેલ હતી. જામનગર ખાતે રવિ ટેકનો કસ્ટ પ્રા. લી. રાજકોટ અમુભાઈ ભારદીયા દ્વારા રવિકુમાર ભાદરીયા અ/ઈ હોલમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટનાં પાણી બચાવવાના અભ્યાનને વેગ આપવા માટે સમાજના આગેવાનો, ઉદ્યોગપતિઓ અને પ્રકૃતિ પ્રેમી લોકોને બોલાવી ભવ્ય મિટિંગનું આયોજન કરેલ હતું. જેમાં અંજલીબેન ચતુર્વેદીએ પાણીનું મહત્વ લોકોને સમજાવી પોતે એક ચેકડેમ બનાવવા માટે દાન જાહેર કરેલ છે.

વૃદ્ધ માતાઓ સાથે ભક્તિનગર પોલીસે હોળી પર્વની ઉજવણી કરી

રાજકોટ, તા.૨૭

ભક્તિનગર પોલીસ સ્ટેશન તથા સુરક્ષાસેતુ સોસાયટીના કમીટી સભ્યોના સંયુકત ઉપક્રમે પોલીસ દ્વારા આનંદનગર મેઇન રોડ પર આવેલ જલારામ વૃધ્ધાશ્રમમાં રહેતા ૧૯ વૃધ્ધમાતાઓ સાથે હોળી ધુળેટીના પાવન પર્વે ઉજવણી કરવામાં આવી હતી.

સૌ પ્રથમ અહીં ભક્તિનગર પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયા તથા પોલીસ સ્ટેશનના તમામ મહીલા કર્મચારીઓ દ્વારા કપાળે કંકુચાંદલા કરી તથા પુષ્પવર્ષા કરી ચરણ સ્પર્શ કરી આશીર્વાદ મેળવવામાં આવેલ. ત્યારબાદ તમામ માતાઓને જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જમાડવામાં આવેલ. વૃદ્ધ માતાઓને પોલીસ હેડ કર્વાર્ટસ ખાતે પ્રગટાવેલ હોળીના દર્શન કરવા લઈ જવામાં આવ્યા હતા. અહીં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ તથા અન્ય ઉચ્ચ અધીકારીઓ તમામ વૃધ્ધોને ઊષ્માભેર મળી તેઓના ખબરઅંતર પુછે લ. ત્યારબાદ વૃદ્ધમાતાઓ એ રામનાથ મહાદેવના દર્શન કરવાની ઈચ્છા વ્યકત કરતા પીઆઈ સરવૈયા દ્વારા તેઓને રામનાથ મહાદેવ મંદીર ખાતે લઈ જઈ દર્શનનો લાભ અપાવેલ. પરત વૃધ્ધાશ્રમ ખાતે પહોંચતી વખતે વૃદ્ધ માતાઓની આખોમાં આંસુ છલકાયા હતા અને અવારનવાર મળવવા આવવા પોલીસ સ્ટાફને અનુરોધ કરતા ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. આ તકે સુરક્ષાસેતુ કમિટીના સભ્યો મનુભાઈ જોબનપુત્રા, કેતનભાઈ જરીયા, ગોપાલભાઈ અને જલારામ વૃધ્ધાશ્રમના સંચાલક દ્વારા ખુબ જ સહકાર મળેલ હતો.

રેલવે સેફટીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ રાજકોટ ડિવિઝનના ૬ કર્મચારીઓને ડીઆરએમએ કર્યા સન્માનિત

રાજકોટ ડિવિઝનના છ કર્મચારીઓને તાજેતરમાં રાજકોટ ડિવિઝન ના ડિવિઝનલ રેલવે મેનેજર અશ્વનીકુમાર દ્વારા રેલવે સેફટી માં ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડિસેમ્બર-૨૦૨૩ અને જાન્યુઆરી-૨૦૨૪ મહિનામાં રેલવે સેફટી માં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ટ્રાફિક અને એંજીન્યરિંગ વિભાગ ના કર્મચારીઓને આ એવોર્ડ આપવામાં આવ્યો છે. અભિષેક કુમાર, છોટા લાલ કે, અવિનાશ કુમાર, શૈલેન્દ્ર કુમાર, સંજય એસ, લલિત કિશોર ને એવોર્ડ એનાયત થયો હતો.

ઓપનબુક એકઝામ

શ્રી વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્ર-રાજકોટ સંસ્કારિત શાસન પ્રગતિ માસિકપત્ર ૩૬ વર્ષથી પ્રકાશિત થાય છે. દેશ-વિદેશમાં હજારો લોકો વાંચન કરી જ્ઞાનની વૃધ્ધિ કરે છે.

ઉપહારની શૃંખલામાં ૨૫ માર્ચનો આવશ્યક સુત્ર વિશેષાંક ૨૧૬ પેજમાં પ્રગટ કરેલ છે. જેમાં પેજ ૨૧૦ થી ૨૧૨માં પ્રશ્નપત્ર સંલગ્ન છે. જવાબપત્રની છેલ્લી તા. ૩૧-૭-૨૪ છે. પુસ્તક અલ્પમૂલ્ય ૫૦ રૂપિયામાં શ્રી જશ-પ્રેમ-ધીર સંકુલ, ૫-વૈશાલીનગર, રૈયા રોડ ખાતેથી મળશે. વધુ વિગત માટે મો. ૯૬૭૯૬૨ ૩૨૩૫૭નો સંપર્ક કરવો.

પાલીતાણામાં મહેશભાઈ મહેતાનું સન્માન

દર વર્ષે રાજકોટથી પાલીતાણા સ્પેશ્યલ બસ દ્વારા સિધ્ધગિરિની છ ગાઉની યાત્રાનું આયોજન કરતા મહેશભાઈ મહેતાનું આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા તા. ૨૩મીના સન્માન કરવામાં આવેલ. તસ્વીરમાં મહેશ મહેતાનું સન્માન કરતા પેઢીના અગ્રણીઓ નજરે પડે છે.

ગુજરાત રાજયના NSS બેસ્ટ પ્રોગ્રામ ઓફીસરનો એવોર્ડ ડો.યશવંત ગોસ્વામીને એનાયત

કણસાગરા મહિલા કોલેજમાં હિન્દી વિભાગના અધ્યક્ષ ઉપરાંત NSS ના રાજકોટ જિલ્લાના કો.ઓર્ડીનેટર અને NSS પ્રોગ્રામ ઓફીસર તરીકે ફરજ બજાવે છેઃ શિક્ષણમંત્રીના હસ્તે એવોર્ડ અપાયો

રાજકોટ,તા.૨૭

કણસાગરા મહિલા કોલેજમાં હિન્દી વિભાગના અધ્યક્ષ ઉપરાંત NSS ના રાજકોટ જિલ્લાના કો-ઓર્ડીનેટર અને NSS પ્રોગ્રામ ઓફીસર તરીકે ફરજ બજાવતા પ્રો.ડો.યશવંતગિરી કે ગોસ્વામીને યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય ભારત સરકાર અંતર્ગત NSS સેલ ઉચ્ચશિક્ષણ કમિશનરની કચેરી ગાંધીનગર ગુજરાત સરકાર દ્વારા રાજયના બેસ્ટ NSS પ્રોગ્રામ ઓફીસરનો વર્ષ ૨૦૨૧-૨૨નો ગૌરવ પૂર્ણ એવોર્ડ ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા અને NSS સેલ ગાંધીનગરના પદાધિકારીઓની હાજરીમાં શિક્ષણમંત્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.બહુમુખી પ્રતિભા ધરાવતા ડો.યશવંત ગોસ્વામી પત્રકાર, ચિત્રકાર, લેખક અને વકતા પણ છે એમના ૨૫થી વધુ પુસ્તકો હિન્દી, ગુજરાતીમાં પ્રસિદ્ધ થયા છે ૨૫ વખત કૈલાશ માનસરોવર યાત્રા કરવા ઉપરાંત ૨૫ થી વધુ દેશના યાત્રા પ્રવાસ કર્યા છે મહાદેવના ઉપાસક ડો.ગોસ્વામીએ ૫ પુસ્તકો મહાદેવ પર લખ્યા છે.શિક્ષણ જગતની સાથે વિવિધ ક્ષેત્રમાં વિશેષ લોકચાહના મેળવેલ છે. તેમના નેતૃત્વમાં કોલેજના અનેક વિદ્યાર્થીઓએ સ્ટેટ, નેશનલ અને ઈન્ટરનેશનલ સ્તરે પહોંચી NSS ની પ્રવૃતિને ગતિશીલ બનાવવામાં અમૂલ્ય યોગદાન આપવા બદલ ડો.યશવંત ગોસ્વામીને અમૂલ્ય એવોર્ડ પ્રાપ્ત થયો છે.આ તકે શુભેચ્છકો દ્વારા મો.નં.૯૪૨૭૪ ૯૫૧૭૫ પર અભિનંદન વર્ષા થઈ રહી છે.

રડીબા ચેરી. ટ્રસ્ટ તથા રાજકોટ ન.પા.ના ઉપક્રમે પ્રતિમા સફાઈ કાર્યક્રમ યોજાયો

રાજકોટ,તા.૨૭

નિર્મળ ગુજરાત ૨.૦ તથા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત રાજકોટ શહેરની મહાનગરપાલિકાનાં બગીચાઓમાં મુકાયેલ વિવિધ પ્રતિમાઓની સફાઈ કામગીરી દર વર્ષે હાથ ધરાય છે. આ વર્ષે પણ રડીબા ચેરીટેબલ ટ્રસ્ટ તથા મહાનગરપાલિકા રાજકોટનાં સંયુકત ઉપક્રમે યુનિવર્સિટી રોડ પર આવેલ બિશપહાઉસની સામેનાં બગીચામાં સ્વાતંત્ર્ય વીર ચંદ્રશેખર આઝાદની પ્રતિમાની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી. તથા પ્રતિમા આસપાસની જગ્યા પણ સફાઈ કરવામાં આવી. આ કાર્યક્રમમાં રડીબા ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ વનિતાબેન રાઠોડ, તારાબેન રાઠોડ, સભ્ય દિપાલીબેન રાઠોડ, મીતભાઈ રાઠોડ અને કિશોરભાઈ ઠાકર જોડાયાં હતાં. મહાનગરપાલિકામાંથી વિરલભાઈ ચાવડા (નાયબ પર્યાવરણ ઈજનેર),સુરેશભાઈ પટેલ (સેનેટરી ઈન્સપેક્ટર), વિજયભાઈ માતરિયા (સેનેટરી સબ-ઈન્સપેક્ટર), મહિપાલસિંહ ગોહિલ (સેનેટરી સબ-ઈન્સપેક્ટર) આ કાર્યક્રમમાં જોડાયા હતા. રડીબા ચેરીટેબલ ટ્રસ્ટ સ્વચ્છતા અભિયાનના કાર્યો હાથ ધરે છે તથા સમાજસેવાની પ્રવૃત્તિમાં સતત કાર્યરત રહેતી આ સંસ્થા છે. રડીબા ચેરીટેબલ ટ્રસ્ટમાં જોડાવા માટે આપ આ મોબાઇલ નંબર ૯૦૧૬૮ ૬૮૮૧૪ પર સંપર્ક કરી શકો.

રાહત દરે ઓર્થોપેડિક ડોકટરની સેવા

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ કનકરોડ, એસટી સ્ટેશન પાછળ, કૃષ્ણ ચીકીત્સાલયમાં રાહતદરે ઓર્થોપેડીક નિષ્ણાંત ડો. એમ.પી.રાજા દર સોમવાર, બુધવાર, ગુરૂવાર, શનિવાર સવારે ૯થી૧૦ સેવા આપશે તેમજ ડો. હિરેનભાઈ કોઠારી દર મંગળવારે તથા શુક્રવારે સવારે ૯થી૧૦ સેવા આપશે.

ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની ઉજવણીમાં સામેલ થવા

જૈનમ દ્વારા જૈનોના ચારેય ફીરકાઓને આમંત્રિત કરવા ખાસ કમીટીની રચના કરાઈ

રાજકોટ,તા.૨૭

જૈનમ્ દ્વારા ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવની ઉજવણી માટે જૈનોનાં ચારેય ફીરકાઓ સંગઠીત થઈને ઉજવણી કરે તેવા શુભ હેતુથી જૈનમ પરિવારનાં સભ્યોની કમીટીની રચના કરવામાં આવી છે. જે કમીટી દ્વારા રાજકોટનાં મૂર્તિપૂજક જૈન સંઘો, દેરાસરો, સ્થાનકવાસ જૈન સંઘો, ઉપાશ્રયો, શ્રીમદ્ રાજચંદ્રજી કેન્દ્ર, દિગંબર જિનાલયો વિગેરેમાં વ્યાખ્યાન સમયે તથા અન્ય કાર્યક્રમ સમયે સાધુ ભગવંતો, શ્રાવક-શ્રાવિકાઓની હાજરીમાં રૂબરૂ જઈ તમામને જૈનમ વતી આગામી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવની ઘનારી ઉજવણીમાં જોડાવવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવી રહયું છે. જેમાં જૈનમ વતી રાજકોટનાં દેરાસરો અને શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર ખાતે આ નિમંત્રણ પાઠવવા માટે રચાયેલ કમીટીમાં તરૂણભાઈ કોઠારી, પ્રશાંતભાઈ સંઘવી, જીતુભાઈ મારવાડી, મહેશભાઈ મણીયાર, અનીષભાઈ વાઘર, જીગરભાઈ પારેખ, મેહુલભાઈ શાહ, રાકેશભાઈ શેઠ, શ્રેણિકભાઈ જૈન, વિશાલભાઈ મહેતા, દર્શનભાઈ શાહ વિગેરે કાર્ય કરી રહયા સ્થાનકવાસી ઉપાશ્રયો અને સ્થાનકો, દિગંબર જિન મંદિર ખાતે સૌ નિમંત્રીત કરવા જયેશભાઈ મહેતા, સુજીતભાઈ ઉદાણી, હિતેશભાઈ મહેતા, બ્રિજેશભાઈ મહેતા, નિલેશભાઈ ભલાણી, ચેતનભાઈ કામદાર, નિલેશભાઈ શાહ, શૈલેષભાઈ માંડ, ઉપેનભાઈ મોદી, ભરતભાઈ પારેખ, ચિરાગભાઈ દોશી, હિતેશભાઈ શાહ, અશોકભાઈ વોરા, બકુલેશભાઈ મહેતા, કુમારભાઈ શાહ, જયદત્ત સંઘાણી, પરેશભાઈ સંઘાણી, યતીન્દ્રભાઈ જૈન, ધૈર્યભાઈ પારેખ, મનીષભાઈ શાહ, મનોજભાઈ દોશી વિગેરે જૈનમ પરિવારનાં સભ્યો જહેમત ઉઠાવી રહ્યાં છે.

હેપ્પી બર્થ ડે દિવ્યદીપસિંહ

વાળા (ક્ષત્રિય) ગીરાસદાર પરિવારના લાડલા દિવ્યદિપસિંહનો જન્મદિવસ છે. આજ દિવ્યદીપસિંહનો જન્મદિવસ છે. આજ દિવ્યદિપસિંહ પાંચમાં વર્ષમાં મંગલપ્રવેશ કરશે ત્યારે પિતા જયપાલસિંહ, માતા આશાબા, દાદા મહીપતસિંહ, દાદી માયાબા ખુબ ખુબ શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

અમૃતેશ્વર લાફીંગ કલબ દ્વારા ધૂળેટી નિમિતે પ્રાણાયામ અને ધ્યાનનો રંગારંગ કાર્યક્રમ યોજાયો

ધૂળેટી પર્વ નિમિતે અરવિંદ વોરા ડીસ્ટ્રીકટ કન્વીનર રાજકોટ લાફીંગ કલબના હસ્તે 'તિલક હોળી' સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી તેમજ અમૃતેશ્વર લાફીંગ કલબ દ્વારા જીતેન્દ્ર ઠક્કર અને ડો. મંથન ઠક્કર આયોજીત હાસ્ય સાથે પ્રાણાયામ અને ધ્યાનનો રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે કન્વીનર રમેશભાઈ અનડકટ, વહીવટી અધિકારી વિનોદભાઈ મકવાણા, માહિતી અધિકારી ભાઈલાલભાઈ સંઘાણી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું અને શહેરની અમૃતેશ્વર લાફીંગ કલબ તથા ન્યુ એરા લાફીંગ કલબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કબુતરના ઘર, ચકલીના માળા, ફીડર અને ચણનું વિતરણ

બજરંગ ગ્રુપ ઓફ રાજકોટ સીટી ધ્વારા દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ સંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પંચમુખી હનુમાનજીના મંદિર પાસે, ગરેડીયા કુવા રોડ ખાતે નિઃશુલ્ક વિતરણના ભાગરૂપે તાજેતરમાં હસુભાઈ ગણાત્રા, હરેશભાઈ દવે, મનુભાઈ ખંઢેરીઆ, ભગીરથસિંહ જાડેજા, બી.કે. જાડેજા, હર્ષદસિંહ જાડેજા ના વરદ હસ્તે કબુતરના ઘરનું, ચકલીના લાકડાના, માટીના માળા, ફીડર, ચણનું વિતરણ કરવામાં આવે છે.

વાઘબકરી ફાઉન્ડેશન દ્વારા એનિમલ રેસ્કયુ વાનનું લોકાર્પણ

અમદાવાદ : પારસભાઇ દેસાઇ (એકઝીકયુટીવ ડિરેકટર વાઘબકરી ગ્રુપ)ની દીર્ઘદ્રષ્ટિ હેઠળ પર્યાવરણ સંરક્ષણ માટે વાઘબકરી ફાઉન્ડેશન દ્વારા વિદ્યાનગર નેચર કલબને વન્યપ્રાણી બચાવ વાહન અર્પણ કરવામાં આવ્યું.

આ પહેલા વિદ્યાનગર નેચર કલબ આણંદ અને ખેડા જિલ્લામાં કાર્યરત મગર, સારસ અને ગીધના સંરક્ષણ પ્રકલ્પોને વધુ મકકમ કરવામાં પ્રેરણા પૂરી પાડવાની છે.વાઘબકરી ચા ફેકટરી, ખાંધલી ખાતે તુષારભાઇ ત્રિપાઠી (સીઓઓ-વાઘબકરી ગ્રુપ)ના હસ્તે આ વાહનની ચાવી વિદ્યાનગર નેચર કલબને પરંપરાગત રીતે સોંપવામાં આવી.

વાઘબકરી ગ્રુપના એકઝીકયુટીવ ડિરેકટર પારસભાઇ દેસાઇએ આ પ્રકલ્પને 'સહઅસ્તિત્વ પ્રકલ્પ' તરીકે નામાંકિત કર્યો. જે વાઘબકરી ગ્રુપના મુખ્ય ઉદ્દેશ્ય મનુષ્ય અને વન્યપ્રાણીઓ વચ્ચેના સુમેળભર્યા સહઅસ્તિત્વને સ્પર્શે છે. વિદ્યાનગર નેચર કલબના અનિરૂધ્ધ વસાવાએ વાઘબકરી ગ્રુપની આ ઉદાર મદદ માટે આભાર વ્યકત કર્યો હતો. ઉપરાંત તેઓએ ભય હેઠળ મુકાયેલી પ્રજાતિઓના ઝડપી બચાવમાં આ વન્યપ્રાણી બચાવ વાહન કેવી રીતે ઉપયોગી થશે તેની મહત્તા પર પ્રકાશ પાડયો હતો. બંને સંસ્થાઓની આ સહયોગ જૈવવિવિધતાના બચાવ અને ટકાઉ પર્યાવરણ કડીના ઉત્થાન માટે થઇ રહેલા કાર્યને દર્શાવે છે. આ શુભપ્રસંગ હેઠળ ખાંધલી પ્રાથમિક શાળામાં પર્યાવરણ જાગૃતિ માટે એક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

ખેડા જીલ્લાના ખાંધલી ગામે વાઘ બકરી ફેકટરી ખાતે યોજાયેલ કાર્યક્રમ

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા પેઢીને પર્યાવરણ સંરક્ષણનું મહત્વ તેમજ ભય હેઠળ મુકાયેલી પ્રજાતિઓના સંરક્ષણ માટેની જરૂરીયાત સમજાવવાનો હતો. વાઘબકરી ફાઉન્ડેશનનો આ ટેકો વિદ્યાનગર નેચર કલબના પર્યાવરણીય સિધ્ધાંત અને આપણા ગ્રહની કિંમતી જૈવવિવિધતાના સંરક્ષણ માટે એક આધારસ્તંભ બની રહેશે.

RTE પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન અરજી માટે સમયગાળો લાંબાવાયો

રાજકોટ,તા.૨૭

RTE ACT-2009ની કલમ ૧૨.૧ (સી) હેઠળ નબળા અને વંચિત જૂથનાં બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫નાં જુન માસથી શરૂ થતા નવા સત્ર અન્વયે ધોરણ-૧માં વિનામુલ્યે પ્રવેશ ફાળવવાની કાર્યવાહી અંતર્ગત https://rte.orpgujarat.com/ પર ઓનલાઈન અરજી કરવા અર્થે નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા તા. ૦૫/૦૩/૨૦૨૪નાં રોજ જાહેરાત પ્રસિદ્ધ કરી તા. ૧૪/૦૩/૨૦૨૪ થી તા. ૨૬/૦૩/૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવા અર્થે ૧૩ દિવસનો સમય આપવામાં આવેલ.RTE હેઠળ પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો તા. ૩૦/૦૩/૨૦૨૪, રાત્રીનાં ૧૨.૦૦ વાગ્યા સુધી લંબાવવામાં આવે છે.તા. ૨૭/૦૩/૨૦૨૪ થી ૩૦/૦૩/૨૦૨૪ દરમિયાન પ્રવેશ મેળવવા ઈચ્છુક અરજદારઓ ઓનલાઈન વેબપોર્ટલ પર સંપર્ક કરવાનો રહેશે.

આજે વિશ્વ રંગભૂમિ દિવસ

સુખ અને દુઃખ, પ્રેમ અને ક્રોધ, વેર-ઝેર, સમાજની વાસ્તવિકતા દર્શાવતું એક માત્ર આધાર રંગમંચ

રાજકોટ:તા ૨૭

સમગ્ર વિશ્વમાં ૨૭ માર્ચનો દિવસ ''વિશ્વ રંગભૂમિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ ૧૯૬૧માં આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થાન દ્વારા કરવામાં આવ્યો હતો. રંગભૂમિનાં મૂળ વેદ-ઉપનિષદમાં જોવા મળે છે.'ભગવદ ગોમંડલ' ગ્રંથનાં આધારે માની શકાય કે પૂર્વ ૧૨૮૦માં ગુજરાતીમાં પહેલું નાટક લખાયું ત્યારબાદ ૧૮૫૧માં નર્મદે 'બુધ્ધિવર્ધક' નામની સંસ્થા શરૂ કરી. એ જ અરસામાં શેકસપિયર કલબની સ્થાપના મુંબઈમાં થઇ. આ સમયને ગુજરાતી રંગભૂમિનો ઉદભવ સમય હોવાનું માનવામાં આવે છે.

આધુનીક યુગ હાઇટેક ટેકનોલોજીનો યુગ માનવામાં આવે છે. મેકઅપ, કેમેરા, લાઇટસ, સાઉન્ડ, લેપટોપ, પેનડ્રાઇવ, ટેબલેટ, પેંટિબલ હાર્ડડિસ્ક, એડીટીંગ વગેરેમાં અલ્ટ્રા મોર્ડન ડીઝીટલ ટેકનોલોજીનો ઉપયોગ થઇ રહ્યો છે.રંગમંચના કાર્યક્રમ લાઇવ હોય છે. જે થયું તે થયું જ. સ્ટેજ ઉપર ડાયરેકટ ટેઇક જ હોય છે. રીટેક થતો જ નથી. ગુજરાતી રંગમંચ પર ભજવાતાં નાટકો એ ગુજરાતી ભાષા અને સાહિત્ય વારસાનો એક અમૂલ્ય ભાગ છે. રંગમંચ પર સુખ અને દુઃખ, પ્રેમ અને ક્રોધ, વેર-ઝેર, તારું ને મારું ગૃહસંચાર, સમાજની વાસ્તવિકતા, માનવીનાં જીવન સાથે સંકળાયેલી અનેક બાબતો નાટકો રૂપી ભજવાય રહી છે. શરૂઆત થતા જ નાટક અને નાટય મંડળીઓનો યુગ પુરો થયો હોય તેવુ લાગે છે તેમ છતાં આજે પણ કેટલીક નાટય મંડળીઓ અને નાટકનાં કલાકારો એ આ રંગમંચ ને જીવીત રાખ્યો છે.

રાજકોટમાં સર્વ પ્રથમવાર ચેતા તંત્ર તથા સ્નાયુઓની બીમારીઓ ધરાવતા બાળકો માટે રવિવારે ફ્રી મેડીકલ કેમ્પ

રાજકોટ તા.૨૭

રાજકોટમાં પ્રથમવાર ચેતા તંત્ર તથા સ્નાયુઓની બીમારીઓ ધરાવતા બાળકો માટે તા.૩૧મી માર્ચના રવિવારે સવારે ૯થી ૧૧ લલિતાલય રોટરી ખાતે નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન રોટરી મીડટાઉનના સહયોગથી કરવામાં આવેલ છે.

'સાંજ સમાચાર'ના આંગણે રોટરી કલબ મીડટાઉનના પ્રેસીડેન્ટ અનિલભાઈ જસાણી, દિવ્યેશભાઈ અઘેરા તથા ડો. ગાયત્રી રાઠોડ વગેરે આવેલા હતા અને બાળકોમાં થતી બીમારીઓ અંગેની જાણકારી આપી હતી.

ડો.ગાયત્રી રાઠોડે જણાવ્યું કે બાળકોના ન્યુરોમસ્કયુલરની બીમારી માટે હવે અમદાવાદ જવાની જરૂર નથી રાજકોટમાં તમામ સારવાર ઉપલબ્ધ છે.

ન્યુરોમસ્કયુલર બીમારીઓ શું છે?

આ બીમારી ચેતાને અસર કરે છે. ખાસ કરીને મગજની અને ફરોડજજુની બહાર. તેમાં હાથ પગનાં સ્નાયુઓને પણ અસર થાય છે. મોટાભાગના મજજાતંતુના રોગો જન્મજાત/આનુવંશિક જ હોય છે. કુટુંબમાં ઘણી પેઢીઓને અસર કરી શકે છે.

જન્મજાત ન્યુરોમસ્કયુલર બીમારીઓમાં શામેલ છે

મસ્કયુલર ડિસ્ટ્રોફી (સીએમડી, ડીએમડી), માયોટોનિક ડિસ્ટ્રોફી (ડીએમ), સ્પાઈનલ અટ્રોફી (એસએમએ), પેરિફેરલ ન્યુરોપથીઝ (જેમ કે ચાકોર્ટ-મેરી-ટૂથ રોગ-સીએમટી), માઈટોકોન્ડ્રીયલ ડિસઓર્ડર.

ન્યુરોમસ્યુલર રોગના લક્ષણો શું છ ?

સ્નાયુ શિથિલ હોવા (Hypertonia), બાળકોનો શારીરિક વિકાસ વિલંબિત હોવો (motor dela), બાળકની ચાલ અસામાન્ય લાગણી (gait problem), સ્નાયું નબળા હોવા. બેસવામાં, ચાલવામાં, દાદરા ચઢવામાં સપોર્ટની જરૂરત પડવી.

આ પ્રકારની ગંભીર બીમારીઓથી પીડાતા બાળકો (૧૮ વર્ષની ઉમર સુધીના) માટે રાજકોટના સુપર સ્પેશિયાલિસ્ટ ડોકટરની ટીમ દ્વારા આ કેમ્પમાં ફ્રી કન્સલ્ટેશન આપવામાં આવશે. જરૂરીયાતમંદ દર્દીને ફ્રી ફિઝિયોથેરાપી કલન્સલ્ટેશન પણ આપવામાં આવશે.

કેમ્પમાં સેવા આપનારા ડોકટરો

આગામી તા.૩૧મીના રવિવારે યોજાનારા કેમ્પમાં બાળકોના ન્યુરોલોજીસ્ટ ડો. નિશાંત રાઠોડ, ડો. ગાયત્રી રાઠોડ, બાળકોના હાડકાના ડો. રોહન પારવાણી તથા ડો. આકાશ માંકડિયા, બાલકોના ગ્રંથિના ડો. ઝલક શાહ તથા ડો. ચેતન દવે તેમજ બાળકોના હૃદયના ડો. નિહાર પાઠક વગેરે સેવા આપશે.

રજીસ્ટ્રેશન

કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ ફોન પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે તે માટે મો.નં. ૯૪૦૯૩ ૩૦૦૩૪, ૯૪૦૯૩ ૩૦૦૩૫નો સંપર્ક કરવા જણાવાયું છે.

રવિવારે મોઢ વણિક મહાજનનાં યુવીએમસી પાર્ટી લોન્સનું લોકાર્પણ

ચંપારણ્યનાં પૂ. દ્વારકેશલાલજી મહોદયનાં હસ્તે સમાજાર્પણ સાથે પુષ્ટિ માર્ગીય ભકિતગીત-જ્ઞાતિ ભોજન સહિતના કાર્યક્રમોનું આયોજન

રાજકોટ,તા.૨૭

રાજકોટ ૧૫૦ વર્ષથી વધુ જુની સંસ્થા શ્રી મોઢ વણિક મહાજન રાજકોટ દ્વારા શહેરના ન્યારી ડેમ રોડ પર ઓટીબીની સામે પાર્ટી લોન્સનું નિર્માણ કરવામાં આવ્યું છે ઉજમશીભાઈ વીરચંદભાઈ વોરા મોઢ વણિક કેમ્પસ તથા પાર્ટી લોન્સનું આગામી ૩૧ માર્ચને રવિવારના રોજ જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાગટય પીઠાધીસ્વર સોમયાજી દિક્ષીત અનંત શ્રી વિભૂષિત પૂ.પા.ગો. ૧૦૮ દ્વારકેશલાલજી મહોદય ચંપારણ્યના હસ્તે સમર્પણ કરવામાં આવશે.

મોઢ વણિક મહાજન રાજકોટ દ્વારા નવા યુગમાં એક નવા જ પગલાનાં મંડાણ કરવામાં આવ્યાં છે.સવાસો વર્ષે જ્ઞાતિજનોને કંઈક સવાયું આપવાનાં ઉમદા ઉદ્દેશ સાથે મોઢ વણિક મહાજનના પ્રમુખ ભાગ્યેશભાઈ વોરા, મેનેજિંગ ટ્રસ્ટી કિરેનભાઈ છાપીયા, ઉપપ્રમુખ સુનિલભાઈ વોરા, મંત્રી અશ્વિનભાઈ

વડોદરિયા, સહમંત્રી કેતનભાઈ પારેખ, ખજાનચી નીતિનભાઈ વોરા, ટ્રસ્ટી સંજયભાઈ મણિયાર, જગદીશભાઈ વડોદરિયા, ઈલેશભાઈ પારેખ, અને ધર્મેશભાઈ વોરાની ટીમ દ્વારા અથાગ પરિશ્રમ બાદ યુવીએમસી પાર્ટી લોન્સના નિર્માણના ભગીરથ કાર્યપાર ઉતારવામાં આવ્યું છે.

આ પાર્ટી લોન્સમાં જ્ઞાતિજનો પોતાના વિવિધ સામાજિક પ્રસંગોની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી શકશે.અંદાજે ૩૦,૦૦૦ ચોરસ ફુટના આ પાર્ટીલોન્સ સાથે આધુનિક કોન્ફરન્સ હોલ, વિવિધ સગવડતા સાથેના પાંચ એસી રૂમ અને અલ્ટ્રા મોડર્ન કિચન સહિતના આધુનિક સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું છે જેને જ્ઞાતિના ઉત્થાન માટે સેવાનો ભેખધારણ કર્યો હતો તેવા જ્ઞાતિ રત્ન ઉજમશીભાઈ વીરચંદભાઈ વોરા મોઢ વણિક કેમ્પસ તથા પાર્ટી લોન્સ નામ આપવામાં આવ્યું છે.

આગામી ૩૧મી માર્ચને રવિવારના રોજ સાંજે ૫ કલાકે લોકર્પણ કરવામાં આવશે.આ સાથે ભકિત કે રંગ શ્રીજી કે સંગ શીર્ષક હેઠળ પુષ્ટિમાર્ગીય ભકિત સંગીતના ગીતો તથા સન્માન પુષ્પો થકી દાતાઓને બિરદાવશે અને વિરાટ જ્ઞાતિ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

લોકપર્ણ સમારોહના અધ્યક્ષ તરીકે મોઢ મહોદયનાં અધ્યક્ષ હર્ષદભાઈ શાહ તેમજ મુખ્ય મહેમાન તરીકે મુકેશભાઈ દોશી, ડી.વી.મહેતા, રાજેન્દ્રભાઈ ધારેયા, શ્રીમતી કલ્પનાબેન એ વડોદરિયા, શ્રીમતી ભારતીબેન એચ.શાહ, શ્રીમતી અંજનાબેન જે વડોદરિયા, અજયભાઈ એન પરીખ શ્રીમતી શારદાબેન પી.પારેખ, રક્ષિતભાઈ કામદાર, સુરેન્દ્રભાઈ ગાંધી, ભાવેશભાઈ પારેખ, મગનભાઈ દોશી, કિરીટભાઈ બખાઈ, પરિનભાઈ એ શાહ, મિલનભાઈ પી.વોરા, જીરેનભાઈ છાપીયા, પંકજભાઈ રાઠોડ, ડો.યોગેશભાઈ મહેતા, જયોતિન્દ્રભાઈ પારેખ, દેવેન્દ્રભાઈ મણિયાર, યશભાઈ રાઠોડ, કેતનભાઈ મેસ્વાણી, અતુલભાઈ રાઠોડ, શ્રીમતી ભાવનાબેન ડી.બખાઈ કૃણાલભાઈ મણિયાર, સુનિલભાઈ બખાઈ, અતિથિ વિશેષઓ શ્રી ગિરિશભાઈ શાહ, જગદીશભાઈ ભાડલીયા અશોકભાઈ ભાડલીયા, કિશોરભાઈ ભાડલીયા, અશ્વિનભાઈ પટેલ, કિરીટભાઈ પટેલ, વિપુલભાઈ બખાઈ, જયશ્રીબેન પટેલ, અરવિંદભાઈ શાહ શશિકાંતભાઈ ગાંધી સહિતનાઓ ઉપસ્થિત રહશે.

પાર્ટીલોન્સની વિગતો માટે કેતનભાઈ પારેખ શ્રીજી ઈલેકટ્રોનિકસ, મનીષ કોમ્પ્લેક્ષ અક્ષર માર્ગ રાજકોટ ખાતે સંપર્ક કરવા મોઢ વણિક મહાજન ટ્રસ્ટના પ્રમુખ ભાગ્યેશ વોરા,મેને ટ્રસ્ટી કીરેન છાપીયા, ઉપપ્રમુખ સુનિલ વોરા, મંત્રી અશ્વિન વડોદરિયા સહમંત્રી કેતન પારેખ ખજાનચી નીતિન વોરા, ટ્રસ્ટી જગદીશ વડોદરીયા ટ્રસ્ટી સંજય મણિયાર ટ્રસ્ટી ઈલેશ પારેખ, ટ્રસ્ટી ધર્મેશ વોરા લોકાર્પણ સમારોહને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

રાજકોટમાં ૨૫ વર્ષથી જૈનોના ચારેય ફીરકાઓ માટે ચાલતો મહાવીર જૈન મેરેજ બ્યુરો

બહેનો માટે સભ્ય પદ નિઃશુલ્ક છે

રાજકોટ તા.૨૭

રાજકોટ શહેરના જૈન અગ્રણીઓ મુકેશભાઈ મહેતા, નયનભાઈ શાહ, ચંદ્રેશભાઈ સંઘવી, વિજયભાઈ દોશી, અનિલભાઈ ઝાટકીયા, મેહુલભાઈ મહેતા, જીજ્ઞેશભાઈ મહેતા દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી જૈન સમાજના ચારેય ફીરકાઓ માટે દર રવિવારે સવારે ૧૦થી બપોરના ૧ વાગ્યા સુધી 'શ્રી મહાવીર મેરેજ બ્યુરો' દ્વારા જૈન સમાજના અપરિણીત યુવક યુવતીઓ માટે રીતસર સેવાયજ્ઞ ચાલી રહ્યો છે.

શ્રી મહાવીર જૈન મેરેજ બ્યુરો'માં દર રવિવારે સવારે ૧૦ વાગ્યે સમગ્ર સૌરાષ્ટ્રના વિવિધ શહેરોના અપરિણીત જૈન યુવક યુવતીઓ આવે છે અને અહીં સેંકડો જૈન યુવક યુવતીઓના ફોટા સાથે ઉમેદવારની સંપૂર્ણ વિગતો ધરાવતા બાયોડેટાની ફાઈલો ચાલી છે તે ફાઈલોમાંથી યુવક યુવતીઓ પોતાને અનુકુળ હોય તેવા ઉમેદવારો પસંદ કરે છે અને પછી યુવક યુવતીઓની મીટીંગ ગોઠવવામાં આવે છે અને જો યુવક અને યુવતીને બધુ પસંદ આવે તો પછી વાત આગળ ચાલે છે. અને પછી યુવક યુવતી લગ્નગ્રંથીથી જોડાઈ દાંપત્ય જીવનની શુભ શરૂઆત કરે છે.

શ્રી મહાવીર જૈન મેરેજ બ્યુરોના હોદેદારો દર રવિવારે સાવ નિઃસ્વાર્થ ભાવે અને જૈન યુવક યુવતીઓનો ઘર સંસાર બંધાય તેવા શુભ હેતુથી જે રીતે તેમના સમયનો ભોગ આપી આ વિશાળ સેવાયજ્ઞ ચલાવી રહ્યા છે.

અહીં નામ નોંધણી કરવા માટે યુવક યુવતી ઉમેદવારોએ પોતાના સંપૂર્ણ બાયોડેટાની દસ કોપી અને પોસ્ટકાર્ડ સાઈઝનો ફુલ ફોટો અને પાસપોર્ટ ફોટો આપવાનો રહેશે. આ અંગે શ્રી મહાવીર જૈન મેરેજ બ્યુરો સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ મહેતા (મો. ૯૮૨૪૮ ૪૩૮૨૨) તથા ઉપપ્રમુખ નયનભાઈ શાહ (મો.૮૪૬૦૧ ૩૬૦૦૦) જણાવ્યું છે કે આ સંસ્થા છેલ્લા ૨૫ વર્ષથી આ કાર્ય કરી રહી છ જયારે આ મેરેજ બ્યુરોમાં દર રવિવારે લગ્ન માટે આશાસ્પદ યુવક યુવતીઓ આંખોમાં ભવિષ્યના સુખી લગ્ન જીવનનું એક સપનું આંઝીને આવતાં હોય છે. અને અત્યાર સુધીમાં શ્રી મહાવીર મેરેજ બ્યુરો દ્વારા અંદાજે સાત હજાર જેટલા યુવક યુવતીઓએ લગ્નના શુભ તાંતણે બંધાઈ દાંપત્યજીવનની મધુરી શરૂઆત કરી છે.

રાજકોટમાં દર રવિવારે મહાવીર જૈન મેરેજ બ્યુરો 'માતોશ્રી' ૨-માર્તુનગર, એરપોર્ટ રાજકોટના સરનામા ખાતે યુવક યુવતીઓ એકત્રિત થાય છે.

રાજકોટના સ્વિમરોએ પોરબંદરના દરિયામાં સ્વિમીંગનો આનંદ માણ્યો

દરિયામાં વોટર સર્ફિંગ, કયાકિંગ, સર્ફ બોડ દ્વારા સાહસ

રાજકોટ તા.૨૭

રાજકોટ ડિસ્ટ્રીકટ સ્વીમીંગ એસો. દ્વારા હોળી-ધૂળેટીના તહેવારોની રજામાં રાજકોટ શહેરના સ્વીમીંગ ભાઈ બહેનો માટે પોરબંદરના નવી બંદર દરિયા કિનારે સમુદ્ર તરણ, કયાકિંગ, સર્ફ બોર્ડ, વોટર સર્કિંગનો આનંદ માણ્યો હતો.

જેમાં જેસલ પટેલ, ક્રિશા અકબરી, વ્યોમ ચન્યારા પાર્થિવ પટેલ, કશ્યપ ચોવટીયા, સિધ્ધરાજસિંહ સોલંકી, આર્યન જોશી વિ.એ એકસપર્ટ કાનજીભાઈ જુગી, મયુરભાઈ પાંજરી (કસ્ટમ ઓફિસર) અશોકસિંહ જાડેજા, સ્વીમીંગ કોચ બંકિમ જોશી, જયભાઈ ભટ્ટ, નિલેષભાઈ રાજયગુરૂ વિ.એ માર્ગદર્શન આપ્યું હતું. નવી બંદરના સરપંચ સુમિતભાઈ મેંદિરના મેનેજર અશોકભાઈએ સહયોગ પુરો પાડયો હતો.

મોર્ડન ટેટુઝના રાજન સુરાણી દ્વારા સૌરાષ્ટ્ર ગુજરાતમાં સૌપ્રથમવાર ટેટુ સેમિનારનું ભવ્ય આયોજન

આર્ટિફિશિયલ સ્કિન પર લાઈવ ટેટુ કરાવી તેનું ડાઉટ સોલ્વીંગની માહિતી અપાશે

રાજકોટ, તા.૨૭

શહેરમાં મોર્ડન ટેટુઝના ટેટુ આર્ટિસ્ટ રાજન સુરાણી ખાસ કરીને યુવાનોમાં ખૂબ આગવું નામ ધરાવે છે. તેઓ સતત છેલ્લા ૧૫ વર્ષથી ટેટુના વ્યવસાય સાથે સંકળાયેલા છે. રાજન સુરાણી દ્વારા આગામી તા. ૬ એપ્રિલને શનિવાર ના રોજ ટેટુ સેમિનારનું ''ધ ફર્ન'' હોટલ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારની અંદર પ્રેકટીકલ, થીયરી તેમજ લાઈવ સેશન પાર્ટીસિપેન્ટ માટે ખાસ રાજન સુરાણી દ્વારા યોજવામાં આવ્યો છે. જેમાં તેઓ વિવિધ પ્રકારની તાલીમ આપવાના છે.

ખાસ આ સેમીનારનું મહત્વપૂર્ણ અને આકર્ષણ લાયક મહત્વ એ છે કે ટેટુ આર્ટિસ્ટ રાજન સુરાણી દ્વારા આર્ટિફિશિયલ સ્કિન પર લાઈવ ટેટુ કરાવી તેનું ડાઉટ સોલ્વીંગ સેશન દ્વારા સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવશે. આ સેમિનારમાં ૩૫ લોકોએ ભાગ લીધેલ છે. આ સેમિનારમાં ભાગ લેવા તથા જોડાવા માટે મો. નં. ૯૫૧૦૩૭૭૭૭૧ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

હોકો ઓન વ્હીલ્સ: અમદાવાદ, સુરત, ભરૂચ, બરોડા, ભાવનગર અને રાજકોટમાં ફ્રી આઈસ્ક્રીમ ઑફર

રાજકોટ:તા ૨૭

આખા મહિનામાં દરમિયાન, હોકો ઓન વ્હીલ્સે અમદાવાદ, સુરત, ભરૂચ, બરોડા, ભાવનગર અને રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં હૃદયસ્પર્શી પ્રવાસ શરૂ કરેલ છે. જેમાં ફ્રી આઈસ્ક્રીમની ઓફર કરે છે અને આનંદ ફેલાવે છે.આ ઓફર થી લોકોમાં હર્ષની લાગણી ફેલાઈ ગઈ છે. વાઈબ્રન્ટ હાજરી અને સ્વાદિષ્ટ હોકો આઈસક્રીમોએ શેરીઓને ઉજવણીમાં ફેરવી દીધી, જોડાણોને ઉત્તેજન આપ્યું અને અવિસ્મરણીય ક્ષણો બનાવી.સંતોષકારક સ્વાદ સાથે લોકોને તેઓની ફેવરીટ આઇસક્રીમ પહોંચાડી રહ્યા છે. લોકો પણ આ સ્વાદ માણી આનંદ અનુભવી રહ્યા છે.જેમ જેમ તેઓ તેમનું મિશન ચાલુ રાખે છે, તેમ હોકો ઓન વ્હીલ્સના સૌજન્યથી ગુજરાતને ખુશીનો મીઠો સ્વાદ મળી રહ્યો છે

શાસ્ત્રી મેદાનમાં સ્વામિનારાયણ મહોત્સવનો પ્રારંભ

મહોત્સવ એ ભગવાનમાં જોડવા માટેનું એક નિમિત્ત છેઃ શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મ.

રાજકોટ તા.૨૭

વડતાલ ધામ આંગણે ૨૦૦ વર્ષ પૂર્વે ભવ્ય મંદિરનું નિર્માણ કર્યુ તેનો દ્વિશતાબ્દી મહોત્સવ વર્ષ ચાલી રહ્યો હોય તેમજ આચાર્ય સ્થાપના કરી તેમના ૨૦૦ વર્ષ પૂર્ણ થયા હોય તેમજ વડતાલ દેશ પીઠાધીપતિ પૂ. આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજના ૭૫માં પ્રાગટય અમૃત મહોત્સવ વર્ષ અંતર્ગત રાજકોટ શહેરને આંગણે શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ રાજકોટ શાખા તથા સ્વામિનારાયણ ગાદી ટ્રસ્ટ વડતાલ દ્વારા ભવ્ય શ્રી સ્વામિનારાયણ મહોત્સવ તેમજ પૂ. લાલજી મહારાજ ૫૦મો સુવર્ણ જયંતિ મહોત્સવનો રાજકોટ શહેરના શાસ્ત્રી મેદાન ખાતે રંગેચંગે પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ મહોત્સવ અંતર્ગત ગઈકાલ તા.૨૬ને સાંજે ૭ વાગ્યે ભવ્ય પોથીયા નિકળી હતી. જે પોથીયાત્રા રાજકોટના રાજમાર્ગો પર ફરી અને ૯ વાગે શાસ્ત્રી મેદાન ખાતે પહોંચેલ હતી. આ પોથીયાત્રાની અંદર વડતાલથી પૂ.નાના લાલજી મહારાજ પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ પધારી અને દર્શનનો લાભ આપ્યો હતો. પૂ.લાલજી મહારાજે પોતાના પ્રાસંગિક આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે, મહોત્સવએ ભગવાનમાં જોડવા માટેનું એક નિમિત છે. આ મહોત્સવ એટલા માટે જ યોજાતા હોય છે કે આ જીવને આધી, વ્યાધી, ઉપાધિમાંથી મુકત કરવા માટેના આ પ્રયાસો છે. તેમજ વકતા પૂ.કૈવલ્યસ્વરૂપ સ્વામીએ કથાનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે કથા એ ભગવાનમાં જોડનારી એક ચાવી છે. કથાથી ભગવાનનો અને જીવનો મેળાપ કાયમી રહે છે. આ કથા અંતર્ગત આજે રાત્રે ૧૦-૩૦ વાગ્યે ભવ્યાતી ભવ્ય ઘનશ્યામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. તેમજ આ કથા અંતર્ગત ભગવાન સ્વામિનારાયણ ગાદી પટ્ટાભિષેક મહોત્સવ, વડતાલ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવશે.

આ મહોત્સવ અંતર્ગત સ્વામિનારાયણ સંપ્રદાયના પ.પૂ. ભાવી આચાર્ય નૃગેન્દ્રપ્રસાદ જી મહારાજશ્રીના ૫૦માં સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણી ભવ્યાતી ભવ્ય રીતે તા.૩૦ના શનિવારના રોજ ઉજવાશે. આ મહોત્સવના પ્રારંભમાં જ ૩૫૦૦થી પણ હરિભકતો ઉમટી પડયા હતા. આ મહોત્સવની અંદર ગુજરાત સહિત દેશભરમાંથી હરિભકતો આવી રહ્યા છે અને લાભ લઈ રહ્યા છે. આ સમગ્ર મહોત્સવનું લાઈવ પ્રસારણ શિક્ષા ટીવી ચેનલના માધ્યમથી વિશ્વના ૫૨ દેશોમાં થઈ રહ્યું છે.

શુક્રવારે કાલાવડ રોડ જૈન સંઘ-જય પારસધામના આંગણે

પૂ. ગુરુદેવશ્રીનું સામૈયુઃ દીક્ષાર્થીનો વર્ષીદાનનો વરઘોડો તથા દેવ-દેવીઓના ભંડારોની અર્પણવિધિ કાર્યક્રમ

રાજકોટ, તા.૨૭

જિનશાસન પ્રભાવક આ.ભ. શ્રી જયશેખર સૂરિશ્વરજી મહારાજા પ્રેરિત જય પારસધામ જિનાલય (કાલાવડ રોડ જૈન સંઘ)ના આંગણે આગામી તા.૨૯મીના શુક્રવારે શ્રી પાર્શ્વનાથ ભગવાન ચ્યવન તથા દીક્ષાર્થીનો વરસાદીનનો વરઘોડો તથા દેવ-દેવીઓના ભંડારોની અર્પણ વિધિ વગેરે કાર્યક્રમો યોજાશે.

તા.૨૯મીના શુક્રવારે સવારે ૬-૧૫ કલાકે હેમલતાબેન રસિકભાઈ લાઠીયા, રાજ એપાર્ટમેન્ટ, જલારામ-૧, શેરી નં.૩ ખાતેથી આચાર્ય ભગવંત શ્રી યશોવિજયસૂરિજી મ. આદિ ઠાણાનું સામૈયુ તથા દીક્ષાર્થી જીમિતકુમારનો વર્ષીદાનના વરઘોડો શરૂ થશે જે વાજતે ગાજતે જય પારસધામ જિનાલયે સંપન્ન થયા બાદ પૂ. ગુરૂદેવ માંગલિક પ્રવચન ફરમાવશે.

ત્યારબાદ જિનાલયમાં બિરાજમાન દેવ-દેવીઓના ભંડારાની અર્પણ વિધિ અને લાભાર્થી પરિવારો દ્વારા પ્રથમ ભંડાર પુરવામાં આવશે. તથા ઉપશ્રયમાં પૂ. ગુરૂદેવશ્રીની પાટ સમક્ષ શ્રી સ્થાપનાજી સ્થાપવાના તિગડાની અર્પણવિધિ થશે.

ભંડાર ભરવાના લાભાર્થી પરિવારોમાં ચેતનાબેન ધર્મેન્દ્રભાઈ શાહ (હ. પૂજા, વૈભવ, સ્નેહા, નિરવ) પરિવાર, ગુણવંતીબેન ભગવાનદાસ શાહ (હ. દિપાંશી, પ્રાંશી, નિવાન, અહાન, આશી) પરિવાર, કાશીબેન અમૃતલાલ શાહ (હ. અંજનબેન અશ્વિનભાઈ શાહ) પરિવાર, માનકુંવરબેન રાયચંદભાઈ દોશી પરિવાર, હંસિકાબેન અરવિંદભાઈ મણિયાર (હસ્તે તૃમિબેન મિહિરભાઈ મણિયાર) પરિવાર છે. જેમાં ગૌતમ સ્વામી દેરીનો ભંડાર, પૂ.આ. શ્રી જયાનંદસૂરિજી મ., લક્ષ્મી માતાજી, અંબિકા માતાજી, સરસ્વતી માતાજીનો ભંડાર તથા સ્થાપનાજી તીગડુંનો સમાવેશ થયો છે તેમ કાલાવડ રોડ સંઘના નિતેશભાઈ શાહે જણાવેલ છે.

પટેલ સેવા સમાજ સંચાલિત અતિથિ ભવન અને વર્કિંગ વિમેન હોસ્ટેલનો દાતાઓનાં હસ્તે મંગલ શુભારંભ

સમાજની દિકરીઓ-અતિથિ માટે રાહતદરનું ભાડુઃ દર્દીઓ માટે નિઃશુલ્ક રહેવાની સુવિધાઃ બંને વિભાગોના રૂમોમા એરકન્ડીશન

રાજકોટ તા.૨૭

રાજકોટના હાર્દસમા યાજ્ઞિક રોડ પર જીલ્લા પંચાયત ચોક નજીક આવેલી પટેલ સેવા સમાજ રાજકોટ સંચાલિત અતિથિ ભવન અને વર્કિંગ વિમેન્સ હોસ્ટેલનો શુભારંભ થયો છે.

રાજકોટના ૪૧ ન્યુ જાગનાથ ખાતે આવેલી અતિથિ ભવનને મુખ્ય દાતા નરશીભાઈ ધરમશીભાઈ કણસાગરા અતિથિ ભવન નામ અપાયું છે. જયારે વર્કિંગ વિમેન હોસ્ટેલને મુખ્ય દાતા જીવનભાઈ ગોરધનભાઈ ગોવાણી વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ નામ અપાયું છે.

સમાજની વર્તમાન જરૂરીયાતને ધ્યાને લઈ અતિથિ ભવનના તમામ રૂમ વાતાનુકુલીત બનાવયા છે. સાથોસાથ રૂમ એટેચ્ડ ટોયલેટ બાથની સુવિધા ધરાવે છે અતિથિભવનનો લાભ સમાજના તમામ વર્ગના લોકો મેળવી શકે તે રીતે રોજીંદા ભાડા નકકી કરાયા છે.

રાજકોટનો વિકાસ વ્યાપ વધતા હવે સમાજની અનેક દિકરીઓ રાજકોટમાં નોકરી/વ્યવસાય/ ટ્રેનીંગ માટે આવતી હોય છે આ દિકરીઓને રહેવા જમવાની સાથે સુરક્ષીત નિવાસની સગવઢ વર્કિંગ વિમેન હોસ્ટેલના પ્રારંભ સાથે મળતી થઈ છે હોસ્ટેલના તમામ રૂમ પણ એટેચ્ડ વોશરૂમ અને એરકન્ડીશનની સુવિધા ધરાવે છે. વ્યવસાયી મહિલાઓને પરવડે તેવા ભાડા દર નકકી કરાયા છે. હોસ્ટેલની સુરક્ષા માટે પણ અલગ વ્યવસ્થા ઉપરાંત ૨૪ કલાક ગૃહમાતાની હાજરી પણ રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

સંસ્થા દ્વારા નવ-નિર્મિત સંકુલનું તાજેતરમાં કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલા તથા જીવનભાઈ ગોવાણીના હસ્તે લોકાર્પણ થયા બાદ અતિથિ ભવન અને વર્કિંગ વિમેન હોસ્ટેલના દાતા જીવનભાઈ ગોવાણી અને સંસ્થાના ટ્રસ્ટી નંદલાલભાઈ માંડવીયાએ શ્રીફળ વધેરી દીપ પ્રાગટય સાથે શુભારંભ કરાયો હતો.

આ સંસ્થામાં દર્દી માટે ઉતારાની નિઃશુલ્ક વ્યવસ્થા પણ કરવામાં આવી છે. બહારગામથી સારવાર માટે રાજકોટ આવતા દર્દી અને તેના એક સગાના નિઃશુલ્ક ઉતારા માટે અલાયદા રૂમ રાખવામાં આવ્યા છ. આ રૂમમાં તબીબી જરૂરીયાતના કેટલાક સાધનો પણ રખાયા છે જેનો પણ નિઃશુલ્ક ઉપયોગ કરી શકાશે તેમ પ્રમુક અરવિંદભાઈ કણસાગરા (ફિલ્ડ માર્શલ)ની યાદીમાં જણાવાયું છે.

જૈન સમાજ દ્વારા પરષોતમભાઈ રૂપાલાનું અભિવાદન

રાજકોટ લોકસભાની ચુંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે જાહેર થયેલા કેન્દ્રીય મંત્રી પરષોતમભાઈ રૂપાલાનું રાજકોટ દેરાવાસી તથા સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા અભિવાદન કરવામાં આવેલ.

ઉપરોકત તસ્વીરમાં પુરુષોતમભાઈને રક્ષા પોટલી બાંધતા માંડવી ચોક સંઘના પ્રમુખ જીતુભાઈ ચાવાળા, જયંતભાઈ મહેતા, બાજુમાં સ્થાનકવાસી જૈન સમાજના અગ્રણી ચંદ્રકાંતભાઈ શેઠ તથા હરેશભાઈ વોરા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ તથા ડો. અમીત હપાણી જોવા મળે છે.

ધોરાજીમાં ડો.મનસુખ માંડવીયા સામે વિવાદી પોસ્ટર વોરઃ ચૂંટણી પંચને ફરિયાદ

જાહેર મિલકત પર ફોટા સાથે ક્ષેત્રવાદ ભડકાવવા પ્રયાસઃ ભાજપની ચૂંટણી પંચને ફરિયાદઃ ગુપ્તચર તંત્ર દ્વારા તપાસઃ ગુનાહિત કાવતરાનો આરોપ

રાજકોટ તા.૨૭

ધોરાજીમાં લોકસભાના ભાજપના ઉમેદવાર ડો.મનસુખ માંડવીયા અને લલિત વસોયાના ફોટા સાથે લાગેલા બેનામી પોસ્ટર મામલે ભાજપ સક્રિય થયું છે. સામાજિક સૌહાર્દ અને ચૂંટણી પ્રક્રિયાને અડચણ પહોંચાડવા બદલ આ તત્વો સામે કાર્યવાહી કરવા ભાજપે રાજકોટ અને પોરબંદર કલેકટર તથા રાજય ચૂંટણીપંચને ફરિયાદ કરતા ગુપ્તચર તંત્ર સક્રિય થયું છે અને ટુંક સમયમાં આ પોસ્ટર કાંડ મામલે જવાબદારો સામે કડક કાર્યવાહી થવાના નિર્દેશ છે.

આવી પ્રવૃતિથી ધ પીપલ એકટ ૧૯૫૧ની કલમ ૧૨૭-એ તથા આઈપીસી ૧૭૧ (એચ) હેઠળ કાર્યવાહી કરવા અને ૧૨૦ હેઠળ કાવતરાની કલમ ઉમેરવા પણ માંગ થતા ધોરાજીમાં ગરમાવો આવી ગયો છે.

રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાએ આચારસંહિતા ભંગની ફરિયાદ કરતા જણાવ્યું છે કે, આદર્શ આચારસંહિતાના અમલની સાથે જ ગાઈડલાઈન લાગુ પડેલ છે, પરંતુ તા.૨૫/૩ની રાત્રે ધોરાજી શહેરમાં વિવિધ જગ્યાએ વિવાદસ્પદ બેનર્સ લગાવીને ૧૧-પોરબંદર લોકસભા બેઠક પરના ભાજપના ઘોષિત ઉમેદવારને ચૂંટણીમાં નુકસાન કરવા તથા હરીફ ઉમેદવારને ફાયદો થાય તેવો પ્રયાસ કોઈએ કરેલ છે. સાથે જ ગેરકાયદેસર રીતે લગાવેલ બેનર્સથી આ વિસ્તારની સામાજિક સૌહાર્દ ખોરવાય તથા તેમાં વાપરેલ ભાષાથી ક્ષેત્રવાદને પ્રોત્સાહન મળે તેવો પણ પ્રયાસ કરવામાં આવેલ છે. પ્રકાશક કે મુદ્રકનું નામ પણ નથી.

આ ઉપરાંત એક ઉમેદવારને નુકસાન કરતા અને અન્ય ઉમેદવારને ફાયદો કરાવવા લગાવેલા બેનર્સ ઉપરોક્ત જોગવાઈનો પણ ભંગ કરે છે. ધોરાજી શહેરમાં લગાવેલ વિવાદાસ્પદ બેનર્સ એ કોઈ સામાન્ય ઘટના નહીં, પરંતુ આદર્શ આચારસંહિતાની જોગવાઈઓનો ભંગ કરી ચૂંટણીમાં કોઈ ચોકકસ ઉમેદવારને ફાયદો થાય અને કોઈ ઉમેદવારને નુકસાન જાય તેવા સ્પષ્ટ ગણિત સાથે કરેલ આયોજનબધ્ધ કાવતરું છે, અને પારદર્શી રીતે, તટસ્ત અને લોકશાહી ઢબે થતી ચૂંટણી પ્રક્રિયામાં અડચણરૂપ છે.

આ વિવાદીત પોસ્ટર જાહેર મિલકતો પર લગાવેલ છે, તથા રીપ્રેઝેન્ટેશન ઓફ ધ પીપલ એકટ, ૧૯૫૧ની કલમ ૧૨૭ (એ)ની જોગવાઈઓ તથા આઈપીસીની કલમ ૧૭૧ (એચ)નો પણ ભંગ થયેલ છે. તથા આ કૃત્ય આઈપીસી કલમ ૧૨૦ (એ) હેઠળનું હોઈ આ કેસમાં ત્વરિત કાયદાકીય પગલા લેવા જરૂરી છે તેમ ચૂંટણી પંચને જણાવાયું છે.

વિશા શ્રીમાળી મહાજને જૈન સંઘના યુવાનોને હડધૂત કરતાં ચકચાર

પાલીતાણા જૈન યુવાન એકતા ગ્રુપનો સંઘ જમણ તથા અન્ય કાર્યક્રમોમાં ભાગ ન લેવાનો નિર્ણય

વિશા શ્રીમાળી મહાજનના પ્રમુખ રાજીનામું નહિ આપે ત્યાં સુધી સંઘ જમણનો બહિષ્કાર કરાશે

(મેહુલ સોની) પાલીતાણા, તા.૨૭

પાલીતાણા જૈન સમાજના યુવા એકતા ગ્રુપ અને જૈન સંઘના યુવાનોને પાલીતાણા વિશા શ્રીમાળી મહાજનના ટ્રસ્ટીઓ દ્વારા હડધૂત કરી અપમાન કરેલ તેના અનુસંધાને જૈન સંઘના યુવાનો દ્વારા સંઘ જમણ અને મહાજનની વાડીમાં થતા સંઘના આયોજનોમાં ભાગ ન લેવો તેવો નિર્ણય કરતા પાલીતાણાના સમગ્ર જૈન સમાજમાં ચકચાર મચી જવા પામેલ છે.

આ અંગેની વિગતો એવી છે કે ગત તા.૨૧-૩-૨૪ ના રોજ વિશા શ્રીમાળી મહાજન ટ્રસ્ટના પ્રમુખ શાંતિભાઈ મહેતાની અનઓફીશીયલ મીટિંગમાં પાલીતાણાના રહેવાસી અને વિશા શ્રીમાળી જ્ઞાતિના સદસ્યોનું એક ગ્રુપ જે જૈન યુવા એકતા ગ્રુપના નામે ઓળખાય છે તે ગ્રુપના સભ્યો એ જૈન સંઘના કાર્ય માટે વાડીની માગણી કરેલ હતી. જેના અનુસંધાને વ્યક્તિગત રીતે સંઘના યુવાનો સાથે અભદ્રજનક વ્યવહાર કરી અપમાનિત કરવામાં આવેલ તેમજ આ યુવાનો ને અપશબ્દો બોલીને ધિકારવામાં આવેલ હતા.

સંઘના પ્રમુખ દ્વારા સંઘના કાર્ય માટે પણ અપમાન કરવામાં આવતા જૈન યુવા એકતા ગ્રુપના સભ્યોની એક મિટિંગ તા.૨૪-૩-૨૪ ના રોજ નાની ટોળી જૈન પાઠશાળા ખાતે મળેલ હતી. આ મિટિંગમાં જૈન સંઘના યુવાનો પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામ યુવાનોએ એકી સાથે બુલંદ અવાજ સાથે નક્કી કરેલ હતું કે આપણે પાલીતાણા સમસ્ત જૈન સંઘનું ધાર્મિક અને સામાજિક સેવા કરીને નામ રોશન કરીએ છીએ ત્યારે જ્ઞાતિના પ્રમુખ શાંતિભાઈ મહેતા દ્વારા જે આપણું અપમાન કરવામાં આવેલ છે એ અપમાન અને અન્યાય કોઈ રીતે વ્યાજબી નથી.

આથી પાલીતાણા સમસ્ત જૈન સંઘની પેટા જ્ઞાતિના યુવાનો એ આ નિર્ણય લીધેલ હતો કે જ્યાં સુધી વિશા શ્રીમાળી મહાજનના પ્રમુખ શાંતિભાઈ મહેતા પ્રમુખ પદેથી રાજીનામું નહીં આપે ત્યાં સુધી પાલીતાણા જૈન યુવા એકતા ગ્રુપના સભ્યો તેમજ તેમનો પરિવાર શ્રીસંઘ જમણનો બહિષ્કાર કરે છે અને સંઘના યુવાનો દ્વારા સંઘ જમણ દરમિયાન વિરોધ અને દેખાવો પણ કરવામાં આવશે. જેના પગલે ગઈકાલે તા. ૨૫-૩ ના રોજ ના સંઘ જમણમાં તમામ જૈન યુવા એકતા ગૃપના યુવાનો અને તેના પરિવારજનો એ ભાગ લીધેલ નહોતો.

આ બનાવ બનેલ છે અને આ ઘટના અંગે સમાધાનની ભૂમિકા હાલ ચાલી રહેલ છે. જે અંગે મુંબઈ રહેતા પાલીતાણા જૈન સંઘના અગ્રણી નલીનભાઈ શાહ પાલીતાણા આવનાર છે ત્યારે આ તમામ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે. આ બનાવ અંગે પાલીતાણા જૈન સંઘના પ્રમુખ શાંતિભાઈ મહેતા ની પ્રતિક્રિયા જાણવા સતત ટેલિફોનિક સંપર્ક કરી પ્રયાસ કરેલ છતાં તેઓએ ફોન રિસીવ કરેલ નથી.

આને કાઢી મુકો આપણે બીજી લઈ આવીશું, તેમ કહી પરિણીતાને ત્રાસ

હાલ મોટા સુખપુર ખાતે માવતરે રહેતી દયાબેને ધરાળા રહેતા પતિ પ્રવિણ ચાવડા, સસરા ગીગાભાઈ, સાસુ દૂધીબેન અને નણંદ હંસાબેન સામે ફરિયાદ નોંધાવી

રાજકોટ, તા.૨૭

ગોંડલ તાલુકાના મોટા સુખપુર ખાતે માવતરે રહેતી દયાબેને ધરાળા રહેતા પતિ પ્રવિણ ચાવડા, સસરા ગીગાભાઈ, સાસુ દૂધીબેન અને નણંદ હંસાબેન સામે રાજકોટ રૂરલ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી દયાબેન (ઉ.વ.૩૭)એ જણાવ્યું કે, મારા પિતાનું નામ કાળાભાઈ સોંલકી છે. હાલ હું મારા માતા પિતા સાથે ગોંડલના મોટા સુખપુર ગામે રહું છું. મારા લગ્ન તા.૨૦/૫/૨૦૦૫ ના રોજ ધરાળા રહેવાસી ગીગાભાઈ ચાવડાના દિકરા પ્રવિણ સાથે થયા હતા. લગ્નજીવનથી મારે સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. લગ્નબાદ હું મારા પતિ તથા સાસુ સસરા દૂધીબેન સસરા ગીગાભાઈ તથા નણંદ હંસાબેન એમ બધા સંયુક્ત કુટુંબમાં રહેતા લગ્નબાદ પાંચેક વર્ષ સુધી મારો ઘરસંસાર સારી રીતે ચાલેલ ત્યારબાદ મારા પતિને છેલ્લા પાંચેક વર્ષથી દારુ પીવાની ટેવ પડી જતા મારી સાથે નાની નાની બાબતોમાં બોલાચાલી કરી, અપશબ્દોઆપી મારકુટ કરતા હતા. સાસુ મારા પતિનો સાથે આપતા અને મને કહેતા કે તને આ ઘરમાં સુવા લાવેલ નથી ઘરના કામ કામકાજ, ખેતીકામ કરવા લાવેલ છીએ. એમ કહીને મેણાટોણા મારતા. સસરા તથા નણંદ કહેતા કે આને કાઢી મુકો આપડે બીજી લઈ આવશુ એમ કહી મારા પતિની ચડામણી કરતા. એક મહિના પહેલા મારા પતિએ બીજી સ્ત્રી ના કારણે મારી સાથે ઝગડો કરી મારા પતિએ ગળુ દબાવીને ઝપાઝપી કરેલ અને મને ઢીકાપાટુનો માર મારેલ અને મને મારી નાખવાની ધમકી આપેલ. મને મારા બંને બાળકો સાથે પહેરેલ કપડે ઘરની બહાર કાઢી મુકેલ. મને મારા પતિએ કહેલ કે, હવે પાછી આવતી નહી. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોરબીના ૧.૫૧ કરોડના દારૂ પ્રકરણમાં બે PI સસ્પેન્ડઃ ખળભળાટ

અમદાવાદના બુટલેગરનું ગોડાઉન પકડાવાના કેસમાં ચૂંટણી પંચને રિપોર્ટ બાદ રાજય પોલીસવડાનો હુકમઃ બેદરકારી કે સાંઠગાંઠ? કુલ ૨૧ શખ્સો સામે ગુનો નોંધાયો હતો

(જીગ્નેશ ભટ્ટ) મોરબી તા.૨૭

મોરબી તાલુકાના લાલપર ગામ પાસે સાન્વી ટ્રેડિંગ નામની ગોડાઉનમાં એસએમસીની ટીમ દ્વારા ૨૦ તારીખે રાત્રીના સમયે રેડ કરી ૬૧૧૫૨ દારૂની બોટલો જેની કિંમત ૧.૫૧ કરોડ રૂપિયાનો દારૂ તેમજ બે ટ્રક, બે બોલેરો અને એક હોન્ડા સિટી કાર સહિત કુલ મળીને ૨.૨૦ કરોડનો મુદામાલ કબ્જે કરીને ૧૦ આરોપીઓને પકડવામાં આવેલ હતા અને મુખ્ય સૂત્રધાર સહિત કુલ મળીને ૨૧ આરોપીની સામે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવેલ હતી અને આ ઘટનાના પડઘા રૂપે હાલમાં રાજ્યના પોલીસ વડા દ્વારા મોરબી જિલ્લા એલસીબીના પીઆઇ તથા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઇ ને સસ્પેન્ડ કરવામાં આવેલ છે.

જાણવા મળતી માહિતી મુજબ લાલપર ગામ પાસે આવેલ લાલપર એસ્ટેટમાં સાન્વી ટ્રેડિંગ નામના ગોડાઉનમાં એસએમસીની ટીમ દ્વારા તા ૨૦ ના રાતે રેડ કરવામાં આવી હતી સ્થળ ઉપરથી અમદાવાદના લીસ્ટેડ બુટલેગર જીમિત શંકરલાલ પટેલ દ્વારા ગોડાઉનને ભાડે રાખવામાં આવ્યું હોવાનુ અને રાજસ્થાનના કુખ્યાત બુટલેગર રાજારામ મારવાડી અને ભરત મારવાડી સાથે સંપર્કમાં રહીને દારૂનો જથ્થો મંગાવી અમદાવાદનો બુટલેગર રાજસ્થાનના બુટલેગરો સાથે ભાગીદારીમાં દારૂનો ધંધો મોરબી જીલ્લામાં કરી રહ્યો હતો અને આ ગોડાઉનેથી જીમિત પટેલ અને તેની ગેંગ દ્વારા દારૂનો જથ્થા હળવદ, વાંકાનેર, થાન ચોટીલા અને મોરબી વિસ્તારમાં સપલાઈ કરવામાં આવતો હતો.

આ ગોડાઉનમાં એસએમસીની ટીમે રેડ કરી ત્યારે સ્થળ પરથી રમેશ પુંજા પટણી (૩૭) રહે. ચિત્રોડા, તાલુકો રાપર કચ્છ, ખીયારામ ઉર્ફે ખીવારાજ રોનારામ જાટ (૨૭) રહે બાડમેર, રાજસ્થાન, ગંગાપ્રસાદ રામપ્રસાદ કેવટ (૨૨) રહે. શ્રીરામ ગોડાઉન લાલપર મોરબી, મુકેશ માલા ગમારા (૩૨) રહે માથક હળવદ, જગસેન હરિલાલ કેવટ (૩૨) રહે. શંકરગઢ મધ્યપ્રદેશ, શિવકરણ નર્મદાપ્રસાદ કેવટ (૨૦) રહે. શ્રીરામ ગોડાઉન લાલપર, આકાશ સત્યનારાયણ કેવટ (૨૦) રહે. શ્રી રામ ગોડાઉન, સતેન્દ્રકુમાર રામમિલન કેવટ (૨૧) રહે હેવા મધ્યપ્રદેશ, વિનોદકુમાર દુર્ધજન લાલ કેવટ (૩૦) રહે. હેવા મધ્યપ્રદેશ, રવિશંકર રામલખન કેવટ (૨૨) રહે.રેવા મધ્યપ્રદેશની ધરપકડ કરાઈ છે.

હાલમાં મોરબીમાં જે રેડ દરમ્યાન એસએમસીબની ટીમે ગોડાઉનમાંથી ૧,૫૧,૧૦,૩૪૦ ની કિંમતની ૬૧૧૫૨ દારૂની બોટલ, અઢી લાખની રોકડ, ૭૦ હજારની કિંમતના ૧૦ મોબાઈલ ફોન, બે ટ્રક, બે બોલેરો પીકઅપ વાહન, એક કાર મળી ૬૬.૫૦ લાખ અને કુલ મળીને ૨,૨૦,૯૦,૪૪૦ નો મુદામાલા કબ્જે કરેલ હતો.

અત્રે ઉલેખનીય છે કે, મોરબી નજીક પાંચ મહિનાથી ગોડાઉન ભાડે રાખીને માલ મંગાવનારા જીમિત શંકરભાઈ પટેલ (રહે. હરિપાર્ક સોસાયટી સુખરામનગર, ગોમતીપુર અમદાવાદ, રાજસ્થાનના રાજારામ મારવાડી અને ભરત મારવાડી તેમજ ઉમેશ બેનીવાલ, થાનનો મેહુલ અને સુખપરના રાજુ મુસ્લીમ નામનો વ્યકિતઓ તેમજ જે વાહનોને કબ્જે લેવામાં આવેલ છે તેના માલિકોની પણ શોધખોળ કરવામાં આવી રહી હતી અને મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે મુખ્ય સૂત્રધાર સહિત કુલ મળીને ૨૧ શખ્સોની સામે ફરિયાદ નોંધાઇ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે દેશમાં લોકસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે અને ચૂંટણી જાહેર થઈ ગયા બાદ કોઈપણ જગ્યાએથી દારૂનો મોટો જથ્થો પકડાય કે કોઈ મોટી રોકડ પકડાય તો તે અંગેની જાણ ચૂંટણી પંચને કરવાની થતી હોય છે ત્યારે મોરબી નજીક લાલપર ગામ પાસે ગોડાઉનમાંથી અમદાવાદના લીસ્ટ બુટલેગર જીમિત પટેલનો ૧.૫૧ કરોડ રૂપિયાની કિંમતનો દારૂનો જથ્થો પકડાયો જ હતો જેથી કરીને આ અંગેની જાણ ચૂંટણી પંચને કરવામાં આવી હતી.

ત્યારબાદ પંચના આદેશ મુજબ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા હાલમાં મોરબી જિલ્લા એલસીબીના પીઆઇ ડી.એમ. ઢોલ તથા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એ. વાળાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

પીપાવાવ પોર્ટ પાસે સિંહ પાછળ બાઈક દોડાવી પજવણી

જંગલના રાજાએ ત્રાડ પાડતા પજવણી કરનારાં ગાત્રો ઢીલા થઈ ગયાઃ બનાવ અંગેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ

(મિલાપ રૂપારેલ)

અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લામાં વસતાં એશિયાટિક સિંહની પજવણી કરતાં શખસોનો વધુ એક વીડિયો સોશ્યિલ મીડિયામાં વાયરલ થતાં વન્ય પ્રાણી પ્રેમીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. જેને લઈ સિંહની પજવણી કરતાં પજવણીખોરોને ઝડપી લઇ કડક કાર્યવાહી કરવા માંગ ઉભી થવા પાણી છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાના રાજુલાના પીપાવાવ પોર્ટ માર્ગ પર પસાર થઈ રહેલા સિંહની ત્યાંથી પસાર થતાં એક ડબલ સવારી બાઈક ચાલક દ્વારા સિંહની સામે શૂરવીરતા દર્શાવવી અને સિંહને પરેશાન કરવાના ઈરાદે સિંહ નજીક પૂરપાટ બાઈક ચલાવી બાઈક ચલાવી સિંહની કરાઈ પજવણી કરવામાં આવી હતી.

પરંતુ આ કોઈ શ્વાન તો ના હોય અને જંગલના રાજાએ આ પજવણીખોરોની શાન ઠેકાણે લાવવા માટે થઈ બાઈક ચાલક પાછળ સિંહે રોડ ઉપર દોટ મુક્તા બાઇક ચાલકનો જીવ તાળવે ચોંટી ગયા હતા. તેમ છતાં પણ પજવણીખોરોએ બાઈક પાછળ દોડતા સિંહનો વીડિયો ઉતાર્યો હતો. જેને બાદમાં સોશ્યિલ મીડિયામાં વાયરલ કર્યો હતો.

ત્યારે રાજુલા જાફરાબાદ પંથકમાં સિંહોની પજવણી કરતો વધુ એક વિડીયો આવ્યો સામે આવતાં સિંહોની સુરક્ષાની ગુલબાંગો ફેકતા વનતંત્રની ઘોર બેદરકારી સામે આવી હોય, સિંહ સામે બાઇક ચલાવનાર શખ્સોને ઝડપી પાડવા માંગ ઊઠવા પામેલ છે.હજુ બે દિવસ પહેલાં જ એક સિંહણે સિક્યુરિટીગાર્ડ અને વન વિભાગના કર્મીઓ ઉપર હુમલો કરી ઘાયલ કરી દીધાની ઘટના બની હતી. જ્યારે રાજુલા જાફરાબાદ પંથકમાં સિંહો આક્રમક અને હુમલાખોર બનતા હોવાનું મુખ્ય કારણ સિંહોની પજવણી હોવાનુ સિંહપ્રેમીઓનું અનુમાન છે તેમ છતાં બાદ પણ વન વિભાગ દ્વારા કોઈ પગલાં ના લેતાં અને ભારે રોષ ઊભો થયો છે.

જાફરાબાદમાં વન વિભાગના ત્રણ કર્મીઓને ઘાયલ કરનાર હિંસક સિંહણનું સારવારમાં મોત થયુ

બે કલાકની મહેનત બાદ સિંહણને પાંજર પુરી બાબરકોટ એનિમલ કેર સેન્ટરમાં ખસેડાતા સિંહણ મોતને ભેંટી

(મિલાપ રૂપારેલ) અમરેલી,તા.૨૭

રાજુલા જાફરાબાદ પંથકમાં ગત શનિવારે હુમલાખોર સિંહણ દ્વારા ખાનગી કંપનીના સિક્યુરિટી બાદ વન વિભાગના ૩ કર્મીઓને ઈજાગ્રસ્ત કરવાની ઘટનાથી વનવિભાગ દ્વારા હુમલાખોર સિંહણને પીજરે પુરી દેવામાં આવી હતી. બાદમાં આ હુમલાખોર સિંહણને પિંજરે પૂર્યા બાદ સારવાર માટે થઈ બાબરકોટ એનિમલકેર સેન્ટર ખાતે ખસેડાયેલ જ્યાં આ સિંહણનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

જાણવા મળતી માહિતી મુજબ ગત શનિવારે રાત્રીના જાફરાબાદના લુણસાપુર નજીક આવેલી ખાનગી કંપનીના સિક્યુરિટી પર એક ૫ થી ૯ વર્ષની સિંહણે હુમલો કરતા ઈજાગ્રસ્ત સિક્યુરિટીને ખાનગી દવાખાને ખસેડવામાં આવ્યા હતો. અને હુમલાખોર બનેલ સિંહણ લુણસાપુરથી મિતિયાળા ગામ સુધી ગઈ હતી અને ત્યાં વનવિભાગના ૨ ટ્રેકર અને વનવિભાગની ગાડીમાં કાચ ચડાવીને બેઠેલા ડ્રાઇવરને કાચ તોડીને સિંહણે ઈજાઓ પહોંચાડી હતી. ત્યારે ગણતરીના સમયમાં સિંહણ દ્વારા ચાર ચાર માનવ હુમલાઓથી વનતંત્ર પણ ચોંકી ગયું હતું. અને ૨ કલાકના રેસ્ક્યુ ઓપરેશન બાદ સિંહણ પાંજરે પુરાઇ હતી. હુમલા ખોર સિંહણને પિંજરે પૂર્યા બાદ સારવાર માટે થઈ બાબરકોટ એનિમલકેર સેન્ટર ખાતે ખસેડાયેલ જ્યાં આ સિંહણનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ સને ૨૦૨૨માં જાફરાબાદના બાબરકોટમાં ૧ સિંહણ દ્વારા માનવ ઉપર હુમલાઓ કર્યા હતા. અને આ સિંહણને પકડવા માટે જે તે સમયે વનવિભાગ અને પોલીસે આખો રાજુલાની જાફરાબાદનો માર્ગ બંધ કર્યો હતો. બાદમાં મહા મુસીબતે આ સિંહણ પકડાઈ હતી. ને સારવાર દરમ્યાન આ સિંહણ મોતને ભેટી હતી. ત્યાર બાદ સને ૨૦૨૩માં રાજુલાના વાવેરા ગામે પણ એક સિંહણે આંતક મચાવ્યો હતો. અને માનવ ઉપર હુમલાઓ કર્યા હતા. તેમને પણ વનવિભાગે પકડ્યા બાદ સારવાર માટે ખસેડાયા બાદ સારવાર દરમ્યાન આ સિંહણનું મોત થયેલું હતું. જ્યારે ફરી વધુ એક સિંહણ ગત શનિવારે આક્રમક બનીને ચાર ચાર વ્યક્તિઓને ઈજાઓ પહોંચાડી હતી. આ સિંહણનું પણ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આવી ઘટના જોતા એવું લાગી રહ્યું છે, કે સિંહણમાં હડકવા જેવા રોગની અસર થતી હોય, જેને કારણે સિંહણો આક્રમક બનીને માનવ ઉપર હુમલાઓ કરી રહી હોય, તે અંગે પણ વનવિભાગે જરૂરી તપાસ કરવી જોઈએ તેવું સિંહ પ્રેમીઓ ઈચ્છી રહ્યા છે.

રૂા.૯૮ હજારના ચેક રિટર્ન કેસમાં નયન જોષીને બે વર્ષની કેદની સજા

૬ ટકા વ્યાજ સહિત રકમ ચુકવવા હુકમ, રૂપિયા ન ચુકવે તો વધુ છ માસની સજા

રાજકોટ,તા.૨૭

ચેક રિટર્નની ફરિયાદમાં રીમાન્ડ થયેલ કેસમાં આરોપીને ૨-વર્ષની સજા તથા ૬ ટકા વ્યાજ સાથે વળતર ચુકવવાનો કોર્ટે હુકમ કર્યો છે.કેસની વિગત મુજબ શુભમ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર દરજ્જે ફરિયાદી ભાવનાબેન કલ્પેશભાઈ જોષી ધારા ધોરણ મુજબ લાયસન્સ ધરાવે છે,આરોપી નયનકુમાર હરસુખલાલ જોષી (લક્ષ્મીનગર શેરી નં.૫,નાનામૌવા મેઈન રોડ, રાજકોટ) ને અંગત જરૂરીયાત માટે તથા ધંધાના વિકાસ માટે લોન પેટે રકમની જરૂરીયાત હોય જેથી પેઢી પાસેથી લોન પેટે રૂા.૨લાખ લીધેલ હતાં.હપ્તાની રકમ ચડી જતા રૂા.૯૮,૬૮૦ ચેક આપેલ હતો.ચેક ફંડસ ઈનસફીસીયન્સના શેરા સાથે પરત ફરેલ જે અંગેની એડવોકેટ મારફત નોટીસ મોકલાવેલ પરંતુ નોટીસનો કોઈ જવાબ આપેલ નહીં હોવાથી કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ જે કેસ ચાલી જતા આરોપીને કોર્ટે સજા કરેલ અને તે સજાની સામે આરોપી અપીલમાં ગયેલ અને અપીલમાં તેમનો કેસ રીમાન્ડ કરીને પાછો નીચેની કોર્ટમાં મોકલેલ, જે રીમાન્ડ કેસ પણ કોર્ટમાં ચાલી જતા તેના અનુસંધાને ફરીયાદીના ધારાશાસ્ત્રી સી.બી.તલાટીયાની મુખ્ય દલીલ તથા રજૂઆતો તથા વિવિધ હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો અંગેની દલીલોને ધ્યાને લઈ કોર્ટએ આરોપી નયનકુમાર જોષીને ૨-વર્ષ(સાદી કેદ)ની સજા તથા વાર્ષિક ૬ ટકાના સાદા વ્યાજે વળતર તરીકે એક - માસમાં ચુકવવાનો હુકમ કરેલ જો એકમાસમાં ચુકવવામાં કસુર કરે તો વધુ-૬ માસની સજાનો હુકમ કરેલ છે આ કેસમાં ફરિયાદીવતી એડવોકેટ સી.બી.તલાટીયા કે.પી.મોઢા, મહેન્દ્ર એન.ભાલુ તથા લીગલ કર્લાક તરીકે દિલીપભાઈ ત્રિવેદી રોકાયેલ હતાં.

૪૮ કિલો ગાંજા ઝડપાયાના કેસમાં આરોપી ધીરૂ તાવીયાની જામીન અરજી મંજુર કરતી હાઈકોર્ટ

રાજકોટ, તા.૨૭

વાડીમાં ગાંજાનું વાવેતર કરતા ગાંજાના ૪૮ કિલો ૭૭૪ ગ્રામ જથ્થા સાથે પકડાયેલ આરોપી ધીરૂભાઈ ખોડાભાઈ તાવીયાને જામીન પર મુકત કરવા રાજકોટની સ્પે. કોર્ટે હુકમ કર્યો છે.



એડવોકેટ રણજીત મકવાણા, જીજ્ઞેશ સભાડ

કેસની વિગત મુજબ રાજકોટ રૂરલ એસઓજીને બાતમી મળી હતી કે, વિંછીયા તાલુકાના પાટીયાળી ગામમાં ખેડૂત ધીરૂભાઈ તાવીયાએ પોતાની વાડીમાં ગાંજાનું વાવેતર કર્યું છે. દરોડો પાડી આરોપીને ઝડપી તા.૬/૧૨/૨૦૨૩ ના રોજ એન.ડી.પી.એસ. એકટની કલમ ૮(સી), ૨૦ (બી),૨(સી) મુજબ ગુનો નોંધવામાં આવેલો. આરોપીને જેલ હવાલે કરાતા આરોપી વતી રોકાયેલા એડવોકેટ ધ્વારા સેશન્સ કોર્ટમાં જામીન અરજી ગુજારવામાં આવતા તે જામીન અરજી નામંજુર થતા હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. આરોપીના વકીલની દલીલો અને રજુ રાખેલ વિવિધ કોર્ટના ચુકાદા, ટાંક્યા હતા. જે ધ્યાને લઈ હાઈકોર્ટે આરોપી ધીરુભાઈને જામીન પર મુકત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ રણજીત બી. મકવાણા (એડવોકેટ) જીજ્ઞેશ એમ.સભાડ (એડવોકેટ) તેમજ હાઈકોર્ટમાં એમ.એસ પાડલીયા રોકાયેલ હતા.

તે નોનવેજ કેમ ખાધું હતું ? તેમ કહીં સાસુ-માસીજીએ પરિણીતા સાથે ઝઘડો કર્યો, પતિએ છરીનો ઘા ઝીંકી દીધો

રંજનબેનને પ્રાથમિક સારવાર અપાવી સાસરિયાના સભ્યો રાજકોટના ગંજીવાડામાં તેના માવતરના ઘર બહાર મુકી ચાલ્યા ગયા, પરિણીતાને સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ: માખાવડના પતિ રમેશ ચાંડપા, તથા સાસુ કેશુબેન, રાવકી રહેતા માસીજી સાસુ દેવુબેન ચાવડા વિરૂધ્ધ લોધિકા પોલીસ મથકે ગુનો નોંધાયો

રાજકોટ, તા.૨૭

લોધિકા તાલુકાના માખાવડમાં તે નોનવેજ કેમ ખાધું હતું ? તેમ કહીં સાસુ-માસીજીએ પરિણીતા સાથે ઝઘડો કર્યો હતો અને ઉશ્કેરાઈ ગયેલા પતિએ છરીનો ઘા ઝીંકી દીધો હતો. જે પછી રંજનબેનને પ્રાથમિક સારવાર અપાવી સાસરિયાના સભ્યો રાજકોટના ગંજીવાડામાં તેના માવતરના ઘર બહાર મુકીને ચાલ્યા ગયા હતા. જ્યાંથી પરિણીતાને સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પતિ રમેશ દેવા ચાંડપા, તથા સાસુ કેશુબેન (રહે. બંને માખાવડ) માસીજી સાસુ દેવુબેન પીઠાભાઈ ચાવડા(રહે. રાવકી) વિરુધ્ધ લોધિકા પોલીસે ગુનો નોંધ્યો છે.

ફરિયાદી રંજનબેન રમેશભાઈ ચાંડપા (ઉ. વ. ૩૪)એ જણાવ્યું કે, મારા લગ્ન આશરે વિસેક વર્ષ પહેલા માખાવડ ગામના રમેશભાઈ સાથે થયેલ હતા અને જેનાથી મારે સંતાનમાં બે દિકરા છે. અમે બધા મારા સાસુ - સસરા સાથે સંયુક્ત કુટુંબમાં રહીએ છીએ. ગત રોજ બપોરના ૧૧ વાગ્યાની આસપાસ હું મારા ઘરે હાજર હતી ત્યારે મારા સાસુ, માસીજી સાસુ, સસરા બધા હાજર હતા. સાસુએ મને કહેલ કે, તે કાલે સાંજે કેમ નોનવેઝ ખાધું હતું? જેથી મેં કહેલ મારે દવા ચાલુ હોય જેથી મે નોનવેઝ ખાધું હતું. તેમ કહેતા સાસુ તથા માસીજી સાસુ બંને ઉશ્કેરાઇ ગયા. મને કહેલ કે, ઘરનું કંઈ કામ કરતી નથી. તારે બહારનું જ ખાવું છે. તેમ કહીં બંને ઢીકાપાટુનો માર મારવા લાગેલ. સાસુએ મારા પતિને ફોન કરી ઘરે બોલાવેલ. પતિને મારા સાસુએ ખોટી વાતચીત કરી મને મારવા માટે ઉશ્કેરતા, પતિએ મને લાકડીના ધોકાથી માર મારી, ધક્કો મારીને પછાડી દીધેલ. મારા સસરાએ મને વધુ માર મારતા બચાવેલ. ત્યાં મારા પતિ છરી લઈને આવેલ અને મને જમણા પગના પોંચામાં છરીનો ઘા મારેલ. મને પગમાં લોહી નિકળવા લાગતા, મારા સસરા, અમારી બાજુમાં રહેતા મારા બનેવી પ્રવિણભાઈને બોલાવી લાવેલ. મારા જેઠ જીવણભાઈ રીક્ષામાં બેસાડી મારા પિયર રાજકોટ ગંજીવાડામાં મુકવા આવતા હોય ત્યારે મારા પતિ અને સાસુ પાછળ મોટરસાયકલમાં આવતા હતા. રાવકી ખાતે રોડ ઉપર આવેલ પ્રાઈવેટ દવાખાનામાં મને પ્રાથમિક સારવાર આપેલ. પછી મને મારા પિતા મુળજીભાઈ ગોહેલના ગંજીવાડા સ્થિત ઘરની બહાર મુકી આ લોકો ત્યાંથી જતા રહ્યા હતા. અહીંથી મને ૧૦૮ મારફતે રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. અહીં મારી સારવાર ચાલુ છે. પોલીસે આરોપીઓની ધરપકડ કરવા તજવીજ કરી છે.

વિરપુરમાં ફેંક પતાનો જુગાર રમતાં ચાર શકુની ઝડપાયાઃ ત્રણ ફરાર

પોલીસે રૂા.૪૯૩૦ ની રોકડ કબ્જે કરી ફરાર જુગારીઓની શોધખોળ હાથ ધરી

રાજકોટ. તા.૨૭

વિરપુરમાં ફેંક પતાનો જુગાર રમતાં ચાર શકુનીને પોલીસે ઝડપી રૂ.૪૯૩૦ ની રોકડ કબ્જે કરી હતી. જ્યારે દરોડા દરમિયાન ત્રણ જુગારી ફરાર થઈ જતાં તેની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, વીરપુર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે વિરપુરમાં ભુલેશ્વના ઢોરે જાહેરમાં ફેંક પતાનો જુગાર રમતાં અર્જુનગીરી અશોકગીરી ગૌસ્વામી, ગોવિંદ રાજુભાઈ સીરસાદ,

વિશાલ રમેશ ગોહેલ, કિશોર ઉર્ફે કિશન હરેશ ચાવડાને પકડી રૂ.૪૯૩૦ ની રોકડ કબ્જે કરી હતી. જ્યારે દરોડા દરમિયાન વિજય સોમા મકવાણા, પરસોતમ મેલાજી મકવાણા અને મુળજી ગીગા મકવાણા (રહે. તમામ વીરપુર) ની પોલીસે શોધખોળ હાથ ધરી હતી.

આટકોટમાં વૃદ્ધે ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું

રાજકોટ તા.૨૭

જસદણના આટકોટમાં રહેતાં વૃદ્ધે ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું હતું. બનાવ અંગે મૃતકના પરીવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની વિગત મુજબ જસદણના આટકોટમાં રહેતાં વલ્લભાઈ બચુભાઈ કુવરિયા (ઉ.વ.૬૨) નામના વૃદ્ધે ગઈ કાલ સવારે પોતાના ઘરે ઝેરી દવા પી લેતા તાકિદે જસદણ સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓ પાંચભાઈમાં ચોથા નંબરના હતાં. તેઓને સંતાનમાં ચાર દિકરા અને એક દિકરી હોવાનું પરીવારજનોએ જણાવ્યું હતું.

હાર-જીતમાં ફર્ક નહી પડે તો પણ પક્ષના મોવડીમંડળને માટે રેડ સિગ્નલ

ભાજપમાં અસંતોષ એ લોકસભા ચૂંટણીમાં કરન્ટ લાવી દીધો

સેન્સથી શરૂ થયેલા અસંતોષમાં ઉમેદવાર પસંદગીમાં વધારો કર્યોઃ વડોદરા-સાબરકાંઠાએ 'માર્ગ' દેખાડયોઃ પોરબંદર-સુરેન્દ્રનગર- રાજકોટમાં પણ જ્યાં ધુમાડો ત્યાં આગની સ્થિતિ

મતક્ષેત્રમાં કોઈ 'સંપર્ક' નહી ધરાવતા ઉમેદવારોથી સ્થાનિક કક્ષાએ ઉમળકો નથીઃ નેતાઓએ પરાણે ફરવું પડે છેઃ બે બેઠકો પર ઉમેદવાર બદલાતા અન્ય બેઠકોમાં પણ માંગણી માટે 'તક' આપીઃ રૂપાલાના નિવેદનથી અનેક બેઠકો પર અસર થશે

રાજકોટ:

ગુજરાતમાં લગભગ એકતરફી જઈ રહેલી લોકસભા ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી પછી શરૂ થયેલા અસંતોષ એ હવે પાંચથી છ બેઠકો સુધી પહોંચી જતા આગામી દિવસમાં ભાજપ મોવડીમંડળને ડેમેજ કંટ્રોલ માટે વધુ સક્રીય રહેવું પડશે તે નિશ્રિશ્વત છે. વડોદરા અને સાબરકાંઠામાં જે રીતે પક્ષને આંતરિક વિરોધથી ઉમેદવારો બદલવા પડયા પછી નવા ઉમેદવારો સામે પણ વિરોધ શરૂ થયો છે. વડોદરામાં ભાજપ મોવડીમંડળે રંજનબેન ભટ્ટની સામે વિરોધ વ્યાપક છે તે નિશ્ચિત થતા જ તેઓને તથા સાબરકાંઠાએ ભીખાજી ઠાકોરને ડામોર કે ઠાકોર તે વિવાદ નડી જશે તે પણ ટયુબલાઈટ થતા જ બન્ને બેઠકોના ઉમેદવાર બદલવામાં પણ નવા વિરોધનો સામનો કરવો પડે તેવી સ્થિતિ બનાવી છે.

વડોદરામાં ભાજપે રંજનબેન ભટ્ટને સોશ્યલ મીડીયા પર તેઓ ચુંટણી લડવા માંગતા નથી તેવું પોષ્ટ કરવાની ફરજ પાડી હતી તે નિશ્ચિત થયું છે.

આ પોષ્ટ પણ તેમને તથા ભીખાજી ઠાકોરને એક જ સરખા શબ્દો સાથે પોષ્ટ કરવા જણાવ્યું તે દર્શાવે છે કે ભાજપ મોવડીમંડળે અગાઉ સેન્સ સમયે જે આંતરિક રિપોર્ટ મેળવવો જોઈતો હતો તે મેળવ્યો ન હતો. હવે રંજનબેન ભટ્ટને બદલવામાં પણ કાચું કપાઈ ગયું છે. પક્ષના અનેક સીનીયરને એક બાજુ મુકીને શિક્ષણ સમીતીના ચેરમેનના હોદા પર ડો. હેમાંગ જોષીને પસંદ કરાયા તેની સામે હવે સાવલીયા લાંબા સમયથી અસંતુષ્ટ રહેલા ધારાસભ્ય કિરીટ ઈનામદારના ગ્રુપે વિરોધ કર્યો છે. હવે તે શોધી કઢાયું છે કે ડો. હેમાંગ વસાવડા મૂળ તો પોરબંદરના છે. વડોદરા જીલ્લામાં પુર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ પણ મેદાનમાં છે અને વાઘોડીયાની પેટા ચૂંટણી પણ યોજાઈ રહી છે અને ત્યાં અગાઉ પક્ષમાં ચોતરફ વિખવાદની જ અપક્ષ તરીકે લડનાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ જીત મેળવી હતી. હવે પક્ષે તેમને ભાજપના ઉમેદવાર તરીકે ટિકીટ આપી છે અને બે વિધાનસભા મતક્ષેત્ર વાઘોડીયા-સાવલીયા અસંતોષ છે.

સાબરકાંઠાઃ ભીખાજીને બદલવામાં 'ઉતાવળ' થઈ! નવો ચહેરો આપ્યો તો પણ કોંગ્રેસનો...

સાબરકાંઠામાં જયારે ભીખાજી ઠાકોરને ઉમેદવાર બનાવવાની જાહેરાત થઈ તો તેમની સામે ભાગ્યે જ કોઈ વિરોધ હતો. સહકારી ક્ષેત્ર સામે જોડાયેલા અને એક સરળ વ્યક્તિ તરીકે ભીખાજીની છબી હતી અને તેથી ભાજપને પણ યોગ્ય વ્યક્તિની પસંદગીનો સંતોષ હતો પણ એક જ દિવસમાં ભીખાજી ક્ષત્રિય ઠાકોર કે આદીવાસી તે પ્રશ્ન ઉભો કરાયો. મૂળ ડામોર સરનેમ ધરાવતા ભીખાજીએ પોતાને ઠાકોર તરીકે ઓળખાવતા એફીડેવીડ કરી હતી તે વાયરલ થઈ અને વડોદરામાં હજુ પક્ષમાં અસંતોષ હતો તેમાં બનાસકાંઠાના વિરોધથી પક્ષે ઉમેદવાર બદલીને મુળ કોંગ્રેસી પુર્વ ધારાસભ્યના પત્ની શોભનાબેન બારૈયાને ટિકીટ આપી જે ભાજપના પ્રાથમીક સભ્ય પણ ન હતા. શિક્ષિકા તરીકે નોકરી કરતા હતા રાજીનામું આપી દીધું અને ઉમેદવાર બની ગયા તેનાથી સાબરકાંઠા ભાજપના આગેવાનો પણ ડઘાઈ ગયા અને સેન્સમાં જેનું 'નામ' ન હતું તેને પક્ષના મોવડીમંડળે ઉમેદવાર બનાવી દીધા તો બીજી તરફ વિશાળ ટેકેદાર ધરાવતા ભીખાજી ઠાકોરના સમર્થનમાં તેના ટેકેદારો ઉમટી પડયા હતા. ભાજપે બે-ત્રણ વખત ભીખાજી પાસે સ્પષ્ટતા કરાવવી પડી કે તેઓ કોંગ્રેસમાં જવાના નથી કે અપક્ષ ચુંટણી લડવાના નથી. તેઓ ભાજપમાં જ છે પણ એક પણ વખત હજું શોભનાબેન બારૈયાને સ્વીકારવા અપીલ કરી નથી તે સૂચક છે.

વલસાડમાં ધવલ પટેલ સામેના અસંતોષ ડામવા આગેવાનોને સુરત બોલાવતા પાટીલઃ પોરબંદર પંથકમાં ઓચિંતા જ માંડવીયા માટે 'બહારી' ના પોષ્ટર લાગ્યાઃ હજુ પત્રિકાની તૈયારી હોવાનો દાવો

સુરેન્દ્રનગરમાં શિહોરાની પસંદગી સામે તળપદા કોળી સમુદાયનો વિરોધઃ નાના તિખારા એ પક્ષની દબાયેલી સ્પ્રિંગ ઉછળવા લાગી

સૌરાષ્ટ્રમાં વિરોધ વધ્યો

સૌરાષ્ટ્રમાં ભાજપને અમરેલી-જુનાગઢ અને સુરેન્દ્રનગર લોકસભા બેઠક માટે ઉમેદવાર પસંદ કરવામાં લાંબો વ્યાયામ કરવો પડયો અને તેને જે રીતે જુનાગઢના સાંસદ રાજેશ ચુડાસમાને યથાવત રાખીને બાકીની બે બેઠકોના ઉમેદવાર પસંદ કર્યા તેમાં હવે સુરેન્દ્રનગરમાં હવે તળપદા કોળી સમાજે વિરોધનો ઝંડો ફરકાવ્યો છે. ભાજપે સૌરાષ્ટ્રની બે બેઠકો પર તળપદા કોળી સમુદાયને ટિકીટ અપાઈ છે. જેમાં ભાવનગર અને જૂનાગઢનાં સમાવેશ થાય છે જયારે હવે સુરેન્દ્રનગરમાં ચુવાળીયા કોળી સમુદાયના ચંદુભાઈ શિહોરાને ટિકીટ અપાઈ છે. આ ચુવાળીયા સમુદાયની વસતિ વધુ છે પણ છતા તળપદા કાળી સમુદાયમાં તેનો વિરોધ કર્યો છે પણ અહી ક્ષત્રિય ફેકટર વધુ મહત્વનું બની જશે જે રૂપાલાના વિધાનો સામે વિરોધ કરે છે.

પોરબંદરમાં માંડવીયા બહારી!

ભાજપ બે કેન્દ્રીય મંત્રીઓને કડવા-લેઉવા સમીકરણોમાં ફીટ કરવા રાજકોટની પુરૂષોતમ રૂપાલા અને પોરબંદરથી મનસુખ માંડવીયાને ટિકીટ આપી છે અને બન્ને આ મતક્ષેત્રના નથી. પણ બન્ને સંસદીય બેઠક ભાજપના ગઢ છે તેથી પક્ષે ગણતરીપૂર્વકનું જોખમ લીધુ છે પણ હવે સ્થાનિક સ્તરે લેઉવા પટેલ સમુદાયમાં માંડવીયાને બહારી-આયાતી ગણાવી ડેમેજ કરવા પ્રયાસ થયા છે. ગઈકાલે પોષ્ટર લાગ્યા હતા અને હવે પત્રિકાઓ પણ બહાર પડશે તેવો દાવો છે. લલિત વસોયા જો કે ધોરાજી મતક્ષેત્રમાં કેટલા સ્વીકાર્ય છે તે પણ પ્રશ્ન છે.

વલસાડમા ધવલ પટેલને હજું સ્વીકારાયા નથી

વલસાડમાં પણ ભાજપે 'આયાતી' ધવલ પટેલ જેને આ ક્ષેત્ર સાથે કોઈ સંબંધ નથી તેને પક્ષે વલસાડમાં ઉમેદવાર બનાવતા પત્રિકા સહિતની વિરોધ ચાલુ જ છે. પક્ષ પ્રમુખ સી.આર.પાટીલે વલસાડ ભાજપના આગેવાનોને તાત્કાલિક સુરત બોલાવ્યા અને તેઓને આ અસંતોષ ડામી દેવા જણાવ્યું પણ સૂત્રો કહે છે કે વિરોધ કાર્યકર્તા કક્ષાએ છે તેને ડામવામાં મુશ્કેલી પડે છે અને બે ઉમેદવાર બદલ્યા પછી સૌને એક હથિયાર મળી ગયુ છે.

રૂપાલાના વિધાનોની આગ રાજકોટ-સુરેન્દ્રનગર અને ભાવનગર સુધી પહોંચી

ભાજપના અગ્રણીઓ પણ ડેમેજ કંટ્રોલમાં 'હાથ' નાંખવા તૈયાર નહી હોવાની ચર્ચા

રાજકોટ:

સૌરાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં રાજકોટમાં ભાજપના ઉમેદવાર પુરૂષોતમ રૂપાલાએ વાલ્મીકી સમાજના એક કાર્યક્રમમાં અંગ્રેજ શાસન સામે મારો રૂબી સમાજ લડયો હતો પણ રાજવીઓ અંગ્રેજોને શરણે થયા હતા અને તેમની સાથે રોટી-બેટીનો વ્યવહાર કર્યો હતો તેવા કરેલા વિધાનોથી સૌરાષ્ટ્રમાં સમગ્ર ક્ષત્રિય સમુદાયમાં આગ લાગી છે અને પુરુષોતમ રૂપાલાની માફીને પણ ફગાવીને અનેક દેખાવોમાં રાજકોટમાં ઉમેદવાર બદલવાની માંગ થઈ છે. આ ચુંટણીમાં ભાજપે ક્ષત્રિયોને એક પણ લોકસભા બેઠક પર ટિકીટ આપી નહી. ભાવનગરમાં ભૂતકાળમાં ક્ષત્રિય સમાજના અનેક અગ્રણીઓ જેમાં ભાજપના રાજેન્દ્રસિંહ રાણાનો પણ સમાવેશ થાય છે. તેઓને બે-બે વખત સાંસદ અને પ્રદેશ પ્રમુખ બનાવ્યા હતા. આમ ભાવનગર એક બેઠક પર રાજકીય પક્ષો આ સમુદાયને ટિકીટ આપી શકે છે પરંતુ જે રીતે રૂપાલાના નિવેદનનામા તેની સામે રાજકોટ-સુરેન્દ્રનગરમાં વ્યાપક વિરોધ થયા છે અને ડેમેજ કંટ્રોલમાં ભાજપના ક્ષત્રિય અગ્રણીઓએ પણ હાથ નાખવાની 'ના' કરી દીધી હોવાના સંકેત છે તથા ભાવનગર બેઠક જયાં ક્ષત્રિય સમુદાયની મોટી વસતિ છે ત્યાં પણ આ વિધાનોની અસર થઈ શકે છે.

ભાજપ પ્રદેશ પ્રમુખે ધારાસભ્યોના કલાસ લીધાઃ લીડ લક્ષ્યાંક આપ્યો

ડેમેજ થયા બાદ સમસ્યા લઈને આવતા નહીંઃ પાંચ લાખથી ઓછી લીડમાં બહાનુ ચાલશે નહીંઃ પાટીલ

કમલમમાં ધારાસભ્યો-સંગઠન હોદ્દેદારોની બેઠકમાં તાકીદ

ગાંધીનગર તા.૨૭

ભારતીય જનતા પાર્ટીએ લોકસભાની તમામ ૨૬ બેઠકો અને વિધાનસભાની પેટા ચૂંટણીના પાંચેય ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. આ સાથે પક્ષે સોમવારે તમામ ધારાસભ્યો, પ્રભારીઓ તથા જિલ્લા પ્રમુખો સાથેની એક બેઠક યોજી પરિસ્થિતિનો કયાસ મેળવ્યો હતો. વડોદરા, સાબરકાંઠા, વલસાડ, પોરબંદર, સુરેન્દ્રનગર, રાજકોટ સહિતની બેઠકો પર ચાલી રહેલા અસંતોષના સૂર અને નારાજગીના માહોલથી પરિચિત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે બેઠકમાં કડક શબ્દોમાં પૂછયું હતું કે, 'કોઈને કંઈપણ સમસ્યા હોય તો સીધા મને કહે!. અંદર અંદર મુંજાઈને ચર્ચા કરવાને બદલે સીધા મને પૂછી લેવું'.

'દરેક ધારાસભ્ય પોતાના મત વિસ્તારમાં એક એક લાખની લીડ મેળવે તો પાંચ લાખની લીડનો લક્ષ્યાંક હાંસલ કરી શકાય એમ છે. કોઈને પાંચ લાખની લીડમાં મુશ્કેલી લાગતી હોય તો અત્યારે મને કહે.. છે કોઈને મુશ્કેલી?' પાટીલના આ પ્રસ્તાવ પર સૌએ નકારમાં ઉત્તર વાળ્યો હતો. એટલે પ્રમુખે હળવેકથી ટકોર કરી કે 'અત્યારે પાંચ લાખની લીડમાં કોઈને મુશ્કેલી છે એવું પુછયું છે ત્યારે સૌએ ના પાડી છે, પણ પછી પોણા પાંચ લાખ આવશે ત્યારે કોઈ બહાનું નહીં ચલાવી લઉં!'.

૧૫૬ ધારાસભ્યો ધરાવતા પક્ષની આ બેઠકમાં મુખ્યમંત્રી સહિત ૧૦૧ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પાટીલે સ્થિતિ સ્પષ્ટ કરતાં કહ્યું કે, રાષ્ટ્રીય નેતાગીરી દ્વારા ઉમેદવારોની પસંદગી થઈ ગઈ છે. ચૂંટણીમાં ટિકિટ કોઈ એકને જ આપી શકાય. બધાને ટિકિટ ન મળે. સક્ષમ હશો તો પદ મળશે. તમારા પ્રયાસ પ્રમાણિક હશે તો જરૂરથી પરિણામ મળશે. હવે બાકીના કાર્યકરોએ કમળની જીત માટે સાથે રહીને કામ કરવાનું છે.

કયાંય કંઈ ગરબડ હોય તો ધ્યાન દોરજોઃ પાટીલ

પ્રદેશ પ્રમુખ પાટીલે સૌ કાર્યકરોને ફરીથી કહ્યું હતું કે, કોઈને કોઈ તકલીફ, પ્રશ્ન હોય તો મને જાણ કરજો. નુકસાન થઈ ગયા પછીના કારણો જાણવામાં મને રસ નથી. અહીં નોંધવું જરૂરી છે કે સાબરકાંઠા અને વડોદરામાં ઉમેદવારો બદલવાની નોબત આવી છે તેનાથી પક્ષની છબીને નુકશાન થયું છે. એટલે પાટીલે બેઠકમાં બધાને પૂછયું હતું કે, કયાંય કંઈ ગરબડ હોય તો મારું ધ્યાન દોરજો.

તેમણે સૌ કાર્યકરોને અપીલ કરી હતી કે, આપણે ઉમેદવારો વહેલા પસંદ કરીને જાહેર કર્યા છે, આ જાહેરાત રાષ્ટ્રીય નેતાગીરીએ કરેલી છે. ત્યારે હવે સૌએ સભાઓ યોજી પ્રચારની શરૂઆત કરો. એનાથી માહોલ ઉભો થશે. જનતાને

વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈના નેતૃત્વમાં કેન્દ્રની સરકારે દસ વર્ષમાં કરેલા કામોની જાણકારી આપો.

ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના વડાપ્રધાનના સંકલ્પમાં સૌને સાથે જોડવાના છે. યુવા કાર્યકરોને ભાજપના ધ્વજ સાથેની ઝંડીઓ લગાવવા, પડદાં પોસ્ટર માટે થોડી શરમ આવતી હોય એમ લાગે છે, પણ ઝંડીથી એક કેસરીયો માહોલ ઉભો થાય છે.

સાબરકાંઠામાં ભીખાજીના ટેકેદારો વિફર્યા

અરવલ્લીમાં ભાજપના ૨૦૦૦થી વધુ કાર્યકર્તાઓના રાજીનામાઃ મોડાસામાં 'કમલમ'ને તાળા મારવા પડયા

હિંમતનગરમાં પણ ભાજપ કાર્યાલયે ટોળા ઉમટયાઃ ભીખાજીને ગાંધીનગર બોલાવતા પાટીલ

મોડાસાઃ મેઘરજમાં હજારો લોકોએ એકત્ર થઈને દેખાવ કર્યા હતા. ભીખાજીના સમર્થનમાં અને નવા ચહેરા શોભના બારૈયા વિરૂદ્ધ બે હજારથી વધુ કાર્યકરોએ મોડાસા ખાતે જિલ્લા ભાજપ કાર્યાલયે પહોંચી સામુહિક રાજીનામા આપી દીધા હતા. આ ઉપરાંત ધંધા-રોજગાર બંધ રાખીને વેપારીઓએ પણ દુકાનો સજ્જડ બંધ રાખીને વિરોધ નોંધાવ્યો હતો. સમર્થકોએ ચીમકી પણ ઉચ્ચારી છે કે, જો ભીખાજીનું નામ ફરીથી ઉમેદવારમાં નહીં આવે તો અમે મતદાન પણ નહીં કરીએ. તેમણે પક્ષને વર્ષો આપ્યા છે તો તેમનું જ નામ આવવું જોઈએ. નવા ચહેરાનો અમે વિરોધ કરીએ છીએ તેવા સૂત્રોચ્ચાર કરી પોતાનો વિરોધ દર્શાવ્યો હતો.

મોડાસા ખાતે આવેલા કમલમ કાર્યાલય પર પહોંચેલા કાર્યકરોમાં મોટી સંખ્યામાં મહિલાઓ પણ જોવા મળી હતી, જો કે કમલમ કાર્યાલયના મુખ્ય દરવાજા પણ તકેદારી માટે બંધ કરી દેવાયા હતા. સાથે સાથે કાર્યાલય પર પોલીસનો મોટો કાફલો પણ કાયદો અને વ્યવસ્થા જાળવવા ઉપસ્થિત થઈ ગયો હતો. આ સંજોગોમાં ગાંધીનગરથી તેડું આવતાં ભીખાજી ઠાકોર પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલને મળવા પહોંચ્યા હતા.

CSKની સતત બીજી જીતઃ IPL સિઝનમાં હોમ ટીમે સતત ૭મી મેચ જીતી, શિવમ-રચીનની વિસ્ફોટક ઈનિંગ

ચેપોક સ્ટેડિયમ, ચેન્નાઈ : ૫ વખતની ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ (- - -) એ ઈન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૨૪માં સતત બીજી જીત નોંધાવી છે. ટીમે મંગળવારે ચાલુ સિઝનની ૭મી મેચમાં ગયા વર્ષની ફાઈનલિસ્ટ ગુજરાત ટાઈટન્સ (- -)ને ૬૩ રનથી હરાવ્યું હતું. આ જીત સાથે - - - પોઈન્ટ ટેબલમાં ટોચ પર આવી ગયું છે. ટીમના ખાતામાં ૪ પોઈન્ટ છે. ચેન્નાઈએ આ જ મેદાન પર સીઝનના ઓપનરમાં આરસીબીને ૬ વિકેટથી હરાવ્યું હતું.નનચેપોક સ્ટેડિયમમાં ગુજરાતે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી હતી. પ્રથમ બેટિંગ

કરતા ચેન્નાઈએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. ૨૦૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાત ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૪૩ રન જ બનાવી શક્યું હતું.

ચેન્નાઈ માટે રચિન રવિન્દ્ર (૨૦ બોલમાં ૪૬ રન) અને શિવમ દુબે (૨૩ બોલમાં ૫૧ રન)એ વિસ્ફોટક ઈનિંગ્સ રમી હતી, જ્યારે કેપ્ટન ઋતુરાજ ગવકવાડે ૩૬ બોલમાં ૪૬ રનનું યોગદાન આપ્યું હતું. રાશિદ ખાને બે વિકેટ ઝડપી હતી. ગુજરાત તરફથી સાંઈ સુદર્શને સૌથી વધુ ૩૭ રન બનાવ્યા હતા. દીપક ચહર, મુસ્તફિઝુર રહેમાન અને તુષાર દેશપાંડેએ ૨-૨ વિકેટ લીધી હતી. શિવમ દુબેને તેની અડધી સદીની ઈનિંગ્સ માટે પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો ગુજરાતની ખરાબ શરૂઆત, ૨૮ રન પર પહેલો ફટકો.૨૦૭ રનના મોટા ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ગુજરાત ટાઇટન્સની શરૂઆત ખરાબ રહી હતી. ટીમે ૨૮ રનના સ્કોર પર કેપ્ટન શુભમન ગિલ (૮ રન)ની વિકેટ ગુમાવી દીધી હતી. ગિલના આઉટ થયા બાદ ટોપ-મિડલ ઓર્ડરના બેટ્સમેનો દાવને સંભાળી શક્યા ન હતા અને ટીમ નિયમિત અંતરે વિકેટ ગુમાવતી રહી હતી.નનઓપનર રિદ્ધિમાન સાહાએ ૨૧ રન, વિજય શંકરે ૧૨, ડેવિડ મિલરે ૨૧, અઝમતુલ્લા ઓમરઝાઈએ ૧૧ અને ઉમેશ યાદવે ૧૦ રનનું યોગદાન આપ્યું હતું. ચેન્નાઈ તરફથી દીપક ચહર, મુસ્તફિઝુર રહેમાન અને તુષાર દેશપાંડેને ૨-૨ વિકેટ મળી હતી. ડેરીલ મિશેલ અને મેથીશ પથિરનને પણ એક-એક વિકેટ મળી હતી. ૨ન ચેઝમાં ગુજરાતની ટીમ

નિયમિત અંતરે વિકેટ ગુમાવતી રહી હતી. ટીમ તરફથી સૌથી મોટી ભાગીદારી ૨૬ બોલમાં ૪૧ રનની હતી, જે સાઈ સુદર્શન અને ડેવિડ મિલર વચ્ચે ચોથી વિકેટ માટે થઈ હતી.

ટાઇગર અભી ઝિંદા હૈ : ૪૧ વર્ષના ધોનીએ ૨.૨૭ મીટર ડાઈવ કરીને ફ્લાઈંગ કેચ લીધોનનચેન્નાઈ સુપર કિંગ્સના ભૂતપૂર્વ કેપ્ટન એમએસ ધોનીએ વિજય શંકરને આઉટ કરવા માટે એક શાનદાર ડાઈવિંગ કેચ લીધો હતો. આ માટે ધોનીએ ૦.૬ સેકન્ડના રિએક્શન ટાઈમ સાથે ૨.૨૭ મીટર ડાઈવિંગ કર્યું. ૮મી ઓવરમાં ડેરીલ મિશેલે ઓફ સ્ટમ્પની બહાર ગુડ લેન્થ બોલ ફેંક્યો હતો. બોલ શંકરના બેટ સાથે કટ થયા બાદ વિકેટની પાછળ ગયો. ધોનીએ તેની જમણી તરફ ડાઇવ કરીને કેચ પકડ્યો હતો. આ માટે સોશ્યલ મીડિયા પર ધોની જબરદસ્ત ટ્રેન્ડ થઈ રહ્યો છે અને પ્રશંસા મળી રહી છે. સુરેશ રૈનાએ ૪૨ વર્ષના ધોની વિશે લખ્યું ટાઇગર અભી ઝિંદા હૈ.

મેચમાં બનેલા ટોપ રેકોર્ડ :

1. CSK એ સૌથી વધુ વખત 200+ સ્કોર કર્યા છે."CSK એ રેકોર્ડ ૨૯મી વખત 200 થી વધુ સ્કોર કર્યો છે. આ પહેલા પણ CSK-ટોપ પર હતી. CSK પછી, RCBએ 24 વખત ટીમના 200થી વધુ રનનો સ્કોર પાર કર્યો છે.
2. દુબેએ છેલ્લા ૨ વર્ષમાં સૌથી વધુ સિક્સર ફટકારી છે.નશિવમ દુબેએ ગુજરાત સામે ૫ સિક્સર ફટકારી છે, આ સાથે 2023 IPL-થી અત્યાર સુધીમાં તેની કુલ સિક્સર ૪૧ થઈ ગઈ છે. સૌથી વધુ છગ્ગા મારનાર ખેલાડીઓમાં તે પ્રથમ આવ્યો. તેણે ફાફ ડુ પ્લેસિસને પાછળ છોડી દીધો. ફાફે 2023ની સીઝનથી અત્યાર સુધીમાં 36-સક્સર ફટકારી છે.
3. 3-રન માર્જિનથી ગુજરાત ટાઇટન્સની સૌથી મોટી હાર- IPLમાં ગુજરાત ટાઇટન્સને પ્રથમ વખત ૬૩ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. રનના હિસાબે ટીમની આ સૌથી મોટી હાર છે. આ પહેલા 2023માં ટીમને મુંબઈ ઈન્ડિયન્સે 27 રને હાર આપી હતી. ટીમે ટુર્નામેન્ટ માં ૩૫ મેચ રમી છે અને માત્ર ૧૧માં હારનો સામનો કરવો પડ્યો હતો.
4. CSK 17મી વખત 50+ રનથી જીત્યું.નચેન્નાઈ સુપર કિંગ્સ 17મી વખત 50+ રનના માર્જિનથી જીત્યું. અત્યાર સુધી કોઈ પણ ટીમ ૧૩થી વધુ વખત આટલા મોટા માર્જિનથી જીતી શકી નથી. ચેન્નાઈ પછી, મુંબઈ 13 વખત 50+-રનના માર્જિનથી જીત્યું.

IPL 2024 : આજની મેચ

મેચ નંબર ૮ :
મુંબઈ ઈન્ડિયન્સ વિ. સન રાઈઝર્સ હૈદરાબાદ
સ્થળ : રાજીવ ગાંધી સ્ટેડિયમ, હૈદરાબાદ
સમય : સાંજે ૭.૩૦ કલાક થી શરૂ

રાજસ્થાન હાઈકોર્ટે અપરાધ ન ગણાવ્યો

બે પુખ્ત લોકો લગ્ન બહાર સંમતિથી સંબંધ બાંધે તો ગુનો નથીઃ હાઈકોર્ટ

જયપુર,તા.૨૭

જો બે સંમતિથી પુખ્ત વયના લોકો લગ્નની બહાર જાતીય સંબંધ બાંધે તો તે કાનૂની અપરાધ નથી. રાજસ્થાન હાઈકોર્ટે આ ટિપ્પણી એવા પતિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દેતા કરી છે જેની પત્ની અન્ય પુરુષ સાથે હતી. જ્યારે બે સંમતિ ધરાવતા પુખ્ત વયના લોકો લગ્નની બહાર સેક્સ કરે છે. તે કાનૂની ગુનો નથી. રાજસ્થાન હાઈકોર્ટે પતિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દેતા કહ્યું હતું કે વ્યભિચાર એ IPCની કલમ ૪૯૭ હેઠળ અપવાદ છે.

જેને પહેલાથી જ હટાવી દેવામાં આવી છે.

જસ્ટિસ બિરેન્દ્ર કુમારે કહ્યું કે આઈપીસી કલમ ૪૯૪ હેઠળનો કેસ કરવામાં આવ્યો ન હતો કારણ કે બંનેમાંથી કોઈએ જીવનસાથીના જીવનકાળ દરમિયાન બીજી વખત લગ્ન કર્યા ન હતા. જ્યાં સુધી લગ્ન સાબિત ન થાય ત્યાં સુધી લિવ-ઈન રિલેશનશિપ જેવા લગ્ન જેવા સંબંધ કલમ ૪૯૪ હેઠળ આવતા નથી. બેન્ચે કહ્યું સંક્ષિપ્ત પૃષ્ઠભૂમિ એ છે કે અરજદારે આરોપ લગાવતા કેસ દાખલ કર્યો કે તેની પત્નીનું આરોપી દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. તેની પત્ની એફિડેવિટ સાથે કોર્ટમાં હાજર થઈ જ્યાં તેણે કહ્યું કે કોઈએ તેનું અપહરણ કર્યું નથી. પરંતુ તે પોતાની મરજીથી આરોપી સંજીવ સાથે લિવ-ઈન રિલેશનશિપમાં હતી. આ અદાલતે શોધી કાઢ્યું કે આઈપીસીની કલમ ૩૬૬ હેઠળ કોઈ ગુનો કરવામાં આવ્યો નથી અને એફઆઈઆર રદ કરવામાં આવી છે. સુનાવણી દરમિયાન અરજદારના વકીલે દલીલ કરી હતી કે મહિલાએ સ્વીકાર્યું છે કે તેણી સંજીવ સાથે લગ્નેત્તર સંબંધ ધરાવે છે, તેથી તે IPCની કલમ ૪૯૪ અને ૪૯૭ હેઠળ ગુનો બને છે. વકીલે કોર્ટને સામાજિક નૈતિકતાના રક્ષણ માટે અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવાની અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટના આદેશને ટાંકીને સિંગલ બેન્ચે કહ્યું, આ સાચું છે કે આપણા સમાજમાં મુખ્ય ધારાનો મત એ છે કે શારીરિક સંબંધો ફક્ત પરિણીત યુગલ વચ્ચે જ હોવા જોઈએ. પરંતુ જ્યારે બે પુખ્ત વયના લોકો લગ્નની બહાર સહમતિથી સંબંધ ધરાવતા હોય તો આ ગુનો નથી.

અમદાવાદમાં કોરોનાનો પગપેસારો : બે દર્દીને હોસ્પિટલમાં દાખલ કરાયા

અમદાવાદ, તા. ૨૭

રાજયમાં વારંવાર હવામાન પલ્ટા વચ્ચે પાણીજન્ય રોગચાળામાં વધારો થઇ જ રહ્યો છે ત્યારે હવે સ્વાઇનફલુની સાથોસાથ કોરોનાના કેસ પણ નોંધાતા આરોગ્ય વિભાગમાં દોડધામ થઇ પડી છે.

અમદાવાદમાં સ્વાઇનફલુ ઉપરાંત કોરોનાના કેસ પણ નોંધાયા છે. સિવિલ હોસ્પિટલમાં કોરોનાના બે દર્દીઓને દાખલ કરવામાં આવ્યા છે અને મહત્વની વાત એ છે કે બંને દર્દીઓને ઓકસીજનની જરૂરીયાત ઉભી થઇ છે. આ સિવાય સ્વાઇનફલુના કેસોમાં સતત વધારો થઇ રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા એક મહિનામાં સ્વાઇનફલુના ૧૮૦ કેસ નોંધાયા હોવાનું અને તેમાં ૯ લોકોએ જીવ ગુમાવ્યા હોવાનું ઉલ્લેખનીય છે. અમદાવાદની ખાનગી કલીનીકોથી માંડીને સરકારી હોસ્પિટલમાં વાયરલ ઇન્ફેકશન તથા સ્વાઇનફલુના કેસોમાં સતત વધારો થઇ રહ્યો છે.

બેન્ક ખાતા ફ્રીઝ થવાથી ચુંટણી લડવામાં 'નાણાકીય' મુશ્કેલી ભોગવી રહેલા પક્ષની મુશ્કેલી વધી

કોંગ્રેસ પાસેથી રૂા.૧૩૫ કરોડ વસુલાયાઃ વધુ રૂા.૫૨૪ કરોડના બેનામી વ્યવહારો મળ્યા

૨૦૧૪થી૨૦૨૧ દરમ્યાન થયેલા બેન્ક ખાતાના વ્યવહારોમાં આઈટી વિભાગે ગોટાળા શોધ્યા- હવે તેના પર ભારે દંડ- વ્યાજ વસુલશે

અગાઉના બિનહિસાબી નાણામાંથી રૂા.૧૩૫ કરોડની વસુલાત કરી લેવાઈઃ મુખ્ય વિપક્ષ કહે છે સરકાર અમારી પાછળ પડી ગઈ છે

નવી દિલ્હીઃ લોકસભા ચુંટણી સમયે જ આવકવેરા વિભાગની આકરી કાર્યવાહી તથા બેન્ક ખાતા 'ફ્રીઝ' થવાની સમસ્યાનો સામનો કરી રહેલા કોંગ્રેસ પક્ષ માટે હવે વધુ એક આઈટી-મહાસંકટ તોળાઈ રહ્યું છે. આવકવેરા વિભાગે ૨૦૧૪થી૨૦૨૧ સુધીના કોંગ્રેસ પક્ષના 'હિસાબ'માં રૂા.૫૨૪ કરોડના બિનહિસાબી વ્યવહારો શોધી કાઢ્યા છે અને હવે આ વ્યવહારોના મુદે દેશના મુખ્ય વિપક્ષને વધુ મુશ્કેલીમાં મુકાશે તે નિશ્ચિત કર્યુ છે. હાલમાં જ કોંગ્રેસના અધ્યક્ષ શ્રી મલ્લીકાર્જુન ખડગે, પુર્વ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ એક પત્રકાર પરિષદ કરી ચુંટણી સમયે તેમના બેન્ક ખાતા ફ્રીઝ કરી તેઓને ચુંટણીમાં નાણાકીય રીતે ભીસમાં મુકવા મોદી સરકાર પ્રયાસ કરી રહી હોવાનો આરોપ મુકયો હતો. તેમાં હજુ કોંગ્રેસ પક્ષ બહાર આવી શકયો નથી ત્યાં જ આઈટી વિભાગે અગાઉના ડયુ પેટે કોંગ્રેસ પક્ષના બેન્ક ખાતામાંથી રૂા.૧૩૫ કરોડ ટ્રાન્સફર કરી લીધા છે તો હવે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી સહિતના સમયને આવરી લેતા ૨૦૧૪થી ૨૦૨૧ના સમયમાં આ પક્ષના ખાતામાં રૂા.૫૨૩.૮૭ કરોડના બેનામી વ્યવહારો શોધી ક્ઢાયા હોવાનો દાવો કર્યો છે. કોંગ્રેસ પક્ષના નેતા અને રાજ્યસભાના સભ્ય વી.કે.તન્ખાએ સ્વીકાર્યુ કે હવે આ રૂા.૫૨૩.૮૭ કરોડના આધારે આવકવેરા વિભાગ ભારે દંડ અને વ્યાજની ગણતરી કરીને તેઓ અમારા ખાતામાંથી વધુ નાણા ફ્રીઝ કરશે તેમાં રૂા.૧૩૫ કરોડ અગાઉથી જ 'લઈ' ગયા છે.કોંગ્રેસ પક્ષે માર્ચ માસમાં આઈટી ટ્રીબ્યુનલ સમક્ષ અરજી કરીને રૂા.૧૩૫ કરોડની રકમ તેમના ખાતામાંથી ટ્રાન્સફર કરાતા આઈટી વિભાગના ઓર્ડર સામે 'સ્ટે' માંગ્યો હતો પણ તે સ્વીકારાઈ ન હતી. બાદમાં દિલ્હી હાઈકોર્ટે પણ કોંગ્રેસ પક્ષને રાહત આપી ન હતી.

૨૦૧૯માં એપ્રિલ માસમાંજ ચુંટણીપંચની સુચનાથી સીબીઆઈએ આ અંગે તપાસ કરી હતી અને આવકવેરા વિભાગને સાથે રાખી બાવન સ્થળો પર દરોડા પાડયા હતા. આ તમામ તપાસ ૨૦૧૩-૨૦૧૮ની મધ્યપ્રદેશની ધારાસભા સુધી અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણી સમયે થયેલા વ્યવહારો સામેલ હતા. કોંગ્રેસ પક્ષે છેક ૨૦૨૪માં તા.૩૧ માર્ચના એસેસમેન્ટ ડેડલાઈન પુરી થાય તેના થોડા દિવસ પુર્વે જ આ અંગે હાઈકોર્ટમાં અરજી કરી પણ તે સ્વીકાર્ય થઈ ન હતી.

બીલીયોનર્સમાં બીજીંગને પાછળ રાખ્યા બાદ હવે વિદેશી રોકાણમાં પણ મ્હાત

ભારતનો ડંકો : સમગ્ર એશિયામાં સૌથી વધુ વિદેશી રોકાણ મેળવ્યું

માર્ચ મહિનામાં વિદેશી સંસ્થાઓએ ૩.૬૩ અબજ ડોલર ઠાલવ્યાઃ કોરોના કાળ પછીનું સૌથી મોટુ રોકાણ

મુંબઈ, તા. ૨૭

સમગ્ર વિશ્વમાં સૌથી વધુ આર્થિક વૃધ્ધિદર ધરાવતા ભારતનો અર્થતંત્રમાં ડંકો વાગી જ રહ્યો છે અને તેના પર વિદેશીઓ પણ આફરીન હોય તેમ વિદેશી રોકાણમાં જંગી વધારો થવા લાગ્યો છે. માર્ચ મહિનામાં સમગ્ર એશીયામાં સૌથી વધુ વિદેશી રોકાણ ભારતે મેળવ્યું છે.

દક્ષિણ કોરીયા, તાઈવાન, ઈન્ડોનેશીયા જેવા દેશો પણ ભારતથી પાછળ રહ્યા છે. જયારે જાપાન, મલેશીયા, ફિલિપાઈન્સ, થાઈલેન્ડ, વિયેટનામ અને શ્રીલંકા જેવા દેશોમાંથી વિદેશી રોકાણ પાછું ખેંચાયું છે.

માર્ચ મહિનામાં ભારતમાં ૩.૬૩ અબજ ડોલરનું વિદેશી રોકાણ ઠલવાયું હતું જે છેલ્લા ચાર વર્ષનું સૌથી વધુ છે. આ ઉપરાંત ભારતીય નાણા સંસ્થાઓને પણ ૫૨૪૬૭ કરોડનું રોકાણ કર્યુ હતું.

ભૌગોલિક ટેન્શન અને ઉંચા વ્યાજદરના દર વચ્ચે પણ ભારત પ્રત્યેનો વિદેશી ઈન્વેસ્ટરોનો લગાવ વધતો રહ્યો હતો. વિદેશી સંસ્થાઓએ ડિસેમ્બર-૨૦૨૩ પછીનો સૌથી મોટુ રોકાણ કર્યુ હતું.

ભારત સિવાય વિદેશી નાણા સંસ્થાઓએ દક્ષિણ કોરીયા, તાઈવાન તથા ઈન્ડોનેશીયામાં પણ રોકાણ કર્યુ હતું. દક્ષિણ કોરીયામાં ૨.૯૧ અબજ ડોલર, તાઈવાનમાં ૧.૧૪ અબજ ડોલર તથા ઈન્ડોનેશીયામાં ૫.૮૫ અબજ ડોલર ઠાલવ્યા હતા. બીજી તરફ જાપાનમાંથી વિદેશી સંસ્થાઓએ ૫.૩૫ અબજ ડોલર પાછા ખેંચી લીધા હતા. આ જ રીતે થાઈલેન્ડ અને મલેશીયામાંથી ૧.૧૩ અબજ ડોલર અને ૫૧૪ મીલીયન ડોલરનું રોકાણ પાછું ખેંચ્યું હતું. વિયેટનામ તથા ફિલીપાઈન્સમાંથી પણ વિદેશી નાણા પાછા ખેંચાયા હતા.

ઈડીને 'ધો ડાલા': વોશીંગ મશીનમાંથી પકડી પાડયા કરોડોના કાળા નાણાં

કેપ્રિ કોરિયન શિપિંગ એન્ડ લોજીસ્ટીકસ પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેકટરોને ત્યાં ઈડીના દરોડા

નવી દિલ્હી તા.૨૭

વિદેશી મુદ્રા ઉલ્લંઘન કેસમાં ઈડીએ કેપ્રી કોરિયન શિપીંગ એન્ડ લોજીસ્ટીકસ પ્રાઈવેટ લિમિટેડ અને તેના ડિરેકટર્સ વિજય શુકલા અને સંજય ગોસ્વામીના દિલ્હી, હૈદ્રાબાદ, મુંબઈ, કુરુક્ષેત્ર અને કોલકતા સ્થિત સ્થળોએ દરોડા પાડયા હતા. એજન્સીએ ૨.૫૪ કરોડની રોકડ જમ કરી હતી જેમાં રોકડનો કેટલોક ભાગ વોશીંગ મશીનમાં છુપાવાયો હતો. ઈડીએ વાંધાજનક દસ્તાવેજો અને ડિઝીટલ સાધનોની જમીની સાથે સાથે ૪૭ બેન્ક ખાતા પણ ફ્રીઝ કર્યા હતા.

ઈડીના અનુસાર જે સ્થળોની તલાશી લેવામાં આવી, તે કંપનીના ડાયરેકટર અને પાર્ટનર સંદીપ ગર્ગ, વિનોદ કેડીયાની સંસ્થાઓ સાથે પણ જોડાયેલા છે. તેમાં લક્ષ્મીટન મેરી ટાઈમ હિન્દુસ્તાન ઈન્ટરનેશનલ, રાજનંદીની મેટલ્સ, સ્ટવાર્ટ અલોયઝ ઈન્ડીયા પ્રા.લી. ભાગ્યનગર લિ., વિનાયક સ્ટીલ્સ લિ. વશિષ્ઠ કન્સ્ટ્રકશન પ્રા.લિ. સામેલ છે.

તપાસમાં બહાર આવ્યું છે કે આ સંસ્થાઓએ ભારતની બહાર સિંગાપોરની સંસ્થાઓને ૧૮૦૦ કરોડ રૂપિયા મોકલ્યા છે.

વરૂણ ગાંધી લોકસભા ચૂંટણી નહી લડેઃ ભાજપે 'ટિકીટ કાપતા' નિર્ણય

મેનકા ગાંધી માટે સુલ્તાનપુરમાં પ્રચાર કરશેઃ યુપી ભાજપના અગ્રણી

નવી દિલ્હીઃ

ભાજપે પીલીભીતની વર્તમાન સાંસદ વરૂણ ગાંધીની ટિકીટ કાપી છે તેની તમો હવે કોઈ નવા જુની કરશે તેવી અટકળો વચ્ચે ટીમ વરૂણના જણાવ્યા મુજબ વરૂણ ગાંધી હવે લોકસભા ચુંટણી લડશે નહી અને તેની માતા મેનકા ગાંધી માટે સુલ્તાનપુર બેઠક પર પ્રચાર કરશે. ભાજપે તેની જે પાંચમી યાદી જાહેર કરી છે તેમાં પીલીભીતમાં વરૂણ ગાંધીના સ્થાને કોંગ્રેસમાંથી આવેલા યુવા નેતા જીતીનપ્રસાદને ટિકીટ આપી છે જે બાદ વરૂણ ગાંધી કોંગ્રેસ અથવા સમાજવાદી પક્ષમાં જોડાઈ શકે છે તેવી અટકળો શરૂ થઈ હતી પરંતુ ઉતરપ્રદેશ ભાજપના અધ્યક્ષ ચૌધરી ભુપેન્દ્ર સિંઘે જાહેર કર્યુ કે વરૂણ ગાંધી માટે પક્ષના મોવડીમંડળે કોઈ ખાસ તક વિચારી રાખી હશે તે મા લોકસભા ચૂંટણી લડતા નથી પણ તેમના માતાની બેઠક પર પ્રચાર કરશે. ત્રણ વખત ભાજપની ટિકીટ પર સાંસદ રહી ચૂકેલા વરૂણ ગાંધીને કોંગ્રેસમાં જોડાવાનું પણ આમંત્રણ છે પણ તેમને પક્ષ છોડશે નહી.

પત્નીને 'સેકન્ડહેન્ડ' કહેવું મોંઘુ પડયુંઃ રૂા.૩ કરોડ ચૂકવવા હાઈકોર્ટનો આદેશ

મુંબઈમાં રહેતા અમેરિકન યુગલ વચ્ચે ૨૦૧૭માં છુટાછેડાના કેસમાં રૂા.૧.૫૦ લાખનું ભરણપોષણ પ્રતિ મહિને આપવા આદેશ

મુંબઈ તા.૨૭

પત્ની માટે કોઈપણ અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરનાર પુરુષો માટે એક લાલબત્તી સમાન ચુકાદો મુંબઈ હાઈકોર્ટે આપ્યો હતો. નેપાળમાં હનીમુન માટે ગયેલા યુગલ વચ્ચે કોઈ બાબતે વિવાદ થતા પતિએ તેની પત્નીને 'સેકન્ડહેન્ડ' કહીને અપમાનીત કરી હતી અને યુગલ મુંબઈ પરત ફરતા પત્નીએ પતિ સામે આ પ્રકારે અપમાનીત કરવા ઉપરાંત જાતીય સતામણી અને તેની પર અત્યાચાર કરવાનો આરોપ મુકયો છે. અમેરિકામાં રહેતા આ વ્યક્તિ પરનો દોષ સાબીત થયો હતો અને મુંબઈ હાઈકોર્ટે પતિને રૂા.૩ કરોડની રકમનો દંડ ફટકારી આ રકમ તેના પત્નીને આપવા આદેશ આપ્યો હતો.

પતિ અને પત્ની બંને અમેરિકાના નાગરિક છે. ૧ જાન્યુ. ૧૯૯૪ના બંનેના લગ્ન થયા હતા. આ અગાઉ મહિલાની એક સગાઈ તૂટી ગઈ હતી. અમેરિકામાં રહેતા આ યુગલ ૨૦૦૫માં મુંબઈમાં શીફટ થયા હતા અને થોડા વર્ષ સાથે રહ્યા બાદ ૨૦૧૪માં પતિ અમેરિકા ચાલ્યો ગયો હતો અને ૨૦૧૭માં છુટાછેડાની અરજી કરી હતી. તેણે પત્ની પર લગ્ન બહારના સંબંધોનો આરોપ મુકયો હતો જયારે પત્નીએ વળતો આક્ષેપ કરતા કહ્યું કે જયારે તેઓ હનીમુન માટે નેપાળ ગયા હતા ત્યારે તેના પતિએ તેના પર ચારિત્ર્ય સંબંધી પ્રશ્ન ઉઠાવીને સેકન્ડહેન્ડ કહ્યું હતું અને તેની પાસે બળજબરીથી ગેરકાનુની સંબંધો સ્વીકારવાની ફરજ પાડી હતી એટલું જ નહી ૨૦૦૮માં તેનું ગળુ દબાવીને હત્યાની પણ કોશિશ કરી હતી. ૨૦૨૩માં ટ્રાયલ કોર્ટે પત્નીની તરફેણમાં ચુકાદો આપીને તેને રૂા.૩ કરોડ ચૂકવવા ઉપરાંત મુંબઈમાં ૧૦૦૦ સ્કવેરફુટનું રહેણાંક ઘર આપવા અથવા તો મહિને રૂા.૭૫૦૦૦નું ભરણપોષણ આપવા પતિને આદેશ આપ્યો હતો. આ ઉપરાંત તેના તમામ ઘરેણા પણ પરત આપવા અને બાદમાં ભરણપોષણ વધારીને રૂા.૧.૫૦ લાખ કરાયું હતું જેની સામે પતિએ મુંબઈ હાઈકોર્ટમાં અપીલ કરતા હાઈકોર્ટે પણ ટ્રાયલકોર્ટનો ચુકાદો માન્ય રાખ્યો હતો.

વિદેશીઓ સાથે વાત કરવા માંગો છો? વોટ્સએપ પર આ સેટિંગ ઓન કરો

વોટ્સએપે યુઝર્સના ચેટિંગ અનુભવને સારું બનાવવા માટે ઘણા ખાસ ફીચર્સ રજૂ કર્યા છે. જોકે, જો તમે કોઈ એવી વ્યક્તિ સાથે વાત કરી રહ્યા છો જે જુદી જુદી ભાષાઓ બોલે છે, તો તેમની સાથે વાતચીત કરવી મુશ્કેલ બની શકે છે. સારી વાત એ છે કે વોટ્સએપમાં બિલ્ટ-ઇન ટ્રાન્સલેશન ફીચર છે, જે તમને વિવિધ ભાષાઓમાં લખેલા મેસેજને સમજવામાં મદદ કરી શકે છે.

આ સિવાય જો તમારા મિત્રો કે સંબંધીઓ વિદેશમાં છે અને તમે તેમની સાથે તેમની જ ભાષામાં વાત કરવા માંગો છો તો WhatsAppનું આ ફીચર તમારા માટે ખૂબ જ ઉપયોગી થશે. તો આજે અમે તમને જણાવીશું કે વોટ્સએપ પર અનુવાદનો ઉપયોગ કેવી રીતે કરી શકાય?

- WhatsApp ચેટ ખોલો અને નવો મેસેજ લખો
- મેનુ દેખાય ત્યાં સુધી મેસેજને લાંબા સમય સુધી દબાવી રાખો (ટેપ કરો અને પકડી રાખો).
- મેનુમાંથી 'મોર પસંદ કરો
- 'અનુવાદ' વિકલ્પ પસંદ કરો
- એક પોપ-અપ વિન્ડો અનુવાદિત સંદેશ દર્શાવતી દેખાશે

જો મેસેજનો તમારી પસંદગીની ભાષામાં અનુવાદ ન થયો હોય, તો તમે જે ભાષામાં સંદેશનો અનુવાદ કરવા માંગો છો તે તમે પસંદ કરી શકો છો.

નોંધનીય છે કે આ ફીચર ફક્ત WhatsApp વર્ઝન ૨.૨૦.૨૦૬.૨૪ અને તે પછીના Android અને ૨.૨૦.૭૦ અને iPhoneના પછીના વર્ઝન પર ઉપલબ્ધ છે.

આ સિવાય વોટ્સએપમાં એક બિલ્ટ ઇન ફીચર પણ છે જે ઓટોમેટિકલી ભાષા વચ્ચે મેસેજને ટ્રાન્સલેટ કરી શકે છે. આ ફીચરને WhatsApp સેટિંગ્સમાં ચેટ લેંગ્વેજમાં જઈને એક્ટિવેટ કરી શકાય છે.

વોટ્સએપ પર ટ્રાન્સલેશન ફીચર અલગ-અલગ ભાષાઓમાં લખેલા મેસેજને સમજવાનું સરળ બનાવે છે. માત્ર થોડા ટેપથી, તમે WhatsApp વાર્તાલાપમાં કોઈપણ સંદેશનો અનુવાદ કરી શકો છો અને અન્ય દેશમાં રહેતા મિત્રો અને સંબંધીઓ સાથે ચેટ કરી શકો છો.

યુદ્ધગ્રસ્ત-સંઘર્ષરત દેશોમાંથી ભાગી જવા મજબૂર લોકોની કરૂણ કથની

જાયે તો જાયે કહાંઃ એક દાયકામાં શરણની શોધમાં નીકળેલા ૬૩ હજાર લોકોના મોત

હજારોથી વધુ પ્રવાસીઓ ગાયબ થયાઃ ૬૦ ટકાના તો ડૂબી જવાથી મોતઃ આઈઓએમના મિસીંગ માઈગ્રેન્ટ્સ પ્રોજેક્ટ પર પ્રકાશિત રિપોર્ટમાં સનસનીખેજ ખુલાસો

નવી દિલ્હી, તા.૨૭

ગત એક દાયકામાં યુદ્ધ અને સંઘર્ષવાળા વિસ્તારોમાંથી ભાગતી વખતે દુનિયાભરમાં ૬૩ હજારથી વધુ પ્રવાસીઓના મોત થયા છે અથવા તો ગાયબ થયા છે. સંયુક્ત રાષ્ટ્રની એજન્સી ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (આઈઓએમ)ના મિસીંગ માઈગ્રેન્ટ્સ પ્રોજેક્ટ પર પ્રકાશિત રિપોર્ટમાં આ ખુલાસો થયો છે.

રિપોર્ટ અનુસાર ૨૦૧૪થી ૨૦૨૩ દરમિયાન પોતાના દેશથી બીજા દેશમાં ભાગતી વખતે ૬૩૫૮૫ લોકો માર્યા ગયા હતા અથવા ગાયબ થઈ ગયા હતા. સૌથી વધુ ૨૮૫૪ મોતો ભૂમધ્ય સાગરમાં થઈ છે. ત્યારબાદ આફ્રિકા અને એશિયામાં પ્રવાસીઓ મર્યા છે.

૬૦ ટકાના મોત ડૂબવાથી થયા

એજન્સી તરફથી જેટલા મૃત્યુ નોંધાયા છે, તેમાંથી ૬૦ ટકા મૃત્યુ ડૂબવાના કારણે થઈ છે. તેમાં એક તૃતિયાંશથી વધુ મૃત્યુ અફઘાનિસ્તાન, મ્યાનમાર, સીરિયા અને ઈથિયોપિયા વગેરે સંઘર્ષરત દેશોમાં થયા હતા. ગત વર્ષ પ્રવાસીઓ માટે સૌથી ઘાતક હતું. ગત વર્ષે ભૂમધ્ય સાગરમાં ડૂબીને ૮૫૪૧ લોકોના મોત થયા હતા. વર્ષ ૨૦૨૩માં ટયુનિશિયાઈ તટ પર ઓછામાં ઓછા ૭૨૯ લોકો માર્યા ગયા હતા. જયારે વર્ષ ૨૦૨૨માં ૪૬૨ લોકો માર્યા ગયા હતા. છેલ્લા વર્ષોમાં મધ્ય ભૂમધ્ય સાગરમાં મોટાભાગના મૃત્યુ લીબિયાના તટ પર થયા હતા.

એશિયામાં ગત વર્ષે ૨૧૩૨ લોકોના જીવ ગયા

એશિયામાં ૨૦૨૩માં ૨૧૩૮ મોત નોંધાઈ હતી, જ્યારે ૨૦૨૨માં ૨૦૭૦ મૃત્યુ નોંધાયા હતા. ૨૦૨૩માં અફઘાનિસ્તાનમાં સૌથી વધુ ૧૧૮૧ લોકોના મૃત્યુ પોતાના વિસ્તારમાંથી ભાગતી વખતે થયા હતા. ગત એક દાયકામાં સૌથી વધુ અફઘાન નાગરિકોના મોત ગત વર્ષે થયા હતા.

પ્રવાસીઓને રોકવા માટે ઉઠાવાયા અનેક પગલા

યુરોપે પ્રવાસીઓને રોકવા માટે અનેક પગલાં ઉઠાવ્યા છે. સરકારોએ ટયુનિશિયા અને મિસ્ર જેવા ભૂમધ્યસાગરીય દેશોને ધન આપવાનો વાયદો કરીને પોતાના દેશોમાં પ્રવાસીઓને આવવાથી રોકવાનો પ્રયાસ કર્યો છે. આ મહિનાની શરૂઆતમાં યુરોપીય સંઘે મિસ્રને ૭.૪ અબજ યુરો (૮ અબજ ડોલર)નું ફંડીંગ પેકેજ આપવાનો વાયદો કર્યો હતો. ઈટલી, હંગેરી અને બ્રિટન સહિત અનેક યુરોપીય દેશોએ પ્રવાસીઓ પર અંકુશ લગાવવા એ સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે.

'ક્રિસ-૩'ની રીલીઝને ૧૧ વર્ષ બાદ....

ઋત્વિક રોશન 'ક્રિસ-૪'નું કામ આ વર્ષથી શરૂ કરી શકે છે

છેલ્લા એક દાયકાથી 'ક્રિસ-૪'ની વાતો થાય છે

મુંબઈ, તા.૨૭

ઋત્વીક રોશનની અગાઉ રજુ થયેલી ફિલ્મ 'ફાઈટર' બોક્સ ઓફિસ પર ખાસ અસર નહોતી દેખાડી શકી. ઋત્વીક ઘણી ઓછી ફિલ્મો કરે છે, આ સંજોગોમાં ફેન્સ તેના આગામી પ્રોજેક્ટની આડિસાથી રાહ જોતા હોય છે. હવે ઋત્વીકના ફેન્સ માટે મોટી ખબર બહાર આવી છે કે 'ક્રિસ' ફેન્ચાઈઝીની ફિલ્મ 'ક્રિસ-૩' વર્ષ ૨૦૧૩માં રિલીઝ થઈ હતી. જેની રિલીઝનો આજે ૧૧ વર્ષ કરતાં વધુ સમય વીતી ગયો છેલ્લા ઘણા વર્ષોથી આ ફિલ્મના ૪થા ભાગની ચર્ચા થાય છે. હવે ખબર છે કે રાકેશ રોશન પોતાના પુત્ર ઋત્વીક સાથે આ ફિલ્મનું હવે આગળ વધારવા વિચારી રહ્યા છે. રિપોર્ટ અનુસાર આ સુપર હીરોવાળી ફિલ્મના કન્સેપ્ટને આગળ વધારવા ટૂંક સમયમાં જ કામ શરૂ કરી દેશે. હાલ તો ઋત્વીક રોશન 'વોર-૨'ના શૂટીંગમાં બીઝી છે. 'ક્રિસ-૪'નો પ્રોજેક્ટ હજુ પ્રારંભિક તબક્કામાં છે. પણ ફિલ્મ માટે જે સૌથી જરૂરી છે. તેના પર આ વર્ષે સમર સીઝનમાં કામ શરૂ થઈ શકે છે. પ્રાઈમરી સ્ટેજનું કામ પુરું થઈ ગયા બાદ વર્ષ ૨૦૨૫માં ફિલ્મનું શૂટીંગ શરૂ થઈ શકે છે.

મહાકાલ મંદિરમાં ધૂળેટીએ અગ્નિકાંડ બાદ બહારથી આવેલા રંગો પર રોક

રંગપંચમી પર્વે ઉજવણી હર્બલ રંગોથી જ થશેઃ ભસ્મ આરતી સમયે શ્રદ્ધાળુઓની સંખ્યા પર નિયંત્રણ લદાશે

ઈન્દોર (મધ્યપ્રદેશ) તા.૨૭

હોળીના પર્વે ઉજજૈનના મહાકાલેશ્વર મંદિરે ગર્ભગૃહમાં ભસ્મ આરતી સમયે ગુલાલ ઉડાડતી વખતે આગ લાગતા ૧૪ લોકો દાઝી ગયા હતા. આ ઘટનામાંથી બોધપાઠ લઈને ૩૦ માર્ચે યોજનાર રંગપંચમી ઉત્સવ માટે ઉજજૈન પ્રશાસન દ્વારા મંદિરની બહારથી લાવવામાં આવેલા રંગો પર પ્રતિબંધ લગાવવા સહિત કડક સુરક્ષા ઉપાયોની જાહેરાત કરાઈ છે.

નવી વ્યવસ્થા અંતર્ગત રંગપંચમી પર્વે મંદિરમાં માત્ર હર્બલ રંગને જ અંદર લઈ જવાની મંજુરી આપવાની સાથે જ ભસ્મ આરતી દરમિયાન શ્રદ્ધાળુઓની સંખ્યા નિયંત્રીત કરાશે.

ઉજજૈનના જિલ્લા કલેકટર નીરજકુમાર સિંહે જણાવ્યું હતું કે મહાકાલેશ્વર મંદિર પ્રબંધન સમીતી ઉત્સવ માટે કેસૂડાના ફુલોમાંથી બનેલા હર્બલ રંગને ઉપલબ્ધ કરાવશે. રંગપંચમીએ પણ શ્રદ્ધાળુઓને બહારથી રંગ લાવવાની મંજુરી નહીં અપાય.

દરમિયાન પ્રદેશના મંત્રી કૈલાસ વિજય વર્ગીયે આશંકા વ્યક્ત કરી હતી કે સોમવારે મહાકાલેશ્વર મંદિરમાં હોળી દરમિયાન લાગેલી આગ રસાયણયુકત ગુલાલથી લાગી હોવી જોઈએ. મુખ્યમંત્રી યાદવે પણ જણાવ્યું હતું કે અગ્નિકાંડની વિસ્તૃત તપાસ ચાલી રહી છે.

'પુષ્પા-૨' અને 'પુષ્પા-૩'માં પણ સામંથા રુથ પ્રભુ ચમકશે

'પુષ્પા-૨'માં કલાઈમેક્સમાં તેનો મહત્વનો ડાન્સ તો 'પુષ્પા-૩'માં મોટી ભૂમિકા

મુંબઈ, તા.૨૭

ફિલ્મ 'પુષ્પા'માં અલ્લુ અર્જુનનું પાત્ર સૌને પસંદ આવ્યું હતું. તેની સામે એકટ્રેસ રશ્મિકા મંદાનાની પણ ખૂબ જ પ્રશંસા થઈ હતી. આ ઉપરાંત ફિલ્મમાં એક વધુ અભિનેત્રી પણ લાઈમ લાઈટમાં રહી હતી અને તે છે સામંથા રુથ પ્રભુ. 'પુષ્પા'માં ઉં. અંટાયા આઈટમ સોંગ પર તેણે કરેલા ડાન્સે લોકોને દિવાના કર્યા હતા.

હાલ 'પુષ્પા-૨'નું કામ ચાલુ છે ત્યારે અગાઉ એવી ખબર આવી હતી કે સામંથાનું પાર્ટ-૨ માટે આઈટમ સોંગ ઓફર કર્યું હતું પણ સામંથાએ તે ઠુકરાવ્યું હતું. પણ હવે સામંથાના ફેન્સ માટે મોટી ખબર બહાર આવી છે. કહેવામાં આવે છે કે 'પુષ્પા-૨'માં સામંથા વાપસી થઈ શકે છે. આ સાથે તે 'પુષ્પા-૩'માં પણ એક મોટા પાત્રમાં નજરે પડશે.

ચર્ચા છે કે તેને એક મહત્વની ભૂમિકા ઓફર કરાઈ છે. 'પુષ્પા-૨'માં જયા સામંથાનો ડાન્સ કલાઈમેક્સનો મહત્વનો ભાગ બનશે ત્યારે પુષ્પા-૩માં તે મહત્વના પાત્રમાં જોવા મળશે.

ભાજપે ૪૦૫માંથી ૧૦૧ સાંસદોની ટીકીટ કાપીઃ ૬૬ મહિલાઓને જંગમાં ઉતાર્યા

પક્ષ પલ્ટો કરીને ભાજપમાં સામેલ થયેલા અનેક નેતાઓને ટીકીટ અપાઈઃ વિવાદીત નેતાઓની હકાલપટ્ટી

નવી દિલ્હી તા.૨૭

ભાજપે અત્યાર સુધીમાં લોકસભા ઉમેદવારોની ૬ યાદી જાહેર કરી છે જેમાં ૪૦૫ સીટો પર ઉમેદવારોની જાહેરાત કરી છે. જેમાં ભાજપે પોતાના ૮૯ વર્તમાન સાંસદોની ટીકીટ કાપી નાંખી છે.૧૧ નેતા એવા છે જેમણે કેટલાંક મહિના પહેલા જ સંસદ સભ્યપદેથી રાજીનામા આપ્યા છે. કારણ કે તેમને વિધાનસભાની ચૂંટણી લડાવાઈ હતી અને એક સાંસદને હરીયાણાનાં પીએમ બનાવાયા છે. આ રીતે ભાજપે ગત ચૂંટણીમાં જીતેલા પોતાના ૧૦૧ સાંસદોને બદલી નાખ્યા છે. કેટલાંક સાંસદોની લોકસભાની સીટો પણ બદલાઈ ગઈ છે.

૬૬ મહિલા ઉમેદવારઃ

ભાજપે ત્યાર સુધીમાં ૬૬ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતારી છે. પહેલી લીસ્ટમાં ૧૯૫ ઉમેદવારોમાં ૨૮ મહિલાઓ હતી બીજા ૭૫ ઉમેદવારોમાં ૧૫ મહિલાઓ ત્રીજા લીસ્ટમાં ૯

ઉમેદવારોમાં એકપણ મહિલા નહોતી, ચોથા લીસ્ટમાં ૧૫ માંથી ૨ મહિલા, પાંચમા લીસ્ટમાં ૧૧૧, ઉમેદવારોમાંથી ૨૦ મહિલાઓ, છઠ્ઠા લીસ્ટમાં એક મહિલા, ૭મા લીસ્ટમાં એક પણ મહિલા નથી.

અનેક નેતાઓની ટીકીટ કપાઈઃ

ભાજપે દિલ્હીમાં ૭ સાંસદોમાંથી ૬ ની ટીકીટ કાપી નાખી દીધી છે. ઉતરાખંડમાં પાંચ સાંસદોમાંથી રની ટીકીટ કપાઈ ગઈ છે. રાજસ્થાનમાં ૮, આસામમાં ૫, ગુજરાતમાં ૧૫, ઝારખંડમાં ૧૧, ત્રિપુરામાં બે, હરીયાણામાં ૩, કર્ણાટકમાં ૧૨, ઓરીસ્સામાં ૪, બિહારમાં ૩ સાંસદોની ટીકીટ કપાઈ છે.

અન્ય પાર્ટીમાંથી આવેલા નેતાઓને ટીકીટઃ

ભાજપે બસપામાંથી આવેલા રિતેશ પાંડેને યુપીનાં આંબેડકરનગરમાં ઉમેદવાર બનાવ્યા છે. ઝારખંડના પૂર્વ સીએમ મધુ કોડાનાં પત્નિ અને કોંગ્રેસ સાંસદ ગીતા કોડા ભાજપમાં સામેલ થયા તો તેમને પણ ચાઈવાસાથી ટીકીટ આપવાની જાહેરાત થઈ છે. કુરૂક્ષેત્રમાં પૂર્વ સાંસદ નવીન જીંદલને ટીકીટ આપી છે. તે પણ ટીકીટનાં એલાનના અડધી કલાક પહેલાં જ કોંગ્રેસ છોડીને ભાજપમાં આવ્યા હતા. આજ રીતે અડધા કલાક પહેલાં જ કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થયેલા વરપ્રસાદ રાવને તીરૂપતીમાં ઉમેદવાર બનાવાયા છે. ભાજપે રાજયસભા સાંસદો પીયુષ ગોયલ, અનિલ બલુની, ધર્મેન્દ્ર પ્રધાન, મનસુખ માંડવીયાને પણ ઉમેદવાર બનાવ્યા છે.

વિવાદીત સાંસદોની ટીકીટ કપાઈઃ

ભાજપની લીસ્ટ જોઈને એવુ લાગે કે ભાજપે અનેક વિવાદીત સાંસદોની ટીકીટ કાપી નાખી છે. જોકે લીસ્ટમાં ઘણા એવા નામો છે જે વિવાદીત તો રહ્યા છે પણ તેઓ વિપક્ષ પર હુમલાખોર રહ્યા છે. તેમની ભાજપમાં ટીકીટ યથાવત છે.ભાજપે મધ્યપ્રદેશમાં પ્રજ્ઞા ઠાકુર, દિલ્હીમાં રમેશ બિધૂડીની ટીકીટ કાપી છે. મહાત્મા ગાંધીને લઈને પ્રજ્ઞા ઠાકુરનાં નિવેદનથી ઘણો વિવાદ થયો હતો.આ ઉપરાંત મૈસુરનાં સાંસદ પ્રતાપસિંહ કર્ણાટકના નલીનકુમાર કતીલ, અનંતકુમાર હેગડેની પણ ટીકીટ કપાઈ છે.

૩૩ ટકા મહિલા અનામતનો ખરડો લાવનાર ભાજપે મહિલાઓને કેટલી તક આપી?

હાલની સરકારે કેટલાંક મહિના પહેલા સંસદની સ્પેશ્યલ સેશન બોલાવીને સંસદ અને ધારાસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનો ખરડો પસાર કર્યો હતો અને તે કાયદો પણ બની ગયો છે. જોકે હજુ તે લાગુ નથી થયો ભાજપ મહિલા વોટર્સને આકર્ષવા માટે તેને પણ એક મુદ્દો બનાવી રહ્યું છે. અને ભાજપ નેતા કહી રહ્યા છે જે કામ અનેક દાયકાઓથી નહોતું થઈ શકયુ તે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં થઈ ગયુ અને ભાજપે પોતાને વાયદો પુરો કર્યો.જોકે ટીકીટની ભાગીદારીનાં મામલામાં મહિલા હજુ ઘણી પાછળ દેખાઈ રહી છે. ભાજપે અત્યાર સુધીમાં ૪૦૫ ઉમેદવાર જાહેર કર્યા છે. તેમાં ૬૬ મહિલા છે એટલે માત્ર ૧૬ ટકા કેટલી મહિલાઓ જીતીને સંસદમાં જાય છે તે જોવુ રહ્યું.

પ્રિ-પ્રાયમરી સ્કુલો માથે સંકટ : રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં રજીસ્ટર્ડ ભાડા કરાર ફરજીયાત કરાયા

એક મહિનાથી રજીસ્ટ્રેશન શરૂ થવા છતાં બહુ ઓછી નોંધણી

અમદાવાદ :

દુકાનો અને કોમ્પ્લેક્ષોમાં ચાલતી પ્રી-પ્રાઇમરી સ્કૂલો પર સંકજો કસવાની અંદાજે બે વર્ષ પહેલાં કરાયેલી જાહેરાત અન્વયે ગત તા.૨૪ ફેબ્રુઆરીથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

રજિસ્ટ્રેશન માટે રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા લાગુ કરાયેલા નિયમોમાં સૌથી મહત્વની બાબત રજિસ્ટર્ડ ભાડા કરારની મૂકવામાં આવી છે. રજિસ્ટર્ડ ભાડા

કરાર માગતાં રાજ્યના શેરી, મહોલ્લા અને સોસાયટીઓમાં ચાલતી હજારો પ્રિ-સ્કૂલોને તાળા વાગે તેવા એંધાણ દેખાઈ રહ્યાં છે. રજિસ્ટર્ડ ભાડા કરાર માગતા પ્રક્રિયા શરૂ થયાના એક મહિના કરતાં વધુ સમય બાદ પણ નોંધ લઈ શકાય એટલી અરજીઓ આવી હોય તેવુ જણાતું નથી. રાજ્યમાં અત્યાર સુધીમાં કેટલી અરજીઓ આવી એ અંગે રાજ્યકક્ષાએ પૂછતા રજિસ્ટ્રેશન પ્રક્રિયા સંભાળતાં અધિકારીઓ જણાવે છે કે, આ નોંધણી પ્રક્રિયા જિલ્લા પ્રમાણે હોવાથી કુલ સંખ્યા અમને ખબર પડતી નથી.

ગુજરાતની સ્કૂલોમાં ધોરણ.૧માં પ્રવેશ માટેની વય મર્યાદા ૬ વર્ષની અને બાળ વાટિકાઓને સ્કૂલ સાથે જોડવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અન્વયે ધોરણ.૧માં પ્રવેશની વયમર્યાદા ૬ વર્ષની તો કરી દેવામાં આવી પરંતું પ્રિ-પ્રાઇમરી સ્કૂલોની નોંધણી માટેની પ્રક્રિયા ગોકળ ગાયની ગતિએ ચાલતી હતી. ચાલુ શૈક્ષણિક વર્ષ શરૂ થાય એ પહેલા જ નોંધણી શરૂ કરવાના બણગા ફૂંકવામાં આવ્યાં હતા, પરંતુ વર્ષ પૂર્ણ થવા આવ્યું ત્યારે ગત ફેબ્રુઆરી માસમાં પ્રક્રિયા શરૂ કરવામાં આવી. પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા નોંધણીને લઈ નિયમો જાહેર કરવામાં આવ્યાં છે.

આ નિયમોમાં વર્ગ દીઠ રૂ.૫ હજાર ફી, રજિસ્ટર્ડ ભાડા કરાર સહિતના વિવિધ પુરાવાઓ માગવામાં આવ્યાં છે. રજિસ્ટ્રેશન શરૂ થાય એ પહેલા જ નિયમોને લઈ ત્રણેય શાળા સંચાલક મંડળ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો હતો અને એકપણ સ્કૂલે અરજી ન કરવી તેવી જાહેરાત કરાઈ હતી. આ અંગે બોર્ડ સભ્ય પ્રિયવદન કોરાટે જણાવ્યુ હતુ કે, સોસાયટી, મહોલ્લામાં ચાલતી પ્રિ-પ્રાયમરી સ્કૂલો રજિસ્ટર્ડ ભાડા કરાર રજૂ કરી જ નહીં શકે. જેથી હજારો પ્રિ સ્કૂલોને તાળા વાગી જશે.

RTE પ્રવેશ પ્રક્રિયાની મુદ્દતમાં વધારો

હવે તા.૩૦ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

રાજકોટ,તા.૨૭

રાઈટ ટુ એજ્યુકેશન (આર.ટી.ઈ) હેઠળ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં ધો.૧માં પ્રવેશ માટે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની મુદ્દતમાં વધારો કરી દેવામાં આવેલ છે. હવે તા.૩૦ માર્ચ સુધી આર.ટી.ઈ પ્રવેશ માટેના ફોર્મ ભરી શકાશે.અહીંએ ઉલ્લેખનીય છે કે આર.ટી.ઈના પ્રવેશફોર્મ ઓનલાઈન ભરવા માટેની મુદ્દત તા.૧૪ થી ૨૬ માર્ચ સુધીની હતી જે પૂર્ણ થતા તેને લંબાવી તા.૩૦ સુધીની કરી દેવામાં આવી છે.આર.ટી.ઈની પ્રવેશ પ્રકીયા દરમિયાન વાલીએ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે જ જરૂરી આધાર-પુરાવા જેવા કે જન્મ-તારીખનો દાખલો, રહેઠાણનો પુરાવો, જાતિ/કેટેગરીનો દાખલો, તેમજ સક્ષમ અધિકારીનો આવકનો દાખલો, ઈન્કમટેક્ષ રીટર્ન, તથા ઈન્કમટેક્ષ રીટર્ન ભરેલ ન હોય તે કિસ્સામાં આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન (લાગુ પડતુ હોય ત્યાં) વગેરે અસલ આધારો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ઓનલાઈન ફોર્મની પ્રિન્ટ વાલીએ પોતાની પાસે રાખવાની રહેશે. ઓનલાઈન ભરેલ ફોર્મ ક્યાંય જમા કરાવવાનું રહેશે નહી.

જે બાળકોનો જન્મ ૧ જૂન, ૨૦૧૮ થી ૩૧ મે, ૨૦૧૯ ની વચ્ચે થયો હોય. જે બાળકો ગુજરાતમાં રહેતા હોય.જે બાળકોનું વાર્ષિક કૌટું બિક આવક રૂા.૧,૦૦,૦૦૦ થી ઓછી હોય.તે પ્રવેશ માટે અરજી કરી શકે છે. આ માટે જન્મ પ્રમાણપત્ર રહેઠાણનો પુરાવો (આધાર કાર્ડ, વીજળી બિલ, વોટર બિલ), જાતિ અને આવકનો દાખલો (જો લાગુ હોય તો) બાળકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અન્ય કોઈપણ જરૂરી દસ્તાવેજ જે શાળા દ્વારા માંગવામાં આવે વાલીના દસ્તાવેજોમાં આધાર કાર્ડ રહેઠાણનો પુરાવો (આધાર કાર્ડ, વીજળી બિલ, વોટર બિલ) આવકનો દાખલો સાથે જોડવા જરૂરી છે.

અમેરિકી પુલ દુર્ઘટનાઃ ૨૨ ભારતીય ક્રુ મેમ્બર્સની સતર્કતાથી જ હજારો જીંદગી બચી ગઈ

કાર્ગોશીપની પાવર સપ્લાય ખોરવાતા એડવાન્સ વોર્નિંગ અપાતા પુલ પરનો વ્યવહાર બંધ કરાયો હતો



દુર્ઘટનામાં લાપતા ૬ લોકોને મૃત ઘોષિત કરાયાઃ રેસ્કયુ ઓપરેશન પૂર્ણઃ ભારતીય ક્રુને બિરદાવાયા

બાલ્ટીમેરઃ

અમેરિકાના મેરીલેન્ડમાં કાર્ગો જહાજ સાથે અથડાયા બાદ 'ફ્રાંસિસ સ્કોટ કી' પુલ તૂટી પડ્યો હતો. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર પુલ સાથે અથડાયા બાદ જહાજમાં આગ લાગી હતી. આ સિંગાપોર ફ્લેગવાળું જહાજ શ્રીલંકાની રાજધાની કોલંબો જઈ રહ્યું હતું.

શિપ મેનેજમેન્ટ કંપની સિનર્જી મરીન ગ્રૂપે જણાવ્યું હતું કે ૨ પાઈલટ સહિત તમામ ૨૨ ક્રૂ મેમ્બર ભારતીય હતા. તેમાંથી કોઈને ઈજા થઈ નથી.

તે ૨૨ એપ્રિલે શ્રીલંકા પહોંચવાનું હતું. જહાજનું નામ ડાલી હોવાનું કહેવાય છે. પુલ ધરાશાયી થવાને કારણે અનેક વાહનો અને તેના પર હાજર લોકો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. કોસ્ટ ગાર્ડ ઓફિસર એડમિરલ શેનન ગિલરેથે જણાવ્યું હતું કે એક કલાક સુધી ચાલેલા સર્ચ ઓપરેશન બાદ છ ગુમ થયેલા લોકોને મૃત જાહેર કરવામાં આવ્યા છે.

એડમિરલે કહ્યું- અમે પટાપ્સકો નદીમાં ઘણા કલાકો સુધી સર્ચ ઓપરેશન ચલાવ્યું. પાણીના તાપમાન અને અન્ય પરિબળોના આધારે અમે માનીએ છીએ કે નદીમાં પડી ગયેલા છ લોકો માટે જીવિત રહેવું અત્યંત મુશ્કેલ છે. આને ધ્યાનમાં રાખીને, અમે સક્રિય સર્ચ ઓપરેશન બંધ કરી રહ્યા છીએ. જો કે કોસ્ટ ગાર્ડ અને અન્ય અધિકારીઓ હજુ પણ અહીં હાજર રહેશે. ડાલી જહાજ પર હાજર ૨૨ ક્રૂ મેમ્બર ભારતીય હતા, જે તમામ સુરક્ષિત છે. સીએનએન ન્યૂઝ અનુસાર, મેરીલેન્ડના ગવર્નર વેસ મૂરે કહ્યું કે જહાજના ક્રૂએ સમયસર ખતરાની જાણ કરી હતી. જેના કારણે બ્રિજ પર વાહનવ્યવહાર બંધ થઈ ગયો હતો અને અનેક લોકોના જીવ બચી ગયા હતા.

ટાઈમ્સ અનુસાર, સિંગાપોરના ધ્વજવાળા ડાલી જહાજનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. કાર્ગો શિપ આ પછી તે પુલ સાથે અથડાઈ હતી. આ દરમિયાન બ્રિજ પર હાજર ૮ બાંધકામ કામદારો પાણીમાં પડી ગયા હતા. જેમાંથી ૨ને બચાવી લેવાયા હતા, જ્યારે ૬ લાપતા હતા.

ડાલી જહાજ ૯૪૮ ફૂટ લાંબુ હતું. ફ્રાન્સિસ કી બ્રિજ ૧૬૩૭ માં પટાપ્સકો નદી પર બનાવવામાં આવ્યો હતો. તેનું નામ અમેરિકાનું રાષ્ટ્રગીત લખનાર ફ્રાન્સિસ સ્કોટ કીના નામ પરથી રાખવામાં આવ્યું છે.

ટ્રેન હડફેટે સિંહના મોત સાંખી નહીં લેવાયઃ રેલવેને હાઈકોર્ટનું અલ્ટીમેટમઃ -તો ટ્રેક બંધ કરાવી દેશુ

અમદાવાદઃ ગીર અભ્યારણ્ય વિસ્તારમાં સિંહોના અકાળે થતાં મૃત્યુના મામલે સુઓમોટો રિટ પીટીશનની સુનાવણીમાં રેલવે વિભાગના જવાબ પ્રત્યે હાઈકોર્ટે ભારે નારાજગી દર્શાવી હતી. ચીફ જસ્ટીસ સુનીતા અગ્રવાલ અને જસ્ટીસ અનિરુદ્ધ પી. માયીની ખંડપીઠે રેલવેની ઝાટકણી કાઢતાં ટકોર કરી હતી કે, 'રેલવે તંત્રની ઉદાસીનતાના પાપે આપણે ઘણા સિંહો આજ સુધી ગુમાવ્યા છે, પરંતુ હવે એક પણ સિંહનું મૃત્યુ ચલાવી લેવાશે નહી. રેલવે અને વન વિભાગ સાથે બેસી દિવસ-રાત એક કરીને સિંહોના મૃત્યુને અટકાવવા માટેના નકકર આયોજનો બનાવી કોર્ટ સમક્ષ રજુ કરે. સિંહોના અકાળ મૃત્યુ થતાં હોય ત્યારે રેલવે વિભાગને ઉંઘવાનો પણ અધિકાર નથી. બે સિંહોના મૃત્યુ બાદ જાન્યુઆરીથી માર્ચ સુધીમાં રેલવેએ તપાસના નામે માત્ર ડ્રાઈવરના નિવેદન લીધા છે, જે તપાસમાં ચાલતી પોલમપોલ છતી કરે છે. બસ, હવે બહુ થયું, તમે સમાધાન નહીં લાવો તો અમે ગીર અભ્યારણ્યના રેલવે ટ્રેકને બંધ કરાવી દઈશું.'

સિંહોના અપમૃત્યુના કેસોમાં હાઈકોર્ટ સમક્ષ ચાલી રહેલી જાહેર હિતની અરજીમાં રેલવે ઓથોરિટીએ બે સિંહના મૃત્યુના કારણમાં એવો જવાબ આપ્યો હતો કે બંને સિંહ એકાએક રેલવે ટ્રેક પર આવી જતાં તેમના મૃત્યુ થયા હતા. આ જવાબ સાંભળતાં જ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સખત નારાજ થયા હતા અને એવી આકરી ટીકા કરી

સિંહો જંગલના 'રાજા' છે અને તેની જેમ જ વિહરતા હોય છે, એકાએક ટ્રેનની ઝપટે કયાંથી આવે? ધારદાર સવાલ

હતી કે, 'સિંહો માટે કોઈ વિસ્તાર પ્રતિબંધીત હોતો નથી. સિંહોને તેમની બાઉન્ડ્રી (ટેરિટરી)ની ખબર હોય છે. સિંહોની ટેરિટરી રેલવે નકકી ન કરી શકે. આ બંને અકસ્માતો કઈ રીતે થયા? શું તમે કોઈ ઈન્કવાયરી કરી? રેલવે અને ફોરેસ્ટની કમીટી છે તો શું આ કમીટીને કંઈ ખબર છે? સિંહોના અકસ્માત ન થાય એ તમે સુનિશ્ચિત કરો છો, એ માની લઈએ તો પછી આ બે અકસ્માત કઈ રીતે થયા? અને અકસ્માત બાદ તમે શું કર્યું? શા કારણે અકસ્માત થયા એની તપાસ કરી? સિંહો એકાએક આવી ગયા એવો જવાબ કઈ રીતે ચાલે?'

ખંડપીઠે એવી માર્મિક ટકોર કરી હતી કે, 'સિંહો દોડતા નથી તે આરામથી ચાલે છે. શા માટે સિંહો એકાએક રેલવે ટ્રેક પર આવી જાય. સિંહ જંગલનો રાજા છે અને એવી રીતે જ વર્તે છે. જો તે ભૂખ્યો ન હોય તો એ કોઈ પણ જાનવરને મારી ખાવા તેની પાછળ પડતો નથી. સિંહ ભૂખ્યો ન હોય તો એ એની ખૂબ નજીક ઉભેલા પશુઓની સામે જુએ પણ નહીં. સિંહ જંગલનો રાજા છે અને એ પોતાના સામ્રાજયની રક્ષા કરે છે. જયારે જરૂર પડે ત્યારે જ શિકાર કરે છે.' ખંડપીઠે એવી ટકોર પણ કરી હતી કે, 'સિંહોની વસતી વધવી જોઈએ નહીં કે ઘટવી જોઈએ. સિંહ જંગલનો રાજા છે અને તેઓ પોતાની ટેરિટરી જાતે નકકી કરે છે. આપણે એની ટેરિટરી નકકી ન કરી શકીએ. કાયદો રાજાથી પણ ઉપર છે (લો ઈઝ ધી કિંગ ઓફ ધી કિંગ્સ), પરંતુ એ કાયદો જંગલના રાજા સિંહ પર લાગુ ન થાય. સિંહ પોતાના કાયદા જાતે જ બનાવે છે. જો તમે યોગ્ય આયોજનો નહીં કરો તો અમે બધા ટ્રેક બંધ કરીને બીજા ટ્રેક પરથી જવાનો અથવા અંડરગ્રાઉન્ડ કોરિડોર બનાવવાનો આદેશ કરીશું.' હાઈકોર્ટે રેલવે અને વન વિભાગને સાથે બેસીને નકકર આયોજનો કરીને નવેસરથી સિંહોના રક્ષણ માટે ના સ્ટાન્ડર્ડ ઓપરેટીવ પ્રોસીઝર્સ ઘડવાનો આદેશ કર્યો છે.

તારક મહેતાના...નિર્માતા આસિત મોદીને જાતિય સતામણી કેસમાં વળતર ચુકવવા આદેશ

મીસીસ સોઢી ફેઇમ જેનિફરની તરફેણમાં કોર્ટનો ચુકાદો

મુંબઈઃ પોપ્યુલર ટેલિવીઝન શો તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના પ્રોડયુસર આસીત મોદી ફરી એક વખત વિવાદમાં આવ્યા છે.શોમાં મીસીસ રોશન સોઢીનો રોલ કરતી એકટ્રેસ જેનીફર મિસ્ત્રી બંસીવાલે આસીત મોદી સામે કોર્ટમાં કેસ કર્યો હતો.પોતાની બાકી ફી નહિં ચુકવાઈ હોવાનો અને જાતીય સતામણીનો આરોપ તેમણે લગાવ્યો હતો. રિપોર્ટસ મુજબ આ કેસની સુનાવણીમાં કોર્ટે જેનીફરની દલીલો ગ્રાહ્ય રાખી આસીત મોદીને વળતર ચુકવવા આદેશ કર્યો હતો.ઈટાઈમ્સનાં રીપોર્ટ મુજબ જેનીફરે કરેલા જાતિય સતામણીનાં કેસમાં કોર્ટનો ચુકાદો આવ્યો છે. જેમાં કોર્ટે આસીત મોદીને બાકીના નાણાં ચુકવવા અને રૂા.પાંચ

લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો છે.આ અંગે જેનીફરે ઈટાઈમ્સને જણાવ્યું હતું કે ચુકાદો તેમની તરફેણમાં આવ્યો છે. નકકર પુરાવા સાથે રજુઆતો થઈ હોવાથી અસીત મોદી સામેના આક્ષેપોને ગ્રાહ્ય રખાયા છે, આ કેસમાં અસીત મોદીએ કુલ રૂા.૨૫.૩૦ લાખ ચુકવવાના થાય છે. અસીતે કરેલી સતામણી બદલ રૂા.પાંચ લાખનું અતિરીકત વળતર ચુકવવાનું થાય છે. આ કેસનો ચુકાદો ૧૫ ફેબ્રુઆરીએ આવી ગયો હતો. પરંતુ તેને જાહેર નહી કરવા કહેવાયું હોવાથી તે ચુપ હતી. જોકે હજુ સુધી વળતરના નાણાં ન મળ્યા હોવાનો દાવો જેનીફરે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ૨૦૨૩ ના વર્ષમાં અસીત મોદી, આપેરેશન હેડ સોહીલ રામાણી અને એકઝીકયુટીવ પ્રોડયુસર જતીન બજાજ સામે પોલીસ ફરીયાદ નોંધાઈ હતી. જેમાં જેનીફરે તેમની સામે જાતીય સતામણી સહીતના આરોપ લગાવ્યા હતા.

મુંબઈમાં હુક્કા બારમાં પોલીસનો દરોડો, બિગબોસ વિજેતા મુનવ્વર ફારૂકીની અટકાયત

મુંબઈ : મુંબઈ પોલીસે ફોર્ટ વિસ્તારના મંગળવારે રાત્રે એક હુક્કા પાર્લરમાં દરોડો પાડ્યો અને સ્ટેન્ડ-અપ કોમેડિયન અને બિગ બોસ વિજેતા મુનવ્વર ફારૂકીને કસ્ટડીમાં લીધો. હુક્કા પાર્લરમાં ગેરકાયદેસર વપરાશની માહિતી મળતાં પોલીસ દરોડો પાડવા માટે ત્યાં પહોંચી હતી. અટકાયત કરાયેલા લોકોમાં મુનવ્વર ફારૂકીનું નામ પણ સામેલ છે. દરોડા સાથે સંકળાયેલા એક અધિકારીએ કહ્યું, હર્બલ હુક્કાના નામે તમાકુના ઉપયોગની માહિતી મળતાં અમારી ટીમે મુંબઈમાં હુક્કાબાર પર દરોડો પાડ્યો હતો, ત્યાંથી મળેલી વસ્તુઓની તપાસ કર્યા બાદ કેસ કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને કેસ નોંધવામાં આવ્યો છે. ધરપકડ કરાયેલા લોકોમાં મુનવર ફારૂકી પણ સામેલ છે.'' મુંબઈ પોલીસ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, બિગ બોસ ૧૭ના વિજેતા મુનાવર ફારૂકી અને અન્ય ૧૩ લોકોને, જેમને ફોર્ટ વિસ્તારમાં હુક્કા પાર્લરમાં દરોડા દરમિયાન અટકાયતમાં લેવામાં આવ્યા હતા, તેમને પૂછપરછ બાદ છોડી દેવામાં આવ્યા હતા. આ તમામ સામે કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર શહેરના ફોર્ટ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે હુક્કા પાર્લર ચલાવવામાં આવી રહ્યું હતું. દરોડો પાડીને રૂ. ૪,૪૦૦ રોકડા અને રૂ. ૧૩,૫૦૦ની કિંમતની ૯ હુક્કાની પોટલી જપ્ત કરવામાં આવી હતી. સિગારેટ અને અન્ય ટોબેકો પ્રોડક્ટ્સ એક્ટની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. મુંબઈ પોલીસ દ્વારા અટકાયતમાં લેવાના સમાચાર બાદ મુનવ્વર ફારૂકીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એરપોર્ટની એક તસવીર શેર કરી છે. જેમાં કેપ્શન લખ્યું છે કે, ''થાકેલી હોવા છતાં, હું મુસાફરી કરી રહ્યો છું.''

નવો યુગઃ સાઉદી અરેબીયા પ્રથમવાર મિસ યુનિવર્સ સ્પર્ધામાં સામેલ

રિયાધઃ ઈતિહાસમાં પ્રથમવાર મિસ યુનિવર્સ સ્પર્ધામાં સાઉદી અરેબીયાનો ધ્વજ નજરે પડશે. ૨૭ વર્ષની મોડેલ સાઉદી અરેબીયાના ધ્વજ સાથે મિસ યુનિવર્સ સ્ટેજ પર ઉતરશે.આ મોડેલનું નામ છે રૂમી અલકાહતાની જે આ પહેલા પણ બ્યુટી કોન્ટેસ્ટમાં ભાગ લઈ ચુકી છે. ઈન્સ્ટાગ્રામ પર તેના ૧૦ લાખથી વધુ ફોલોઅર્સ છે. સોમવારે તેણે જાહેરાત કરી હતી કે તે મિસ યુનિવર્સ સ્પર્ધામાં દેશનું પ્રતિનિધિત્વ કરશે.

૨૭ વર્ષિય મોડેલ અને સોશ્યલ મીડિયા ઈન્ફલૂઅન્સર રૂમી અલકાહતાનીએ ઈન્સ્ટાગ્રામ પર સાઉદી અરેબીયાનાં ધ્વજ સાથે પોઝ આપતા પોતાના ફોટા શેર કર્યા છે.મિસ યુનિવર્સ ૨૦૨૪ સ્પર્ધામાં ભાગ લેવા બદલ હું પોતાને ગૌરવશાળી અનુભવુ છુ એમ તેણે અરબીમાં ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું. આ જાહેરાત સાથે મોડેલે પોતાની સુંદર તસ્વીરો શેર કરી છે. અલકાહતાનીનો જન્મ રિયાધમાં થયો હતો તે હેડ લાઈન્સમાં બની રહેવા ઈચ્છે છે તેણીએ અનેક વૈશ્વિક સ્પર્ધાઓમાં ભાગ લીધો છે. થોડા અઠવાડીયા પહેલા તેણે મલેશીયામાં મિસ અને મિસિસ ગ્લોબલ એશીયનમાં ભાગ લીધો હતો.

સાઉદી અરેબીયા ઈસ્લામિક દેશ હોવાથી મિસ યુનિવર્સ સ્પર્ધામાં સાઉદીની ભાગીદારી એક મોટો સંદેશ છે.આ પોસ્ટ

ઈસ્લામિક દેશની વધુ એક છુટછાટ

પર લોકોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા. ઘણા લોકોએ તેને શુભકામના પાઠવી હતી. અસંખ્ય લોકોએ તેની સુંદરતાના વખાણ કર્યા.

અલકાહતાની અનેકવાર પરંપરાગત આરબ રોબમાં સજજ અને આખા ચહેરા સાથે જાહેરમાં દેખાય છે.સાઉદી અરબમાં પરંપરાગત રીતે સામાજીક અને ધાર્મિક અંકુશ રાખ્યા છે.પણ તાજેતરમાં તેમાં છુટછાટ આપવાનું શરૂ કર્યું છે. સરકારે મહિલાઓને કાર ચલાવવાની સ્ત્રી પુરૂષોને કાર્યક્રમમાં સાથે હાજરી આપવાની અને પુરૂષવાલી વગર પાસપોર્ટ વગર અરજી કરવાની છુટછાટ આપી છે. તાજેતરમાં સાઉદી અરબે બિન-મુસ્લીમ રાજદ્વારીઓને આલ્કોહોલ ખરીદવાની પણ મંજુરી આપી છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પાકિસ્તાનની એરિકા રોબીનને મિસ યુનિવર્સની પ્રારંભીક સ્પર્ધા જીત્યા બાદ વિરોધનો સામનો કરવો પડયો હતો. કરાંચીની રહેવાસી એરિકા રોબિન પાકિસ્તાનની પ્રથમ મિસ યુનિવર્સ બની હતી.

ઈરડાના નિર્ણયથી પોલીસી હોલ્ડર્સને ઝટકો

વીમા પોલિસી સરેન્ડર કરવાના નિયમો યથાવતઃ ગ્રાહકોની આશા પર પાણી ફરી વળ્યું, કોઈ લાભ નહીં

પોલિસી ૪થી૭ વર્ષના ગાળામાં બંધ કરાય તો સરેન્ડર વેલ્યુમાં મામુલી વધારો થાય

મુંબઈ તા.૨૭

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટર ઈરડાએ પારંપરિક એન્ડોવમેન્ટ પોલિસીઓમાં સરન્ડર ચાર્જ પર હાલના નિયમોને યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે, ઈરડાના આ નિર્ણયથી પોલીસી હોલ્ડર્સની આશાઓને ઝટકો લાગ્યો છે. કારણ કે આથી તેમને વધુ પૈસા મળવાની આશા હતી તે હવે નહીં રહે.

ઈરડાએ ડિસેમ્બર ૨૦૨૩માં એક ડ્રાફ્ટ રજુ કર્યો હતો, તેમાં પોલીસી સરન્ડર ચાર્જ ઘટાડવાની વાત કહેવામાં આવી હતી. આ પ્રસ્તાવનો મોટાભાગની ઈન્સ્યોરન્સ કંપનીઓએ વિરોધ કર્યો હતો. તેમનું કહેવું હતું કે આ નિયમ લાગુ થવાથી તેમની સામે અસેટ-લાયેબિલિટી મિસમેચનો પ્રોબ્લેક આવશે.

ઈરડાએ વિભિન્ન નિયમોને સૂચીત કર્યા છે. તેમાં વીમા પોલીસી પરત કે સરન્ડર કરવા સાથે જોડાયેલ ચાર્જ પણ છે. આમા ઈન્સ્યોરન્સ કંપનીઓએ આવા ચાર્જીસનો ખુલાસો પહેલાથી કરવાનો હોય છે. આ નિયમ એક એપ્રિલ ૨૦૨૪થી અમલમાં આવશે.

પોલીસી હોલ્ડર્સને વધુ પૈસા નહીં મળે: આ નિયમ અંતર્ગત જો પોલીસી, ખરીદીના ત્રણ વર્ષમાં પરત કરવામાં આવે તો વાપસી મુલ્ય સમાન કે એથી પણ ઓછું રહેવાની સંભાવના છે તેમાં કહેવામાં આવ્યું છેકે જે પોલીસીને ચારથી

(અનુસંધાન છઠ્ઠા પાને)

સાવધાન! ઈન્સ્ટાગ્રામ-ટેલીગ્રામ પરની અજાણી લીંક બેંક બેલેન્સ સાફ કરી નાખશેઃ સાઈબર કાઈમનું એલર્ટ

મિત્રતા કેળવી, થોડી કમાણી કરાવીને ગઠીયાઓ નાણાં ખંખેરી જતા હોવાના વધતા કિસ્સા

અમદાવાદ તા.૨૭

ઈન્સ્ટાગ્રામ ટેલીગ્રામ જેવા સોશ્યલ મિડિયા પ્લેટફોર્મ પર આવતી અજાણી ચાઈનીઝ લીન્ક બેંક જે તે વ્યકિતનું બેંક ખાતુ સાફ કરી શકે છે. સાયબર કાઈમ આચરતા ગઠીયા વ્યકિતને કોઈ અજાણી લીંક મોકલતા હોય છે. જેમાં વ્યકિતને એક ટાસ્ક આપવામાં આવતો હોય છે. આ ટાસ્ક પુરો કરવા માટેના નજીવા રૂપિયા પણ આપતા હોય છે અને આ જ નજીવા રૂપિયાની લાલચમાં આવીને વ્યકિત લાખોના ખાડામાં ઉતરી જાય છે. વ્યકિતનું બેંક બેલેન્સ પણ સાફ થઈ શકે છે. આ પ્રકારના કિસ્સા ગાંધીનગર સ્ટેટ સાયબર કાઈમ સમક્ષ આવી રહ્યા છે.

આ પ્રકારે છેતરપીંડી કરનારા લોકો સૌ પ્રથમ ઈન્સ્ટાગ્રામ કે ટેલીગ્રામ પર લીન્ક સેન્ડ કરે છે. બાદમાં મિત્રતા વધારવા માટે સામાન્ય વાતચીત કરે છે.વિશ્વાસ આવી ગયો છે તેવુ જાણ્યા બાદ ઠગ ટોળકી દ્વારા એક ટાસ્ક આપવા આવે છે. થોડા મહિના બાદ ઈન્વેસ્ટમેન્ટ અંગેની લોભામણી લાલચ આપીને કેટલીક ચોકકસ ચાઈનીઝ એપ્લીકેશનમાં વધુ વળતર મળશે તેવી લાલચ આપીને રોકાણ

(અનુસંધાન છઠ્ઠા પાને)

આ ૧૧ પ્રકારે ફ્રોડ થાય છે

પ્રકાર ૧: ઈન્સ્ટાગ્રામ અને ટેલીગ્રામ પર લીન્ક મોકલીને વાતચીત કરીને મિત્રતા કેળવવામાં આવે છે.

પ્રકાર ૨: એક ટાસ્ક આપવામાં આવે છે તે ટાસ્કમાં કોઈપણ વેબસાઈટમાં રેટીંગ આપવાના છે.જો સુચના મુજબ રેટીંગ આપી દો તો રૂપિયા ૧૦૦ કે ૨૦૦ જીતી ગયા છો તેવુ કહે છે

પ્રકાર ૩: વ્યકિતનું નામ ફોન નંબર તથા બેંક એકાઉન્ટ નંબરની વિગતો રૂપિયા ટ્રાન્સફર કરવા માટે માગવામાં આવે છે.

પ્રકાર ૪: બીજા અલગ અલગ ટાસ્ક આપીને રકમમાં વધારો કરવામાં આવે છે.

પ્રકાર ૫: ચેટ બોકસ મારફતે તમે ઈન્વેસ્ટમેન્ટ કરો છો તેમ પૂછવામાં આવે છે.

પ્રકાર ૬: ઈન્વેસ્ટમેન્ટ કરશો એક સ્કીમ છે. અમારી એપ્લીકેશન છે તેમાં સારૂ વળતર મળશે તેમ કહીને ટેલીગ્રામનાં ગ્રુપમાં એડ કરવામાં આવે છે.

પ્રકાર ૭: ટેલિગ્રામ ગ્રુપમાં સ્ટોક માર્કેટ સહીતનો બીજા અનેક પ્રકારના રોકાણ અંગેની ગ્રુપમાં વાતચીત થતી હોય છે.

પ્રકાર ૮: લોકોને વળતર વધુ મળ્યુ છે તેવા મેસેજ ગ્રુપમાં આપ-લે કરાતા હોય છે.

પ્રકાર ૯: બાદમાં લીંક મોકલીને ચાઈનીઝ સર્વરને કનેકટ હોય તેવી લીંક ઈન્સ્ટાગ્રામમાં મોકલવામાં આવે છે અને તેને ડાઉનલોડ કરાવવામાં આવે, છે.

પ્રકાર ૧૦: શરૂઆતમાં વળતર આપવામાં આવે છે જેથી લોકો વધુ રોકાણ કરે.

પ્રકાર ૧૧: વધુ રોકાણ થઈ ગયા બાદ બહાર નીકળવા માટે વધુ રૂપિયાનું રોકાણ કરવુ પડશે તેમ કહેવામાં આવે છે.

મવડીના બેનમુન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું કામ વિલંબમાં : કોન્ટ્રાકટરને નોટીસ : ચોમાસુ આવી જશે!

ઉનાળુ વેકેશનમાં પ્રોજેકટ પૂર્ણ ન થયો : રેસકોર્સથી પણ વધુ સુવિધા : ૧૨૦૦ લોકોનું ઈન્ડોર સ્ટેડીયમ, તિરંદાજી, સ્કવોશ, યોગા, શુટીંગ રેન્જનો સમાવેશ

વોર્ડ નં.૧૨ના મવડી વિસ્તારમાં મનપા દ્વારા બનાવવામાં આવી રહેલા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષના કામની મુલાકાત લઈ કમિશનરે ઝડપભેર કામ પૂર્ણ કરવા સૂચનાઓ આપી હતી.

રાજકોટ, તા. ૨૭

મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૨માં મવડી મેઈન રોડ પાસે ૨૨ કરોડના ખર્ચે ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ બનાવવામાં આવી રહ્યું છે. જેની કમિશનર આનંદ પટેલે અધિકારીઓ સાથે મુલાકાત કરી ચાલી રહેલ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ કામ વિલંબમાં ચાલતું હોય હવે ઝડપભેર પૂર્ણ કરવા તેઓએ તાકીદ કરી છે.

રેસકોર્ષથી પણ વધુ અને ઘણી નવી સ્પોર્ટસ સુવિધા આ જગ્યાએ ઉભી કરવામાં આવી રહી છે. આ મોટા કામની મુદત માર્ચ મહિનામાં જ પૂર્ણ થઈ છે. ધીમા કામ બદલ મનપા દ્વારા આ કામના કોન્ટ્રાકટરને નોટીસો પણ આપવામાં આવી છે. છતાં હવે આ કામ પાંચેક મહિના મોડુ એટલે કે જુલાઈ-ઓગષ્ટમાં પુરૂ થાય તેમ છે. આ જગ્યાએ યોગા, શુટીંગ, સ્કવોશ, આર્ચરી (તિરંદાજી) સહિતની સુવિધાઓ મળવાની છે. રેસકોર્સ સંકુલથી પણ ઘણી રમત ગમત અહીં ઉભેરવામાં આવી છે.

ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની વધુ માહિતી આપતા કમિશનરે જણાવ્યું હતું કે, વોર્ડ નં.૧૨માં મવડી મેઈન રોડ પર ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષના નિર્માણ થવાથી શહેરને રમત-ગમત માટે એક ભવ્ય અને આધુનિક સુવિધા સાથેનું સંકુલ પ્રાપ્ત થશે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં ૧૧૮૩૧ ચો.મી. જગ્યામાં ૯૫૦૦ ચો.મી. બાંધકામ ૨૨.૩૩ કરોડના ખર્ચે કરવામાં આવી રહ્યું છે.

ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષના ઓપન ગ્રાઉન્ડમાં પાર્કિંગની સુવિધા, ટેનિશની રમત માટેના બે ટેનિસ કોર્ટ, બાસ્કેટ બોલની રમત માટેના એક બાસ્કેટ બોલ કોર્ટ, વોલી બોલની રમત માટેના એક વોલી બોલ કોર્ટ અને કબ્ડ્ડી માટેના ગ્રાઉન્ડની સુવિધા ઉપલબ્ધ થશે તેમજ ગ્રાઉન્ડ ફ્લોર પર કોમન એડમિનિસ્ટ્રેશન એરિયા, વેટિંગ એરિયા, ૧૨૦૦ લોકો બેસી શકવાની ક્ષમતાવાળું ઈન્ડોર સ્ટેડિયમ, પ્લે-ગ્રાઉન્ડ એરિયા (૪૪ મી.×૩૪ મી.) જેમાં બેડમિંટન રમત માટે છ કોર્ટ અને એક મલ્ટી ગેમ કોર્ટ, સ્કવોશ રમત માટેનો હોલ (૨૬ મી. × ૮ મી.) જેમાં બે સ્કવોશ કોર્ટ, ટેબલ ટેનિસ રમત માટેનો હોલ (૨૬ મી. × ૮ મી.) જેમાં છ ટેબલ ટેનિસ, ૧૦ મી. આર્ચરી રમત માટે મહીલા અને પુરૂષ ના અલગ એક-એક હોલ (૧૮ મી. × ૮ મી.)ની સુવિધા ઉપલબ્ધ થશે.

આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષના પ્રથમ ફ્લોર પર જીમ માટે મહીલા અને પુરૂષના અલગ એક-એક હોલ (૨૧ મી. × ૮ મી.), યોગા માટે મહીલા અને પુરૂષના અલગ એક-એક હોલ (૨૦ મી.× ૮ મી.), શૂટિંગ રેંજ રમત માટે મહીલા અને પુરૂષના અલગ એક-એક હોલ (૨૮ મી. × ૮ મી.), ચેસ-કેરમ જેવી રમત માટે મહીલા અને પુરૂષના અલગ એક-એક હોલ (૧૪ મી.× ૮ મી.)ની સુવિધા પણ ઉપલબ્ધ થનાર છે.

આ વિઝિટ દરમ્યાન ડે. કમિશનર ચેતન નંદાણી, સિટી એન્જી. કુંતેશ મેતા, જીવાણી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડુંગળીની નિકાસ પર બાનને લઈને ઉઠતા સવાલો વચ્ચે....

સરકારની ખેડુતોને ધરપતઃ બફરસ્ટોક માટે પાંચ લાખ ટન ડુંગળી ખરીદશે

નાફેડ, એનસીસીએફને ડુંગળી ખરીદવા નિર્દેશ

નવી દિલ્હી તા.૨૭

ડુંગળીની નિકાસ પર પ્રતિબંધને ૩૧ માર્ચ પછી અનિશ્ચિત કાળ માટે વધારવા પર ઉઠી રહેલા સવાલો દરમ્યાન કેન્દ્ર સરકારે મંગળવારે સ્પષ્ટ કર્યું હતું કે તેને ગ્રાહકોની સાથે સાથે ખેડુતોના હિતોનો પણ ખ્યાલ છે અને બફર સ્ટોક સાથે જોડાયેલ જરૂરીયાત માટે ખેડુતો પાસેથી પાંચ લાખ ટન ડુંગળી ખરીદવામાં આવશે.

નાફેડ અને નેશનલ કો ઓપરેટીવ કન્ઝયુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડીયાને રવી સીઝનની ડુંગળીની ખરીદી શરૂ કરવા માટે નિર્દેશ કરવામાં આવ્યો છે.

કન્ઝયુમર અફેર્સનાં સેક્રેટરી રોહીતકુમારસિંહે જણાવ્યું હતું કે બફર સ્ટોક માટે આ વખતની રવી સીઝનની ઉપજમાંથી ખેડૂતો પાસેથી ૫ લાખ ટન ડુંગળી ખરીદવામાં આવશે. આ ખરીદી

(અનુસંધાન છઠ્ઠા પાને)

ન્યુઝ ફ્લેશ

રાજકોટ પાસપોર્ટ ઓફિસ કે હેરાનગતિનું ઘર ! : લોકો પરેશાન, તંત્ર બેફિકર

માર્ચ એન્ડિંગ... લોકસભા ચૂંટણી વચ્ચે પણ દરોડાથી ફફડાટ

અમદાવાદમાં ડેરી-હોટલ જુથ પર ઈન્કમટેક્સ દરોડા

રીવરવ્યૂ–ગોપાલ ડેરીના ૧૫ સ્થળોએ કાફલો ત્રાટક્યોઃ નીશીત દેસાઈ તથા ભાગીદારોના નિવાસે પણ સર્ચઃ કરોડોની કરચોરી ખુલવાની આશંકા

અમદાવાદ, તા.૨૭

લોકસભાની ચૂંટણીના ધમધમાટ વચ્ચે પણ આજે અમદાવાદમાં ઈન્કમટેક્સ વિભાગે દરોડા ઓપરેશન હાથ ધરતા વેપાર-ઉદ્યોગકારોમાં ખળભળાટ સર્જાયો છે. ડેરી-હોટલ વ્યવસાય સાથે સંકળાયેલા જુથને નિશાન બનાવાયું છે અને કરોડો રૂપિયાની કરચોરી ખુલવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

આવકવેરા વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે અમદાવાદના આશ્રમ રોડ સહિતના વિસ્તારોમાં વ્યવસાયિક પ્રતિષ્ઠાનો ધરાવતા ગોપાલ ડેરી તથા રીવરવ્યૂ હોટલ ગ્રુપ પર આજે સવારથી દરોડા ઓપરેશન હાથ ધરાયું છે. સંચાલકો નીશીત દેસાઈ-ગૌરાંગ દેસાઈ તથા અન્ય ભાગીદારોના નિવાસસ્થાન-ઓફિસ સહિત અંદાજીત ૧૫ સ્થળોએ અધિકારીઓના કાફલો ત્રાટકયો હતો. ૭૫થી વધુ અધિકારીઓનો કાફલો તપાસમાં જોડાયો છે. મોટી માત્રામાં બિન હિસાબી વ્યવહારો દર્શાવતા દસ્તાવેજો મળી આવતા કરોડો રૂપિયાની કરચોરી ખુલવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.

દેશમાં લોકસભાની ચૂંટણી જાહેર થઈ છે તેવા સમયે આવકવેરા વિભાગે ઓપરેશન હાથ ધરતા વેપાર-ઉદ્યોગકારો સ્તબ્ધ બન્યા હતા અને આ ગ્રુપ સાથે કનેકશન ધરાવનારાઓમાં દોડધામ થઈ પડી હતી. ચૂંટણી ઉપરાંત નાણાંકીય વર્ષની સમાપ્તિને આડે માત્ર ચાર દિવસ બાકી છે તેવા સમયે ઈન્કમટેક્સ ત્રાટકવાનું સૂચક છે. સામાન્ય રીતે ચૂંટણી અને માર્ચ એન્ડમાં ખાસ કરીને દરોડા કાર્યવાહી થતી ન હોવાનું કરદાતાઓ માનતા હોય છે છતાં આજના દરોડાથી જાણકારો પણ સ્તબ્ધ બન્યા હતાં.

સૂત્રોના કહેવા પ્રમાણે ડેરી-હોટલ વ્યવસાયિક પરના આ ઓપરેશનમાં મોટા પ્રમાણમાં રીયલ એસ્ટેટ વ્યવહારો ખુલવાના પણ નિર્દેશ છે. કરોડો રૂપિયાના નાણાંકીય વ્યવહારો દર્શાવતા દસ્તાવેજ મળી આવ્યા હતા. આ કાર્યવાહીમાં નવા કનેકશન ખુલવાની પણ શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. રાજકોટના અધિકારીઓને પણ તપાસમાં સામેલ કરવામાં આવ્યા છે.

છેલ્લા કેટલાંક મહિનાઓથી ગુજરાતમાં ઈન્કમટેક્સ દ્વારા શ્રેણીબધ્ધ દરોડા પાડીને કરોડો રૂપિયાની કરચોરી પકડવામાં આવી હોવાનું ઉલ્લેખનીય છે.

સાંઢીયા પુલ એપ્રિલમાં તોડાશે : બે વર્ષમાં બનશે નવો બ્રીજ

આવતા મહિને પુલનો રસ્તો બંધ કરવા જાહેરનામું : ૬૨ કરોડનો પ્રોજેકટ : ડાયવર્ઝનમાં ડામર રોડ સહિતના કામ પુરા થવામાં

(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ, તા. ૨૭

જામનગર રોડથી રાજકોટના પ્રવેશદ્વાર જેવા સાંઢીયા પુલના નવનિર્માણ પૂર્વે ડાયવર્ઝનના રોડનું કામ મહાપાલિકા ઝડપથી પુરૂ કરી રહી છે. આ સંજોગોમાં એપ્રિલના પહેલા સપ્તાહમાં આ જુનો પુલ તોડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પોલીસ જાહેરનામુ બહાર પાડે તે બાદ વાહન વ્યવહાર માટે આ પુલ બંધ થશે તેમ કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતું.

વાહન વ્યવહાર માટે અસલામત જાહેર કરવામાં આવેલા સાંઢીયા પુલને તોડીને નવો બનાવવા માટેના કામનું ચૂંટણી જાહેર થતા પૂર્વે મુખ્યમંત્રીના હસ્તે તત્કાલ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. રૂા. ૬૨ કરોડનો ખર્ચ આ માટે મંજુર કરવામાં આવ્યો છે. કોન્ટ્રાકટ ફાઈનલ થયો તે પૂર્વે લાંબા સમયથી આ બ્રીજના વૈકલ્પિક રસ્તા, ડાયવર્ઝન, કપાત સહિતની કાર્યવાહી મનપા કરતી હતી. અનેક અડચણો આવી હતી જે હવે દુર થઈ છે.

(અનુસંધાન છઠ્ઠા પાને)

હીટવેવની અસરઃ રાજકોટ સહિત ત્રણ શહેરમાં પારો ૪૧ને પાર

સુરેન્દ્રનગર અને ભૂજ ઘગધગ્યાઃ ભાવનગરમાં રાત્રીનું તાપમાન પણ વધ્યુંઃ આજે સવારથી પણ ભારે ગરમીનો અનુભવ

રાજકોટ તા.૨૭

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં માર્ચનાં અંતમાં ઉનાળાએ અસલી રંગ દેખાડવાનું શરૂ કરી દીધું છે અને ગઈકાલે જ રાજકોટ સહિત ત્રણ શહેરોમાં મહતમ તાપમાન ૪૧ ડીગ્રીને પાર થઈ ગયું હતું.

ગઈકાલે બપોરે ખાસ કરીને રાજકોટ શહેરમાં ૪૧.૧ ડિગ્રી સુરેન્દ્રનગરમાં ૪૧ અને ભૂજ ખાતે સૌથી વધુ ૪૧.૬ ડિગ્રી તાપમાન નોંધાતા લોકોએ અંગ દઝાડતી ગરમીનો અનુભવ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે સુરેન્દ્રનગર જિલ્લામાં આ વર્ષ ઉનાળાનો સૌથી વધુ ગરમ દિવસ અત્યાર સુધીમાં મંગળવારે નોંધાયો હતો. જેમાં મંગળવારે લઘુતમ તાપમાન ૨૪ અને મહત્તમ ૪૧ ડિગ્રી નોંધાયું હતું. હવાની ગતિ ૧૧ કિમી અને ભેજનું પ્રમાણ ૨૫ ટકા નોંધાયું હતું. સવારથી સાંજ સુધીમાં લોકોએ ૧૭ ડિગ્રી ફેરફાર અનુભવ્યો હતો.

સુરેન્દ્રનગર જિલ્લામાં માર્ચ મહિનો જેમ જેમ અંત તરફ વધી રહ્યો છે. તેમ તેમ આકરા એપ્રિલ મહિનાના એંધાણ વર્તાવાતું હોય તેમ ગરમીનો પારો સતત વધી રહ્યો છે. હોળીની ઉજવણી સાથે ગરમીનો પારો ફરી ઉચકાયો છે. ૪૮ કલાકમાં ૨ ડિગ્રી પારો વધવા સાથે મંગળવારે લઘુતમ તાપમાન ૨૪ અને મહત્તમ ૪૧ ડિગ્રી નોંધાયું હતું. હવાની ગતિ ૧૧ કિમી અને ભેજનું પ્રમાણ ૨૫ ટકા નોંધાયું હતું. જે સોમવારે લઘુતમ તાપમાન ૨૩ અને મહત્તમ ૩૯.૫ ડિગ્રી નોંધાયું હતું. તેની સરખામણી રવિવાર સાથે કરીએ તો રવિવારે લઘુતમ તાપમાન ૨૨ અને મહત્તમ ૩૮ ડિગ્રી નોંધાયું હતું. હવાની ગતિ ૧૪ કિમી અને ભેજનું પ્રમાણ ૨૦ ટકા નોંધાયું હતું. આમ ૪૮ કલાકમાં લઘુતમ ૨ અને મહત્તમ તાપમાન ૩ ડિગ્રી વધી ગયું છે. આમ લોકોએ સવારથી સાંજ સુધીમાં ૧૭ ડિગ્રી ગરમીમાં ફેરફાર અનુભવી રહ્યા છે. મંગળવારે વાતાવરણમાં પ્રદૂષણ આંક ૬૪ નોંધાયશ તથા ભાવનગરમાં ગરમીનું જોર વધી રહ્યું છે. રાત્રે ઉષ્ણતામાન વધીને ૨૭.૪ઓ થયું છે અને બપોરનું તાપમાન ૩૮.૪ ડિગ્રી ને આંબી જતા

(અનુસંધાન છઠ્ઠા પાને)

રાજકોટના પુજારા પ્લોટનો બનાવ

ધો.૧૨ ની પરીક્ષા આપ્યા બાદ વિદ્યાર્થી સૂરજ જોષીનો ફાંસો ખાઈ આપઘાત

મિત્રો સાથે મળી ઝમાં ગયાં બાદ અગમ્ય કારણોસર અંતિમ પગલું ભરી લીધુંઃ પરિવારે દરવાજો તોડી જોયું તો પુત્ર ફાંસો ખાધેલી હાલતમાં લટકતો 'તોઃ એકના એક પુત્રના મોતથી પરિવાર સ્તબ્ધ

પેપર નબળા ગયાં હોય તેવી શંકા કે અન્ય કોઈ કારણ? પોલીસે તપાસ હાથ ધરી

રાજકોય. તા.૨૭

ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષા હાલ જ પુરી થઈ છે. ત્યારે પેપર નબળાં જવા ના કારણે ઘણાં વિદ્યાર્થીઓ ઝીંદગીનો અંત આણી દેતાં હોય છે. ત્યારે રાજકોટના પુજારા પ્લોટમાં રહેતાં ધો.૧૨ કોમર્સના વિદ્યાર્થીએ પરીક્ષા પુરી થયાં બાદ મિત્રોને મળી મોડી રાતના અગમ્ય કારણોસર પોતાના ઝમાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને બનાવનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટના પુજારા પ્લોટ શેરી નં.૮ માં પ્રેયસીસ બી. એપાર્ટમેન્ટમાં ફ્લેટ નં.૨૦૧ માં રહેતાં સૂરજ મનીષભાઈ જોષી (ઉ.વ.૨૦) ગઈકાલે રાતના પોતાના ઝમાં ગયો બાદ પંખાના હુકમાં ચુંદડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પરિવારજનોએ ઝમનો દરવાજો ખખડાવતા દરવાજો ન ખોલતાં પરિવારના લોકોએ દરવાજો તોડી અંદર તપાસ કરતાં પુત્ર લટકેલી હાલતમાં જોવા મળતાં આકંદ મચાવ્યો હતો. બાદમાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

કારખાનું વેચવાનું છે.
રાવકી રોડ ટચ
400 વાર, RCC બાંધકામ
14 ફુટ હાઈટ, 3 ફેઈઝ લાઈન
પ્લાસ્ટીક બોટલીંગ પ્લાન્ટ
મશીનરી સાથે
M.: 98259 00995

Godrej Europa
અલ્ટ્રા લોક ચાવી
૫ મિનિટમાં
રાજુ ડીમીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૨૩૩૦૧૨, ૨૨૩૯૭૫૪

ડો. કેશુભાઈ મહેતાના ગાર્ડન નં. (૩) ના નવાગામની કેસર કેરી અંગે અમારા માનવતા ગ્રાહક મિત્રોને જણાવવાનું કે ચાલુ વર્ષે ઋતુમાં ફેરફાર થતા આ વર્ષે કેરીનો પાક થયેલ ન હોવાથી
આ વર્ષે કેસર કેરીનું વેચાણ બંધ રાખેલ છે

રોયલ પાર્ક મેઈન રોડ
50/30'ના કોર્નરનો પ્રોજેકટ
SHOWROOM
207 to 423 sq.ft.
TERRACE
OFFICE
190 to 436 sq.ft.
ગારમેન્ટ, મોબાઈલ, લેબોરેટરી, ઈલેકટ્રોનીકસ, ફેમીલી સલુન, ડ્રાયફ્રુટ સ્ટોર, કોપોરેટ, બેંક, વકીલ, CA, ડોકટર, આઈસક્રીમ વગરેને લાયક
CITY EMPIRE
રોયલ પાર્ક મેઈન રોડ, યુનિવર્સીટી રોડ અને કાલાવડ રોડ વચ્ચે, જુની વર્ધમાન હોસ્પેટલ, રાજકોટ
70431 50505 - 70432 50505
PRGJIRA/KOTRA/KOT/Rajkot Municipal Corporation/MAA12772/110124/31226
SARJAN

ધોરાજીમાં ડો.મનસુખ માંડવીયા સામે વિવાદી પોસ્ટર વોરઃ ચૂંટણી પંચને ફરિયાદ

જાહેર મિલકત પર ફોટા સાથે ક્ષેત્રવાદ ભડકાવવા પ્રયાસઃ ભાજપની ચૂંટણી પંચને ફરિયાદઃ ગુપ્તચર તંત્ર દ્વારા તપાસઃ ગુનાહિત કાવતરાનો આરોપ

રાજકોટ તા.૨૭

ધોરાજીમાં લોકસભાના ભાજપના ઉમેદવાર ડો.મનસુખ માંડવીયા અને લલિત વસોયાના ફોટા સાથે લાગેલા બેનામી પોસ્ટર મામલે ભાજપ સક્રિય થયું છે. સામાજિક સૌહાર્દ અને ચૂંટણી પ્રક્રિયાને અડચણ પહોંચાડવા બદલ આ તત્વો સામે કાર્યવાહી કરવા ભાજપે રાજકોટ અને પોરબંદર કલેકટર તથા રાજય ચૂંટણીપંચને ફરિયાદ કરતા ગુપ્તચર તંત્ર સક્રિય થયું છે અને ટુંક સમયમાં આ પોસ્ટર કાંડ મામલે જવાબદારો સામે કડક કાર્યવાહી થવાના નિર્દેશ છે.

આવી પ્રવૃતિથી ધ પીપલ એકટ ૧૯૫૧ની કલમ ૧૨૭-એ તથા આઈપીસી ૧૭૧ (એચ) હેઠળ કાર્યવાહી કરવા અને ૧૨૦ હેઠળ કાવતરાની કલમ ઉમેરવા પણ માંગ થતા ધોરાજીમાં ગરમાવો આવી ગયો છે. રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાએ આચારસંહિતા ભંગની ફરિયાદ કરતા જણાવ્યું છે કે, આદર્શ આચારસંહિતાના અમલની સાથે જ ગાઈડલાઈન લાગુ પડેલ છે, પરંતુ તા.૨૫/૩ની રાત્રે ધોરાજી શહેરમાં વિવિધ જગ્યાએ વિવાદસ્પદ બેનર્સ લગાવીને ૧૧-પોરબંદર લોકસભા બેઠક પરના ભાજપના ઘોષિત ઉમેદવારને ચુંટણીમાં નુકસાન કરવા તથા હરીફ ઉમેદવારને ફાયદો થાય તેવો પ્રયાસ કોઈએ કરેલ છે. સાથે જ ગેરકાયદે સર રીતે લગાવેલ બેનર્સથી આ વિસ્તારની સામાજિક સૌહાર્દ ખોરવાય તથા તેમાં વાપરેલ ભાષાથી ક્ષેત્રવાદને પ્રોત્સાહન મળે તેવો પણ પ્રયાસ કરવામાં આવેલ છે. પ્રકાશક કે મુદ્રકનું નામ પણ નથી. આ ઉપરાંત એક ઉમેદવારને નુકસાન કરતા અને અન્ય ઉમેદવારને ફાયદો કરાવવા લગાવેલા બેનર્સ ઉપરોકત જોગવાઈનો પણ ભંગ કરે છે. ધોરાજી શહેરમાં લગાવેલ વિવાદાસ્પદ બેનર્સ એ કોઈ સામાન્ય ઘટના નહીં, પરંતુ આદર્શ આચારસંહિતાની જોગવાઈઓનો ભંગ કરી ચૂંટણીમાં કોઈ ચોકકસ ઉમેદવારને ફાયદો થાય અને કોઈ ઉમેદવારને નુકસાન જાય તેવા સ્પષ્ટ ગણિત સાથે કરેલ આયોજનબધ્ધ કાવતરું છે, અને પારદર્શી રીતે, તટસ્ત અને લોકશાહી ઢબે થતી ચૂંટણી પ્રક્રિયામાં અડચણરૂપ છે.આ વિવાદીત પોસ્ટર જાહેર મિલકતો પર લગાવેલ છે, તથા રીપ્રેઝેન્ટેશન ઓફ ધ પીપલ એકટ, ૧૯૫૧ની કલમ ૧૨૭ (એ)ની જોગવાઈઓ તથા આઈપીસીની કલમ ૧૭૧ (એચ)નો પણ ભંગ થયેલ છે. તથા આ કૃત્ય આઈપીસી કલમ ૧૨૦ (એ) હેઠળનું હોઈ આ કેસમાં ત્વરિત કાયદાકીય પગલા લેવા જરૂરી છે તેમ ચૂંટણી પંચને જણાવાયું છે.

વિવાદ

સાબરકાંઠામાં ભીખાજીના સમર્થકો હજુ અડગઃ હાઈવે જામ

સરનેમનો વિવાદ સર્જાયા બાદ ભીખાજીને બદલે શોભનાબેનને ટીકીટ આપતા વિરોધ વધ્યોઃ પાટીલની સુચના પણ કામ ન લાગી

રાજકોટ, તા.૨૭

સાબરકાંઠામાં ભાજપે ઉમેદવાર બદલ્યા છતાં પણ વિવાદ યથાવત રહ્યો છે અને અગાઉ જાહેર થયેલા ભાજપના ઉમેદવાર ભીખાજી ઠાકોરના સમર્થકોએ સતત ચોથા દિવસે વિરોધ ચાલુ રાખ્યો હતો એટલું જ નહીં આજે તેઓ હાઈવે પર પહોંચી ગયા હતા અને શામળાજી સહિતના માર્ગો ઠપ્પ કરી દેતા સેંકડો વાહનો અટવાયા છે અને પોલીસે તેમને દુર કરવા માટે પ્રયાસો હાથ ધર્યા છે.

ભાજપે આ બેઠક ઉપર ભીખાજી ઠાકોરની અટક મુદે વિવાદ સર્જાતા તેમના સ્થાને મુળ કોંગ્રેસી પરિવારના શોભનાબેન બારૈયાને ટીકીટ આપી છે પરંતુ તેની સામે પણ વિરોધ શરુ થયો છે જેમાં ભીખાજી ઠાકોરના સમર્થકોએ ફરી ઉમેદવાર બદલવા અને ભીખાજીને ટીકીટ આપવા માંગણી સાથે ચક્કાજામ શરુ કર્યા હતા અને તેના કારણે અનેક હાઈવે ઉપર વાહનો અટવાઈ જતાં પોલીસ દોડી ગઈ હતી. ગઈકાલે જ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે આ જીલ્લાના અગ્રણીઓ અને ખુદ ભીખાજીને બોલાવીને પક્ષે તે ઉમેદવાર નિશ્ચિત કર્યા છે તેને સ્વીકારી લેવા અને વિરોધ બંધ કરવા તાકિદ કરી હતી પરંતુ હજુ પણ વિરોધ ચાલુ રહેતા ભાજપ માટે નવી મુશ્કેલી આવી છે.

હવે પેટા ચૂંટણીમાં પણ મુળ કોંગ્રેસના આગેવાનને ટીકીટનો વિરોધઃ વીજાપુરમાં રાજીનામા

ભાજપે ધારાસભાની પાંચ બેઠકોની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ છોડીને આવેલા તમામ પાંચ પક્ષ પલ્ટુઓને ફરી ચૂંટણી લડવા માટે ટીકીટ આપતા જ આ મત વિસ્તારોમાં ભાજપના ટેકેદારોમાં વિરોધ શરુ થયો છે અને વીજાપુર બેઠક ઉપરથી કોંગ્રેસમાંથી આવેલા સી.જે. ચાવડાને ભાજપે ઉમેદવાર જાહેર કરતાં જ વિજાપુર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ગોવિંદભાઈ પટેલે તેમના ટેકેદારો સાથે ભાજપમાંથી રાજીનામુ આપી દીધું છે. તેમણે કહ્યું કે પ૩ વર્ષ સુધી પક્ષની સેવા કરી છે અને કોંગ્રેસ સામે લડચા છીએ અને હવે તેના જ નેતાને અમારે ચૂંટવા પડે છે. હું ૧૯૯૫થી પક્ષ પાસે ટીકીટ માંગુ છું પણ મને એક પણ વખત પક્ષે ટીકીટ આપવાની ચિંતા કરી નથી અને આયાતીઓને જો ટીકીટ આપવાની હોય તો મારે ભાજપમાં રહેવાનો અર્થ નથી. સી.જે. ચાવડાના વિરોધમાં હજુ પણ વધુ રાજીનામા પડે તેવી ધારણા છે.

પોરબંદરમાં 'આપ'ના પ્રમુખ અપક્ષ તરીકે ધારાસભા ચૂંટણી લડશે

પોરબંદર લોકસભા બેઠક ઉપર એક તરફ ભાજપના ઉમેદવાર મનસુખભાઈ માંડવીયાને આયાતી ગણાવીને તેનો વિરોધ થયો છે. તો તે સમયે પોરબંદર આમ આદમી પાર્ટીના પ્રમુખ નાથાભાઈ ઓડેદરાએ પોરબંદર ધારાસભા બેઠક અપક્ષ તરીકે ચૂંટણી લડવા જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આ બેઠક પર ભાજપ ફરી કોંગ્રેસને જ ચૂંટવા માંગે છે અને તેથી જ મોઢવાડીયાને ટીકીટ આપી છે. અમે તેનો વિરોધ કર્યો છે અને હું અપક્ષ તરીકે ચૂંટણી લડીશ.

નીતિનભાઈ ફરી બગડ્યાઃ જેની પત્ની તેને પાણીનો ગ્લાસ ન આપે તે અમને સલાહ આપે છે

લોકસભા ચૂંટણી લડવા થનગની રહેલા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતીન પટેલને ભાજપે બ્રેક મારી દીધી પણ તેમની જીભને બ્રેક મારી શકાય તેમ નથી. અગાઉ ખીચડી મુદે રસપ્રદ નિવેદન કરનાર નીતીનભાઈ પટેલે એક સમારોહમાં ફરી એક વખત તેમના વિરોધીઓ પર નિશાન તાકયું હતું. ભાજપમાં જ નીતિનભાઈ પટેલ સામે કડીના ધારાસભ્ય સહિત કેટલા લોકોએ અગાઉ વિરોધ કર્યો હતો તેના પર પ્રહાર કરતાં એક કાર્યક્રમમાં નીતિનભાઈ પટેલે કહ્યું કે ઘરે પત્ની પાણીનો ગ્લાસ પણ આપતી નથી તેવા લોકો સાંજ સુધીમાં ૮-૧૦ વખત સલાહ ન આપે તો ઉંઘ આવતી નથી પણ સલાહ આપનારને હું સલાહ આપું છું કે તેઓ પોતાની કેપેસીટી જોઈને સલાહ આપે તો સારુ રહેશે. નીતિનભાઈ પટેલએ અગાઉ પોતે લોકસભા ચૂંટણી લડવા દાવો કર્યો હતો પરંતુ મોવડી મંડળે તેમને દાવો પાછો ખેંચવાની ફરજ પાડી હતી.

તા.૧ એપ્રિલથી સી.આર. પાટીલ તમામ જિલ્લાઓમાં ફરી વળશે

ભાજપમાં એક તરફ સ્થાનિકસ્તરે કેટલીક લોકસભા બેઠકો પર ઉમેદવારોનો વિરોધ છે અને કમલમમાં બેસીને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ ડેમેજ કન્ટ્રોલ કરવાની કોશીષ કરી રહ્યા છે પરંતુ તા.૧ એપ્રિલથી તેઓ પ્રચારમાં જોડાઈ જશે. શ્રી પાટીલ દરેક જિલ્લામાં એક એક મહા સંમેલનને સંબોધશે અને તેમાં ભાજપના કાર્યકર્તાઓને જીતનો મંત્ર આપશે. વડાપ્રધાનના ગુજરાત પ્રવાસનું શેડયુલ ગોઠવાય તે પૂર્વે પાટીલ અને ત્યારબાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ રીતે જિલ્લા અને તાલુકા સ્તરના પ્રવાસ કરશે.

લક્ષ્મીનગર મેઈન રોડ ઉપર ચોરાઉ બાઈક સાથે પસાર થતો ધર્મેશ પરમાર ઝડપાયો

લાભદીપ સોસાયટીમાંથી બાઈક ચોરી કર્યાની કબૂલાત

રાજકોટ, તા.૨૭

માલવીયાનગર પોલીસ સ્ટેશનના પેટ્રોલીંગમાં લક્ષ્મીનગર રોડ પર ચોરાઉ બાઈક સાથે એક શખ્સને ઝડપી તાલુકા પોલીસ સ્ટેશનના ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

માલવીયાનગર પોલીસ સ્ટેશનના પીઆઈ જે.આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ. મહેશભાઈ અને ભાવેશભાઈ ગઢવીએ લક્ષ્મીનગર રોડ પર શંકાસ્પદ હાલતમાં બાઈક નં. જી.જે.૦૩-ડીજે-૬૮૭૯માં પસાર થતાં ધર્મેશ દશરથ પરમાર (રહે. રામનગર શેરી નં.૨, સીટી ઈમ્પીરીયા એપા. બ્લોક નં. ૪૦૩)ને અટકાવી પૂછપરછ કરતાં બાઈક તેમણે ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાધીકા રેસ્ટોરન્ટની બાજુમાં લાભદીપ સોસાયટીમાંથી ચોરી કરેલ હોવાનું ખુલતા તેની ધરપકડ કરી બાઈક કબ્જે લેવામાં આવ્યું હતું. આ બાઈક ચોરી થયાની તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થયેલ હોવાથી ધર્મેશ પરમારને તાલુકા પોલીસને હવાલે કરવા તજવીજ હાથ ધરી છે. આ કામગીરીમાં જે.આર. દેસાઈ, ડી.એસ. ગજેરા, અજયભાઈ વિકમા, દિનેશ બગડા, જયદેવસિંહ, પો.કોન્સ. ભાવેશ ગઢવી, મયુરદાન ગઢવી, જયદિપસિંહ, હરસુખભાઈ સબાડ, હિતેષભાઈ અગ્રાવતે બજાવી હતી.

જર્મની બાદ હવે...

અમેરિકાએ કેજરીવાલની ધરપકડ પર ટિપ્પણી કરતા વિદેશ મંત્રાલયનું યુએસ અધિકારીને તેડુ

યુએસ અધિકારી ભારતીય વિદેશ મંત્રાલયે દોડી આવ્યા

નવી દિલ્હી તા.૨૭

દિલ્હી લીકર એકસાઈઝ ડયુટીમાં મની લોન્ડરીંગના આરોપસર દિલ્હીના મુખ્યમંત્રીની ધરપકડને લઈને જર્મની બાદ અમેરિકાએ પણ ટિપ્પણી કરતા આ વિવાદ ગરમાયો છે. આ મામલે ભારતીય વિદેશ મંત્રાલયે આજે અમેરિકાના કાર્યપાલક મિશન ઉપપ્રમુખ ગ્લોરિયા બર્બેતાને બોલાવ્યા હતા. વિદેશમંત્રાલયમાં લગભગ ૪૦ મિનિટ સુધી તેમની મુલાકાત ચાલી હતી.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ લિકર એકસાઈઝ ડયુટી કાંડના આરોપસર ઈડીએ તાજેતરમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી હતી. જેના વિદેશમાં પણ પડઘા પડયા છે. આ મામલે જર્મનીએ ટિપ્પણી કર્યા બાદ અમેરિકાએ પણ ટિપ્પણી કરતા નારાજ ભારતીય વિદેશ મંત્રાલયે યુએસ અધિકારી- કાર્યવાહક મિશન ઉપપ્રમુખ ગ્લોરિયા બર્બેતાને તેડુ મોકલ્યું હતું, જેને પગલે તે વિદેશ મંત્રાલયે દોડી આવ્યા હતા. તેમની વિદેશ મંત્રાલયમાં ૪૦ મીનીટ મુલાકાત ચાલી હતી.

કલેકટર કચેરીના કંટ્રોલ રૂમમાં પ૭ દિવ્યાંગ કર્મચારીઓને ફરજ સોંપતા કલેકટર

સાત ટી.વી. ચેનલો પર રખાતી બાજ નજર

રાજકોટ, તા. ૨૭

લોકસભાની ચૂંટણી સંદર્ભે કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશી દ્વારા કલેકટર કચેરીમાં કંટ્રોલ રૂમ ધમધમતો કરાયો છે. જેમાં દિવ્યાંગ કર્મચારીઓને અગવડતા ન પડે તે માટે ફરજ સોંપવામાં આવી છે.

કલેકટર કચેરીના આ કંટ્રોલ રૂમમાં પ૭ દિવ્યાંગ કર્મચારીઓ ત્રણ શીફટમાં ફરજ બજાવી રહ્યા છે.

આ ઉપરાંત આચારસંહિતાનું યોગ્ય રીતે પાલન થાય તે માટે સાત ટીવી ચેનલો પર બાજ નજર રાખવમાં આવી રહી છે.

અમેરિકામાં પુલ તૂટવાથી ભારતમાં કોલસાનું સંકટ ઘેરાવાની આશંકા

ભારત કોલસાનું આયાતકારઃ બાલ્ટીમોર અમેરિકી થર્મલ કોલસાના નિકાસનું મુખ્ય લોડીંગ સ્થળ

નવી દિલ્હી તા.૨૭

અમેરિકાના બાલ્ટીમોરમાં ફ્રાન્સીસ સ્કોટ પુલ ધસી પડવાથી ભારતમાં કોલસાનું સંકટ ઘેરું બની શકે છે. ઉપરાંત ભારતીય આયા તકો માટે લોજીસ્ટીકસ વિઘ્નો પણ પેદા થઈ શકે છે.

જહાજની ટકકરથી બાલ્ટીમોરનો પુલ તુટી પડવાથી કોલસા નિકાસ માટે મહત્વના કેન્દ્ર બાલ્ટીમોર હાર્બરથી પરિચાલન હાલ સ્થગીત થઈ ગયું છે.

અમેરિકા સ્થિત એક વેપારીના જણાવ્યા અનુસાર આ દુર્ઘટનાથી આયાતકાર ભારત પોતાની પુરવઠા શૃંખલાને લઈને પડકારોનો સામનો કરી રહ્યુ છે. આ ઘટનાથી આર્ક કોલ (કોલસો)ના શિપમેન્ટના પ્રતિબંધીત થવાથી ભારતીય આયાતકારોને મુશ્કેલી પડશે અને ભારતમાં કોલસાનું સંકટ ઘેરાશે.

જાફરાબાદમાં વન વિભાગના ત્રણ કર્મીઓને ઘાયલ કરનાર હિંસક સિંહણનું સારવારમાં મોત થયું

બે કલાકની મહેનત બાદ સિંહણને પાંજર પુરી બાબરકોટ એનિમલ કેર સેન્ટરમાં ખસેડાતા સિંહણ મોતને ભેંટી

(મિલાપ રૂપારેલ) અમરેલી,તા.૨૭

રાજુલા જાફરાબાદ પંથકમાં ગત શનિવારે હુમલાખોર સિંહણ દ્વારા ખાનગી કંપનીના સિક્યુરિટી બાદ વન વિભાગના ૩ કર્મીઓને ઈજાગ્રસ્ત કરવાની ઘટનાથી વનવિભાગ દ્વારા હુમલાખોર સિંહણને પીંજરે પુરી દેવામાં આવી હતી. બાદમાં આ હુમલાખોર સિંહણને પિંજરે પૂર્યા બાદ સારવાર માટે થઈ બાબરકોટ એનિમલકેર સેન્ટર ખાતે ખસેડાયેલ જ્યાં આ સિંહણનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

જાણવા મળતી માહિતી મુજબ ગત શનિવારે રાત્રીના જાફરાબાદના લુણસાપુર નજીક આવેલી ખાનગી કંપનીના સિક્યુરિટી પર એક પ થી ૯ વર્ષની સિંહણે હુમલો કરતા ઈજાગ્રસ્ત સિક્યુરિટીને ખાનગી દવાખાને ખસેડવામાં આવ્યા હતો. અને હુમલાખોર બનેલ સિંહણ લુણસાપુરથી મિતિયાળા ગામ સુધી ગઈ હતી અને ત્યાં વનવિભાગના ૨ ટ્રેકર અને વનવિભાગની ગાડીમાં કાચ ચડાવીને બેઠેલા ડ્રાઈવરને કાચ તોડીને સિંહણે ઈજાઓ પહોંચાડી હતી. ત્યારે ગણતરીના સમયમાં સિંહણ દ્વારા ચાર ચાર માનવ હુમલાઓથી વનતંત્ર પણ ચોંકી ગયું હતું. અને ૨ કલાકના રેસ્કયુ ઓપરેશન બાદ સિંહણ પાંજરે પુરાઈ હતી. હુમલા ખોર સિંહણને પિંજરે પૂર્યા બાદ સારવાર માટે થઈ બાબરકોટ એનિમલકેર સેન્ટર ખાતે ખસેડાયેલ જ્યાં આ સિંહણનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ સને ૨૦૨૨માં જાફરાબાદના બાબરકોટમાં ૧ સિંહણ દ્વારા માનવ ઉપર હુમલાઓ કર્યા હતા. અને આ સિંહણને પકડવા માટે જે તે સમયે વનવિભાગ અને પોલીસે આખો રાજુલાની જાફરાબાદનો માર્ગ બંધ કર્યો હતો. બાદમાં મહા મુસીબતે આ સિંહણ પકડાઈ હતી. ને સારવાર દરમ્યાન આ સિંહણ મોતને ભેટી હતી. ત્યાર બાદ સને ૨૦૨૩માં રાજુલાના વાવેરા ગામે પણ એક સિંહણે આંતક મચાવ્યો હતો. અને માનવ ઉપર હુમલાઓ કર્યા હતા. તેમને પણ વનવિભાગે પકડ્યા બાદ સારવાર માટે ખસેડાયા બાદ સારવાર દરમ્યાન આ સિંહણનું મોત થયેલું હતું. જ્યારે ફરી વધુ એક સિંહણ ગત શનિવારે આક્રમક બનીને ચાર ચાર વ્યકિતઓને ઈજાઓ પહોંચાડી હતી. આ સિંહણનું પણ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આવી ઘટના જોતા એવું લાગી રહ્યું છે, કે સિંહણમાં હડકવા જેવા રોગની અસર થતી હોય, જેને કારણે સિંહણો આક્રમક બનીને માનવ ઉપર હુમલાઓ કરી રહી હોય, તે અંગે પણ વનવિભાગે જરૂરી તપાસ કરવી જોઈએ તેવું સિંહ પ્રેમીઓ ઈચ્છી રહ્યા છે.

૪૮ કિલો ગાંજા ઝડપાયાના કેસમાં આરોપી ધીરૂ તાવીયાની જામીન અરજી મંજુર કરતી હાઈકોર્ટ

રાજકોટ, તા.૨૭

વાડીમાં ગાંજાનું વાવેતર કરતા ગાંજાના ૪૮ કિલો ૭૭૪ ગ્રામ જથ્થા સાથે પકડાયેલ આરોપી ધીરૂભાઈ ખોડાભાઈ તાવીયાને જામીન પર મુકત કરવા રાજકોટની સ્પે. કોર્ટે હુકમ કર્યો છે.

કેસની વિગત મુજબ રાજકોટ રૂરલ એસઓજીને બાતમી મળી હતી કે, વિંછીયા તાલુકાના પાટીયાળી ગામમાં ખેડૂત ધીરૂભાઈ તાવીયાએ પોતાની વાડીમાં ગાંજાનું વાવેતર કર્યું છે. દરોડો પાડી આરોપીને ઝડપી તા.૬/૧૨/૨૦૨૩ ના રોજ એન.ડી.પી.એસ. એકટની કલમ ૮(સી), ૨૦ (બી),૨(સી) મુજબ ગુનો નોંધવામાં આવેલો. આરોપીને જેલ હવાલે કરાતા આરોપી વતી રોકાયેલા એડવોકેટ દ્વારા સેશન્સ કોર્ટમાં જામીન અરજી ગુજારવામાં આવતા તે જામીન અરજી નામંજુર થતા હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. આરોપીના વકીલની દલીલો અને રજુ રાખેલ વિવિધ કોર્ટના ચુકાદા, ટાંક્યા હતા. જે ધ્યાને લઈ હાઈકોર્ટે આરોપી ધીરૂભાઈને જામીન પર મુકત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ રણજીત બી. મકવાણા (એડવોકેટ) જીજ્ઞેશ એમ.સભાડ (એડવોકેટ) તેમજ હાઈકોર્ટમાં એમ.એસ પાડલીયા રોકાયેલ હતા.

તે નોનવેજ કેમ ખાધું હતું ? તેમ કહીં સાસુ-માસીજીએ પરિણીતા સાથે ઝઘડો કર્યો, પતિએ છરીનો ઘા ઝીંકી દીધો

રંજનબેનને પ્રાથમિક સારવાર અપાવી સાસરિયાના સભ્યો રાજકોટના ગંજીવાડામાં તેના માવતરના ઘર બહાર મુકી ચાલ્યા ગયા, પરિણીતાને સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈઃ માખાવડના પતિ રમેશ ચાંડપા, તથા સાસુ કેશુબેન, રાવકી રહેતા

માસીજી સાસુ દેવુબેન ચાવડા વિરૂધ્ધ લોધિકા પોલીસ મથકે ગુનો નોંધાયો

રાજકોટ, તા.૨૭

લોધિકા તાલુકાના માખાવડમાં તે નોનવેજ કેમ ખાધું હતું ? તેમ કહીં સાસુ-માસીજીએ પરિણીતા સાથે ઝઘડો કર્યો હતો અને ઉશ્કેરાઈ ગયેલા પતિએ છરીનો ઘા ઝીંકી દીધો હતો. જે પછી રંજનબેનને પ્રાથમિક સારવાર અપાવી સાસરિયાના સભ્યો રાજકોટના ગંજીવાડામાં તેના માવતરના ઘર બહાર મુકીને ચાલ્યા ગયા હતા. જ્યાંથી પરિણીતાને સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પતિ રમેશ દેવા ચાંડપા, તથા સાસુ કેશુબેન (રહે. બંને માખાવડ) માસીજી સાસુ દેવુબેન પીઠાભાઈ ચાવડા(રહે. રાવકી) વિરૂધ્ધ લોધિકા પોલીસે ગુનો નોંધ્યો છે.

ફરિયાદી રંજનબેન રમેશભાઈ ચાંડપા (ઉ. વ. ૩૪)એ જણાવ્યું કે, મારા લગ્ન આશરે વિસેક વર્ષ પહેલા માખાવડ ગામના રમેશભાઈ સાથે થયેલ હતા અને જેનાથી મારે સંતાનમાં બે દિકરા છે. અમે બધા મારા સાસુ - સસરા સાથે સંયુકત કુટુંબમાં રહીએ છીએ. ગત રોજ બપોરના ૧૧ વાગ્યાની આસપાસ હું મારા ઘરે હાજર હતી ત્યારે મારા સાસુ, માસીજી સાસુ, સસરા બધા હાજર હતા. સાસુએ મને કહેલ કે, તે કાલે સાંજે કેમ નોનવેજ ખાધું હતું? જેથી મેં કહેલ મારે દવા ચાલુ હોય જેથી મે નોનવેજ ખાધું હતું. તેમ કહેતા સાસુ તથા માસીજી સાસુ બંને ઉશ્કેરાઈ ગયા. મને કહેલ કે, ઘરનું કંઈ કામ કરતી નથી. તારે બહારનું જ ખાવું છે. તેમ કહીં બંને ઢીકાપાટુનો માર મારવા લાગેલ. સાસુએ મારા પતિને ફોન કરી ઘરે બોલાવેલ. પતિને મારા સાસુએ ખોટી વાતચીત કરી મને મારવા માટે ઉશ્કેરતા, પતિએ મને લાકડીના ધોકાથી માર મારી, ધક્કો મારીને પછાડી દીધેલ. મારા સસરાએ મને વધુ માર મારતા બચાવેલ. ત્યાં મારા પતિ છરી લઈને આવેલ અને મને જમણા પગના પોંચામાં છરીનો ઘા મારેલ. મને પગમાં લોહી નિકળવા લાગતા, મારા સસરા, અમારી બાજુમાં રહેતા મારા બનેવી પ્રવિણભાઈને બોલાવી લાવેલ. મારા જેઠ જીવણભાઈ રીક્ષામાં બેસાડી મારા પિયર રાજકોટ ગંજીવાડામાં મુકવા આવતા હોય ત્યારે મારા પતિ અને સાસુ પાછળ મોટરસાયકલમાં આવતા હતા. રાવકી ખાતે રોડ ઉપર આવેલ પ્રાઈવેટ દવાખાનામાં મને પ્રાથમિક સારવાર આપેલ. પછી મને મારા પિતા મુળજીભાઈ ગોહેલના ગંજીવાડા સ્થિત ઘરની બહાર મુકી આ લોકો ત્યાંથી જતા રહ્યા હતા. અહીંથી મને ૧૦૮ મારફતે રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. અહીં મારી સારવાર ચાલુ છે. પોલીસે આરોપીઓની ધરપકડ કરવા તજવીજ કરી છે.

વિશા શ્રીમાળી મહાજને જૈન સંઘના યુવાનોને હડધૂત કરતાં ચકચાર

પાલીતાણા જૈન યુવાન એકતા ગ્રુપનો સંઘ જમણ તથા અન્ય કાર્યક્રમોમાં ભાગ ન લેવાનો નિર્ણય

વિશા શ્રીમાળી મહાજનના પ્રમુખ રાજીનામું નહિ આપે ત્યાં સુધી સંઘ જમણનો બહિષ્કાર કરાશે

(મેહુલ સોની) પાલીતાણા, તા.૨૭

પાલીતાણા જૈન સમાજના યુવા એકતા ગ્રુપ અને જૈન સંઘના યુવાનોને પાલીતાણા વિશા શ્રીમાળી મહાજનના ટ્રસ્ટીઓ દ્વારા હડધૂત કરી અપમાન કરેલ તેના અનુસંધાને જૈન સંઘના યુવાનો દ્વારા સંઘ જમણ અને મહાજનની વાડીમાં થતા સંઘના આયોજનોમાં ભાગ ન લેવો તેવો નિર્ણય કરતા પાલીતાણાના સમગ્ર જૈન સમાજમાં ચકચાર મચી જવા પામેલ છે.

આ અંગેની વિગતો એવી છે કે ગત તા.૨૧-૩-૨૪ ના રોજ વિશા શ્રીમાળી મહાજન ટ્રસ્ટના પ્રમુખ શાંતિભાઈ મહેતાની અનઓફીશીયલ મીટિંગમાં પાલીતાણાના રહેવાસી અને વિશા શ્રીમાળી જ્ઞાતિના સદસ્યોનું એક ગ્રુપ જે જૈન યુવા એકતા ગ્રુપના નામે ઓળખાય છે તે ગ્રુપના સભ્યો એ જૈન સંઘના કાર્ય માટે વાડીની માગણી કરેલ હતી. જેના અનુસંધાને વ્યક્તિગત રીતે સંઘના યુવાનો સાથે અભદ્રજનક વ્યવહાર કરી અપમાનિત કરવામાં આવેલ તેમજ આ યુવાનો ને અપશબ્દો બોલીને ધિકારવામાં આવેલ હતા.

સંઘના પ્રમુખ દ્વારા સંઘના કાર્ય માટે પણ અપમાન કરવામાં આવતા જૈન યુવા એકતા ગ્રુપના સભ્યોની એક મિટિંગ તા.૨૪-૩-૨૪ ના રોજ નાની ટોળી જૈન પાઠશાળા ખાતે મળેલ હતી. આ મિટિંગમાં જૈન સંઘના યુવાનો પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામ યુવાનોએ એકી સાથે બુલંદ અવાજ સાથે નક્કી કરેલ હતું કે આપણે પાલીતાણા સમસ્ત જૈન યુવા એકતા ગ્રુપના સભ્યો તેમજ તેમનો પરિવાર શ્રીસંઘ જમણનો બહિષ્કાર કરીને નામ રોશન કરીએ છીએ ત્યારે જ્ઞાતિના પ્રમુખ શાંતિભાઈ મહેતા દ્વારા જે આપણું અપમાન કરવામાં આવેલ છે એ અપમાન અને અન્યાય કોઈ રીતે વ્યાજબી નથી.

આથી પાલીતાણા સમસ્ત જૈન સંઘની પેટા જ્ઞાતિના યુવાનો એ આ નિર્ણય લીધેલ હતો કે જ્યાં સુધી વિશા શ્રીમાળી મહાજનના પ્રમુખ શાંતિભાઈ મહેતા પ્રમુખ પદેથી રાજીનામું નહીં આપે ત્યાં સુધી પાલીતાણા જૈન યુવા એકતા ગ્રુપના સભ્યો તેમજ તેમનો પરિવાર શ્રીસંઘ જમણનો બહિષ્કાર કરશે અને સંઘના યુવાનો દ્વારા સંઘ જમણ દરમિયાન વિરોધ અને દેખાવો પણ કરવામાં આવશે. જેના પગલે ગઈકાલે તા. ૨૫-૩ ના રોજ ના સંઘ જમણમાં તમામ જૈન યુવા એકતા ગૃપના યુવાનો અને તેના પરિવારજનો એ ભાગ લીધેલ નહોતો.

આ બનાવ બનેલ છે અને આ ઘટના અંગે સમાધાનની ભૂમિકા હાલ ચાલી રહેલ છે. જે અંગે મુંબઈ રહેતા પાલીતાણા જૈન સંઘના અગ્રણી નલીનભાઈ શાહ પાલીતાણા આવનાર છે ત્યારે આ તમામ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે. આ બનાવ અંગે પાલીતાણા જૈન સંઘના પ્રમુખ શાંતિભાઈ મહેતા ની પ્રતિક્રિયા જાણવા સતત ટેલિફોનિક સંપર્ક કરી પ્રયાસ કરેલ છતાં તેઓએ ફોન રિસીવ કરેલ નથી.